# હીરાકણી અને બીજી વાતો

[ ત્રિશૂળની નવલિકાઓ ]

સુન્દરમ્

તારે બગીચે બહુ ફૂલ ખીલ્યાં,
ચૂંટું ક્યાં ? બાકી ક્યાં જ મૂકું ?

૫૬૭૪

વોરા ઍન્ડ કું. પબ્લિશર્સ લિમિટેડ
૮ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી, મુંબઇ ૨

# અર્પણ

૫૬૭૪

નવલિકાના અનન્ય ઉપાસક

શ્રી ધૂમકેતુને

# નિવેદન

ટૂંકી વાર્તાએ મને હમેશાં આકર્ષ્યો છે: એ આકર્ષણે અને તંત્રીમિત્રાદિના આગ્રહે આ વાર્તાઓના સર્જનમાં મોટો ભાગ ભજવ્યો છે. આ કળારૂપ મને કવિતાના જેટલું જ ઉત્તમ, પણ નિરૂપણની રીતમાં તેનાથી તદ્દન જુદા પ્રકારનું લાગ્યું છે. મારા વક્તવ્યના પ્રકટીકરણમાં કવિતાના જેટલો જ સંતોષ અને આનંદ મને આમાં પણ મળ્યો છે. પણ એ આત્મગત સંતોષ અને આનંદ કેટલાં સર્વગત થઈ શકે તેવાં છે તે તો આ સંગ્રહની વાર્તાઓ પરથી વાચકો જાતે નક્કી કરે.

ટૂંકી વાર્તા એ એક સ્વતંત્ર કલાપ્રકાર છે, એ બધા સ્વીકારે છે. એનાં ઘટક તત્ત્વો કયાં છે એને વિષે એક કરતાં વધારે પ્રકારનાં મંતવ્યો પ્રચલિત છે. પણ એની ચર્ચાને અહીં સ્થાન નથી. માત્ર એટલું કહેવાની રજા લઉં છું કે એ બધી વાર્તાપ્રેરિત ચર્ચાઓ અથવા ચર્ચાપ્રેરિત વાર્તાઓ જોતાં મને લાગ્યું છે કે કેટલીક વાર નવી વાર્તાઓ નવાં જ કલાતત્ત્વો, નવી જ મર્યાદાઓ અને નવાં ભયસ્થાનો ઊભાં કરે છે. અને એટલે વાર્તાની કળાનો પ્રશ્ન આપણે એકસામટો સદાને માટે ચર્ચી નાખી શકીએ એમ હું નથી ધારતો. આ ચર્ચાઓમાંથી જો આપણે આટલા નિર્ણય પર આવી શકીએ કે વાર્તાની કલાના આધારસ્થંભ જેવાં અનિવાર્ય આવશ્યક તત્ત્વો કયાં અને ઉપતત્ત્વો, ગૌણ તત્ત્વો કયાં તો આપણને ઘણો ફાયદો થાય.

૧૯૩૧ ની સાલમાં ' લૂંટારા 'ની પહેલી વાર્તા લખીને મેં ' ત્રિશૂળ 'ની સહીથી ભરૂચમાંથી નીકળતા સાપ્તાહિક ' વિકાસ 'માં છાપવા આપી ત્યારે મને ખ્યાલ નહોતો કે હું સંગ્રહ કરાય તેટલી વાર્તાઓ લખી શકીશ. આજે એકથી વધારે સંગ્રહ થઈ શકે એટલી વાર્તાઓ મારી પાસે પડી છે. છતાં પહેલી વાર્તા લખતાં જે એક આંતરિક ભય મેં અનુભવ્યો હતો તે ભય છેલ્લી

વાર્તા લખતાં પણ તેવો જ ઉગ્ર રીતે અનુભવું છું. એ ભય છે વાર્તાની અટપટી કળાનો. એમાં ભૂલો થઈ જવાની એટલી બધી સગવડ છે કે સફળ વાર્તા લખાય એને કળાનો પ્રસાદ જ માનવો ઘટે એમ મને લાગ્યું છે.

આ પુસ્તકમાં મૂકેલી આઠ વાર્તાઓમાં 'ભીમજીભાઈ' તથા 'હીરાકણી' અપ્રસિદ્ધ વાર્તાઓ છે. 'મિલનની રાત' વાર્તા મૂળે 'એક સુહાગી રાત'ના નામે પ્રસિદ્ધ થઇ હતી. એમાંના એક અગત્યના પાત્રનું નામ પણ 'મંછી'ને બદલે 'પાલી' કર્યું છે.

'ચા નસીબ' વાર્તામાં પણ તેના પ્રસિદ્ધ થયેલા સ્વરૂપમાં થોડો ઉમેરો કર્યો છે.

વાર્તાઓનો ક્રમ પહેલી તથા સાતમી વાર્તાને બાદ કરતાં પ્રસિદ્ધિને અનુક્રમે રાખ્યો છે.

અનુક્રમણિકામાં વાર્તાની સાથે તેનો પ્રસિદ્ધકાળ પણ મૂક્યો છે.

આ વાર્તાઓના લેખનમાં, સંપાદનમાં, તથા પ્રકાશનમાં એટલા બધા સહભાવી મિત્રોનો એટલો બધો સૂક્ષ્મ સહકાર છે કે તેમનો સ્થૂલ નામગણનાથી આભાર માનવો મુશ્કેલ છે. એમના પ્રતિ મારું આંતરિક ઋણ અહીં વ્યક્ત કરવાની તક લઉં છું.

પોષ-૧૯૯૪ ત્રિભુવનદાસ પુ. લુહાર

# અનુક્રમ


| વાર્તા | પૃષ્ઠ | પ્રસિદ્ધિ |
|---|---|---|
| ૧ ગોપી | ૩ | ૧૯૩૫ મે, કુમાર |
| ૨ લૂંટારા | ૧૮ | ૧૯૩૧ નવેમ્બર, વિકાસ |
| ૩ પૂનમડી | ૩૧ | ૧૯૩૩ માર્ચ, કૌમુદી |
| ૪ યા નસીબ | ૫૮ | ૧૯૩૩ જૂન, પ્રસ્થાન |
| ૫ ગદ્દી | ૧૦૫ | ૧૯૩૪ જાન્યુઆરી કૌમુદી |
| ૬ ભીમજીભાઈ | ૧૨૩ | અપ્રસિદ્ધ |
| ૭ મિલનની રાત | ૧૬૪ | ૧૯૩૭ માર્ચ, કૌમુદી |
| ૮ હીરાકણી | ૧૭૯ | અપ્રસિદ્ધ |

૫૬૭૮

# હીરકણી

## અને બીજી વાતો

# ગોપી

'હાં, ખરી!'

'હાં, ખરી!'

'વાહ જી વાહ!'

ગોપી–ગોપાળ–ગોપાળિયો નાચતો હતો અને ગામના જુવાન રસિક વર્ગમાંથી આપમેળે ભેગું થએલું સુનંદું પ્રેક્ષકમંડળ ઉપર પ્રમાણે અભિનંદન વરસાવી રહ્યું હતું. તાળિયો, સિસકારા અને આવાં પ્રકટ સંબોધનોથી ગોપી પણ ખીલતો હતો. એણે શરીરને વધારે ડોલાવવા માંડ્યું; પગના ઘૂઘરા વધારે લહેક અને ઝમકથી વગાડવા માંડ્યા; અને સાંભળનારાઓમાંથી છેલબટાઉ જેવા લાગતા યુવાનો તરફ આંગળી બતાવી તે આંગળીને છાતી પર મૂકી આંખોને મિચકારતો, ઓઠનો ગાતાંગાતાં કરી શકાય તેવો સ્મિતભર્યો ચાળો કરતો તે ગાવા લાગ્યો.

'હાં... થઈ પ્રેમવશ પાતળિયા... આ...
મારા મનના માલિક મળિયા રે... થઈ૦'

જે જુવાનના તરફ 'મનના માલિક' ગવાતાં તેની નજર જતી, તેના ઉપર આખી મંડળીની આંખો અદેખાઈથી વળતી અને તેની પાસે બેઠેલા તેના બરડાને થપા-

ટોથી હલકો કરી મૂકતાં કહેતા, 'ફાવ્યો' લ્યા, ફાવ્યો!' ગોપીનું ગાયન અને નૃત્ય આગળ વધ્યું. ઘૂઘરાની ધમક વધારે જોરથી ગાજવા લાગી.

'થઈ પ્રેમવશ પાતળિયા આ...હાં...થઈ, પ્રેમવશ—થઈ પ્રેમવશ પાતળિયા. મારા મનના માલિક મળિયા રે...'

જોનારો વર્ગ ચેનચાળા ભૂલી જઈ ગોપીના નાચને જોઈ રહ્યો. ગોપીએ પણ આંખનાં નખરાં બંધ કરી, લગભગ આંખ ઢાળીને જ તાલબંધ ગાવા–નાચવા માંડ્યું. અને ધર્મશાળાના એ લાંબા મેડા ઉપર, બપોરના ત્રણ વાગ્યે, જ્યારે બહાર ગરમ ચાંદી જેવો તડકો રેલાઈ રહ્યો હતો ત્યારે, અહીં મધરાતના જેવી શાંતિ ફેલાઈ રહી. ચીંચીં કરતાં ચકલાં પણ બહારની ગરમીમાંથી હાંફળાંફાંફળાં આવીને મેડાની હારબંધ આવેલી બારીઓ પર બેસતાં, અને જાણે ગાયન સાંભળીને, કે આટલા બધા લોકો શાંત કેમ બેઠા હશે એ કુતૂહલથી ઘડી સ્થિર થઈ જતાં અને અવાજ કર્યા વગર પાછાં ઊડી જતાં.

ઢોલકને એકધારું વગાડ્યે જતાં રંગ પર ચડી ગયેલા મોતી રાવળિયાએ તાનમાં આવીને જોરથી થાપી મારીને ઢોલક થંભાવી દીધું ત્યારે જ આ સમાધિનો ભંગ થયો. વેગમાં ઘૂમરીઓ લેતો ગોપી અટકી ગયો. તેના ઘૂઘરા શાંત પડ્યા. કપાળ પર ઢળી આવેલી પરસેવાથી ભીંજેલી વાળની લટોને તેણે હાથવતી ઊંચી કરી જ્યારે અધભીડેલાં

પોપચાંમાંથી પોતાના લાંબા વાળ તરફ એણે આંખો ઉઠાવી ત્યારે, સ્વર્ગની તો દૂરની વાત પણ પૃથ્વીની યે અપ્સરાઓનું દર્શન જેમને નથી થએલું એવા એ ગ્રામ–પ્રેક્ષકવર્ગને તો જાણે કોઈ અપ્સરા નાહીને પોતાના વાળ સમારતી હોય તેવું લાગ્યું. ગોપીના ગૌર વર્ણના ચહેરા પર આ મહેનતથી રતાશ આવી હતી. એટલે મૂછ ફૂટ્યા વગરનો એનો ચહેરો વધુ મોહક થયો હતો. જોનાર મંડળ ' વાહ જી વા! રંગ છે રે રંગ! ' એમ અભિનંદન ઠાલવવા લાગ્યું. અને તરત કોલાહલ વધી પડ્યો.

પાસે પડેલા ગોદડીના એક ગાભા પર જઈને ગોપી બેઠો, પડ્યો. એનું લોહી જોરથી વહેતું હતું. ઊભા પગ ઉપર ટેકવેલા હાથમાં માથાને મૂકી આંખો મીંચી તે આરામ લઈ રહ્યો. ત્યાં તો પાછું આમંત્રણ આવ્યું.

' ગોપી, " મારી સજની " ચાલવા દે તો. '

' હાં એ જ, ખરું ટેસદાર છે! ચાલવા દે. ' કોઈક ડાયરેક્ટરની છટાથી બોલ્યું.

' અરે, આ ખરે બપોરે બિચારાને જરા થાક તો ખાવા દો; કોઈ બરફનું પાણી લાવીને તો પાઓ— '

' અરે બરફ શું? વરરાજા અહીં છે તે આઈસ્ક્રીમ નહિ ખવડાવે? ' વરરાજાની પાસે બેઠેલા મિત્રે તેમનો બરડો થાબડી કહ્યું.

વરરાજાએ હા પાડી, પણ હાલ તરત તો માટલાનું ઠંડું પાણી જ પીને ગોપીએ બીજું ગીત ચલાવ્યું:

'મારી સજની, તું ક્યાં રમી આવી રંજની ?
સાચું બોલ, બોલ, બોલ.'

કૃષ્ણના જેવા રંગવાળા ચતુરભાઈ—ગામના એક મોટા જમીનદાર પાટીદારના દીકરા—ની જાન જવાની હતી. એ શ્રીમાનને પોતાને માટે તથા એમના રસિક જુવાન મિત્રોના મનોરંજન માટે ગોપીની કળાના પ્રદર્શનની આ બેઠક યોજાઈ હતી. વરરાજાના વેશમાં પીઠી ભરેલા, ઘરેણાં પહેરેલા શામળિયા સ્વરૂપ ચતુરભાઈ અને લગ્નમાં આવેલા, નવાં કપડાંમાં તથા પાન, બીડી, અત્તર તથા રૂમાલના જાતજાતના ટેસમાં બેઠેલું મિત્રમંડળ કોઈ અનોખી કૃતાર્થતા અનુભવી રહ્યું. પોતાના માનમાં યોજાયેલા આ મેળાવડામાં જ્યારે ગોપીની આંગળી અને આંખ એમના તરફ વળતી અને એ રાવળિયો એમના તરફ 'મારા મનના માલિક' બોલીને ચાળો કરતો ત્યારે તાળીઓનો ગડગડાટ થઈ રહેતો અને ચતુરભાઈ પહેરણમાં ફૂલ્યા સમાતા નહિ.

ગોપીની ચીજ પૂરી થઈ અને તાળીઓ પડી. ગોપીની કાતિલ અસર હજી અરધી જ પ્રગટતી હતી. એક તો દિવસ, તેમાં યે બપોર, અને વળી પાછાં એણે 'લૂગડાં' પણ પહેર્યાં નહોતાં; અને માત્ર મેલા પોતિયા અને ડગલીમાં જ એ નાચતો હતો. જોનારાની આંખો ગોપીને સ્ત્રીના વેશમાં કલ્પતાં તો ભાન ભૂલવા લાગી. ત્યાં વાળંદે આવીને કંઈક ખબર આપતાં મિજલસ ત્યાંથી જ અટકી અને વરરાજા હાથમાં સૂડી લઈને ઊઠ્યા અને દાદર ભણી વળ્યા.

'એ બાપા!' ઢોલક વગાડનાર બુઢ્ઢો મોતી રાવળ બોલ્યો: 'આઈસ્ક્રીમ તો રહ્યા, પણ એકાદ સિગારેટ તો આપતા જાઓ!'

રૂમાલમાં વીંટાઈ ગયેલું સીગારેટનું ખોખું તેમના તરફ ફેંકી વરરાજા ઊતરી ગયા. આખો ઓરડો, ટર્મિનસ આગળ આવી પહોંચેલી ગાડીના ડબ્બા પેઠે ખાલી થઈ ગયો અને ખોખામાંથી નીકળેલી એક સિગારેટને પાંચે રાવળિયાઓએ વારાફરતી પીવા માંડી.

સૌભાગ્ય-સુંદરીના ખેલમાં અદ્‌ભુત કામ કરવાથી શ્રી જયશંકર ભટ્ટને જેમ 'સુન્દરી'નું ઉપનામ મળ્યું છે; તે પ્રમાણે મોતી રાવળિયાના છોકરા ગોપાળિયાને લગ્ન વખતે ગોપીનો વેશ સુંદર રીતે લેવા બદલ 'ગોપી'નું ઉપનામ મળેલું. હજી સૂરતનાં રઝાક બૅન્ડ કે સાદા ભૂંકાર કરતાં તુર્કી ટોપીવાળા મિયાંઓનાં ફૂલેલાં ગળાં દ્વારા વાગતાં વાજાં જ્યારે ગામડાંમાં પ્રવેશ કરવા પામ્યાં ન હતાં અને ગામડાંના ઢોલીઓ જ લગ્નાદિ પ્રસંગોના સંગીત-નૃત્યના વિધાયકો હતા તેવે કાળે 'ગોપી'ની ટુકડીને પોતાને ત્યાં બોલાવનારનો લોકોમાં વટ પડતો. મોતી રાવળ શરણાઈમાં વિવાહનાં ગીતો અચ્છી રીતે વગાડતો, જાણે સાંભળ્યાં જ કરીએ એવી વાતો કહેતો, એના સાથીદારો જાદુના ખેલો કરતા, અને છેવટે, ગોપાળિયો ગોપીનો આબાદ વેશ લેતો. આ બધાંને લીધે મોતી રાવળની-અને હવે ગોપી પ્રખ્યાત થયા પછી, 'ગોપી'ની ટુકડી આખા જિલ્લામાં ખૂબ જાણીતી થઈ

પડેલી. લગ્નનાં મુહૂર્તો પાસપાસે આવી જતાં ત્યારે ગામગામ વચ્ચે, કેટલીક વાર એક જ ગામમાં ફળિયાફળિયા વચ્ચે, ને કદીક તો એક જ ફળિયામાં ઘરઘર વચ્ચે 'ગોપી' ની ટુકડીને લાવવાની જબ્બર હરીફાઈ જામતી, ટુકડીનાં માન વધી પડતાં, અને મોતી રાવળને નગદ સોદો પાકતો.

આખા ગામમાં 'ગોપી'ની ટુકડી બોલાવ્યા વગર જેનું હીણું દેખાય એવું ઘર તો ચતુરભાઈ પટેલનું જ. પચાસ રૂપિયા ઠેરવીને જ્યારે ટુકડીને લાવવામાં આવી અને જ્યારે ખભે ઢોલકાં, ધંતૂરાના ફુક્કા જેવા આકારની પિત્તળની શરણાઈઓ અને બેચાર ખડિયામાં 'લૂગડાં' લઈને આ મંડળી પાંચમી વરધે ગામમાં આવી ત્યારે ગામમાં જાણે એક બનાવ બની ગયો, અને છોકરાંની ભૂંજાર પાંચ કલાક લગી તેમના ઉતારા પાસેથી હઠી નહિ.

'શું મારા ભાઈ! પાંચ ગામનાં બાનાં ઠેલીને રાવળિયા આવ્યા છે!'

'અને ભાઈ, છોકરો શું ગોપી થાય છે! શું ગોપી થાય છે! જાણે સાક્ષાત ગોપી! ખરેખર, ચતુરભાઈના લગનમાં તો રંગ રહી જવાનો.'

'અને વેવાઈને ત્યાં પણ વટ પડી જવાનો ગામનો!' આમ ઓટલે ઓટલે બોલાવા લાગ્યું.

માંડવામુહૂર્તથી માંડી, ગુજરાંગોરમટી, વરધ ભરવાની, પોંશ ભરવાની એમ લગ્નની નાનાવિધ ક્રિયાઓ વખતે નારીમંડળની સાથે ઢોલીઓને જવાનું રહેતું અને એ વખતે

ઘરડી કે આધેડ, ઘૂમટા વગરની ગામની દીકરીઓ કે ઘૂમટા-વાળી વહુઆરૂઓ, અર્થાત્ નાનીમોટી તમામ સ્ત્રીઓ ઢોલીઓ સાથે ફરતા આ છોકરા તરફ કૌતુક અને પ્રશંસાથી જોઈ રહેતી અને સંભળાય ન સંભળાય તેમ બોલતીઃ 'ભગવાને આ રાવળિયાને શું રૂપ આપ્યું છે!'

ઉકરડા પર ગુલાબ પડ્યું હોય તેમ રાવળિયા જેવી કોમમાં ગોપાળ જન્મ્યો હતો. ગોપાળની મા એની નાની બહેનના જન્મ વખતે જ મરી ગએલી; અને પોતાને છોકરી ન હતી એટલે આ ફૂટડા છોકરાને જાણે તેની ભવિષ્યની કારકીર્દિ ભાખતી હોય તેમ, એ 'મારી ગોપી, મારી ગોપી' એમ લાડમાં બોલાવતી. એ ઘઉંવર્ણી ફૂટડી માતાની બધી મોરછા ગોપાળમાં ઊતરી હતી, અને કુદરતનો વિકાસક્રમનો સિદ્ધાંત પ્રગટતો હોય તેમ છોકરાનો રંગ ઘઉંવર્ણામાંથી ગુલાબી પ્રગટ્યો હતો.

મોતી રાવળે છોકરાને મોતીના છોડ જેમ ઉછેર્યો. રાવળિયાનું છોકરું નાનપણથી જ નાચતાં અને ગાતાં શીખી ગયું. જેમજેમ એ મોટો થતો ગયો તેમતેમ મોતી રાવળે એને ભવાઈઓ તથા બને ત્યારે શહેરનાં નાટકો બતાવી નાચગાયનના સંસ્કાર સીંચવા માંડ્યા. કોઈપણ ચીજ ગોપાળને ગળે સહેલાઈથી ચડી જતી. શહેરમાં નાટક જોઈ આવનારો ગામડાંનો વર્ગ આ છોકરાને મોઢે આટલી સરસ રીતે છેલ્લામાં છેલ્લાં ગાયનો સાંભળીને ખુશ થઈ જતો. આમ ગોપીની પ્રતિષ્ઠા જામી. ભવાઈઓના ટોળાએ પણ એકવાર

ગોપાળને પોતાની સાથે લઈ જવા માગણી કરેલી. પણ મોતી રાવળ પોતાના મોતીના છોડને એમ શેનો વેડાવા દે? તેણે તો પોતાના છોકરાને સારો એવો કેળવ્યો; અને બેત્રણ લગ્ન વગાડવા માત્રથી જ મોતી રાવળને બાર મહિનાના રોટલા મળી જવા લાગ્યા.

ગોપીની ટુકડી પોતાને ઘેર આવ્યાથી ચતુરભાઈના પિતાને આબરૂ જળવાયાનો સંતોષ તો થયો, પણ પચાસ રૂપિયાની રકમ પણ જરા તાળવે ચોંટવા લાગી. પરંતુ એમાં તો કાંઈ ઇલાજ ન હતો, એટલે હવે રકમ બરાબર વસૂલ કરવી જોઈએ તેના પર વાત આવી. એક પણ પ્રસંગ એ ઢોલી વગરનો પડવા દેતા ન હતા. અને બીચારી ઢોલીની જાત; બધું સમજે તો ય સામા થવાની એની શી તાકાત? વળી લોભ પણ ખરો. બેઠક વખતે ભેટ મેળવવાની દાનતે સૌકોઈને રીઝવવા જ રહ્યા. આ ધમાલમાંથી મળતી આરામની ક્ષણોમાં વરણાગિયા જુવાનો એમનો કસ કાઢતા. 'આ ફલાણા ગામના પટેલ અને આ ઢીંકણાના.' 'આમને કામ દેખાડવામાં ફાયદો છે.' એમ મનાવી પટાવી રાવળિયા પાસેથી નાચ ગીત વગેરે કઢાવી લેતા. પણ આ બધી જહેમત ઉઠાવવાની પાછળ મોતી રાવળિયાના મનમાં એક જ હેતુ રહેતો; વરને માંડવે અને કન્યાને માંડવે મળતી બેઠકોમાં પટેલિયાઓને રીઝવી ભેટ મેળવવી. અને ખરે, આ બે પ્રસંગે તો દરેક લગનમાં મોતી રાવળિયાને ટંકશાળ પડતી. ગોપી બનેલો ગોપાળ જેની દાઢીમાં જઈને હાથ નાખે તેની

ગુંજાશ શી કે રાવળિયાને પાછો ઠેલે ? ભલભલા મક્ખીચૂસ પણ પાંણીપાણી થઈ જતા. કુશળ વેપારીની પેઠે મોતી રાવળ લીલો વેલ જેવા લાગતા બધા આસામીઓની આ દિવસોમાં ઓળખાણ કરી લેતો. એમને રીઝવવા ખાતર એ થાકેલા ગોપીને પણ નચાવતાં વિચાર ન કરતો. અને તૂટતે અંગે ગોપી મનેકમને નાચ્યે જતો.

રાવળિયાઓનો કસ કાઢવાની વરના બાપની ઇચ્છા પૂરી બર ન આવી. ઢોલીઓએ વરને માંડવે લૂગડાં તો પહેર્યાં, પણ જ્યાં વરઘોડો જ ફેરવવાનો વખત ન રહ્યો ત્યાં ઢોલીઓની અરધો પોણો કલાક ચાલતી રમઝટ તો ક્યાંથી જ બને ? જાનને જલદી જોડી મૂકવી પડી. હવે તો જે બને તે કન્યાને માંડવે.

ચતુરભાઈ પટેલ વહુવાળા થઈ ગયા. વરપક્ષે અને કન્યાપક્ષે લગન માણ્યાં. ગીત ગાઈગાઈ ને વેવાણોનાં ગળાં બેસી ગયાં હતાં. રાતની રાતોના ઉજાગરા સૌની આંખો ઉપર દેખાતા હતા. ચચ્ચાર દિવસનાં મિષ્ટાન્ન જાણે અરુચિકર થવા લાગ્યાં હતાં. સૌકોઈ હવે ઘેર જઈ નિરાંત સેવવાની આશા રાખતું હતું. હવે બાકી હતો માત્ર એક જ કાર્યક્રમ, છેલ્લી બેઠકનો, જેમાં વરપક્ષનાં સગાંવહાલાંને પહેરામણી, સૌ નિમંત્રિતોને પાનબીડાં અને આખા ગામની નોતરેલી

વણનોતરેલી શિષ્ટઅશિષ્ટ તમામ વસ્તીને ગોપીના નાચની મઝાની ભેટ.

બેઠકનો વખત ભરાવા આવ્યો અને મોતી રાવળે ગોપીને સજાવવા માંડ્યો. કેટલી યે જાનોની ધૂળ ખાધેલો ખડિયો મોતી રાવળે છોડ્યો. મોટા ઘેરવાળા ઘાઘરા ને ગુલાબી, વાદળી, લીલી સાડીઓ કાઢી. એક કટાયેલા પતરાના દાબડામાંથી ખોટાં મોતીના કંઠા, બંગડીઓ, અને બીજી શૃંગારસામગ્રી કાઢી. ગોપીએ તથા કા'ન બનનાર છોકરાએ તૈયાર થવા માંડ્યું. કોઈ સુકેશીને પણ શરમાવે એવો ચોટલો ગોપીએ તેલ નાખીને ગૂંથ્યો. ગોળ ચહેરો પાવડર લગાવતાં વધારે ખીલ્યો. આંખમાં મેશ, ગાલે તથા ચિબુકે વાદળી ટીપકી, નાકમાં મોટી વાળી, કાનમાં ઝુમ્મર, સેંથામાં મોતીની માંગ, કાંડે મોતીની બબ્બે હારના ચાપડા, તંગ સૂંથણા ઉપર કિરમજી રંગનો ઘેરદાર ઘાઘરો, ઉપર દક્ષિણી ઢબે નાખેલી જાંબલી ઓઢણી, અને છેવટે, મુનિવરનાં પણ મન ચળાવે એવી પગની મોઠી ઘૂઘરીઓ એમ ગોપીનો શૃંગાર સજાયો.

મોતી રાવળ એકેએક વિગત ઉપર ધ્યાન આપતો હતો, અને છોકરાને શણગાર સજાવતાં પ્રગટઅપ્રગટ તે બોલતો હતો : 'આજે તો દીકરા, કશી કમી ન રાખતો. રમઝટ બોલાવજે. ખોડિયાર મા જેવી મા માથે બેઠી છે. હાજરાહજૂર છે મારી માડી.'

ગોપી મૂંગોમૂંગો સાંભળ્યા કરતો હતો. એની આંજેલી

આંખમાં રતાશ હતી, શાહ વગર રંગે પણ તડકાથી તપીને રાતા થયા હતા. છોકરો જાણે થાકીને લોથ થઈ ગયો હતો.

'એ ઘડી જાળવી લેજે બેટા! જગદંબા, મારી મા! તારો છોકરો છે, મા! ગરીબનું રતન છે!' છોકરાની ફીકાશ કળી ગએલો મોતી ઓડિયારને આરાધતો હતો. બાપની ચિંતા જોઈ મૂંઝાતો ગોપી બોલ્યો: 'કાંઈ નથી બાપા, મૂંઝાઓ છો શાના? બરાબર ચાલશે.'

બપોર ઢળતાં વેવાઈને માંડવે એકઠ જામી, ધોબીએ બાંધેલા ચાદરોના માંડવામાં કાગળના ફૂલનાં તોરણો લટકી રહ્યાં હતાં. મોટામોટા આચરો ઉપર તકિયા અને રૂવેલ ગોદડાં બિછાવાઈ ગયાં હતાં. સૂર્યનારાયણના તડકા માંડવાની અંદર સહેજ પેઠા અને વરરાજા તથા જાનૈયા વાજતેગાજતે વેવાઈને માંડવે આવી પહોંચ્યા. પટેરામણીમાંથી વેવાઈઓ પરવાર્યા પછી એકબાજુ ચાપાણીની તૈયારી થવા માંડી અને બીજી બાજુ ટોલીઓને રમવાનું શરૂ કરવા કહેવામાં આવ્યું.

મોતી રાવળ સિવાય ચારે રાવળિયાઓએ લૂગડાં પહેર્યા હતાં. ગોપી અને કૃષ્ણ થનાર છોકરા સિવાયના બીજા બે રાવળિયા આવેડ હતા. એમની શોભા ઓર ખીલી નીકળતી હતી. કાળાં શરીર, એરેલાં ડાચાં, મૂછ મૂંડેલું મોં અને તે ઉપર સુંદરીના સોળ શણગાર! બન્ને ઢોલકાં ટાંગી ધમધમાટ ધમચક્કડ સાથે ચટકીઓ લેવી અને ગોપીના નાચ માટે વાતાવરણ જમાવવું એ એમનું કર્તવ્ય હતું. ગોપી

અને કા'ન રમતાં ત્યારે એ બે જણુ બાજુએ ઊભા રહી ઢોલક વગાડ્યે જતા અને મોતી રાવળ એક બાજુએ બેસી એની ધોળી પાઘડીવાળું માથું હલાવતો ગાલ ફુલાવી શરણાઈ વગાડતો.

મોટા રાવળિયાઓએ ઢોલકાંનો ઢબઢબાટ કર્યા પછી કા'નગોપીનો નાચ આદરાયો. અવાજ કરતાં છોકરાં શાંત થયાં. ઢોલીને રમવાની જગ્યાની ચોમેર એમનું જામેલું કૂંડાળું વધારે ગાઢ થઈ આગળ ધસવા લાગ્યું. ઢીલી કમરવાળા જુવાનિયા ટટાર થયા અને દરેક, પોતાને આ મિજલસમાં કંઈક વિશેષ મહત્તા મળે એ રીતે વાળ સમારવા, ખોંખારા ખાવા કે મૂછ આમળવા મંડ્યા.

ગોપીની ઘૂઘરીનો પહેલો રણકાર થયો અને આખી બેઠકમાં શાંતિ ફેલાઈ ગઈ. 'કાનુડો મારી કેડે પડ્યો છે' એ ગીતથી ગોપીએ શરૂઆત કરી. ત્યાં કા'ન આવ્યો. બંને છોકરાઓએ નાટકમાં સાંભળેલી પ્રાસંગિક અપ્રાસંગિક ચીજો છેડી અને ધીરેધીરે કૂંડાળે પડ્યા. ઢોલકની રમઝટ ચાલી. ઘૂઘરીઓ રણઝણવા લાગી. કૃષ્ણથી રિસાવાનો, મનાવાનો, ચિડાવાનો, લાડ કરવાનો અભિનય કરતો ગોપી સૌકોઈના મુખમાંથી વાહવાહના ઉદ્ગારો કઢાવવા લાગ્યો.

કાર્યક્રમની વગર જાહેરાતે લોકો વાત કરતા હતા કે આજે દાણલીલા રમાવાની છે. જે ગવાતું હોય તે કરતાં પણ કાંઈ વધુ સારી ચીજ હવે આવવાની છે એ આશાએ

સાકોઈ આતુર થઈ જોઈ રહેતા. ચીજો જેમજેમ ગવાતી ગઈ તેમતેમ વધુ સારી ચીજ માટેની આતુરતા વધતી ગઈ.

ગોપીએ ગીત ઉપાડ્યું. શરણાઈ ઘૂંટાવા લાગી. ગોપીએ હોઠ મલકાવી ગીત વહેતુ મૂક્યું :

છેટા છેટા રહે નંદના છોકરા રે,
મારાં રાંધણિયાં અભડાય રે,—

કા'નજીએ સામે બીજું ગીત લીધું :

હાં રે, ગોપી ! ઘેલી તું ઘેલી,
હાં રે રૂપચંદનની વેલી, છકેલી, ઓ ઘેલી !

આમ સામસામાં ગીતો બોલાતાં ગયાં. ગોપીનો છેડો ઊડતો જાય, કા'નજી પાછળ ખેંચાતો જાય, ગોપી હાથમાં આવી ન આવી અને સરકી જાય ! સારંગના સૂરે, ગોપીના કંઠે, ઢોલકના તાલે અને શરણાઈની મધુરતાએ પટેલની જાનમાં જાણે ગોકુળ ખડું કર્યું.

ગાયનો થંભ્યાં અને મૂંગું નૃત્ય શરૂ થયું. ગોપીનાં અંગો ડોલવા લાગ્યાં. ગૂંથેલા વાળમાંથી છૂટી પડીને મોં ઉપર ઝૂલતી એકબે લટોએ તો કેટલાયને ગાંડા કરી મૂક્યા. મોતી રાવળને નસીબ ઊજળું દેખાવા લાગ્યું. છોકરાએ રંગ રાખ્યો. ' જે હો તારી, ખોડિયાર મારી મા ! મા, તને રાજી કરીશ; છોકરાને રમાડજે, મારી મા ! ' અને બેઠકમાં ગોપી ફરવા માંડતાં રૂપિયાથી જે ખિસ્સું ભરાઈ જશે તેની કલ્પના તેને ગાંડો કરી નાખવા લાગી. અને કોણ જાણે ક્યાંથી તેનામાં અચાનક અધીરાઈ પ્રગટી. છોકરો હવે બેઠકમાં ફરવા માંડે તો

સારું, ઘડી પછી શું નું શું બને ! હવે છોકરો પોતાના તરફ જુએ તો તરત તેને નાચ બંધ રાખી ફરવા માંડવાનો ઇશારો કરવાનું તેણે નક્કી કર્યું.

પણ ગોપીએ મોતી રાવળ ભણી આંખ ફેરવી જ નહિ. આંખો ઢાળીને તેણે તો નાચવું જ ચાલુ રાખ્યું. કા'ન બનેલો છોકરો તેની પાછળ ખેંચાતો જતો હતો, ઢોલકવાળો કોણ જાણે ભાન ભૂલ્યો હોય તેમ થાપીઓ દીધે રાખતો હતો, અને મોતી રાવળને અસહાય થઈ શરણાઈ ઘૂંટયે જવી પડતી હતી. જાણે બાજી કોઈના હાથમાં ન રહી હોય, કોઈ અદૃશ્ય તત્ત્વ તેમને ધકેલી રહ્યું હોય તેમ ગોપી, કા'ન, ઢોલક અને શરણાઈ પોતપોતાનું કામ અતિ ત્વરાથી કરી રહ્યાં હતાં.

વરના બાપ મનમાં રાજી થતા હતા. વેવાઈને માંડવે વટ પડ્યો. પણ આ છોકરો દાઢીમાં હાથ નાખશે ત્યારે શું આપવું પડશે, અને પોતે આપે તે પ્રમાણે વેવાઈઓને પણ આપવું પડે અને એમ વેવાઈ પક્ષના લોકોને કેમ ખાલી કરાય, એ વિચારોમાં અભિમાન અને કૃપણતા તેમના મનમાં ધડભાંગ મચાવી રહ્યાં હતાં. તો ય તેમણે સંતોષનો ઉચ્છ્વાસ લીધો અને આખી બેઠક તરફ આંખ ફેરવી. બધાંની આંખો જાણે નાચતા છોકરા ઉપર પરોવાઈ ગઈ હતી. છોકરાંની ચાલો સૌ કોઈને વધુ ને વધુ ઉત્તેજતી, ખેંચતી, લોભાવતી અને તલસાવતી જતી હતી. ત્યાં તો મોતી રાવળને જાણે કંઈ આંચકો લાગ્યો. છોકરો તાલ ચૂક્યો.

મોતી રાવળનાં ભવાં સંકોચાયાં. છોકરાને છૂટી શરણાઈ મારવાનું મન થઈ આવ્યું. પણ ગોપીએ સંભાળીને બેવડા જોરથી નાચ શરૂ કર્યો. મોતી રાવળ હવે ખૂબ ઊંચો નીચો થવા લાગ્યો અને જાતે જ શરણાઈ થોભાવી દેવાનો તેણે નિશ્ચય કર્યો. તેણે ઢોલકવાળા તરફ નજર ફેંકી. આખી બેઠક તરફ નજર નાખી; જાણે ત્યાં રૂપિયાની વાડી ન ઊગી હોય, અને હમણાં દીકરો એને વેડી આવશે અને મારો ખોબો ભરી દેશે ! મોતી રાવળની આંખો ધોળે દહાડે સ્વપ્ન દેખવા લાગી. રૂપિયાના ભારથી જાણે તેનું ગજવું ભારે થવા લાગ્યું. 'ધન્ય માતા ખોડિયાર !' તેના અંતરમાંથી નીકળી ગયું. તેના જીવનની છેલ્લી ધન્ય ઘડી હતી. સંગીતની ધૂનમાં જાણે જગત ડૂબવા માંડ્યું હતું. અને ત્યાં—

રેશમી પડદો ચિરાય તેમ અચાનક ક્યાંકથી વાતાવરણમાં એક ચિરાડો પ્રગટ થયો. ઢોલકવાળાના હાથ થંભી ગયા. મોતી રાવળનું ગળું શરણાઈમાં શ્વાસ ફૂંકતું બંધ થઈ ગયું. બેઠકમાં એક બેચેનીનો વાયરો વહી ગયો. અર્ધી આંખો ઢાળીને શરણાઈ વગાડ્યા કરતા મોતી રાવળની આંખો ઊઘડી ગઈ. એનું સ્વપ્ન વેરાઈ ગયું હતું.

નાચવાના કૂંડાળાની વચ્ચે ગોપી ઢગલો થઈ ને પડ્યો હતો અને જાંબલી ઓઢણી એના મૂર્ચ્છિત શરીરમાંથી ઊઠતા શ્વાસોચ્છ્વાસની સાથેસાથે ઊંચીનીચી થઈ રહી હતી.

# લૂંટારા

અમારાં બેડિયાં રાતના અગિયારે ગામની ભાગોળેથી નીકળ્યાં. બાર ગાઉ દૂર તાલુકાના ગામ જંકાનેરની જિનમાં અમારાં ગાડાં જવાનાં હતાં. આખી રાત રસ્તામાં જ ગાળવાની હતી. એટલે આપણે બિસ્તરાનું ઓશીકું કરી બેડિયા પર લંબાવ્યું. રસ્તાના ખાડાટેકરા પર હેકા ખાતા ગાડા સાથે મારી ઊંઘ પણ હેકા ખાતી હતી.

પંદર બેડિયાંની હારમાં અમારું ગાડું પાંચમે નંબર હતું.

'અલ્યા, જરા હાંકો હવે, હાંકો.' અમારા પાછળના ગાડાવાળાઓએ બુમ પાડી. રસ્તો સારો અને પહોળો હતો એટલે પોતાનું ગાડું આગળ કરવા માટે દરેક ગાડાવાળાએ ગાડું ફંટાવ્યું અને થોડો વખત મધરાતની એ ગહન શાંતિમાં બળદના ઘૂઘરા અને ગાડાના ધમકારાએ અવાજનાં પૂર ચઢાવી દીધાં.

માતેલા બળદવાળો એક ગાડાવાળો અમારા ગાડાને ઓળંગી જવાની તૈયારીમાં હતો ત્યાં અમારા ગાડાવાળા લખા ડોસાએ બળદ ડચકાર્યા. માતેલા બળદવાળો ખેડુ

અમારા બળદને આંટી ન શક્યો. અને અમારી પાછળના ગાડાની તથા અમારી વચ્ચે પડેલા અંતરની અંદર તેનું ગાડું આવી ગયું.

હવે રસ્તો સાંકડી નેળનો આવ્યો એટલે દરમાં સાપ ચાલે તેમ બધાં ગાડાં હારબંધ ચાલવા માંડયાં.

'કોણ દેવલો કે ? નહોતો આવવાનો ને !' લખા ડોસાએ આ નવા પાડોશીને તેના બળદ પરથી ઓળખી લીધો હતો.

'હા, લખા કાકા છેલ્લી ઘડીએ ઊભું થયું. શું કરું ? આ દામલાનું ભાડું તો કદી કાળ ન કરું, પણ મારા હાથ હેઠા પડયા. છોકરાંને કકળતાં મારાથી નથી જોવાતાં. હશે, આપણે તો પૈસા સાથે કામ છે ને ?' દેવો શા માટે દામોદર ઠક્કરનું ભાડું નહતો ભરવાનો, એનો ઇતિહાસ લાંબો હતો. દેવાએ તેની શરૂઆત જ માત્ર કરી.

'ત્યારે તારું ભાડું શું કર્યું ?' લખા ડોસાએ પૂછ્યું.

'અડધું ભાડું.' દેવો એ ઉત્તર આપવા ન માગતો હોય તેમ બોલ્યો.

'કેમ, ગામનો ધારો પણ એણે ના પાળ્યો ?'

'એને ગામના ધારાની શી પડી છે ? ગામના પટેલિયા એના દબાયેલા તે એના સામું કોણ બોલે ? આપણે તો એને જરા યે ના છોડીએ. પણ ઘરમાં હાંલ્લી કડાકા લેતી હોય ત્યારે એ બધું ય ભૂલી જવું પડે, લખા કાકા ! ખરેખર, આનું હવે કાંઈ કરો. આ વખતે મેં આકું જોડયું છે પણ મારું મન જાણે છે.' દેવાની આંતરડી

ફફળવા લાગી.

'ભાઈ, અધીરો થા ના. સૌ સૌને દહાડા હોય છે. પોતાની અવધ આવી એટલે ભલેને મોટા ચમરબંધી હોય તો ય તેની સાયબી ટકવાની નથી.' અનુભવથી ઘડાયેલા લખાના જવાબમાં દાઝ હતી, પણ તીખાશ અને ઉતાવળ ન હતી.

'તમે ઘરડા થયા અને બધું જોઈજોઈને તમારું લોહી ટાઢું થઈ ગયું. પણ આ વાણિયા અમારી કોઠીઓ ખાલી કરીને લઈ જાય તે અમારાથી કેમ વેઠાય? ડોસાના દેવાની સારુ એણે મને કોર્ટે ચઢાવ્યો. કોર્ટે ખાંધાં કરી આપ્યાં. તો યે એનો ધમારો ઓછો નહિ થયો. આ વરસની આખી મોસમ એને ત્યાં પૂરી. હવે દાણા ખાવા હોય તો ફરીથી એને ત્યાં ટેકરું કરીએ ત્યારે.'

'ભાઈ, એ તો એમ પણ હોય. આપણે ગરીબ અને એ લોક પૈસાદાર. આપણે ડાબે હાથે કમાવાનું ને જમણે હાથે ખાવાનું. જન્મ્યા એટલે જેમ તેમ કરી પેટ ભરી દહાડા પૂરા કરવાના.' લખો ડોસો જમાનાનો ખાધેલ હતો, પણ દેવાને ઉશ્કેરવા તે આમ દેવાને ઉતારી પાડતો હતો.

'કાકા, એ ય બે હાથ લઈને જન્મ્યો 'તો અને આપણે ય બે હાથ લઈને જન્મ્યા હતા.' દેવાએ વગર ભણ્યે સામ્યવાદ પ્રતિપાદિત કરવા માંડ્યો.

'હા, તે તારા બે હાથને હવામાં વીંઝયા કરજે બેઠો બેઠો.' લખાએ ચિણગારી મૂકી.

'ના હવામાં નહિ વીંઝાય. એ તો અમારી કોઠીઓ

ખાલી કરી જયાં આગળ વાણિયાઓએ કોઠીઓ ભરી છે ત્યાં આગળ વીંઝાશે.' દેવો અણુપઢ હતો, પણ એનું મન વસ્તુની તડમાં જઈ આવતું.

'દેવા, ભાઈ, એ તો બધી વાતો. આપણે કરતા હોય તે કરીએ અને છાશની દોણી ભરીએ. એટલું યાદ રાખીએ કે ધર્મનું ટકે, અધર્મનું નહિ. આપણાં કરમ એવાં હશે એટલે છતે અનાજે આપણે ભૂખે મરવાનું. આપણે પકવીએ, પણ ખાય પારકા.' લખાએ વૃદ્ધ માણસની ફિલ્સૂફી વેરવા માંડી.

'એટલે જ દામોદર શેઠ ધર્મી ગણાય છે ને! તમને બધાને આખું ભાડું ને મને અડધું. એનો બાર ધડી જ કપાસ રહ્યો હોય એટલે મારે ભાડું અડધું લેવાનું અને ધક્કો આખો ખાવાનો.' દેવો ન્યાયના કાંટાને હચમચાવા લાગ્યો.

'ભાઈ, ગરજે ગધેડાને બાપ નથી કહેતા?' લખાએ વ્યવહારને આગળ ધર્યો.

'હા હવે...' દેવો આગળ બોલવા જતો હતો ત્યાં આગળનાં ગાડાંમાંથી અવાજ આવ્યા.

'ખરી કીધી, અલ્યા, ખરી કીધી તેં તો.'

અને દેવો અને લખો આતુર કાનથી પોતાની વાતો પડતી મૂકી તે સાંભળવા બેઠા.

ગાડાં નેળમાંથી નીકળી રહેવા આવ્યાં હતાં. અને અંધારી છઠનો ચંદ્ર ઊગીને સમો થયો હતો. દેવાના માથા પરનો પચીસ હાથનો ધોળો ફેંટો ગાડા સાથે ઉંચોનીચો

થતો હતો. દેવાએ બીડી સળગાવવા દીવાસળી ઘસી, બીડી સાથે ચાંપી અને દમ લીધો. એ મંદ પ્રકાશમાં દેવાનાં કરડાં ભવાં, ભરાઉ મૂછો, જાડા અને અણીદાર હોઠ ઘડી ભર દેખાઈ આવ્યાં.

નદીનાં પાણીમાં ગાડાં ઊતર્યાં. ઢીંચણ સમા પણ વેગીલા પાણીમાં રસ્તો કરતા બળદ ડોલતી શીંગડીએ ચાલવા લાગ્યા. તળેના રેતીનો કચડાટ કચડાયલી પ્રજાના અંતરના ઉકળાટ સમો પાણીના થરને ભેદી કંઈક કંઈક આવતો હતો.

'ફરીથી, ફરીથી.' આગળના ગાડામાં અવાજ થયો. અને હાસ્યભરેલા લાંબા અવાજે એક દુહો હવામાં તરતો અમારી પાસે આવ્યો.

> કાળાં દામોદરનાં કાટલાં, વળી કાળી ખડિયાની શાહી,
> કાળું દામોદરનું કાળજું, એથી કાળું ના જગમાં કાંઈ,
> રે એથી કાળું ના જગમાં કાંઈ.

ગાનારો દોહાની લીટીઓ ઉથલાવી ઉથલાવીને ગાતો હતો. અને સાંભળનારાઓ ખડખડાટ હાસ્ય કરી તે વધાવતા હતા.

"અલ્યા ઓ, જરા ધીમા ગાઓ, ધીમા. ભાટિયો સાંભળશે." લખો ડોસો જ્યાંત્યાં રખેવાળનું જ કામ કરતો જણાયો.

'હવે ધીમા ને ઉતાવળા. સાંભળે તો ય શું થઈ ગયું? અને એ તો છેલ્લા ગાડામાં બેઠા છે, એની પૂંજી સાચવવા.' દેવો બોલ્યો.

'લખા રૂપા, તમે બધા મળીને આમ બિચારા દામોદરને કેમ શૂળીએ ચઢાવવા મંડયા છો ?' મેં ધીરે રહીને પૂછ્યું.

'ત્યારે ક્યાં માતાએ ચઢાવે ?' લખો ડોસો પોતાનું સ્વરૂપ ઢાંકી બોલતો હતો, તે હવે ખુલ્લો થયો. 'ભાઈ, તમે આજકાલના શું જાણો ? અમે સગી આંખે જોયેલું કંઈ સહેજમાં ભૂલી જવાય ? આ દામોદર ભાટિયો તાજુડી-ઓ લઈને ગામમાં આવેલો. એની માએ દળણાં દળીને એ ભાઈઓને ઉછેર્યા. એ ને એનો ભાઈ કૂતરાંને ખાવાનું નાંખીએ તેમાંથી ખાતા હતા. એણે તાજવાની દાંડી મારી મારીને મોટી હવેલી બાંધી. અમારી નજર આગળ થયેલું કાંઈ ભૂલી જવાય ?'

'પણ એ તો તમે જ કહેતા 'તા ને તેમ એના નસીબે જોર કર્યું.' ડોસાનો મર્મ લવા મેં ટકોરો માર્યો.

'ભાઈ, તમે ભણેલા થઈને ય શું નસીબ નસીબ કરો છો ? આ કેટલાયના રોટલા ઝૂંટવી એણે કોઠીઓ ભરી છે તે કોણ નથી જાણતું ? આ દેવાની વાત તમે હમણાં જ ના સાંભળી ?" લખાએ મને બોલતો બંધ કર્યો.

'લખા કાકા, સાભળ્યું ને કે મોહનિયો પણ આવ્યો છે ?' લખો મને વધુ આગળ કહેવા જાય તે પહેલાં દેવાએ પ્રશ્ન પૂછી તેને રોક્યો.

'એમ ? ક્યાં બેઠો છે ?' લખાએ મને મૂકી દેવાની સાથે વાત શરૂ કરી.

'છેલ્લા ગાડામાં, શેઠ જોડે.'

'તે એ તો સીમાવદર એની સાસરીમાં રહેવા

જવાનો હતો ને ?' લખાએ કહ્યું.

'હા, પણ હજી કંઈ પૂંજી રહી હોય તે સ્વર્ગમાં જતા પહેલાં બ્રહ્માર્પણ કરી દેવા જાય છે.' દેવો કોઈ જુદી જ ભાષામાં બોલ્યો.

'એટલે ?'

'એની બે એકર જમીન પણ કાલે દામોદરે લખી લીધી. બળદની જોડ ને દૂઝણી ભેંશ આડમાં લીધાં. ઘર તો ઘરેણે હતું જ. આટલા દહાડા ભેંસ પર જીવતાં હતાં તે હવે ભેંસ પણ ગઈ. એ બધાનો દસ્તાવેજ કરવા શેઠ એને કચેરીમાં લઈ જાય છે.' દેવાએ સીધી ભાષા વાપરી.

'સાંભળ્યું ને ભાઈ ?' લખો મારા તરફ ફર્યો: 'આ અમારાં જીવતર. અમે જિન્દગીથી ખેડ કરનારા પણ એની ચાર એકર જમીન કરી શક્યા નથી અને ભાટિયો આજે બસેં એકરનો ધણી થઈ બેઠો છે. હવે એને નસીબનું જોર કહો, દામોદરની તાજુડીઓનું જોર કહો કે એની કલમનું જોર કહો.'

'તમે હવે બીજી વાત કાઢો કાંઈ. કાલે ખાવાનું યે નહિ મળે.' અત્યાર સુધી શાંત રહેલો અમારા આગળનો ગાડાવાળો બોલી ઊઠ્યો. 'એણે આવીને ગામને ઉજ્જડ કર્યું. નવા નવા તુક્તા લાવે ને છોકરાંને ઉશ્કેરે. બૈરાંને ચઢાવે તે પાંચનું યે લૂગડું ન જુએ, અને પંદરનું યે ન જુએ. પાટીદારોને તો એણે જ સટ્ટા કરાવીને ટાઢા કરી નાખ્યા. અમને પાટણવાડિયાઓને તો એણે રહેવાનાં ઘર પણ રહેવા નથી દીધાં. હવે અમારાં બૈરાંછોકરાં ગીરે

મુકાવવાનાં બાકી છે.' તેની આ કરુણાભરી કથાનો મારી પાસે કશો નિકાલ ન હતો, કશો જવાબ ન હતો.

'હા, મૂકવા જજે તારી બાયડીને દામોદરને ત્યાં ગીરે. સાલી, બધી માળવાની મોઓ!' મારું કામ દેવાએ કર્યું. 'તમારામાં દમ જ ક્યાં છે?'

અમારાં ગાડાં પાણીમાંથી નીકળી રેતીના પટમાં પેઠાં એટલે બળદની ચાલ વધી. અને અમે બધા અમારી વાતોના ઘેનમાંથી જાગ્યા. અમારી વાતો બંધ રહી. અમે બધા નદીના વિશાળ ભાઠાને જોવા લાગ્યા. ચન્દ્રના ઝાંખા પ્રકાશમાં ગાઉના ગાઉ સુધી સપાટ ને ઉજ્જડ પ્રદેશે અમને ઘડીવાર મૂંગા કરી મૂક્યા.

'લખા કાકા, અહીં સાતતાળી ખરી રમાય!' દેવાએ રણકતે અવાજે કહ્યું.

'હા, દેવા! સાતતાળી રમાય, ઝાલણિયું દાન રમાય, બધું રમાય. રમનારા ચોક્કસ જોઈએ. નદીનો પટ નાનો સુનો નથી.' લખા ડોસાના આ જવાબમાં તે બોલતો હતો તે કરતાં વધારે અર્થ મને લાગ્યો. ત્યાં તો આગલા ગાડાવાળાએ દુહો મોકલ્યો.

રાતાં તે વનનાં હરણિયાં ને રાતી સાવજની છભ,
રાતી મહાકાળીની દેવડી, એનાં રાતાં ખપ્પર ચીર.
રે એનાં રાતાં ખપ્પર ચીર.

'ખરો ચગ્યો છે ને? ક્યાંનું ક્યાં લાવીને અડાડે છે!' દેવો ટહૂક્યો. અને બીડી સળગાવી ધુમાડા કાઢવા લાગ્યો.

'લખા ડોસા, તમને તો ખબર હશે. આ દામોદરના ઘરમાં કેટલી વાર ખાતર પડ્યું હશે?' મેં અચાનક વાત ઉપાડી.

'પંદર વાર.' લખો ડોસો મારા સવાલનું કારણ ખોળવા જાય તે પહેલાં તેના મોઢામાંથી જવાબ નીકળી ગયો.

'તમને નવાઈ નથી લાગતી?' મેં કહ્યું.

'શાની?'

'આ પંદર પંદર વાર ખાતર પડે છે છતાં ય દામોદર શેઠને આંચ નથી આવી અને તેવોને તેવો માતેલો છે. એમ કેમ?'

'ભાઈ, ચોરની કોઈ દહાડો હવેલી બંધાઈ નથી.' લખાએ મેં માગેલો જવાબ આપ્યો.

'ત્યારે આ તમારા જવાનિયાને એટલી વાત ના સમજાવો? એમને કહેજો કે તમે એ રસ્તો છોડશો તો બીજા રસ્તા ખૂલશે અને તમને માગો તે મળશે.' મારી વાત લખા ડોસાને સમજાવા લાગી.

'ભાઈ, શું કરે? અભણ પ્રજા. બાપદાદા જે કરતા આવ્યા તે એ ય કરે છે. કોઈ નવો રસ્તો બતાવે ત્યારે ને? નહિ તો છોકરા ભગવાનના માણસ જેવા છે. એમને ક્યાં કોઈનો જીવ જોઈએ છે?' લખાએ કહ્યું.

'હા, જીવ તો નહિ પણ પૈસા તો જોઈએ છે. પણ જે કંઈ જોઈતું હોય તે મેળવવાનો રસ્તો આ નથી.' મેં કહ્યું અને મારા મગજમાં રશિયાના મુક્ત ખેડૂતો અને મજૂરોનો ખ્યાલ ઉભરાવા લાગ્યો. પણ એ બધી વાત

મેં હાલ તો બંધ જ રાખી.

અમે ભાડું વટાવી રહ્યા. હવે ગોરાટ જમીન આવી. રસ્તામાં ઠીક દડ હતો. ગાડાં ધીરાં પડ્યાં. હેકા ઓછા થયા. મારી થાકેલી આંખો મીંચાવા લાગી.

જંકાનેરની ભાગોળે ગાડાં થંભ્યાં. હું ઝબક્યો, ઊઠ્યો. બીસ્તરો લઈ ઊતર્યો. લખાને રામરામ કરી ચાલ્યો. ત્યાં દામોદર શેઠનો પાછળથી અવાજ આવ્યો.

'કેમ ચીમનભાઈ, એકદમ ચાલ્યા કંઈ? ઊંઘ તો આવીને બરાબર?'

'ઘરના જેવી તો ક્યાંથી? આ પહેલી જ વાર બેડિયા પર બેઠો' મેં કહ્યું.

'ત્યારે તો ડોલંડોલા ઠીક થયા હશો. કેમ હવે શહેરમાં જાઓ છો ને? ચાલો, હું ય આવું છું.' દામોદર મારી પાસે આવ્યો ને અમે બે ય સાથે ચાલ્યા.

'કેમ શેઠ?' મેં ચલાવ્યું, 'વેપારબેપાર ઠીક ચાલે છે ને?'

'હા, ઠીક ઠીક.'

'શા ભાવે કપાસ લો છો?'

'સવાસો, ત્રીસ, એટલામાં.'

'શા ભાવે જાય છે?'

'એ તો જેવી તક. જાય તો દોઢસો સુધીમાં યે જાય અને કોઈ વેળા ગોદો પણ વળી વાગે.'

મેં મનમાં વિચાર્યું, સવાસોએ લઈ દોઢસોએ વેચવો

એમાં એ પચીસનો ગાળો એટલો મોટો હશે કે કેટલાય ઓદા શેઠની સાથે અફળાઈ ભુઠ્ઠા થઈ ગયા હશે. શેઠે પાસેના જિનમાં જવા મારી પાસેથી વિદાય લીધી અને લખાની, દેવાની વાતો મને યાદ આવવા લાગી.

×

હું જંકાનેરથી મુંબઈ આવ્યો. મારી કૉલેજને ઉઘડવાને બે દિવસ હતા. આવેલી ટપાલ હું નિરાંતે ઉકેલતો હતો. ટાઈમ્સ, ક્રૉનિકલ વગેરે જોયાં. લંડનમાં બેકારોના હુલ્લડનાં ચિત્રો ને વર્ણનો જોયાં. છેવટે એક બીડેલો કાગળ જેના પર મારા ભાઈના અક્ષર જોઈ કંટાળીને રાખી મુક્યો હતો તે મેં ખોલ્યો. કાગળ નીચે પ્રમાણે હતોઃ

પૂજ્ય મોટાભાઈ,

ખુશીમાં હશો. અહીં બધાં મઝામાં છે. તમે સુખરૂપ મુંબઈ પહોંચી ગયા હશો. તમે જે દિવસે મુંબઈ ગયા તે દિવસે એક બનાવ બન્યો હતો તે જાણી કદાચ તમને રસ પડશે. તમને ખબર હશે કે એ બધો કપાસ દામોદર શેઠનો હતો. જિનમાં વેચીને એ પાછા આવતા હતા ત્યારે નદીના ભાઠામાં પાણીની છબમાં દામોદર શેઠને કોઈ એ લૂંટી લીધા. મારામારી થઈ નથી. શેઠનો જમણા હાથનો અંગૂઠો છૂંદાઈ ગયો છે. તેને કપાવી નાખવો પડશે.

આ લૂંટ પર ખૂબ ચર્ચા ચાલી રહી છે. લૂંટારાનો પત્તો લાગ્યો નથી. લોકો વાતો કરે છે કે એ તો બધા મહીંમહીંના જ. હું બાપા સાથે દામોદર શેઠને જોવા ગયો હતો. શેઠને તાવ ચઢ્યો હતો, તો પણ ખાટલામાં બેઠા

બેઠા ફોજદારને જુબાની લખાવતા હતા.

શેઠના કહેવા મુજબ કપાસ વેચીને બધા સાંજે જંક્શનેરથી નીકળ્યા. ગાડાં ખાલી એટલે જલદી ચાલતાં હતાં. લખા ડોસાના ગાડામાં કપાસિયા લીધેલા એટલે તે ધીરું ચાલતું હતું. શેઠ તેમાં બેઠેલા. બીજાં ગાડાં તો ક્યારનાં આગળ જતાં રહેલાં.

નદીના પાણીની છબમાં શેઠનું ગાડું આવ્યું અને બળદ અચાનક બેસી ગયો. બે જણથી બળદ ન ઊભો કરાયો તેથી બૂમો પાડી ત્યારે આઘેથી આઠેક જણ આવતા દેખાયા. બુકાનીવાળા. દહાડો આથમી ગયેલો એટલે કોઈ ઓળખાતા ન હતા. બધાના હાથમાં ધારિયાં હતાં. શેઠની પાસેથી દોઢ હજારની નોટો આંચકીને ચાલ્યા ગયા. જતાં જતાં એક જણે શેઠનો હાથ ગાડાના પૈડા પર મુકાવી આડું મારી અંગૂઠો ચગદી નાંખ્યો. અને જતાંજતાં બોલ્યો કે 'આ અંગૂઠાએ કેટલાયના પગ ભાંગ્યા છે.'

જુબાની લખીને ફોજદારે બધા ગાડાવાળાનાં નામ લીધાં. બધાના ઘરની ઝડતી લેવાઈ. પછી બધાને પકડ્યા ને તાલુકે લઈ ગયા. હવે સરકાર હજાર હજારના જામીન માગે છે. પણ એ બધાના કોણ જામીન થવાનું છે!

દેવાની બાયડી ને લખાડોસાની દીકરી આપણે ઘેર આવી બાપાને કરગરવા લાગ્યાં. બાપાએ બબ્બે મણ બાજરી આપી. પેલાઓએ વકીલ કરવા સારુ પૈસા માગ્યા. બાપા ક્યાંથી આપે? એમણે કહ્યું, ભાઈ ભણવા ગયો છે તેને દોઢ સો આપ્યા છે, તે હાલ તો કશું રહ્યું નથી. પણ એમને મદદ

કરવાની હા પાડી છે.

મને તો પેલા પંદર જણા અને તેમનાં બૈરાં છોકરાં બહુ યાદ આવે છે. દામોદરને એના રૂપિયા ગયા છતાં કશું ય દુઃખ નથી થયું. અને આ બિચારાઓને વગર વાંકે આટલી પીડા. પણ એ બધું કોને માથે ?........

ત્યાંથી મેં કાગળ વાંચવો બંધ રાખ્યો. હું ઊઠયો, ચંપલ પહેર્યાં અને બહાર ફરવા ગયો. મિલમાં હડતાળ હતી અને મજૂરો હુલ્લડે ચડયા હતા. પોલિસનો લાઠીમાર ચાલતો હતો. હું પાછો ફર્યો. ભૈયે દરવાજો બંધ કરી અમારી સુરક્ષિતતા ઉપર તાળું માર્યું.

બીજે દિવસે મેં નીચેનાં બિલ ભર્યાં.

રૂા. ૩૦) હોસ્ટેલમાં એડવાન્સના.
રૂા. ૮૦) કોલેજની ફી.
રૂા. ૧૦) ટેનિસ કલબમાં.
રૂા. ૨૫) દરજીને નવા સૂટના.

કુલ ૧૪૫)

પાંચની નોટ હાથમાં ફેરવતો હું આવતા માસના બિલનો વિચાર કરવા લાગ્યો. અને બાપાને પૈસાની સવડ કરી રાખવા માટે કાગળ લખવા બેઠો.

# પૂનમડી

પૂનમ કેરી ચાંદની, જા રે અંધારા કેરી.

'હવે ત્યાં રસ્તા પર તે શું બળ્યું છે કે ઠૂંઠકાની પેઠે ઊભાઊભા તાક્યા કરો છો? જરા અંદર તો આવો.'

મહારાણી એલિઝાબેથના કરતાં પણ વિશેષ સત્તાવાહી અવાજને માન આપી મેં મારા દિવાસ્વપ્નને સંકેલ્યું. એકી ટશે જોવાથી નાસ્તિવત્ બનેલાં રસ્તા પરનાં છાણ, ધૂળ, સળેકડાં, રોડાં, આકાશમાં સાંજે શનૈઃશનૈઃ તારા દેખાવા માંડે તેમ પાછાં એમના પૂર બહારમાં નજરે પડ્યાં. હું સ્વપ્નમાંથી સત્યમાં ઊતર્યો. ના ના, હું છજામાં જ ઊભો હતો, ત્યાંથી અંદર પાછો ફર્યો, મેડામાં. બહારના પ્રકાશથી અંજાયેલી આંખોને ખંડની અંદરની ચીજો અસ્પષ્ટ દેખાતી હતી. રસ્તામાં પડેલી તપેલી મારા પગ સાથે અફળાઈ. પાણી ભરેલી તપેલીએ અપમાનિત થયેલ સન્નારી પેઠે ઘોર રણકાર કર્યો. થોડું પાણી છલકાયું.

લીલાનો ઉપરના જેવો રૌદ્ર અવાજ ક્યારેક જ સાંભળવા મળતો. પણ જ્યારે મળતો ત્યારે એના સૌમ્ય સ્વરૂપે સરજેલી સઘળી મીઠાશને દરિયાના જુવાળની પેઠે તે ખારી

ઊસ બનાવી દેતો. જરૂર કાંઈક ઉલ્કાપાત હશે એમ માની હું સભય પગલે બેઠકનો ખંડ છોડી રસોડાના ખંડ તરફ ચાલ્યો. અમારા મેડાનાં બારણાંની રચના એવી હતી કે પશ્ચિમના છજામાં ઊભાંઊભાં પૂર્વની દીવાલમાંની બારી જોઈ શકાય. રસોડામાં પેસું છું ત્યાં તો ઉગમણી બારીએ લીલા સોડિયું વાળીને બેઠી હતી.

'હાજર છું સાહેબ, ફરમાવો હુકમ.' વફાદાર સેવકને છાજતી રીતે મેં ગૃહિણીને મુજરો કર્યો. પણ સ્ત્રીની તબિયત સાચવવા મથતા પતિઓનાં નસીબ બોદલાં જ હોય છે. પ્રસન્ન આશીર્વાદને બદલે પ્રખર પ્રકોપ દેવી તરફથી મળ્યો :

'હવે મજાકમાં રહેશો તો રહેશો વા ખાતા. મારું ડીલ ભરાવા માંડયું છે. તે હવે મેં ખીચડી ઓરી છે તે જુઓ. પેલા શીકામાંથી બટાકા ઉતારી સમારો અને પાણિયારામાં પાણીનું ટીપું ય નથી તે કોઈ ભરનારને શોધી કાઢો. ટાઢપ કરશો, અને પછી કહેશો કે મોડું થયું ઓફિસે જવાનું તો એની હું જોખમદાર નહિ.' મહારાણીને છાજે એવી જ વટ હુકમોની આ પરંપરા હતી. આવાં ભગીરથ કામો આ સેવકની શક્તિની બહાર જ હતાં.

જ્યારે હું ગૃહસ્થ નહોતો, અને વિદ્યાભ્યાસના કાળે હાથે રાંધીને ખાતો હતો તે જમાનાની વાત જુદી. હવે તો પતિ થયો હતો અને પત્નીએ મને એટલો વશ કરી લીધો હતો કે એ ઘરમાંથી જાય ત્યારે કંઈ સૂઝતું જ નહિ. રસોડાની, પાણીની, ધોવાની ક્રિયાઓ એ ઓફિસમાં મોટાંમોટાં

હજારોના હિસાબનાં ચોપડાં ઉથલાવવા કરતાં પણ મારે માટે વધારે દુષ્કર થઈ ગઈ હતી. ગૃહસ્થને છાજતું આળસ, સ્ત્રીઅવલંબિતા, બેદરકારી વગેરે અનાયાસે કેળવાઈ ગયાં હતાં. સ્ત્રીઓને આદિઅનાદિથી મળતી દરેક મહિને ત્રણ દિવસની હકની રજાઓ તો મારે મન એક 'મહા વિકટ વઢગાળ' જેવી થઈ પડી હતી. તે વખતે પાણીછાણી તો લીલા કરતી; પણ રસોડાના રાજા મારે થવું પડતું, એ જીવનની મહા સમસ્યા થઈ પડતી. છેવટે મેં ક્રૂર હૃદયનો થઈ એ હક્કો પણ છીનવી લીધા. તો યે મારા ઉપર કરુણા કરી દેવીએ મને નવાજ્યો, અને ત્યારથી હું એવો 'વંઠેલ' 'નફટ' 'આળસુ' પતિ થઈ ગયો છું કે આટલો પગારદાર, ભણેલો તથા રૂપાળો હોવા છતાં મને ફરી પરણવાને કોઈ પણ જિગર ચલાવે નહિ.

પણ, આવા પ્રસંગે, માંદગી વેળાએ તો મારી કોઈ યુક્તિ ચાલે એમ ન હતું. લીલાએ ઠીક ધ્રૂજવા માંડ્યું હતું. ખાવાનો પ્રશ્ન આજને માટે અડધો તો લીલાએ ઉકેલી નાખ્યો હતો, માત્ર શાક જ કરવાનું હતું. પણ પાણીનો પ્રશ્ન જબરો હતો. હજી મારે નહાવાનું હતું. અને પાણીનું તો ટીપું ય ઘરમાં નહોતું. ગામડાગામમાં પણ પાણી ભરનારી મેળવવી એ મુશ્કેલ હતું. અને તે ય ધાર્યે ટાંકણે એ તો અશક્ય જેવું. સો ઘરની વસ્તીના આ ગામડામાં પાણી ભરનારી શોધવા જવું એ દક્ષિણ મહાસાગરમાં કોઈ મસાલાનો બેટ ખોળવા જેવું હતું. ખીચડીની તપેલીનું ઢાંકણ ખસેડી, હજી જરા ખીચડીને થતાં વાર લાગશે એમ જોઈ

એ મહા પ્રશ્ન ઉપર મનન કરવા હું પાછો છજામાં જઈને ઊભો. પા કલાકના એકાગ્ર ચિંતનને પરિણામે, પહેલાંના ભક્તોને જેમ પ્રભુએ વહાર મોકલેલી તેમ, આ વેળા મારે માટે વહાર આવી.

અમારા ઘરનાં માલેકણ ચંચળ બહેન દાદરે ચડતાં હતાં. તે દાદરા પર પગ મૂકે તે પહેલાં જ 'ચ્યમ લીલા બૂન, ચ્યમ માસ્તર સાબ.' ની આગમનસૂચક ઍલાર્મ-ઘંટડી વગાડતાં આવતાં. એક તો એમનો સ્વભાવ જ બહુ બોલકણો; તેમાં અમારા એક પ્રણયોપચાર પ્રસંગે એ આવી ચડેલાં. લીલાએ મને મારી ખુરસી પર જ કેદ કરેલો. એના હાથની જંજીરો મારા ગળાને દાબતી, મારા હાથમાંની કલમને જપ્ત કરવા જતી હતી અને 'બોલો, ડાબે કે જમણે? ડાબે કે જમણે?' એમ બોલતી મારા તાજા હજામત કરેલા મોઢા ઉપર એ ચૂમીઓ વરસાવતી હતી. અને એ સ્થિતિમાં ચંચળ બહેને તેને પકડી. લીલા તો શરમની શીંદરી થઈ ગઈ અને અંદર દોડી જ ગઈ: ચંચળ બહેન જરા ખચકાઈને તેની પાછળ અંદર ગયાં અને બોલતાં સંભળાયાં: 'બળ્યું, લીલાબૂન, ધોળે દહાડેય તમે તે શું?' ને ત્યારપછી, વાંક જો કે લીલાનો જ હતો છતાં, 'વંઠેલ'નું વિશેષણ મને તે જ સાંજે ફળિયાના નારીમંડળે મારા છજાના ઓટલા નીચે બેસી હું સાંભળી શકું તેટલા અવાજથી પૂરેપૂરું વ્યંગ્ય વાપરીને આપ્યું. પણ છતાં ચંચળ બહેન ભોળાં એટલે 'હોય, જુવાની છે' એમ કહી એમણે માફી આપી દીધેલી, અને તે દિવસનાં ઉપર આવે ત્યારે પણ

અમારા બેમાંથી એકને હોકારીને જ આવે.

મારો દયામણો ચહેરો અને લીલાને ગોદડું ઓઢીને સૂઈ ગયેલી જોઈ તે બધું પામી ગયાં. ચંચળબહેન આવ્યાં જાણી માળામાંથી ચકલી ડોકું કાઢે તેમ લીલાએ ગોદડામાંથી ડોકું કાઢી કહ્યું: 'ચંચળબહેન કોઈ પાણી ભરનારી મળે તો લાવી આપો. એ તો ગંગાને કાંઠે પણ તરસ્યા મરી જાય એવા આળસુ છે. નહાશે ય નહિ અને ખાશે ય નહિ. ને પછી "મારે મોડું થયું" કહી ભૂખ્યા ને ભૂખ્યા ઑફિસે જશે.' અને તેણે પાછું ગોદડામાં મોઢું સંકેલી લીધું.

પાણીની કેટલી જરૂર છે તે વાત કહેવાની જરૂર નહોતી. પાણી વગરનાં એઠાં પર ધૂળ ચોંટી હતી. સાંજનાં વાસણો ઊટક્યા વગરનાં ચોકડીમાં પડ્યાં હતાં. અને મારા સુક્કા ઘાસની જેમ ઊડતા વાળ આંધળાને પણ મારા અસ્નાનનો પુરાવો આપે એવા હતા.

'ધીકણું ભરાયું છે કે શું? બળ્યું આ રત જ એવી છે હમણાં તો. લાવો, જોઉં ત્યારે કોક મળી આવે તો.' કહી તે નીચે ગયાં, અને પાડોશમાં કોકને કહેતાં સંભળાયાં:

'અલી પૂનમડી. અહીં આવી છે કે શું, ખૂન?'

'હા, માસી.' કહી તે સંબોધાયેલું પ્રાણી બોલ્યું, અને ઘંટી બંધ રહી. ઘંટી બંધ રહી ત્યારે જ મને ખબર પડી કે આટલામાં ઘંટી ચાલે છે. એનો એકધારો ઘોર દિવસના અવાજોમાં એવો ઓતપ્રોત થઈ ગયેલો કે તે જ્યારે બંધ પડી ત્યારે જ તેના પૂરક સ્વરની ખોટ દેખાઈ.

'જરા મેં કુ થોડી ચણાની દાળ દળી આવું.'

'બૂન, જરા પછી દળજે ને! આ લીલાબૂનને બે બેડાં પાણી લાવી આપ ને! માસ્તર નહાયા વગરના બેઠા છે, ને લીલાબૂનને ધીકણું ભરાયું છે.'

'અલી અમલી, જરા રાખ ત્યારે, હું જઈ આવું.' કહી પૂનમડી ઓઢણીનો છેડો ખોસતી બહાર આવી. ઉઘાડા ગોરા હાથ ઉપર થોડો થોડો લોટ ચોંટ્યો હતો, તેને પાલવની ઝાટકથી ખંખેરતી, માથેથી સરી જતી ઓઢણી સંકેલતી તે મેડાના દાદર ભણી આવવા લાગી. છજામાં ઊભેલા હું સામે એની આંખો ઊંચી થઈ ગભરાયલી ચકલીઓની માફક બિડાઈ ગઈ. હું અંદર આવ્યો. પાણી ઉપર પોયણું તરે તેમ દાદર ઉપર પૂનમડીનું ડોકું દેખાતું હતું. તે જરા ખચકાઈ અને પછી સડસડાટ અંદર ખંડમાં ચાલી ગઈ. પૂનમડી પાણીનું બેડું લઈ દાદર ઊતરી એટલે મેં રસોડામાં જઈ શાક સમાર્યું, ખીચડી ઉતારી અને શાકને સગડી પર મેલ્યું. લીલા કરતાં પણ પૂનમડી વહેલી બેડું લઈ આવી. અને મારા કાને એનો અવાજ પડતો રોકવા ઇચ્છતી હોય તેમ બેઠકના ખંડમાં જઈ લીલાને કહેવા લાગી:

'લીલાબૂન, લાવવું સે બીજું?'

'એ નહાય એટલું પાણી થયું હોય તો આજે તો ચાલશે, બહેન. પણ તું નવરી હો તો લઈ આવ એક વધારે. કાલે વળી મારાથી ઉઠાય કે ન યે ઉઠાય.' લીલાનો લાંબો વખત માંદા રહેવાનો ઇરાદો છે કે શું એ વિચારે મને ગભરાવ્યો. ઑફિસે જવાનો વખત થવા આવ્યો હતો

એટલે મેં સ્નાન કરી અર્ધાં ચડેલાં શાકે ભોજન આરંભ્યું. શાક ચડતું જાય તેમતેમ થોડું થોડું લઈ ખાતો હતો. એટલામાં બીજું બેડું પૂનમડી લઈ આવી. આખા અંગને સોડિયામાં સમાવી લેવા મથતી હોય તેમ તેણે અંગનો સંકોચ કરી આખા શરીર ઉપર ઓઢણી બરાબર લપેટી લીધી હતી. મર્યાદાની મૂર્તિની પેઠે જરા યે અવાજ કર્યા વિના તેણે પાણિયારા ઉપર ગાગર અને ઘડો ગોઠવ્યાં. અને પછી દાદરને પહેલે પગથિયે જઈને તે મીઠા લહેકાથી બોલી :

'લીલાખૂન, કાલે જરૂર પડે તો બોલાવજો, હોં !'

'જરા ઊભી રહે, બહેન ?' પૂનમડીને ઊતરતી રોકતાં લીલાએ કહ્યું અને ગોદડામાંથી ડોકું કાઢી મારા તરફ જોઈ કહ્યું : 'ખાયા શું કરો છો ? પૂનમડીને એક આનો આપો.'

અધૂરો કોળિયો મોંમાં મૂકી મેં બહાર આવી ખિસ્સામાંથી એક આની કાઢી અને દાદરા આગળ જઈ પૂનમડીને આપવા હાથ લંબાવ્યો. લીલાએ શું કહ્યું, હું શું કરું છું, એના વિચારમાં ડૂબેલી સ્થિર થઈ ગયેલી પૂનમડીએ અનાયાસે હાથ લાંબો કરી દીધો. 'લે.' કહી મેં એ આની એના હાથમાં મૂકી. એના હાથમાં આની પડે ન પડે તે પહેલાં, દેવતાથી દાઝતી હોય તેમ તેણે હાથ પાછો ખેંચી લીધો.

'એ શું લીલાખૂન, એવા પૈસા લેવા કંઈ મેં કામ કર્યું છે ? એ તો તમારે ને ચંચળખૂનને લીધે. નહિ તો મોટા ધનેતરીનું ય હું પૈસા લઈને કામ ના કરું.' અને

તે ચાલી ગઈ.

તરછોડાયેલી આની પૂનમડીના હાથમાંથી સરી દાદરની ફાટમાં થઈ નીચે ચંચળબહેનના ઘરમાં પડી. હું કોઈ અપમાનિત ધનિકની જેમ જરા વીલો પડી પાછો ખાવા મંડયો. 'પૈસો દરેક ચીજ ખરીદી નથી શકતો.' એ વિચારમાં કાચુંપાકું બધું શાક ખવાઈ ગયું. પાછો પાડોશીને ઘેર ઘંટીનો ઘોર ચાલુ થયો. હું પરવારીને ઓફિસે જવા નીકળ્યો. દાદર ઊતરું છું ત્યાં ચંચળબહેન બારણું ખોલી નીકળ્યાં. 'માસ્તર, તમારી આની પડી ગઈ કે શું? આપી દે, બેટા!' કહી એમના ચારેક વરસના કીકાનો હાથ પોતે પકડીને લંબાવ્યો. આ રૂપાળી ચીજથી છૂટા પડવાની કીકાની ઇચ્છા જણાતી નહોતી. એ આનાકાનીમાં બેચારેક મિનિટ ચાલી ગઈ. હું ઉતાવળો ઉતાવળો થતો હતો. પાસે પડોશીને ઘેર ઘંટી ગાજતી હતી અને સાથે ગાવાનો અસ્પષ્ટ અવાજ નીકળતો હતો. 'સાંજે આપજો.' કહી મેં ચાલવા માંડયું. ઘંટી એકદમ બંધ પડી ગઈ અને એકલું ગીત ચોકખું સંભળાયું.

'લીમડે લટકયું લેલૂંબ મધ રે,
લાલિયા, લેતો જા લીલી લવંગડી.'

'લીલી લવંગડી' એટલો કકડો બે વાર ગવાયો. મેં લગભગ શેરીનો ખાંચો વટાવ્યો. પાછળ કૈંક ઘોંઘાટ થતો જોઈ મેં પાછું જોયું. અમારા ઘરના ખૂણા આગળ થોડાંક છોકરાં ભેગાં થયાં હતાં. એ નાના ટોળામાં પૂનમડી પણ દેખાઈ કે શું? કે મારી આંખે જ એવું જોયું? કોક બેશરમ છોકરે હું સાંભળું એમ બૂમ પાડીઃ

'એલા માસ્તરે કોટ ઊંધો પહેર્યો છે, જુઓ જુઓ.'

ખરેખર, ઉતાવળમાં મેં એમ જ કર્યું હતું. ખાંચો વળી મેં કોટ બદલ્યો અને એ ધૂળિયા રસ્તા ઉપરનાં ધૂળિયાં છોકરાંના વિચારે સવા માઈલનો રસ્તો કેમ કપાઈ ગયો તેની મને ખબર પણ ન પડી.

એ ધૂળિયો રસ્તો, ધૂળભરેલાં છોકરાં, ધૂળ બાઝેલી ભીંતોવાળાં ઘરો, અને ધૂળમાંથી જ જાણે બનાવ્યાં હોય એવાં મેલાં, ફિક્કાં મોઢાંવાળાં એ ગામનાં માણસો અને ઢોરો. આ ગામડાની સંસ્કૃતિને ધૂળિયા કહીએ તો ચાલે. એમાં પૂર્ણાહુતિ કરતી હોય તેમ પાસે થઈને જતી રેલ ગાડી અહીં ભાગોળમાં જ એનો ધુમાડો ઓકતી જાય. ધૂળ અને ધુમાડો બંનેએ સહકાર કરેલો. ગામનાં ઘરો ધુમાડાએ રંગી નાખેલાં. એકે ઘરમાં ઘડીભર ધુમાડાના ઉપદ્રવ વગર બેસવું અશકય. એકે માણસનું મોઢું તમાકુના ધુમાડા વગર કે છીંકણીના ઓઘરાળા વગર મળવું અશકય. અને ધૂળધુમાડાના અર્ક ભેગા કરી ચોપડયા હોય એવી એ લોકોના મોઢામાંથી નીકળતી ભાષા ગ્રામ્ય, મેલી, તોછડી, નીરસ, અને સ્નેહ વગરની. પોતાનું અસલ ખમીર જાળવી રહેલાં હિન્દનાં મૂઢ છતાં સ્નેહાળ, દરિદ્ર છતાં ઉદાર, અસ્વચ્છ છતાં અમીમય એવાં ગામડાંમાંનું આ ગામ ન હતું. આ તો શહેરની પડખે રહી, શહેરના કરતાં ય તેના દુર્ગુણોને ટપી જતું, ગામડાની ગુણ-ગંભીરતા ગુમાવી બેઠેલું નપુંસક, અને એટલે જ કૃપણ

અને ચીડિયું એવું ગામ હતું.

નદીને સામે પાર બેઠેલા શહેરે એનું સર્વસ્વ હરી લીધું હતું. ગામના પુરુષો શહેરમાં રોજી અર્થે જતા, મિલમાં, છાપખાનામાં, કે એવાં બીજાં કૂટણખાનામાં. ગામની ગૌરીઓ ઢોર પાળતી, છાણાં થાપતી, ઘાસ લાવતી. ઢોરોનાં દૂધ તાંબડેતાંબડે શહેરમાં જતાં. શહેરની સન્નારીઓ માટે છાણાં વેચાવા જતાં. શહેરની ઘોડાગાડીઓના ઘોડા માટે ઘાસ વેચાવા જતું. જે કાંઈ ખેતીવાડી આછી પાતળી થતી તેનાં શાકભાજી શહેરની શાકબજારમાં અલોપ થઈ જતાં. અને બદલામાં જે મળતું તેને લોકો 'લક્ષ્મી' કહેતા. મહિને દહાડે મળતો પગાર, દૂધના, શાકના, ઘાસના, છાણાંના, મજૂરીના રોકડા પૈસા એ બધું રીતસર મળ્યા કરતું. લોકો લક્ષ્મીને મેળવવા રાતદિવસ એક કરતાં, છતાં તેમને શ્રી અને શોભા નહોતાં મળ્યાં.

શહેરે એમના જીવનમાંથી સ્વાશ્રય, સ્વપર્યાપ્તિ, અને સંતોષની શીતળતા ચૂસી લીધાં હતાં. તે લોકો શહેરી જેવા થવા મથતા છતાં શહેરી થવાની તેમને સવડ હતી નહિ. તેમ જ શહેરથી અસ્પૃશ્ય ગામડાની તન્દુરસ્તી ટકાવવાની તેમનામાં શકિત ન હતી. પેલાં આઘેનાં ગામડાં શહેરોથી ચુસાતાં છતાં હજી પ્રકૃતિના ખોળામાં જ પડ્યાં હતાં. શહેરના સંકુચિત, કુત્સિત, કૃપણ વાતાવરણની અસર તેમને થઈ ન હતી. જ્યારે આ શહેરને પડખે રહેલું ગામડું પ્રકૃતિનો આશ્રય ગુમાવી, શહેરના સંસ્કારથી વંચિત રહી, શહેર અને ગામડાના દુર્ગુણોનો બમણો ભંડાર બન્યું હતું.

તેનું માત્ર દર્શન જ નહિ પણ તેનો જીવ પણ શહેર તરફનું
હતું. એટલે જ ઘરો પુષ્કળ છતાં ભાડાંને માટે શહેરના
કરતાં ય વિશેષ કડકાઈ વેઠો કરતા. પુષ્કળ દૂધ છતાં
શહેર કરતાં પણ દૂધ દુષ્પ્રાપ્ય અને મોંઘું હતું. મોટો ભાગ
મજૂરી પર જીવતો છતાં પાણી ભરવા કે પોટલાં ઉપાડવા
કોઈ મળતું નહોતું. એક પ્રકારનો સ્વચ્છંદ, તોછડાઈ,
રૂપણતા, સ્વાર્થીપણું, અનુદારતા, લોકોનાં હાડમાં સમાઈ
બેઠાં હતાં. બીજાં ગામડાં ઉપર શહેરો નભતાં હતાં, આ
ગામડું પોતાનું સર્વસ્વ શહેરને આપી દઈ શહેર ઉપર
નભતું હતું. આ ફેરફાર જ આ ગામને જુદું અસ્તિત્વ આપતો.
આવાને ગામડું ન કહેવાય. ફૂલો ચૂંટીને તેનાં છોડાં નાખ-
વાનો ઢગો હોય એવું આ કહેવાય. શહેરના અંગ જેવું
છતાં શહેરની પ્રસન્નતાથી રહિત આ ગામ, નહિ ગામ કે
નહિ શહેર, પણ કંઈ ત્રીજાનો જ ભાસ કરાવતું.

આવા ગામમાં મારે રહેવાનું થયું. શહેરની બહાર
અહીંથી સવા માઈલ પર ઈંટોની ફેક્ટરીમાં મારે નોકરી
હતી. અને આ ગામ જ વધારે સગવડ આપે એવું હતું.
મેં અને લીલાએ એક મેડો ભાડે લીધો. અને બે વરસ
ચાલ્યાં ગયાં. વિદ્યાભ્યાસના કાળની રસિકતા પછીના જીવ-
નમાં ભાગ્યે જ ટકાવી શકે છે. એવા સંજોગો મળતા જ નથી.
ગામડામાં રહેવાનું અને ઈંટોના કારખાનામાં નોકરી એટલું
કોઈને પણ નીરસ કરી મૂકવા બસ છે. માત્ર અલ્પ સાહિત્ય-
વ્યવસાય અને ધૂની જેવા સ્વભાવે જ થોડો રસ જીવનમાં
ટકાવી રાખ્યો હતો. બાકી બહારના જીવનની શુષ્કતા

વધારે ને વધારે મનને શોષવા લાગી હતી. પાસે આઘે, આગળ પાછળ, કશું જ જોવા જેવું નહોતું, ઘડીભર આંખ ઠરે એવો પદાર્થ નહોતો. લોકોનાં ચઢી ગયેલાં મોઢાં, તવાઈ ગયેલાં શરીર, મવાલી જેવા અછકલા વેવલા જુવાનો, માંદાં અપુષ્ટ ગંદાં ધૂળિયાં બાળકો, કંગાળ ઢોરો; અને ધૂળ, ઢેખારા, રાડાં, પાણીના રેલા, એંઠવાડ વગેરેથી શણગારાયલા રસ્તાઃ એ બધામાં કશું જ જોવા જેવું નહોતું. મને ઠપકો આપતી હતી છતાં લીલા સાચું જ બોલતી હતી કે 'રસ્તા પર તે શું બળ્યું છે?'

અમારી લાંબી શેરીને છેડે આવેલા ખાંચામાં એક દિવસે એક નવી આવેલી છોડી હરફર કરતી દેખાઈ. નવાં આવેલાં માણસો આપણા જેટલાં જ સામાન્ય હોવા છતાં તેમની નવીનતાને લીધે કંઈક આકર્ષક લાગે છે. આ છોડી પણ આકર્ષક દેખાઈ. પણ 'પરદેશીની પ્રીત શી?' એ ન્યાયે એને વિસારી દેવાનો જ મેં યત્ન કર્યો. પણ આઠેક દિવસ થયા છતાં એ ગામ છોડીને ગઈ નહિ. સવારે છજામાં ઊભોઊભો દાતણ કરતો હોઉં, સાંજે થાકીને ઘડીભર નરી નીરસતામાંથી રસ મેળવવા ઉજ્જડ રસ્તા પર નજર ઢાળતો હોઉં, એમ આડાઅવળા પ્રસંગે એ મારી નજરે વધુ ને વધુ ચડવા લાગી. હું પત્નીવાળો છું એ યોગ્યતાથી જ મને ગામમાં ઘર ભાડે મળ્યું હતું. એ જ યોગ્યતાથી હું જો પરસ્ત્રીની વાત કરું તો મારા પર આડોઅવળો આરોપ મૂક્યા વગર મને સમાજના હિતૈષીઓ માફ કરશે.

આ છોડીનું નામ 'પૂનમડી' એ વાત ચંચળબહેને

જ્યારે એને બોલાવી અને મારે ત્યાં પાણી ભરવા મોકલી ત્યારે જ મેં જાણી. આટલા ઉપરથી જ હું મારી તટસ્થતાની ખાતરી આપી શકું છું. અને હાડપિંજરોના ગામમાં ભરાઉ શરીરવાળું કોઈ પ્રાણી જોવા મળે તો તેની પર નજર ઠરી જાય તેમ પૂનમડીને જો મેં જોઈ હોય તો કોઈ મને દોષ દેશો નહિ. પૂનમડી સુન્દર નહિ પણ ફૂટડી કહેવાય, પૂનમડી જુવાન નહિ પણ મુગ્ધા કહેવાય, પૂનમડી પાતળી છતાં મજબૂત કહેવાય. મહેનતુ જીવનથી કસાયેલું શરીર તન્દુરસ્તી અને શક્તિથી દીપતું હતું. તે બબ્બે ગાગરે પાણી લાવતી. ત્રણ મણ ઘાસનો ભારો પોટલી પેઠે ઉપાડી લાવતી. માથે બોજો હોય છતાં એના પગની સ્થિરતા, ચપળતા, અને સરળતાનો કદી ભંગ થતો નહિ. તે ઊઘડતી જુવાનીની હતી છતાં ચણિયો અને ચોળીમાં જ ઘણો વખત ફરતી. એને માથેની બાંધેલી પોટલીમાંથી જેમ ઘાસ લચી પડતું તેમ એણે અંગે પહેરેલાં કસકસતાં વસ્ત્રોમાંથી એનો સશક્ત, ચપળ અને ગૌર દેહ લચી પડતો. આ નિત્ય તાજું ગુલાબી ચિત્ર જે મારા છજાના જીવનને ઘડીભર રસિક કરતું તે શહેરના કોઈ કારખાનામાં જઈ પીસાઈ જવા અહીં આવ્યું છે કે શું એ વિચાર મારી આનંદની પળોને ગ્લાનિપૂર્ણ કરી દેતો.

પણ તે મારી નજર આગળ આમ ફરતી છતાં તેનું જીવન સ્વપ્નની માફક મને અસ્પૃશ્ય જ રહેલું. તેણે કોઈ દિવસ મીટ માંડીને છજામાં ઊભેલા મને જોવા પ્રયત્ન કર્યો નથી. તેમ મેં પણ એને વિષે વિશેષ પરિચય કેળવવા

ઇચ્છયું નથી. પૂનમડી આવી ગુલાબી ચિત્ર જેવી સદા રસ્તા પર ફરતી રહે તોય મારે માટે બસ હતું. લીલાની માંદગી તેને અમારે મેડે લઈ આવી. અને પૂનમડીનું જીવનચિત્ર મારી આગળ ખડું થવા લાગ્યું.

સ્ત્રીઓની મૈત્રી સહજ રીતે બંધાઈ જાય છે, અને દુશ્મનાવટ પણ સહજ રીતે થઈ જાય છે. લીલા અને પૂનમડી એ બીમારીમાંથી દોસ્ત બન્યાં. પાંચ દિવસની લીલાની માંદગીમાં પૂનમડીએ ખૂબ રાહત આપી. નોકરીને અંગે મારાથી ઘેર રહેવાય તેમ હતું નહિ. તે વખતે ઘરની વ્યવસ્થાનો ભાર પૂનમડીએ ઓછો કર્યો. લીલા ઊઠી શકતી નહોતી છતાં હું સાંજે આવું ત્યારે ઘર વળાયેલું હોય, કપડાં સૂકવીને ગડીબંધ મૂકેલાં હોય, ટેબલ પરનાં ચોપડાં ગમે તેમ પણ ઊભાં તો ગોઠવાયેલાં હોય. આ બધું કોણ કરી જતું એ વાતની મને ત્રીજે ચોથે દિવસે જ ખબર પડી. પણ મારી હાજરીમાં પૂનમડી ઘરમાં થોડું જ રહેતી. શરમથી કે કોણ જાણે શાથી!

અને પછી ચાલ્યું. લીલાએ પૂનમડીને સંસ્કારવા માંડી. એક અબૂધ, જડ, વહેમી, અને કાયર લીલામાંથી મેં 'ડાબે કે જમણે' કરતાં ચંચળબહેને પકડી પાડેલી લીલા બનાવી હતી. તેને સુઘડતા, સ્વચ્છતા, વ્યવસ્થા અને જીવનમાં કંઈક ઉલ્લાસ આપવા મેં પ્રયત્ન કર્યો હતો. અને એમાં એને કંઈક પોષક ચીજ માલમ પડવાથી એ બધું તેણે ઝીલ્યું હતું. તે ચિત્રોની શોખીન બની હતી, ઠીકઠીક વાંચતી અને છેવટે મને પણ ઊધડો લેવા જેટલી હિમ્મતબાજ

થઈ હતી. પૂનમડી આ બધું શીખી. તેના વાળ ઓળવામાં સફાઈ અને જરાક છેલબટાઉપણું આવ્યાં. તેની ઓઢણી હવે વધારે દરકારથી પહેરાવા માંડી. લીલા તેને શહેરમાં લઈ જતી. તેની ગરીબાઈ તેને ન સાલે એવી રીતે તેને મનગમતી ચીજો લઈ આપતી.

સ્ત્રીઓને સ્ત્રી આગળ હૃદય ખોલતાં વાર નથી લાગતી. લીલાએ પૂનમડીની કથા જાણી એટલે તો તે વિશેષ પ્રેમનું ભાજન થઈ પડી. કોઈ પંદરેક ગાઉ ઉપરના ગામમાં પૂનમડીનું વતન. માબાપ ગઈ સાલ મરી ગયાં. અહીં માશીએ એને પોતાને ઘેર રાખેલી. માશીને કંઈ છોકરું નહિ એટલે પૂનમડી માશીના ઘરમાં દીકરીની પેઠે ગોઠવાઈ ગઈ. માશી ભેંસ રાખતી. તેના દૂધ ઉપર, અને ઘાસના ભારા શહેરમાં વેચીને તેમાંથી થતી કમાઈ ઉપર એ દહાડા કાઢતાં. 'અમે તો ગરાસિયાં' એ કુલાભિમાનથી તેઓ ગામમાં કોઈની મજૂરી કરતાં નહિ. ઠીક, લીલાને બહેનપણી મળી, અને મારે સંકટ સમયે સહાયતા મળી એ રીતે આ બેનો સંબંધ હું તટસ્થતાથી છતાં આનંદથી જોયા કરતો હતો.

એક સાંજે હું ઘેર આવ્યો, ત્યારે ટેબલ ઉપર મજુમદારનાં ચિત્રોનું ખુલ્લું આલ્બમ, પાવડરનો ખુલ્લો ડબ્બો, આરસો, થોડાં વેરાયલાં ફૂલ વગેરે પડ્યું હતું.

'ગુજરીની દુકાન માંડી હતી કે શું?' મેં રસોડામાં કામ કરતી લીલાને પૂછ્યું.

'તે શું છે?'

'શું તે જો ને, આ ટેબલ પર બધું 'શું' ભર્યું છે?' કોટને ખીંટીએ ભેરવતાં હું બોલ્યો. લીલા ભીના હાથ કકડે લૂછતી ઊમરામાં આવીને ઊભી. અને આછું હસતી બોલીઃ

'હા, એ તમારી પૂનમડીએ કર્યું છે. મોઈ એવું ને એવું મેલીને જતી રહી. ઊભા રહો, હું સગડી હોલવી આવું.' કહી લીલા અંદર ગઈ. અને સગડી હોલવી આવી.

'મેં તો આવી કદી એને નહોતી ધારી. મેં'કુ ધારાળાની છોકરીમાં તે શું, પણ હવે તો મને પણ દાબે એવી થઈ છે. લાવો હું બધું ગોઠવી દઉં છું એ તો, તમે બેસો ખુરસી પર.' મને બધું વ્યવસ્થિત કરતો રોકી લીલા જાતે જ ગોઠવવા માંડી. 'આ ચિત્ર જોયું ને, ચોટલો ગૂંથતી બાઈનું પાડ્યું છે તે? આ જોઈને તો એણે કંઈ ગાંડાં કાઢયાં છે ગાંડાં! કહે, "લાવો લીલાબૂન, આપણેય એવું કરીએ." અને તમારો પાવડર કાઢયો, આરસો લીધો, કાંસકો લીધો, અને અહીં બેસી એણે માથું ગૂંથવા માંડ્યું. આ તમારો પાવડર કાઢયો અને ફૂમતું લઈને ચોપડવા મંડી આમ આમ.' લીલા એ ફૂમતું લઈ મારા મોઢા પર ઉદાહરણ આપવા આપી.

'રાખ હવે, તું કહે ને કહેતી હોય તે! મારે ઉદાહરણ નથી જોઈતું. પછી?' મેં લીલાને વારી.

'પછી શું? થાકી. એણે ક્યારે ત્રિવેણી ગૂંથી છે તે આવડે! "બળ્યું લીલાબૂન, આ મહીં બેઠી છે એનો ચોટલો હજી ગૂંથાઈ નથી રહ્યો તો આપણો તે કેમ કરી

ચૂંથાય ?" એમ બોલી બધું પડતું મૂકીને ગઈ. છે. લ્યો, ચાલો હવે. પૂનમડીનાં બીજાં પરાક્રમ હજી તમને બતાવવાનાં છે. જમવા માંડો, એટલે બતાવું છું.'

હું પાટલે બેઠો. લીલાએ ભાણું પીરસ્યું. આ ગામમાં આવ્યા પછી કોઈ દિવસ 'નહિ ખાધેલ એવી છાશ વાડકામાં કાવ્યરસ જેવી પડી હતી. પણ થાળીમાંની ભાખરી યુકૂલિડે નવો પ્રમેય શોધતાં કરેલા અખતરા જેવી વિચિત્ર ખૂણાદાર હતી. મારી મૂક જિજ્ઞાસા લીલાએ મટાડી.

'આ પૂનમડીના હાથની ભાખરી અને એના ઘરની છાશ.'

'અરે પણ બ્રાહ્મણના ઘરમાં ધારાળાની ભાખરી ?' મારું એક વખતનું સનાતનીપણું જાગૃત કરી હું બોલ્યો.

'રહો હવે, ઢેડાંનાં છોકરાંને અહીં લાવી ભેગાં બેસાડી જમાડ્યાં તો ધારાળીના હાથનું ખાતાં શું થાય ? એણે કેટલા હેતથી કરી છે ! "લીલાબૂન, આજે તો મારા જ હાથની ભાખરી માસ્તર સાબને જમાડજો. અને મારી માશી જોડે લડીને દહીંની છાશ કરી લાવી છું તે. એ સિવાય બીજું કશું નહિ. હોં !" તે આજે તમારે કરમે ભાખરી ને છાશ છે તે ખાઓ.'

એક જમાનામાં કડકડતી ટાઢમાં લીલા મને અબોટિયું પહેરાવીને જ જમણ આપતી તેને આ ધારાળાની છોકરીએ આટલી હદ સુધી જીતી લીધાનો વિચાર કરતો હું આશ્ચર્ય અને પ્રહર્ષથી ખાઈ રહ્યો.

પૂનમડી આ રીતે અમારે ત્યાં રસોઈ શીખી, વસ્ત્ર-

પરિધાન શીખી, ટૂંકામાં આ જમાનામાં મળતા એક સંસ્કારી કુટુંબનું રસ, ઉલ્લાસ, સંતોષભર્યું જીવન તેણે બન્યું તેટલું પોતાનામાં ઘટાવ્યું. એના ઘરકામમાંથી પરવારી બાકીનો વખત અમારે ત્યાં જ એના અડ્ડા અને એ એટલી અમારી સાથે મળી ગઈ કે ગામના લોકોની નજરે ચડવા લાગી: પરગામથી આવતા મિત્રો એને ઘરમાં જોઈ કદી પ્રશ્ન કરતા : 'મંજુલરામ, તમારી બહેન કે?' હું હા પાડતો. લીલાને એની શહેરની સહિયરો પૂછતી : 'લીલાબહેન, તમારાં બહેન આવ્યાં છે કે શું?' મારા સામે આંખ મીંચી લીલા અરધી હસી હા કહેતી. દૈવની ગતિએ પૂનમડીના આ નીરંગ જીવનને અમારા ગૃહજીવનના વિવિધ રંગોના પટમાં મેળવી કોઈ અજબ રીતે રંગ્યું. કોઈ પણ શોખીન જુવાનનું હૃદય ઠારે એટલી લાયકાત પૂનમડીએ મેળવી લીધી. લીલાના એક સ્ત્રીહૃદયને બદલે બે હેતાળ સ્ત્રીહૃદયોના સ્પર્શથી મારું આ નીરસ ગૃહ ઘડીભર સ્વર્ગથી પણ સ્પૃહણીય થઈ રહ્યું.

એક દિવસે ઑફિસમાં કામ થોડું હોવાથી હું રોજ કરતાં ત્રણેક કલાક વહેલો ઘેર આવી ચડ્યો. બપોરના દોઢેકનો સુમાર હશે. ખાંચો વળીને જોઉં છું તો છજું છોકરાંઓથી ચિકાર. બધે કિકિયારોળ થઈ રહેલું. આખા ગામમાં છજામાં રમવાની આવી સવડ અમારે ત્યાં જ હતી, અને સવડ હોય તો પ રમવા દે એવાં અમે જ હતાં. હું પાસે આવ્યો. છોડીઓ

દોરડીએ ફૂલડીઓ બાંધી પાણી ખેંચવાની રમત રમતી હતી. હું છજા નીચે પેઠું ત્યાં એક છોકરાએ બૂમ મારીઃ

'એલા, માસ્તર સાબ પર ફૂલ વેરો, ફૂલ વેરો!'

અને ચંપો, કરેણુ, જૂઈ વગેરેની તોડેલી પાંદડીઓ ઉપરથી પડી. હું ઉપર ચઢ્યો. ઓરડામાં ફૂલફૂલ થઈ રહ્યાં હતાં. નાના સ્ટૂલ પર બેઠેલી પૂનમડીના ખોળામાં લીલા બેઠી હતી. પૂનમડી ખોળામાં ફૂલ ભરી લીલાની વેણી ગૂંથતી હતી. પૂનમડી પાસેથી ફૂલ ઝૂંટાવતાં છોકરાં આમતેમ દોડાદોડી કરી રહ્યાં હતાં. અને તેમને ડોળા કાઢી પૂનમડી ધમકાવતી હતી. મારા આવવાથી છોકરાંને નવું જોમ મળ્યું હોય એવું લાગ્યું. પણ પૂનમડીએ માથે બરાબર ઓઢી લીધું અને લીલાને ઊઠવાનો ઇશારો કર્યો.

'એમાં શું? તું બેસ ને તારી મેળે!' લીલાએ ઊઠવા જતી પૂનમડીનો પાછો ફરીને હાથ ઝાલ્યો અને બીજે હાથે કાન ઉપર વેણીની લટ સમારી રહી.

'ના, લીલાબૂન.' કહી લીલાનો હાથ તરછોડી પૂનમડી ઊભી થઈ. ફૂલને એક હાથે પાલવમાં બરાબર ઝાલ્યાં, ને બીજે હાથે કાંસકી ને તેલની કૂપી લીધી.

'તમે ય કેવા છો? ગમે ત્યારે આવીને ઊભા તાડની જેમ!' અધવચ્ચે ઊઠવું પડ્યું એ રીસે મારા પર ચિડાતી લીલા આરસો લઈ ઊભી થઈ. અને બંને અંદરના ખંડમાં ચાલ્યાં ગયાં.

મારા ઘરમાં આવવા માટે પણ મારે ગાળ ખાવી પડે એ કેવી દૈવની વિચિત્ર ગતિ એનો વિચાર કરતો હું

કપડાં કાઢી ખુરસી ઉપર બેઠો. ત્યાં વાનરસેનાએ મારો કબજો લીધો. છોકરાં મારી આજુબાજુ વીંટાવા લાગ્યાં. મારો જે જે અવયવ પકડવાના કામમાં આવે એવો હતો તે દરેકને કોક ને કોક ટીંગાઈ વળ્યું. અને તેમણે મારી જિજ્ઞાસા કે વિષયાભિમુખતાની દરકાર કર્યા વગર પ્રશ્નો, ફરિયાદો, અને સ્ટેટમેન્ટોની વૃષ્ટિ શરૂ કરી દીધી.

'માસ્તર સાબ, પૂનમડીને વારો વળી! અમને ફૂલ નથી આપતી ને રમવા દેતી નથી.'

'અમને મારે છે તો અમે ય એને મારીશું વળી!'

'અરે માસ્તરના માથા પર ચંપો!' કોકે ચંપાની પાંદડી મારા માથા પરથી કાઢી.

'જાઓ, એક જણ મારે માટે પાણી લઈ આવો, પછી વાતો કરીએ.' મેં કહ્યું અને આઠેક વરસનો મોહન કૂદીને ઓરડામાં દોડ્યો. બે હાથે ભરેલું પ્યાલું પકડી તે બારણા વચ્ચે ઊભો અને અંદર જોઈ કહેવા લાગ્યો:

'હવે તારી વાત છે, પૂનમડી. કહી દેવા દે માસ્તર સાબને.' કહેતો એક જાતના નિર્દોષ ખુન્નસથી તે હસ્યો. મારા હાથમાં પ્યાલો આપી તે ટેબલ ઉપર ચડી બેઠો. મેં મારો હાથ બંધનમાંથી મુક્ત કરી પાણી પીવા માંડ્યું. એક બે છોડીઓ અંદરના ખંડમાં ડોકિયાં કરી ચુપચુપ પાછી ચાલી આવી.

'માસ્તર સાબ, કહું? કહું? જોજો કોઈને કહેતા નહિ હો!' મોહન ટેબલ પરથી અર્ધો ઝૂકતો બોલ્યો. અને મારા હકારનકારની વાટ જોયા વગર તેણે ચલાવ્યું:

'એં! પૂંનમડી આજે સાસરે જવાની છે તે લીલાખૂન કને માથું ગૂંથાવે છે, અંદર!'

'હા, અમે ય જોઈ આવ્યાં, એ મોટાંમોટાં ફૂલો ગૂંથ્યાં છે!' પેલી બે છોડીઓએ પૂર્તિ કરી.

'તે એમને માથાં ગૂંથવાં 'તાં તે અમને લીલાખૂન રમવા ય દેતાં નો'તાં.'

'અરે, પણ મેં કીધું કે માસ્તર સાબને કહી દઈશું ત્યારે રમવા દીધાં!' મોહન સૌથી વધારે પરાક્રમશાળી દેખાયો. હું આરતેથી પાણી પીતો જતો હતો.

'છાનાં રહો, આપણે માસ્તર સાબને બીજી વાત કહી દઈએ. પછી પૂનમડીને ખબર પડશે કે કેમ ફૂલ ના અપાય! કહે, અલ્યા રવલા!' કહી મોહને એક નવા જેવા દેખાતા, ટેબલનો ખૂણો પકડી ચૂપ ઊભા રહેલા છોકરાને કહ્યું.

'એનો વર કેવો છે તે તમે જાણો છો, માસ્તર સાહેબ?' એમની યોજનાને ભાંગી પાડતાં એક છોડીએ શરૂ કર્યું. અને પછી શરમથી મોં ઢાંકી દઈ હસવા લાગી.

'ના ભાઈ, મારે નથી જાણવું.' આ લોકોનુ તોફાન અટકાવવાના ઇરાદાથી હું બોલ્યો. પણ એ તો પાણીના પૂર પેઠે ચાલ્યું. છોકરાં મોટામોટા અવાજે બોલતાં હતાં. અને સાથે હસવાના, હાથ ઊંચાનીચા કરવાના અભિનયો ચાલતા હતા. રવલાની કહેવાની વાત બધાએ જાણે વહેંચી લીધી હતી.

'કાળો કાળો શીશમ જેવો.'

'અને પૂનમડીથી એક વેંત તો નીચો. ઢીંગલા જેવો!'

'ચૂપ રહો, તમે શું જાણો બધી વાત ?' હું વચ્ચે પડ્યો.

'અરે, આ રવલો એને સાસરેથી જ કાલે આવ્યો છે. એ બધું જાણે છે. એલા, તેં પૂનમડીના વરને શું કર્યું હતું તે કહે ને !' મોહને મહારથી પેઠે પૂનમડી સામે કેડ બાંધી હતી. અત્યાર સુધી નવો રવલો ચૂપ ઊભો હતો તેણે હાથની મુઠ્ઠી વાળી અને આ કથાની પૂર્ણાહુતિ કરતો હોય તેમ અજાણ રીતે વિધિના ઘાની ક્રૂરતાથી બોલ્યો:

'અરે શું ? અમે કેટલીયે વાર એને રડાવ્યો છે. એક દહાડો તો મેં એકલે એને પાંચ ઢીંકા મારી પાડી નાંખ્યો હતો. ત્યારનો કોઈનું નામ જ લેવાનું ભૂલી ગયો છે. એ શું કરતી હતી બિચારી ?'

રવલો વાક્ય પૂરું કરે તે પહેલાં લીલા અંદરથી રાતી પીળી થતી આવી:

'ઊભાં રહો તમારી માનાં ! શરમ આવે છે જરી ?' લીલાના ધમકારથી એકદમ બીને છોકરાં દાદરા ભણી નાઠાં. અને 'તમે ય સાવ નફ્ટ છો ને ?' કહી મારા તરફ આંખો કાઢતી અંદર જતી રહી.

હું બારીએ ગળું સાફ કરવા ગયો. ખૂણામાં બેઠેલાં લીલા અને પૂનમડી ત્યાંથી દેખાતાં હતાં. પૂનમડી અંદર અર્ધા ઊભા પગ ઉપર માથું ઢાળી બેઠી હતી. તેના વાળ ત્રણ લટના જૂડામાં અર્ધાથી વધુ ગૂંથાયલા જમીનને અડી રહ્યા હતા. લાલપીળી કરેણ, સફેદ ચંપો, અને લાલ કેસૂડાંની મનોરમ ગૂંથણી લીલાએ કરી હતી. એક ગૂંથેલો ગજરો કને પડ્યો હતો. હું પાછો ખુરસી પર આવી બેઠો. અંદરથી

ડૂસકું સંભળાયું અને પછી લીલા બોલતી સંભળાઈ:

'એમાં શું થઈ ગયું, બહેન? જો આરસામાં, સેંથી બરાબર પડી છે ને? લાવ હવે કંકુ ભરી આપું.'

અંદર વેણીમાં ફૂલ ગૂંથાતાં હતાં કે આંસુ એ વિચારે ઘડીભર મૂઢ જેવો બનીને એકી ટસે હું બારી બહાર જોઈ રહ્યો અને એ વેળા એક વાર બધું–છાપરાં, ઝાડો, ઊડતી ધૂળ,–નજર આગળથી અલોપ થઈ કોઈ શૂન્ય પ્રદેશમાં શૂન્ય મન ભમવા નીકળી ગયું.

'હવે આમ જુઓ.' અંદરથી બહાર આવેલી લીલાએ મને જગાડ્યો. અને હું સ્વસ્થ થાઉં તે પહેલાં પૂનમડીએ મારા પગ ઉપર માથું મૂકી દીધું હતું. કોઈ સ્ત્રીની ચરણ-વન્દના જિંદગીમાં મેં પહેલી જ વાર ઝીલી. હું આ અચાનક વંદનથી વિશેષ અવશ થયો અને એમ ને એમ મૂઢ બેસી રહ્યો. પૂનમડીના માથેથી ઓઢણી સરી પડી હતી અને ફૂલ ભરેલું માથું મારા પગ ટકી રહ્યું હતું.

'જીવતી રહેજે, બહેન! ઊભી થા.' બધા રસોના પિતા જેવો વાત્સલ્ય રસ મેં ખરા સ્વરૂપમાં અનુભવ્યો. પૂનમડી ઊઠી. ઓઢણીમાં આંખો સંતાડતી દાદર ઊતરી. છેલ્લે પગથિયે તે કહેતી સંભળાઈ:

'લીલાબૂન, ઘડી પછી આવજો હોં!' પૂનમડી શેરીના આઘેના ખાંચામાં અદૃશ્ય થઈ.

ચિત્રવિચિત્ર લાગણીના અનુભવે હું મૂંઝાયો હતો. સ્ટવનો અવાજ અને કોફીનું પાન એ બેમાં લાગણીને ડુબાવવાની ઇચ્છાથી હું બોલ્યો:

'લીલા, ચાલ કોફી પા હવે. થાક્યા બાપ આ જંજાળથી.'

'હવે હજી તમારે તો કંઈ નથી ને? થાય છે હમણાં કોફી. પૂનમડીને વળાવ્યા પછી. હું એને કપડાં પહેરાવી આવું જરા.' લીલા દાદર ઊતરી. પૂનમડીના ઘર ભણી જતી એને મેં આ પ્રથમ જ જોઈ. નીરસતાના દર્દના ઉપાય જેવું છજું મેં ફરી સેવ્યું અને કઠેડા ઉપર હાથ ટેકવી હું ઊભો રહ્યો. પૂનમડીને સાસરે જવાનાં ચિહ્નો બધે દેખાતાં હતાં. છજા નીચે નૌતમ નારીમંડળ મળ્યું હતું. છોકરાં પણ ઓટલાને ખૂણે ભેગાં થયાં હતાં. લીલાની પૂંઠ થઈ એટલે નારીમંડળે પોતાનું જગદુદ્ધારક નિંદાકાર્ય શરૂ કર્યું. જિન્દગીના ગમે તેવા માંગલિક અમાંગલિક, નાનામોટા પ્રસંગે આ કાર્ય નિર્વિઘ્ને પરમ આત્મસંતોષથી થાય છે. મને લાગે છે કે દુનિયાના મેલ આ નિન્દાજાહ્નવી જ ધોતી હશે. કારણ એના જેટલી પ્રબળ વેગીલી બીજી નદી માણસની જીભમાંથી વહેતી હજી સાંભળી નથી.

'આ છોડી પૂનમડી પહેલે આણે જ જાય સે ને?'

'હાસ્તો, એ તો માશી હતી તે આણું વળાવ્યું. નહિ તો...'

'પણ બળ્યું આ માસ્તરની વહુ તો જુઓ! આ શું ને મારી પૂનમડી! પૂનમડી પૂનમડી કરતાં એની જીભે ય સુકાતી નથી.'

'અને એ ય રાંડ નવરી તે કામધંધો મેલી માસ્તરને મેડે ભરાઈ રહે છે.'

'હશે બા, પણ ધારાળાની છોડીને તે આવા શણગાર શોભે ? અહીં છે તે એની "લીલાબૂન" આમ લાડ કરે છે. સાસરે કોણ એને ગજરાં ગૂંથવાનો છે ?'

'હાસ્તો બૂન, સાસરામાં ખાવાના વાખા અને શેરના શોખ તે આમ હાવે ?'

'બહુ ય ઠીક. લીલાબૂનને એટલી બધી પૂનમડી વહાલી છે તો કોઈ ભણેલો મૂરતિયો ખોળી આપ્યો હોત તો ઠીક થાત. સુખ દેખાડીને ઝૂંટવી લેવું એના કરતાં ના દેખાડવું સારું !' કોક ઠરેલ પણ કડવી સ્ત્રીનો અવાજ છેલ્લો આવ્યો અને ત્યાંથી એ નિન્દાયજ્ઞની પૂર્ણાહુતિ થઈ.

પૂનમડીના ખાંચામાંથી પાંચસાત ધારાળા માથે ફાળિયાં વીંટીને કંઈક ઉજળા વેશમાં બહાર નીકળ્યા. અને મારા છજા નીચે થઈ ભાગોળ ભણી વળતા થયા. તેમના ગયા પછી લીલા ઉતાવળે પગે આવતી દેખાઈ. તેને કને આવેલી જોઈ નારીમંડળમાંથી કોઈ બોલ્યું :

'આમ લીલાબૂન, ચેટલી વાર સે હવે ? અમે તો થાક્યાં વાટ જોઈ જોઈને !' જો કે હમણાં જ મંડળ ભેગું થયું હતું પણ પારકા માટે કંઈ કામ કરતી વખતે દરેકને થાક ચડે છે.

'આ તૈયારી હવે. હમણાં નીકળે છે.' કહી લીલા ઉપર આવી.

'અલી ચંદી, જા પેલા ભાડિયામેંથી સોપારી કાઢય ને તારા બાપના ખીસામેંથી પૈસો કાઢય.' ચંચળ બહેને નીચે એમની દીકરીને હુકમ કર્યો. અને આણે જતી પૂનમડીને આપવા સોપારીપૈસો મેળવવાની ચિંતામાં બધું મંડળ પડ્યું.

પાંચેક મિનિટ થઈ અને સામેના ખાંચામાંથી બૈરાંનું ટોળું નીકળ્યું. નવાં કપડાંમાં પૂનમડી જુદી તરી આવતી હતી. મોઢિયાની પહોળી કોરવાળું નવું અંબર એના માથા પર ટકતું નહોતું. તેને વારંવાર તે સમું કરતી હતી. આખા અંબરમાં જ પૂનમડી ઢંકાઈ ગઈ હતી. પગમાં રાતી મોજડી દેખાતી હતી. કાંડે ચાંદીના કલૈયાં હતાં. અર્ધું ખુલ્લું દેખાતું મોઢું રડી રડીને ફૂલી ગયું હતું. રસ્તા પરનાં ઘરવાળાં બારણે નીકળીને ઊભાં હતાં. પૂનમડી દરેકને ઘેર જઈ પગે લાગી, સોપારી પૈસો અને આશીર્વાદ લેતીલેતી આગળ આવતી હતી. છેવટે ઝરૂખા નીચે ચંચળબહેનને ઓટલે તે આવી. બધાંએ સોપારી પૈસા આપી ઓવારણાં લીધાં. લીલાએ પણ ટાચકા ફોડયા. પૂનમડીનાં ડૂસકાં એકસામટાં બહાર નીકળી આવ્યાં. એની માશીએ એને સોડમાં લીધી અને લીલા સામે આભારની નજર નાખી આગળ ચાલવા માંડયું. લીલા ઝડપથી ઉપર ચાલી આવી. હું અંદર ફર્યો.

'હવે તો કૉફી પાઓ.'

'બળી તમારી કૉફી! હું કાંઈ નથી મૂકતી.' કહી લીલા પાછલી બારીએ જઈને બેઠી. અને પગ ઊંચા કરી તે પર માથું ઢાળી દીધું.

હવે કૉફી પીવામાં રસ રહેવા જેવું નહોતું રહ્યું. ગામની ભાગોળ પાછલી બારીથી દેખાતી હતી. હું ત્યાં જઈ બારીએ બંને હાથ પહોળા ટેકવીને ઊભો. ત્યાં વડ પાછળ પૂનમડી ગાડામાં ચડતી દેખાઈ. એને વળાવીને ટોળું પાછું વળતું દેખાયું.

અને મારી આંખો આગળના પદાર્થો શૂન્યમાં ફરી

પાછા અલોપ થવા લાગ્યા. વડ, ભાગોળ, કોકરડાં બધું અલોપ થયું...શકુન્તલા સાસરે જતી હતી. કશ્યપ આશિષ આપી પાછા વળતા હતા. સખીઓથી છૂટી પડેલી શકુન્તલા દુઃખાર્ત નયને બ્રાહ્મણ બન્ધુઓની સંગે પતિગૃહે વિદાય થતી હતી. અને કશ્યપના મોઢા ઉપર શ્યામ છાયા બેઠી હતી. ભૂતભાવિનાં જાણનાર એમનાં મનશ્ચક્ષુ આગળ શકુન્તલાનું કરુણ ભાવિ તાદૃશ્ય થઈ રહ્યું હતું. જુઓ, આ એમણે હતાશપણાનું ચિહ્ન સૂચવતો હાથ માથે અડાડી નીચે નાખી દીધો. ' એનું ભાવિ ટાળવા હું જપ કરવા ગયો ત્યાં તો વિધિએ પોતાનું કામ કરી લીધું. '...

મહાતપસ્વી પણ દૈવને ટાળી શક્યા નહિ તો આ તો જીવનનાં અશક્ત સોગટાં ! એક સ્ત્રીએ પોતાનું હતું તે આપ્યું, પણ વિધિના હાથમાંથી ઝૂંટવવાની શક્તિ તેનામાં નહોતી. દૈવના પ્રાબલ્યને વશ થઈ ઢીંચણ પર માથું ઢાળી તે અહીં બારીમાં બેઠી હતી. મારા હૃદયને એનું માથું અડી રહ્યું હતું. વળાવીને પાછાં વળતાં બૈરાંના લાંબા રાગડાએ મને જગાડ્યો. એક જુવાન ધારાળી ગાતી હતી અને બધાં ઝીલતાં હતાં.

લીલડા વનની પોપટી, જા રે રણવગડામાં,
છોડીને મહિયર મીઠડાં, જા રે સાસરિયામાં.
પૂનમ કેરી ચાંદલી, જા રે અંધારા દેશે,
છોડીને માતાની છાંયડી, જા રે ધગધગતા દેશે !

લીલા એકદમ ઝબકી અને જીવનમાંથી તમામ મીઠાશ પૂનમડી સાથે વળાવી દીધી હોય તેવા રુક્ષ અવાજે બોલીઃ ' ચાલો હવે ઘરમાં. ત્યાં શું જોવાનું છે તે તાક્યા કરો છો ? '

# યા નસીબ

'હા-હા! હા-હા' !

ગ્રામોફોનની એક રેકર્ડ હસે છે તેવું બળભાણુ હસ્યા. 'હાહાહા, આ તમારું ઘર ?' અને તેમના પહોળી લટકતી બાંયવાળા હાથ પોતે પૂરી લંબાઈએ પહોળા થવા જાય તે પહેલાં જ ઓરડાની સામસામી દીવાલો તેમને અડી ગઈ.

'વામન ભગવાને સાડાત્રણ ડગલે વિશ્વ ભરી લીધું હતું. આ તમારું વિશ્વ તો મારાં અઢી ડગ પણ થાય એવું લાગતું નથી. ભરી જોવા દો મને.' કહીને બળભાણુએ મિલનાં ભૂંગળાં જેવા પહોળા પાયજામા પહેરેલા પગનું એક ડગલું લંબાવ્યું.

હું મારું પાતળું શરીર માંડ સમાઈ શકે એવા ઝરૂખામાં લપાઈને બેઠો હતો. બળભાણુના પહોળા થએલા પાયજામાવાળા પગ અરુણ મિલ્સનાં બે ભૂંગળાં માથેથી જોડાઈ ગયાં હોય તેવા દેખાયા. વિશ્વને માપવા માટેના વિષ્ણુના પરિક્રમણ માટે બલિરાજા જવાબદાર હતા. અને છેવટે અર્ધા ડગની જગા ખૂટી તે તેણે પોતાનો દેહ આપીને પણ ભરી આપેલી. બળભાણુના પરિક્રમણની જવાબદારી તેમને પોતાને જ શિર હતી. એટલે તેમના ચરણનો બીજો

પ્રપાત માથા ઉપર તો શું પણ જમીન ઉપર પણ ઝીલવાને માટે આ રસોડાવિશ્વનાં અધિષ્ઠાત્રી તૈયાર ન હતાં.

બળબાણુ ઉપાડેલો પગ નીચે મૂકે તે પહેલાં જ થોડાક હાથ ઉપર રસોડામાં રોટલી વણી રહેલાં રાંધીમા બોલ્યાં: 'ખબરદાર બાણુજી, આગળ આવ્યા તો તમે જાણો! રસોઈ અભડાવી તો ભૂખ્યા રાખીશ!'

વાત ખરી હતી. બળબાણુનો જમણો પગ ઉમરા પર હતો. ઉપાડેલો ડાબો પગ ઓરડાની વચ્ચે હતો. હવે જો બીજું ડગલું ઉપડે તો તે ચાર આંગળ ઊંચી ચણેલી પાળીવાળી ચોકડીના રસોડામાં જ પડે એમ હતું. અને ત્યાં જે પવિત્ર ચીજો તૈયાર થતી હતી તે બળબાણુના ચરણસ્પર્શથી વિશેષ પવિત્ર થશે એમ માનવા રાંધીમા તૈયાર નહોતાં.

'આ રહ્યા ત્યારે જ્યાંના ત્યાં! પણ જલદી ખવડાવો, નહિ તો રસોઈ અભડાવીશ.' કહી હાહાહાહા હસીને, અમારા તરફ તેમનાં ગોળ ગોગલ્સ પાછળની આંખોમાંથી પરાજયમાં પણ વિજયનો આનંદ પ્રદર્શિત કરતાં બળબાણુએ પોતાનો ચરણવિહાર સંકેલી લીધો. તે વિરાટના વામન જેવા થઈ બારણાથી તે સામેની ભીંત આગળની પેટી સુધી લંબાયેલી ચટાઈના આ તરફના છેડે સંકેલાઈ ગયા. અમે ત્રણ જણે એમની આગળની અને રાંધીમાની નજીકની બેઠકોનો કબજો લીધો.

બળબાણુ નવા આવ્યા ત્યારે અમે એમને પહેલી બેઠક રાંધીમાની સામે જ આપેલી. પણ તેનો દરેકને વધારે

ક્રોડો કપરો અનુભવ થયો. એટલી રોટલી ખાનાર રામશંકરને બેથી ત્રીજી રોટલી ન મળી શકી. મારે વધારે ભાત ખાઈને સંતોષ માનવો પડ્યો. બળબાપુના ગુણઆગ્રહે અને સ્વભાવસાદૃશ્યે કરીને અમને ધીરેધીરે પહેલાંનું સ્થાન મળ્યું અને બળબાપુએ તેમની એક હંમેશને માટે છેલ્લી જ પસંદ કરી લીધી.

બાપુજી બેઠા બેઠા અને અમારી થાળીઓ પીરસાઈ પીરસાઈને આવવા લાગી. અમારા ભોજનાલયમાં દીવાલને અડીને અમે બેઠા પછી, અમારી થાળીઓ અને સામી દીવાલની વચ્ચે એક માણસ કપડાં સંકેલીને પણ માંડમાંડ ફરી શકે એટલી મોકળાશ હતી. આ લાંબી ઓરડીને સામે ખૂણે અંદર બે ફૂટનો ખાંચો કાઢી ઘરમાલિકે રસોડું કર્યું હતું. રસોડાની પાળી અને અમારી થાળી વચ્ચે પવિત્રતા અને અપવિત્રતાને એકબીજા વચ્ચે જેટલું અંતર હોવું જોઈએ તેટલું પણ રહી ન શકતું છતાં, ગાંધીમાનો રસોઈની પવિત્રતાને જાળવવાનો આગ્રહ હજી જરા પણ કમ નહોતો થયો.

ગાંધીમા પોતે ચાર ધામ અને ગોકુળ વૃન્દાવન અને મથુરાં જઈ આવ્યાં છે એ વાત કેટલીક વાર કહેતાં. તે ઘરમાં રોજ અગ્નિહોત્ર કરતાં. શરીરે ભસ્મ ધારણ કરતાં. અને જમવા આવીએ ત્યારે સવારે સફેદ વસ્ત્રમાં સજ્જ થયેલા તેમના ટૂંકા દેહના ભસ્મ લગાવેલા નાના નાના પણ પુષ્ટ હાથ અને ગળાની માળા વગેરે અમને અશ્રદ્ધાળુને પણ એક પ્રકારનો અજાણ્યો આદરભાવ ઉપજાવતાં. છતાં

અમારી સર્વબંધુત્વની ભાવના તેમની આ પવિત્રતાની છેડને સહી શકતી ન હતી.

પણ રાધીમાના આ સાત્ત્વિક અનાદરનો બદલો તેમની પુત્રવધૂ વસુમતી વાળી દેતી. તે જૂના સંસ્કારની જ હતી છતાં નવાં વિચારવહેણથી તે અપરિચિત નહોતી. અમારે હાથ વગેરે લંબાવવાની બાબતમાં સવારે રાધીમા રાંધતાં હોય ત્યારે જે કડક શિસ્ત જાળવવી પડતી તેમાંથી અમને વસુમતીના સાંજના અમલ દરમિયાન મુક્તિ મળતી. વળી સવારે જમવાની ઉતાવળ હોય, અને સાંજે નિરાંતે જમવાનું હોવાથી વસુમતી સાથે ખૂબ ટોળટપ્પાં પણ ચાલતાં. એટલે અમને વસુવતીનો સહવાસ વધારે અનુકૂળ અને આહ્લાદક થઈ પડેલો.

બાબુજી નીચે મોઢે જમ્યા કરતા હતા. તેમની ક્ષુધાને સંતોષે એટલા પ્રમાણમાં રોટલી તેમને પહોંચે એવી અમે આશા રાખતા હતા અને પ્રયત્ન પણ કરતા હતા. દૂર બેઠેલા બળબાબુને દર વખતે ઊઠીઊઠીને રોટલી આપવા જવું મુશ્કેલ હતું એટલે રાધીમા લાંબો હાથ કરી બે ત્રણ રોટલીનો ગોટો વાળી તેમના ભાણામાં ફેંકતાં. માનાપમાન કરતાં આ ધોલકીમાં વસ્તુ લેવાદેવાની સવડ જ વધારે અગત્યની હતી એટલે અમને એમાં કશું અવિનયી લાગતું નહિ. પણ બળબાબુ નીચે મોઢે વિચારમાં મગ્ન થઈ ખાયા કરતા હોય અને અચાનક રોટલીનું પોટલું ભાણામાં પડે ત્યારે ઝબકી ઊઠતા. અને અમે બધા હસી પડતા. એ હસવાની રગને ઝાલી લઈ તેઓ આગળ લંબાવતા અને

અમે હસીએ તે દરમિયાન તે પૂરતા પ્રમાણમાં રોટલી ખાઈ લેતા.

ગોટો વળેલી રોટલીની એક ચોક બળબાળુના ભાણામાં પડી અને તે ઝબક્યા.

'શું થયું બળબાળુજી?' રંગીલભાઈએ મમરો મૂક્યો અને કીકીકીકી હસ્યા.

'ઇજીપ્તના રણમાં યહૂદીઓને મેના નામનો ખોરાક વરસીને મળ્યો હતો તેવું કંઈક!' અમારા અભ્યાસપૂર્ણ અચરતલાલ બોલ્યા.

'ના, ના, આ તો ધ્રુવ પ્રદેશમાં જામી ગયેલા વહાણવટીઓને ખોરાકની મદદ મળી!' મંડળમાંથી બીજા સભ્ય બોલ્યા.

'તમે બધા ભૂલો છો! ઓરિસ્સાના દુકાળિયાને આપવામાં આવેલી રાહત છે આ તો, રાહત!' અને આખી રોટલીનો કોળિયો મોંમાં મૂકી બળબાળુ ચૂપ થઈ ગયા.

અમે રોટલી લગભગ ખાઈ રહેવા આવ્યા ત્યાં અમારા ચટાકેદાર રંગીલભાઈને કંઈક યાદ આવ્યું. અને એ એમના મીઠા કાઠિયાવાડી લહેકામાં બોલ્યાઃ 'રાધીમા, કંઈક ખૂટતું લાગે છે.'

'શું ભાઈ? હવે શું ખૂટવાનું બાકી છે?' રાધીમા હસીને બોલ્યાં. પણ આ તેમનો વિનોદ સાચો છે કેમ તેની મને ઘણી વાર શંકા પડતી. તેમની ઘણી ઉક્તિઓ બોલાઈ હોય કોઈ પ્રસંગે અને એ કંઈક જુદા અર્થની જ છાયા ઊભી કરતી.

'ના માજી, રોટલી રસોડામાં ખૂટી હશે, પણ પેટમાં તો ગઈ જ છે.' બળઆણુ બોલ્યા.

'ના, ના, મારું કહેવું રોટલી ખૂટવાને માટે નથી.' રંગીલભાઈને પોતાનો ઉદ્દેશ માર્યો જતો લાગ્યો. 'હું કહું છું કે રોટલી, દાળ, શાક કરતાં કંઈક વધુ જોઈએ. પણ શું ખૂટે છે તે વસુબહેન જાણે છે. ક્યાં છે વસુબહેન?'

ઘરમાંની બધી ચટાકેદાર ચીજોનો ચાર્જ વસુબહેનના હાથમાં હતો.

'હા, હા, સમજી! વસુ, અથાણું આપ આમને.' અને અમારા તરફ ફરીને રાધીમા બોલ્યાં, 'ભાઈ, હમણાં ઘર બદલ્યું તે ધમાલમાં બધું આડુંઅવળું થઈ ગયું છે. વસુ, તને યાદ છે કે અથાણાની બરણી ક્યાં મૂકી દીધી છે?'

'એ રહેજો, ખોળી આપું છું. મારો અધ્યાય જરા પૂરો કરી લઉં.' અમે બેઠેલા તે લાંબી ઓરડીને કાટખૂણે આવેલી જરાક લાંબી પહોળી અંધારાવાળી ઓરડીમાંથી વસુમતીનો અવાજ થોડી વારે આવ્યો. હાથમાં અથાણાની નાની બરણી લઈ તે ઓરડીના ખૂણા આગળના બારણા આગળ આવીને ઊભી. તેણે ઝીણા સ્વરે 'તું તો રામ સુમર જગ લડવા દે' ગાતાંગાતાં અમારા માથા ઉપરથી થાળીમાં અથાણું નાંખવા માંડ્યું. અમે ચીનની દીવાલ પેઠે એવા સજ્જડ બેઠા હતા કે દારૂગોળા વગરની એ વસુમતી માટે અમને ઓળંગી સામે આવી અથાણું આપવું અશક્ય જેવું હતું.

'બાબુજી, તમારે તો નહિ જોઈએ ને ? રશિયામાં બધાને ક્યાં અથાણાં મળે છે ? અને લોકોને રોટલા ન મળે ત્યાં અથાણું કેમ ખવાય ?' વસુમતીએ એમની બળ-બાબુ સાથેની ચર્ચાની કોક જૂની ચપ્પી ઉકેલી, અને એ બહાને જો એટલે દૂર અથાણું આપવા ન જવું પડે તો સારું એ એની છૂપી ઇચ્છા દેખાઈ. એની પાછળ બીજું પણ કારણ હતું તેની ખબર થોડી વાર પછી જ પડવાની હતી.

'નહિ, નહિ, મારે જોઈએ જ !' બળબાબુ સજ્જડ વિરોધ બતાવતાં બોલ્યા, 'રશિયામાં નહિ મળતું હોય તો તે બેકાકુ લોકોને. મજૂરોને તો બધું મળે છે. અને અહીં હજી અથાણું ખાવાની મનાઈ આંધીવાદ કરતો નથી. એટલે મને અથાણું મળવું જ જોઈએ.'

'બાબુજી, તમારું નસીબ બાદલું લાગે છે. "ન માગે દોડતું આવે, રહે તે દૂર માગે તો." એ નિયમ પ્રમાણે તમે માગ્યું એટલે હવે તમને ન મળવું જોઈએ. પણ લો, આ જરાક આપીશ.' કહી એક પાતળી ચીર તેણે બળ-બાબુને તેમના લંબાવેલા હાથમાં મૂકી. બળબાબુએ તેને થાળીમાં મૂકવાની તસ્દી લીધા વિના મોંમાં જ મૂકી દીધી.

'કેમ વસુ ? આપને ભાઈને વધારે,' રાધીમાએ કહ્યું.

'ક્યાંથી આપું ? હવે તો ખૂટી ગયું બધું.' કહી અથાણાની ખાલી બરણી બતાવીને તે પાછી અંદર ચાલી ગઈ.

'લો રંગીલભાઈ, જે ખૂટતી વસ્તુ પૂરવા તમે માંગતા હતા તે પણ ખૂટી ગઈ ! કહું છું તે ખરી વાત છે કે

ખૂટવાનું હતું તે ખૂટી જ ગયું છે બધું !' રાધીમા ફરીથી હસતાં હસતાં બોલ્યાં.

ત્યાં બળબાણુએ અચાનક વાઘે ઝાલ્યા હોય તેવી બૂમ પાડી.

'મરી ગયો રે રાધીમા !'

'શું થયું ભાઈલા ?' રાધીમા ઝબકીને બોલ્યાં અને તેમનું મોઢું એકદમ પડી ગયું.

અમે બધા ક્ષણેક અવાક્ થઈ બળબાણુ સામે તાકી રહ્યા. અને પછી મારા પોતાનાથી જ હસવાની શરૂઆત થઈ.

બળબાણુ ખરેખર મરવાની તૈયારીમાં હોય એમ જ દેખાયા. તે પહેરણનાં બટન એકદમ ખોલવા લાગ્યા હતા. તેમના કપાળેથી અને આખા મોઢા પરથી પરસેવો દોડ્યો જતો હતો. તેમના ગોળ ગાલ રાતા ચટક થઈ ગયા હતા. અને મોઢામાંથી સીઈ સીઈ જેવો અવાજ નીકળ્યા કરતો હતો.

'શું થયું પણ બળબાણુ ?'

'અરે શું મારા ભાઈ! આખું ને આખું મરચું ખાઈ ગયો.'

અને અમારા હસવાનો વેગ વધી પડ્યો. બળબાણુએ મરચું ખાઈ જવાની ચીડ બીજી રીતે કાઢવા માંડી.

'આ કેટલા બધા સંકડાઈને આપણે બેઠા છીએ ? અલ્યા, કંઈક જગા તો કરો, અને રાધીમા, તમે તે કેવું ઘર આ લીધું છે! હું તો દિને દિને જાડો થાઉં છું તે કેમ કરીને અહીં માઈ શકીશ ?'

'ભાઈ, સાંકડેમાંકડે સમાસ કરવાનો. ઘરવાળા ભાડાં

વધારે ત્યારે ગરીબ માણસોએ સોંઘા ભાડાનાં ઘર ખોળવાં જ પડે તો ! અને આટલા સરખાના ય સાત આપવાના કર્યા છે. હશે. અરે પણ ભૂલી, લો આ કાંકરી ગોળ મોઢામાં નાખો, એટલે ટાઢક થશે.' અને રાધીમાએ ગોળ આપ્યો.

બળબાળુએ સીત્કાર કરતાં કરતાં ગોળ ખાધો, અને પાછા બોલ્યા.

'ગમે તેમ પણ આ દીવાસળીની પેટી જેવા ઘરમાં કેમ રહેવાય ?'

'ચાલો ચાલો, હવે ભાત કાઢો.' રંગીલભાઈ ઉતાવળ કરવા લાગ્યા.

'હા, હા, ભાત કાઢો. પણ આવા ઘરમાં કેમ રહેવાય ?' બળબાળુ ફરીથી પાછું એનું એ વાક્ય બોલ્યા અને એમના હાથ ભાત ને દાળ ભેગા કરતા હતા ત્યારે એમની આંખો ગોગલ્સ હેઠળ ચકળવકળ થતી આખા ઘરનું માપ કાઢતી હતી.

ઘર દીવાસળીના ખોખા જેવું જ સાંકડું હતું. દસ પંદર ફૂટ લાંબી બે ઓરડીઓ એક બીજીને કાટખૂણે જોડાયેલી હતી. બે ચાર માળના વીસપચીસ ઓરડીઓવાળા જૂના મકાનને બીજે મજલે આ બે જોડાયેલી ઓરડીઓ હતી. સાંકડો દાદર ચડ્યા પછી પહેલી ઓરડીમાં રસોડું આવતું. બીજીમાં આ લોકોની ઘરવખરી હતી. આ ઓરડીની બારીમાંથી બીજી ઓરડીની અંદરની ચીજો જોઈ શકાતી હતી. એક નાનો પાણીનો બંબો, પીતળનું બેડું, એક પર એક ગોઠવેલી બે ત્રણ ઊડી ગયેલા રંગવાળી ટ્રંકો, સીવવાનો

સંચો, નાનકડું પેટીવાળું ઢાળિયું વગેરે જ્યાં જગ્યા દેખાઈ ત્યાં સમાઈ ગયાં હોય તેમ દેખાતાં હતાં.

બળબાણુ આ ચીજોનું રમૂજી વર્ણન ખાતાં ખાતાં આપ્યે જતા હતા, અને વળી બોલતા હતા કે 'આવા ઘરમાં તે કેમ રહેવાય?'

· 'લો લો, ખાઈ લો જલદી, બળબાણુજી. મોડું થશે.' રંગીલભાઈએ પરવારીને કહ્યું.

'અરે થાય છે મારા ભાઈ! પણ આ ઘરમાં કોઈથી પણ રહી જ કેમ શકાય?' બળબાણુ બોલ્યા.

'ન રહી શકાય તો તમે એક મોટો બંગલો બનાવી આપો ને!' રંગીલભાઈ પોતે શું બોલે છે, એનો અર્થ સમજ્યા વગર બોલ્યા.

'હા–હા, હા–હા, હું બંગલો બંધાવી દઉં દોસ્ત? હા હા, હા–હા, બંધાવી દઉં ત્યારે!' બળબાણુ મશ્કરી કરતા હતા કે ગુસ્સે થવા જતા હતા તે તેમની ફરકતી આંખના રંગ ઉપરથી કળાવું મુશ્કેલ હતું.

'ભાઈ જોજો, નકામા બાધી પડતા!' રાધીમા વચ્ચે પડ્યાં. 'તમારે નકામી શી જિદ્દ કરવી? અમારે પડી રહેવું તેમાં તમારે શી ફિકર કરવી? હતું ત્યારે બધું ય હતું.' ડોસી કોણુ જાણે શું ય બોલવા લાગ્યાં. અમે છેવટના કોળિયા ભરતા હતા.

બધા અચાનક બોલતા બંધ થઈ ગયા. દાળના સબડકા તથા મોઢાના સભ્ય નહિ એવા બચકારા ઘડીભર સંભળાયા કર્યા. પાછળની ઓરડીમાં શુદ્ધ ઉચ્ચારે પાઠ

કરતી વસુમતીનો અવાજ આવ્યો :

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥

અને સ્થિતપ્રજ્ઞની એ દશા કેળવવા જાણે આખું વિશ્વ મંડી પડ્યું હોય તેમ બધે શાન્તિ વ્યાપી ગઈ હતી.

ત્યાં ખખ્ખડભભડ કરતું સામેના તાજા રોગાન લગાવેલા ઊંચા મકાનનાં ગ્રામોફોન શરૂ થયું :

'... ...મોજ મુંબઇની !
ઊંચી ઊંચી મેડીઓ ને મોટા મોટા બાગ જ્યાં,
જોબનવંતી રમણીઓની લહેકાભરી ચાલ જ્યાં.'

વસુમતીનો પાઠ વાજાના અવાજમાં ડૂબી ગયો. રાધીમાએ શાકની કઢાઈ ઉપર ખખડાટ કરી ઢાંકણું ઢાંક્યું. બબલુભાઈએ ખાંસી ખાધી.

'મુવો ઘડીવાર છાલ નથી છોડતો ! બાપની બે લાખની મિલ્કત ઉડાડી દીધી આવું ને આવું કરીને !' નીચે નળ ઉપર વાસણ ધોતાં કોક બોલ્યું.

'ના, ના, વાજાની પિન ખરીદવા જેટલી તો કને રાખી હશે !' રંગીલભાઈએ અદૃશ્ય વક્તાને જવાબ આપ્યો.

'ધૂળ રાખે, ભાઈ ! વાપર્યા તો સમદર પણ ખૂટે. ભલભલા ડૂબી ગયા તો એનાં શાં ગજાં ? ચાર દહાડાની ચાંદરણી ! હોય ત્યારે ઘણું ય હોય છે. ખૂટવા બેસે ત્યારે બધું ય ખૂટી જાય છે.' રાધીમા કોઈ ઊંડી ઉદાસીનતાથી બોલતાં લાગ્યાં.

'ના, ના, આ વેળા અથાણું વધારે નાખજો. અને અમે થોડુંથોડું ખાઈશું, એટલે ખૂટશે નહિ.' બળબાણુ ઊભા થતાંથતાં બોલ્યા અને અમે સૌ એમની પૂંઠે ઊઠ્યા. સાંકડા દાદરામાં થઈને બળબાણુની આગેવાની નીચે નીચે ઊતરવાનો કાર્યક્રમ ધીમેધીમે અમલમાં આવવા લાગ્યો.

છેલ્લા ઉતરવાનું મારે નસીબ હતું. બધાની જેટલી જ ગતિથી ચાલતો હોવા છતાં ગાર્ડનો ડબ્બો જાણે ખૂબ ધીરો ચાલતો લાગે તેમ મને મારી ગતિ લાગી. થાળીઓ ભેગી કરતાં કરતાં સ્વગત બોલતાં હોય તેમ રાધીમા કંઈક બોલતાં હતાં.

'ભાઈ, ખૂટવાનું હતુ તે તો ખૂટી ગયું. હવે શું ખૂટવાનું બાકી છે?'

બળબાણુએ કૂતરાને મારેલી લાતના પરિણામે ઊઠેલા અમારા મંડળના હર્ષના અવાજમાં રાધીમાના આ શબ્દો ડૂબ્યા અને હું છેલ્લો રહ્યો હતો છતાં રાધીમાએ ડૂસકું ખાધું કે કેમ તે નક્કી ન કરી શક્યો.

અમદાવાદની એ પોળમાં પોતપોતાનાં આંગણાંમાં પણ અમારા તો રસ્તામાં જ ઘરવાળી બાઈઓએ કરેલા એંઠાં વાસણોના અને પાણીના વિસ્તારમાંથી સંભાળપૂર્વક માર્ગ કરતા અમે સરિયામ રસ્તા ઉપર આવ્યા. 'ઠીક ત્યારે, સાહેબજી!' કહીને ચાલવા માંડેલી મોટરબસનો સળિયો પકડી ચડી જતા બળબાણુને ઘડીભર જોઈ રહી હું બધા સાથે ચાલવા લાગ્યો.

અમારા બધાનો કંઈક વિચિત્ર શંભુમેળો થઈ ગયેલો. અમારા જન્મકાળે અમે તો કદી કલ્પી શકીએ તેમ હતું જ નહિ, પરંતુ જો જોષીને પૂછ્યું હોત તો પણ તે ન જણાવી શક્યો હોત કે અમારે જિંદગીમાં આવાંઆવાં માણસો સાથે મેળ થશે. અને હમણાં એવું જ થએલું કે જે મેળ થતો તે જેવો તેવો નહિ. કોઈક માણસ આવે અને બે કલાકમાં તે નિકટમાં નિકટનો થઈ જાય.

એક છાપખાનામાં કામ કરતા અમે રંગીલભાઈ, અચરતલાલ અને હું આમ મિત્રો થયેલા. તેમાં બળબાબુ વિચિત્ર રીતે આવી પડેલા. બળબાબુ નામ માતાને નિમિત્તે રંધાતા બળબાકર જેવું લાગે છે. પણ એમનું મૂળ નામ તો બળદેવભાઈ પટેલ. આ નવો નામકરણસંસ્કાર વસુમતીએ તેમનાં બંગાળીના જેવાં શારીરિક અને બૌદ્ધિક લક્ષણો જોઈને કરેલો.

બળદેવભાઈ પહેલાં હાઈસ્કૂલમાં ઊંચા પગારના શિક્ષક હતા. તે છોડી તેમણે મજૂરોના પ્રશ્નોનો અભ્યાસ કરવા તથા સાચી રીતે મજૂરજીવન ગાળી શકાય એટલા માટે મજૂરમહાજનમાં ઝંપલાવ્યું હતું. આ વેળા મંદીને કારણે મજૂરોના પ્રશ્નો વિકટ થતા જતા હતા. અને આ તકે તેમણે એ પ્રશ્નોને સમજવાઉકેલવા પોતાનો મોજીલો વ્યવસાય છોડ્યો. પોતાનો ભારે સામાન ઘેર મોકલી દઈ અમારા પ્રેસમાં એક દિવસે મજૂરને માથે જેટલો સામાન ઉપડાવેલો

તેટલો જ બીજો સામાન પોતે ઉપાડીને આવ્યા અને રહી પડ્યા. અને એક જ દિવસમાં તે અમારી મંડળીમાંના એક થઈ ગયા.

એક દિવસે અમે બધા એક મહત્ત્વના પ્રશ્ન ઉપર એકમત થઈ ગયા. રાત્રે પતરાં ઉપર પડેલી અમારી પથારી-ઓમાં જામેલી અમારી બેઠકમાં દરેકનો નિશ્ચિત અભિપ્રાય ઉચ્ચારાયો કે વીશીનો ખોરાક આપણુને કોઈને પણુ સદતો નથી. અને બીજી કોઈ વ્યવસ્થા થઈ શકે તો ખૂબ સારું થાય! રંગીલભાઈએ કંઈક કરવાનું બીડું ઝડપ્યું.

અમારો તે દિવસ મોક્ષપ્રાપ્તિ કરતાં પણ વિશેષ આનંદનો હતો જ્યારે રંગીલભાઈએ અમને ખબર આપી કે વ્યવસ્થા થઈ છે.

'ચાર્જ કેટલો?'

'સરખો.'

'ખોરાક કેવો?'

'આબાદ!'

'ખવાડનાર કેવાં?'

'ઉમદા!!' રંગીલભાઈ વધુ ને વધુ ઉત્સાહથી જવાબ આપતા હતા.

'બેસ બેસ હવે, આબાદ ને ઉમદા કરતો!' બળ-બાળુએ રંગીલભાઈને તતડાવ્યા. 'પેટ ભરવા બીજાને જમાડનારને કે દી ઉમદા જોયાં છે? નીવડ્યે વખાણ કરશું. અત્યારે તો વીશીમાંથી તેં છોડાવ્યા એ જ ઘણું માનીશું.'

અમારા ભાવિ ભોજનાલયને રંગીલભાઈ તો જોઈ આવેલા.

પણ તેના ખરા સ્વરૂપને જોવાને અસમર્થ એવા અમે રંગીલભાઈનો ઉત્સાહ સેવ્યા વગર તેમની સાથે એક સવારે એક પોળના મકાનમાં બીજે મજલે ગયા. અને અમારી શંકા, આશંકા અને કુશંકા બધી ટળી ગઈ.

એક સુઘડ, સ્વચ્છ, અજવાળાવાળા ઓરડામાં અમે ઊભા હતા. વીશીનો અને આ ઘરનો તફાવત અમારા મનમાં તરી રહ્યો. અમારામાંના કેટલાકના વતનમાં પણ આવી સુઘડતા અને સ્વચ્છતા નહોતી મળી શકતી. ઘરના રાચરચીલાની ગોઠવણી આંખને ઠારે એવી રીતે થયેલી હતી. રસોડાની અંદર દરેક ચીજ રાંધનાર બેઠેબેઠે લઈ શકે એમ જમીન ઉપર તેમ જ ભીંત ઉપર ગોઠવેલી હતી.

અમને પાંચ જણને એ ઘરનાં ત્રણ જણે એકસામટાં 'આવો.' કહીને આવકાર આપ્યો. અમે બધા ત્યાં લાંબા બિછાવેલા આસન ઉપર વધારે વિવેકની વાટ ન જોતાં બેસી પડ્યા.

'કાલિશંકર, જોયા ના કરશો. પાણીના લોટા ભરો.' રસોડામાં રાંધી રહેલી વૃદ્ધ સ્ત્રીએ કહ્યું, 'અને વસુ, તું ચાળીઓ ઉતાર અને કપડાથી લૂછી કાઢ. હું પીરસી દઉં.'

રાંધવાની ચીજો, પાણિયારા પરનાં વાસણ, વગેરે ખૂબ સ્વચ્છ હતું. કોલસા પણ ડોલમાં વ્યવસ્થિત બેસીને અહીં ચોખ્ખા બની ગયેલા લાગતા હતા.

અમારાં ભાણાં પીરસાવા લાગ્યાં. દાળ, શાક, કચુંબર, પાપડ, અથાણું વગેરે પીરસાયું એ તો બળદેવભાઈએ શાંત દૃષ્ટિએ જોયા કર્યું. પણ જ્યાં કંઈક ધઉંવર્ણી શ્યામ ચીજ

થાળીમાં પીરસાવા માંડી ત્યારે પ્રથમ પરિચયે જાળવવી જોઈતી તટસ્થ સંયમી અપરિચિતતાનો ભંગ કરી તે બોલી ઊઠ્યાઃ

'અહોહો, શીરો! ફાવ્યા!' અને અમને પણ અવાજ કરીને જરાક હસી પડવું અનુચિત ન લાગ્યું.

'ના ભાઈ, કંસાર છે આ!' હોઠમાં આછું હસવાનો પ્રયત્ન કરતી અમને પીરસતી વસુમતી બોલી અને અમારા આગળ તેણે થાળીઓ મૂકવા માંડી.

'બળદેવભાઈ, થૂલી કે કંસાર એ તો જાણે ન ઓળખાય, પણ લસલસતા શીરાનો ઘીભરેલો ચળકાટે ય કંઈ ન ઓળખાય?' રંગીલભાઈએ બળદેવભાઈના પાકશાસ્ત્રના જ્ઞાનનો તાગ કાઢી આપ્યો એટલે અમારા હસવાનો વેગ વધ્યો.

બળદેવભાઈ આવી રીતે પોતાને ભોગે પણ બીજાને હસવા દેવા ટેવાયેલા હતા અને ઉદાર પણ હતા. એટલે એમણે પોતાના પરાજયનો કશો વિરોધ ન કર્યો અને કંસારમાં જે ઘી રેડાયું તેને કંસાર સાથે ભેળવવામાં જ પોતાની શક્તિનું સાફલ્ય માન્યું.

ભોજનરસમાં મગ્ન થએલા અમે વાર્તારસનો ત્યાગ કર્યો. મૂંગા મૂંગા અમે જમવા લાગ્યા.

'રાધીમા, હું મારો અધૂરો પાઠ કરી લઉં ત્યારે!' કહીને અમને પીરસતી વસુમતી ઊભી થઈ. હું ઊંચું માથું કરી તેની ઊંચી પાતળી દેહને જોઈ રહ્યો.

'આજે તું જાણતી હતી કે આ ભાઈઓ આવવાના છે એટલે વહેલું પતાવી લેવું જોઈતું હતું. હવે આમના

જમી લીધા પછી જ કરજે.' સંબોધાયેલાં વૃદ્ધ રાધીમા બોલ્યાં. અને બેઠી દડીના શરીરના સફેદ વસ્ત્રમાંથી તેમના ટૂંકા પણ પુષ્ટ હાથ રોટલી વણી રહ્યા.

'આ બેઠી ત્યારે!' કહી વસુમતી પાછી બેસી ગઈ. અમે જમતા હતા. જે ચીજો ખૂટતી હતી તે તે કશો વિશેષ આગ્રહ કર્યા વિના મૂકતી જતી હતી. તેના મોઢામાંથી ધીરે ધીરે આછે સ્વરે મીરાં અને નરસિંહ, કબીર અને ચૈતન્યનાં પદોની લીટીઓ તૂટક તૂટક સરવા લાગી.

મેં મન સાથે જ કહ્યું, 'આવા ભોજનની તો આશા રાખી શકાય, પણ આવાં ભજનની આશા તો આપણે નહોતી જ રાખી.' અને હું ભોજન અને ભજન બેયના રસને માણી રહ્યો. અને એ બંને રસનું પાન કરાવનારને નીરખી રહ્યો.

વસુમતી વિધવા હતી. રાધીમા પણ વિધવા હતાં. રાધીમા વૃદ્ધ હતાં છતાં એમનું શરીર સચવાઈ રહેલું લાગ્યું. એમણે જરૂર રૂપિયાનું આઠ શેરનું ઘી ખાધું હશે. એમના પુષ્ટ શરીરના સુપુષ્ટ મોઢામાંથી માત્ર પડી ગએલા દાંતનો જ ખાડો હતો. તેમની ગોળ દઢ ચિબુક એમણે જીવનમાં કંઈ નિશ્ચયાત્મક પગલાં લીધાં હશે તેમ બતાવતી હતી. છતાં મોડી મોડી પણ વૃદ્ધાવસ્થા 'આવું કે?' કહી વિનવીને આવતી હોય તેમ એ પુષ્ટ દેહ ઢીલો થતો જતો લાગતો હતો.

ઊંચી પાતળી વસુમતી રમણીય પણ ફિક્કી હતી. હાલના જમાનાના લોકો, તેમાં યે ખાધેપીધે સુખી મધ્યમ વર્ગના લોકો પણ પુષ્કળ ખાવાનું છતાં લોહી ઝાલી શકતા નથી, તેમ એણે શરીર કોઈ દિવસ બાંધ્યું

હોય એમ નહોતું લાગતું, છતાં તે દૂબળી દેખાતી હતી. તેના ગાલની ચામડી પાતળી દેખાતી. તેના હોઠ પાતળા હતા કે દાંત વધારે મોટા હતા તે કળાવું જરા મુશ્કેલ હતું. તે હસતી ત્યારે દાંતની મોટાઈ જરાક ધ્યાન ખેંચતી. કોણી સુધી પહેરેલી ચોળી તેની ભુજાઓની અપુષ્ટતા બતાવતી હતી. તેનો સફેદ વસ્ત્રમાં ઢંકાયેલો દેહ સુંદર સપ્રમાણ આલેખેલું રેખાઓનું ચિત્ર જરાક લાંબું થઈ ગયું હોય એવો દેખાતો.

કાલિશંકર પાણીના લોટા ભરી ખૂણામાં બેસી ગયેલા. તે પ્રશ્નાર્થ ચિહ્નના બીબાને ટપણીને ચપટું કરી દીધું હોય તેમ બેઠાબેઠા લાગતા. તેમના મોઢા ઉપર ઊગેલી પંદરેક દિવસની દાઢી, બંધ હોઠને પણ વળોટીને બહાર રહેતી વચ્ચેના બે દાંત વગરની દંતપંક્તિ, અને તેને ઢાંકતી આછી પાતળી પણ લાંબી મૂછો અને ઉઘાડી છતાં કંઈ જોતી ન હોય એવી આંખો એમનો ચહેરો માણસનો નહિ પણ પૂતળાનો છે એવો ભાસ કરાવતી. તે પલાંઠી વાળી હાથની આંગળીએ જનોઈની કૂંચી રમાડતા હતા. ઢીંચણ સુધીની એમની પોતડી એમના પગ પરના મોટા વાળને ન ઢાંકીને સ્પષ્ટ કરતી હતી.

રાધીમા અને વસુમતી સાસુવહુ હતાં. કાલિશંકર રાધીમાના ભાઈ હતા.

સભ્ય, મીઠું અને શાંતિની સુવાસભર્યું ભોજન મને કેટલેય વરસે મળ્યું. અમે બધા ઊઠ્યા, અને શાંતિ પામ્યા.

બળદેવભાઈ ચૂપ જ હતા. બધા ચૂપચાપ અમે

સરિયામ રસ્તા ઉપર આવ્યા.

'કેમ બળદેવભાઈ, સંતોષ થયો ને ?' રંગીલભાઈએ મૌન તોડ્યું.

અતિ સંતુષ્ટ થયા હોય કે રુષ્ટ થયા હોય પણ બળદેવભાઈ ચૂપ જ રહ્યા.

અમે જમી કરીને એક સાંજે છાપખાનાના પતરાંવાળા છાપરા પર અસ્તવ્યસ્ત પથારીઓમાં રાતના નવેકના શુમારે બેઠા હતા. પડખેથી જતા સરિયામ રસ્તા પરના અવાજો મકાનોમાં ચળાઈને મીઠામીઠા આવતા હતા. કોક ગ્રામોફોનનો અવાજ કદીક બધાથી જુદો પડી ધ્યાન ખેંચતો. રસ્તા પરની બત્તીઓનો પ્રકાશ અમારા છાપરાને આછોઉજાશ આપી રહ્યો હતો. એ વખતે અમારે ત્યાં એક જબરજસ્ત ધડાકો થયો.

એ ધડાકાનો માર્યો હું મારા મનમાં સમસમી રહ્યો. બળદેવભાઈ ધડાકા પહેલાં ચત્તા પડી આકાશ જોઈ રહ્યા હતા તે ઊંધા પડીને ઓશીકામાં માથું ઘાલી દેતા થઈ ગયા. અંધારામાં સમજાવું મિત્રો જાગતા હતા કે ઊંઘતા તે અમારા અન્ય મને મુશ્કેલ લાગ્યું.

એ ધડાકો રંગીલભાઈએ કર્યો હતો. રાધીમાને ઘેર અમને જમવા ગયે પંદરેક દિવસ થઈ ગયા હતા. એમનો વાતોડિયો તેમ જ સારા અર્થમાં ઘૂસણિયો સ્વભાવ અમને દરેક વખતે ઠીક ન પડતો. તે કેટલીય વાર અમારાથી વહેલા રાધીમાને ઘેર અડી જતા, અને જમીને અમારા નીકળી

ગયા પછી પણ ગપ્પાં હાંકવા બેસી રહેતા. આ દિવસ સુધી એમણે છૂપોછૂપો અજબ મસાલો ભેગો કરેલો અને તેનો આ સાંજે અમારી આગળ એકદમ ધડાકો કર્યો.

એ રાધીમા, વસુમતી અને કાલિશંકરનાં જીવનની કથા હતી. એમની સ્વભાવગત શૈલીમાં એમણે અમને એ કહી, અને અમે સાંભળી. 'હાં બલદેવભાઈ, હાં રાજીવાઈ, તમે શું જાણો મારા ભાઈ? આવું કદી સાંભળ્યું છે મારા ભાઈ?' એમ ભિન્ન ભિન્ન લહેકામાં ઉચ્ચારેલા શબ્દસમુદાયો સાથે તેમણે જે વાર્તા કહી તેનો કૈંક સાર આવો હતો.

જે વસુમતી અમારે માટે કપડાથી થાળી લૂછી અમને પીરસતી હતી તે એક વેળા બૂટમોજાંમાં ફરનાર અને મોટર સિવાય ઘરની બહાર ડગલું ન દેનાર બાઈ હતી. જે રાધીમા સગડી ઉપર રોટલી શેકતાં હતાં તે એક વાર કેટલાય નોકરોને આજ્ઞા કરતાં હતાં. જે કાલિશંકર બાઘા જેવા હંમેશાં બેસી રહેતા તે એક કાળે મુંબઈની એક મોટી હાઈસ્કૂલમાં સંસ્કૃત શીખવનાર હતા.

બળતા દવમાં, જંગલમાં બાકી રહેલી લીલી ચોકડીમાં સમાઈને બે ત્રણ પશુઓ એક બીજાને વળગીને જીવવા ઇચ્છે તે રીતે રહેતાં આ બે વિધવાઓ અને એક વિધુર એક કાળે વિશાળ કુટુંબવાળાં અને અઢળક સંપત્તિનાં માલિક હતાં. રાધીમાને ઘેર પાંચ દીકરાઓનો વિશાળ વિસ્તારભર્યો મેળો હતો અને બે મિલો હતી. વસુમતી તેના પાટવી પુત્રની લાડલી પુત્રવધૂ હતી. રાધીમા, વસુમતી અને તેના પુત્રોનાં ચરણોમાં સંપત્તિ અને સંપત્તિથી મળી શકતાં માણસો આળોટતાં.

અગ્નિ...એને એક દહાડો ચક્ર ફર્યું, ભાગ્યનું કહો કે જીવનનું. રાધીમાના બધા પુત્રો પ્લેગની અંદર થોડી જ મુદતમાં એક પછી એક ચાલ્યા ગયા. વસુમતી સિવાયની, જે પરણેલા હતા તેમની વહુઓ પોતાને પિયર પહોંચી ગઈ. રાધીમાની પુત્રહીન દશામાં એક માત્ર વસુમતી જ તેને વળગી રહી. તેનો પિતા સારો પગારદાર હતો, તેની પાંચ બહેનોના પતિઓ સ્નેહાળ અને કમાતા હતા છતાં તેણે વૃદ્ધ ડોશીની સાથે જ રહેવાનું પસંદ કર્યું.

મોભ જેવા દીકરાઓ જવાથી વેપાર પડી ભાંગ્યો. લાગતાવળગતાઓએ બધું ફોલી ખાધું. નફો તો ઠીક પણ ઊલટું દેવું નામે નીકળ્યું. મકાનો વગેરે વેચીને એ બધું પતાવ્યું. અને એક દિવસે પોતાનાં કપડાંની બબ્બે પેટીઓ, રાંધવાનાં વાસણનો કોથળો અને બેચાર ગોદડીઓ લઈને કોક ભાડાના ઘરમાં રહેવા આ બે જણ નીકળી પડી.

બે દુખિયાંને એક ત્રીજું મળ્યું. રાધીમાના ભાઈ કાલિશંકર ગાંડા થઈ ગયાના સમાચાર આવ્યા. રાધીમા જાતે મુંબઈ જઈને તેમને તેડી લાવ્યાં. તે સાવ ઊખડી ગયા હતા. સાંભળેલી વાત પ્રમાણે એમની સ્ત્રી તેમને કામણ કરી ગાંડા બનાવી કોકને જતી રહી હતી. કાલિશંકરની નોકરી ગઈ. તે રવડતા મૂઢ થઈ ગયા. રાધીમાએ તેમને લાવીને સાથે રાખ્યા. સંસ્કૃત શીખવનાર બુદ્ધિશાળી કાલિશંકરમાં માત્ર તેમના પૂર્વજીવનના અવશેષ તરીકે એક ઉચ્ચારશુદ્ધિ જ રહી હતી. થોડા માસ પછી રાધીમા કોક મિલમાં તેમને માટે બોબિન ખાતામાં પંદર રૂપિયાની નોકરીની સવડ

કોક ઓળખીતા પાસે કરાવી શકયાં.

એમને નામે એક ખેતર કયાંયથી રહી ગયેલું. તેની નજીવી આવક ઉપરાંત વસુમતી સીવવાનું કામ કરતી. કોકે એમને વિદ્યાર્થીઓને જમાડવાથી તેમને પોતાને કંઈક વધુ રાહત મળશે એવું સમજાવેલું. ભાડાની તંગાશથી એમને કેટલીયે વાર ઘર બદલવાં પડતાં.

મિલમાલેકના જીવનની કથાના અને અમારા જેવા ભટકણની કથાના અંકોડા આ પ્રમાણે મળ્યા.

ધડાકો થઈ ગયો, છતાં પાસેની પોલિસ ચોકીના સિપાઈઓ જરાકે સળવળતા લાગ્યા નહિ. આજુબાજુનાં બધાં મકાનો સલામત હતાં. એકે જાનમાલની ખુવારી થઈ હતી નહિ. માત્ર બળદેવભાઈ ચત્તા સૂતા હતા તે ઊંધા પડી ઓશીકામાં માથું દાટી લેવા લાગ્યા અને મેં દિવાલ તરફ મોઢું ફેરવ્યું. પોતાને કોઈ ધ્યાનપૂર્વક સાંભળતું નથી એમ માની થોડાએક નિરાશ જેવા રંગીલભાઈ પાણી પીવા નીચે ઊતરી ગયા.

બીજે દિવસે અમે જમવા ગયા ત્યારે એ નિત્યનું જૂનું દૃશ્ય નવા સ્વરૂપે દેખાયું. પંદર દિવસથી અમે જે રાધીમા, વસુમતી તથા કાલિશંકરને જોતા આવ્યા હતા તે તેનાં તે જ હતાં. રોટલી, દાળ, ભાત, શાક, તેનાં તે જ હતાં. પણ આજે તે બધાંની પાછળ કંઈક જુદી જ વસ્તુ દેખાઈ.

કોઈ મહાયજ્ઞની અવશેષ ચિનગારીઓ જેવી એ વ્યક્તિઓની પાછળ ભૂતકાળની સમૃદ્ધિની છાયા હવે તેઓ

જ્યાંત્યાં જતી ત્યાં સાથે ને સાથે ફરતી દેખાઈ. આ જ પાત્રો એક વાર મહા ધનિકના સ્વાંગમાં આ પૃથ્વીની રંગભૂમિ ઉપર અભિનય કરી રહ્યાં હશે. ખરેખર, એ તે અભિનય હતો કે સાચો સ્વાંગ હતો? અને ખેલના સંચાલકની ખફામરજી થતાં નટ પાસેથી વસ્ત્ર વગેરે ખૂંચવી લઈ તેને કાઢી મૂકે તેમ આ ત્રણ માણસ આજે ધનવૈભવ વિનાનાં બની તેમના ધનવૈભવના ખેલ જોનાર 'પિટક્લાસ'ના પ્રેક્ષકો ભેગાં પડ્યાં હતાં.

એમનામાં અદેખાઈ, ઉદાસીનતા, વિષાદ નહિ રહ્યાં હોય? કોણ જાણે?

સંપત્તિના તખ્તા ઉપરથી હડસેલાઈ ગરીબાઈના 'પિટક્લાસ'માં ઊભેલાં એ માણસો સંપત્તિવાનોનાં વિલાસ-નૃત્ય કેવી રીતે જોતાં હશે?

આજે તો એ ભૂતકાળની સમૃદ્ધિ માણનાર કોઈ જુદી વ્યક્તિઓ હોય તેમ પોતાના વર્તમાનમાં તેઓ મશગૂલ હતાં. તેઓ ભૂતકાળ યાદ કરતાં હશે કે પછી આ આઘાતે એમના લાગણીતંત્રને સાવ કચડી નાખ્યું હશે કે જેથી એ વિચાર જ ન કરી શકે? દુઃખોના આઘાતોની પરંપરા માણસને મૂઢ બનાવી દે છે. 'ઘણું યે બધું હતું!' એમ સંભારી સંભારીને જીવનને નિષ્પ્રાણ કરવામાં શું ફાયદો?

...અને છતાં એ વ્યક્તિઓ જીવતી હતી, હસતી હતી, આનંદ કરતી હતી. કોઈ ત્રીજા માણસની કથાની પેઠે પોતાના ભૂતજીવનની તટસ્થ રીતે કદી કદી વાતો પણ કરતી હતી. અને શા માટે ન જીવે, ન હસે, ન વાત કરે? જન્મની સાથે

મળેલો શરીરનો સંબંધ પણ જ્યાં અવિચ્છિન્ન નથી ત્યાં પછી ઉપરના વળગાટ જેવાં આ લક્ષ્મી અને વૈભવ સરી જાય તો પણ તેથી જીવનની હાનિ શા માટે થવી જોઈએ ?

ધનસંપત્તિ વગરનું જીવન પણ આ લોકો રસિક કરીને જીવતાં હતાં. તેમની સંપત્તિ ગઈ હતી, પણ સંસ્કારો ગયા ન હતા. રાધીમા અને વસુમતીએ ઘરમાં અગ્નિહોત્ર, પાઠપૂજા, કથાવાર્તાશ્રવણ અને યથાશક્ય અભ્યાસ ચાલુ રાખ્યાં હતાં.

અમને પણ આ આત્માઓના સંબંધમાં ગૃહજીવનની હૂંફ અને સંસ્કારવાળાં મિત્રોની સોબત મળી. ખવડાવનાર અને ખાનારનો ભાડૂતી સંબંધ ધીમેધીમે સ્નેહાળ મિત્રતામાં પરિણમ્યો. હાસ્યવિનોદ, શાસ્ત્રઇતિહાસ તથા બીજા વિષયોની ચર્ચાઓ વાર્તાઓ અમારે થવા લાગી. બળદેવભાઈ સાચા કોમ્યુનિસ્ટની પેઠે વસુમતીના આશાભર્યા અહિંસાવાદ સામે મઝેની સાઠમારી કરતા. તેમની બોંબગોળાની અને ક્રાન્તિની વાતો, તથા બંગાળીના જેવા તેમના ઘાટ અને પહેરવેશે તેમને વસુમતીને હાથે બળખાણનું જરાક હસવા જેવું નામ અપાવ્યું.

બળખાણ ક્રાન્તિવાદી હતા છતાં જેમ કોઈ પણ ક્રાન્તિવાદી નિષ્ઠુર હોતા નથી તેમ તે પણ નિષ્ઠુર ન હતા. ઊલટું તેમનું ભાવતંત્ર અતિ સૂક્ષ્મ સંવેદનાઓ ગ્રહણ કરતું. જીવનમાં સાચા શ્રમજીવીનાં તત્ત્વો ઉતારવા તેમણે શિક્ષક-જીવનનો ત્યાગ કરી મજૂરોના જીવનની નજીકમાં નજીક જઈ શકાય એટલા માટે મજૂરમહાજનમાં પોતે ભરતી થયા

હતા. અને દિનેદિને માનવજીવનની કરુણતાને જોઈજોઈ એમનું હૃદય એક બાજુ પુષ્પથી પણ કોમળ અને બીજી બાજુ પથ્થરથી પણ કઠણ થતું હતું. એમની ચિત્તભૂમિકા ઉપર ઊઠતા કરુણાના આઘાતોને માત્ર તેમની હાસ્યરસપ્રિયતા જ પાછી ઠેલી શકતી. અને જ્યારે તેમનું હાસ્ય ખેફાટ ઊછળતું ત્યારે એની પાછળ વિષાદનો કોક મહાન હિમપ્રવાહ છુપાયેલો રહેતો જ. રાધીમાના નવા મકાનમાં પગ મૂકતાં તેમના મોઢામાંથી સરેલું અટ્ટહાસ્ય આ ત્રણેના જીવન પ્રતિ નીપજતી કરુણાના પ્રતિધ્વનિરૂપ જ હતું.

અમે એક રવિવારને બપોરે રાધીમાને ત્યાં જમવા ગયા ત્યારે અમદાવાદમાં મે મહિનાની ગરમી હતી છતાં રાધીમાના ઘરમાં ધુમ્મસ છવાયેલું દેખાયું. ખીંટીએ ટીંગાવેલી રૂ ચોંટેલી કાળી ટોપી અને મેલા કોટની બરાબર નીચે ચપટા પ્રશ્નાર્થ ચિન્હ જેવા કાલિશંકર બેઠાબેઠા મૂછોમાંથી રૂ સાફ કરતા હતા. રાધીમા હજી રોટલીનો લોટ બાંધતાં હતાં. સગડી ફૂંકીફૂંકીને જાણે તેમનું મોઢું ફૂલી ગયું હોય તેમ લાગતું હતું. બધું શાંત હતું, ઉદાસ હતું. હમેશ મુજબ વસુમતીનો ગીતાપાઠ કરતો ઝીણો અવાજ પણ સંભળાતો ન હતો.

વસુમતી માંદી પડી હતી. રાધીમા ખૂબ રડ્યાં હતાં. સોડાને બદલે લેમન અને તે ય વધારે પૈસા આપીને, લઈ આવવા બદલ ઠપકો ખાઈને કાલિશંકર મૂઢ થઈ ને

બેઠા હતા.

અમે ચૂપચાપ બિછાના પર બેસી ગયા.

'ભાઈ, હારી ગઈ આજે! બેસો જરાક. રોટલી થતાં વાર થશે.' રાધીમાએ ઉદાસ અને ગંભીર અવાજે કહ્યું.

'કેમ?' બળબાણુએ પૂછ્યું.

'વસુ માંદી પડી છે. એને ડૉક્ટરને ત્યાં લઈ જવા લાવવામાં જ મારો વખત ગયો. અને ભાઈ, વસુ આમ શાસ્ત્રોની વાતો કરવામાં શૂરી છે પણ માંદી પડે છે ત્યારે બાળકથી ય ભૂંડી થઈ જાય છે. અહીં ગાડીમાંથી ઉતારી ને એને દાદરો ચઢાવતાં ચઢાવતાં સો વાનાં થયાં. હવે ગોદડું ઓઢીને સૂતી છે તે નથી હાલતી કે ચાલતી.' રાધીમા કર્મકથા કહેવા લાગ્યાં.

'માજી, અમને કહેજો લાવવું કરવું હોય તો.' રંગીલભાઈએ વિવેક કર્યો.

'ભાઈ, લાવનાર છે તે જ જુઓને આ પથ્થર જેવા બેઠા છે! સોડાને બદલે લેમન લઈ આવ્યા!'

'રાધીમા, ત્યારે ડૉક્ટરે શું કહ્યું?' વાતને સીધી ચલાવવા મેં કહ્યું.

'ડૉક્ટરે તો ઘણું યે કર્યું. વસુને સંતાન થયું નથી, અને એમાંથી જ હિસ્ટીરિયા લાગુ પડ્યો છે. હવે બીજી નકામી દવાઓ ન કરાવતાં ઓપરેશન જ કરાવી લો એમ કહી ચિઠ્ઠી લખી આપી છે. તે બે દિવસમાં જ મુંબઈ જવું જોઈએ, નહિ તો કેસ ગંભીર થઈ જશે.' રાધી-માએ કહ્યું.

'તો તો તમારે લઈ જવાં જ જોઈએ. એમાં ફિકર શું કરવા કરો છો?' જાણે ફાટેલી ચંપલ મોચીને ત્યાં સંધાવા લઈ જવા જેટલી સહેલી વાત આ હોય તેમ રંગીલભાઈ બોલ્યા.

'ભાઈ, લઈ તો જઈશું રતો. પણ મનમાં શુંનું શું થઈ જાય છે! આખી જિંદગીમાં એણે મારી સાથે જુદાઈ રાખી નથી. એના જીવને જોખમ આવે ત્યારે મારું હૈયું હાથ નથી રહેતું. તમે આવ્યા તે પહેલાં પેટ ભરીને હું રડી. ભાઈ, ભગવાનને કહું છું કે મારો જીવ લઈ એને જિવાડ, પણ ભગવાન માને તો ય વહુ માને એવી નથી. હું માંદી પડું છું ત્યારે એનું કકળાણ તમે જોયું નથી. દીકરી કરતાં ય વધારે છે.' જિંદગીમાં ન સાંભળેલો એવો સાસુનો વહુ પ્રતિના સ્નેહનો આ એકરાર સાસુવહુની લડાઈની ભઠ્ઠી ઉપર રાતદી શેકાતા એવા મેં ઈર્ષાળુ આનંદથી સાંભળ્યા કર્યો.

'હા, માજી, કોકને બદલે કોકથી કંઈ મરાય છે? જિંદગી એ કંઈ સિનેમાની ટિકિટ છે કે એકને બદલે બીજું ચાલે?' રંગીલભાઈએ રંગ ફેલાવ્યો. બધા જરાક હસીને પાછા ચૂપ થયા.

'માજી, મૂંઝાશો મા. જે રામે અત્યાર સુધી રાખ્યાં છે તે હવે પણ રાખશે. એને કહ્યે આપણે જીવવાનું ને એને કહ્યે મરવાનું. જેની કસોટી વધારે થાય છે તેની ઈશ્વરને ત્યાં વધુ લાયકાત છે!' હું લુખ્ખી ફિલસૂફી બોલ્યો.

રોટલીઓ વણાવા લાગી અને કાચાપાકાનો ખ્યાલ કર્યા વગર અમે ખાઈ પરવાર્યા.

બળબાજુ અને હું વસુમતીની સારવાર માટે રોકાઈ ગયા. અંદરના ઓરડામાં જ્યાં અમે જવલ્લે જ જતા ત્યાં ગોદડાંના વીંટા જેવી સૂતેલી વસુમતી પાસે અમે ગયા.

'વસુબહેન!' બળબાજુએ વસુમતીને બોલાવી.

'હાં...' ગોદડામાંથી જ તે બોલી.

'એને પડી રહેવા દો, ભાઈ.' કહી રાધીમા અમારી પાછળ ભીના હાથ લૂછતાં આવ્યાં. બારીમાં ઊભોઊભો હું નીચે ચોકમાં પોતાના છોકરાને રમાડતા માણસને જોઈ રહ્યો. બે ત્રણ બૈરાં ભેગાં થયાં હતાં. અને તેને શીખવી રાખેલા સવાલો વારંવાર પૂછી ગમ્મત ઉડાવતાં હતાં.

'દીકરા, તારે કેટલી વહુઓ જોઈશે?'

દીકરો કહેતો: 'ચાર!'

'અને કેટલી ભેંસો તારે જોઈશે?'

દીકરો કહેતો: 'ચાર!'

'પછી તેનું શું કરીશ?' 'ચાર ભેંસને મારી ચાર વહુઓ દોહશે! પછી હું દૂધ પીશ!' 'પછી શું કરીશ?' 'પછી હું બધી વહુઓને મારીશ' અને બધાં ખડખડાટ હસી પડતાં.

એમનો હાસ્યવિલાસ છોડી મેં અંદર જોયું તો બળબાજુ રાધીમાને એક ટ્રંક ઉપરની ચીજો ઉતારવામાં મદદ કરતા હતા. રાધીમાએ ટ્રંક ઉઘાડી અંદરથી એક ચપટી પહોળી ઊડી ગયેલી ચમકવાળા નીલા મખમલથી મઢેલી પેટી કાઢી.

'ભાઈ, એક કામ તમારે ભરોસે સોંપું છું.' રાધીમા બોલ્યાં. અમારા બોલવાની રાહ જોયા વગર તેમણે

પેટી ખોલી. અંદર જાંબલી રંગની મખમલ મઢેલી હતી, અને ગોળ લંબચોરસ, એવાં જુદાંજુદાં ખાલી ખાનાં હતાં. એક ખૂણામાંથી કાગળની પડીકી તેમણે કાઢીને ખોલી. એમાં એક વીંટી હતી.

'ભાઈ, આના રૂપિયા કરી લાવો.' મેં વીંટી હાથમાં લીધી, ઉપર લીલા રંગનું નંગ હતું.

'રાધીમા, વીંટી શું કામ વેચો છો ? પચીસપચાસની સવડ જોઈએ તો કરી દઈશું.' બળબાળુએ કહ્યું.

'ભાઈ, તમારો પાડ ! પણ પારકી સવડ ક્યાં સુધી પહોંચવાની ? પ્રભુએ કરેલી સવડ પ્રમાણે જ કામ થશે. આ પેટી ભરીને ઝવેરાત હતું તે ન રહ્યું, તો હવે આને વળગી રહી શું કરવું ? આ વસુના વરે કરાવેલી તે એને માટે જ વપરાવાનું લખાયું હશે !' અમારી પાસે સહાનુભૂતિપૂર્વક સાંભળવા સિવાય બીજો કાંઈ ઇલાજ ન હતો. રાધીમા આશ્વાસનની દશાથી પર હતાં.

'હરિ, હરિ !' ઊંચો શ્વાસ લેતા બળબાળુ બોલ્યા. 'રાધીમા, કાલે વસુમતી સાજાં થઈને ઘેર આવશે. લાવો, અમે જઈએ ત્યારે.' તેમણે શાંતિથી હાથ લંબાવ્યો.

'હા, ભાઈ, બધું લૂંટી લઈને પણ ભગવાને જીવવા દીધાં છે. પણ ગાંડું મન નથી માનતું. થવાનું હશે તે થશે. જવું તો પડશે જ એટલે યા નસીબ કરીને જઈએ છીએ.' રાધીમાએ કહ્યું.

બળબાળુ જાણે તે સ્થળેથી દાઝયા હોય તેમ ઊભા થઈ એકદમ ચાલવા લાગ્યા. તેમની પાછળ જતાંજતાં

મેં ડોક ફેરવી તો રાધીમા ખુલ્લી પેટી સામે જોઈ રહ્યાં હતાં.

વીંટીની પડીકીને ખિસ્સામાં ઘાલી બાળબાબુ ઊતરવા લાગ્યા. તેમની પાછળ હું શૂન્ય મને ચાલતો હતો.

અમે એ રેલ્વે સિગ્નલની સીડી જેવો દાદરો ઊતરી નીચે ગયા ત્યાં અંદરની ચોકમાં કશુંક ઉપરથી પડતું સંભળાયું. 'લે જે, બમલા!' રાધીમાનો અવાજ પણ મેં સાંભળ્યો. અને પેલો છોકરો એકદમ કિંગલાતો કિંગલાતો અમારા તરફ બારણામાં ધસી આવ્યો. બળબાબુ એના ખાસ દોસ્ત હતા. તેમને ઉદ્દેશીને તે બોલવા લાગ્યો. 'મને પેટી મલી! મખમલની પેટી! બાબુજી, મખમલની પેટી!'

'વાહ દોસ્ત, ખેલો, ખેલો, ખૂબ ખેલો! તારા બાપાને કહેજે તને એમાં મૂકવાને ઘરેણાં અપાવે.' બળબાબુએ તેના ગાલને ટપારતાં કહ્યું.

'હા, હા, મારી વહુઓનાં ઘરેણાં એમાં મૂકીશ!' અને વહુઓ અને ઘરેણાંના અર્થથી પર એવો એ બાળક પેટીના ઊડી ગયેલી ચમકવાળા મખમલને કોઈ અપૂર્વ પ્રહર્ષથી પોતાને ગાલે ઘસી રહ્યો.

હું એ હર્ષનો ઊડતો ફુવારો જોઈ રહ્યો. મને થયું શું આ હર્ષનો શતાંશ પણ આ પેટીના મૂળ વસાવનારને, હીરામાણેકથી ભરેલી એ પેટીને જોઈ ને પણ કદી થયો હશે?

એ મહિના પછી એક સંધ્યાકાળે અમે ભોજન માટે વીસીમાં જવાને નીકળતા હતા એટલામાં કાલિશંકર આવ્યા.

માથે રૂંવાળી કાળી ટોપીને બદલે લગભગ ધોળી એવી ગાંધી ટોપી હતી. અમારી આખી ટોળી જેમ મેઘને જોઈ ચાતક રાજી થાય તેમ એમને જોઈને રાજી થઈ. એક આતુર પ્રેમી બોલી ઊઠ્યોઃ

'કેમ કાલિશંકર, જમવા બોલાવવા આવ્યા છો ને?'

'ના માસ્તર, હું મેસર્સ બળબાણુ અને મયારામને બોલાવવા આવ્યો છું!'

અને મારા અને બળબાણુ તરફ ફરી કાલિશંકર છટાથી બોલ્યાઃ 'ચાલો સાહેબો!' આ ગાંડાભાઈ આટલી બધી સભ્ય ભાષા ક્યાંથી શીખી આવ્યા?

'કેમ બોલાવવા આવ્યા છો?' એ પ્રશ્નનો જવાબ આપ્યા સિવાય જ તે ચાલવા લાગ્યા. હું અને બળબાણુ અમને બોલાવવાનાં કારણોના કંઈક વિકલ્પો વિચારતા ચાલ્યા. એ નાનકડા મેડાની જૂની લાકડાની બારીઓ અધ-બોબડી ઉઘાડી હતી. જાણે કોક ઊંઘણસી ઘણે વખતે ધીરેથી પોપચાં ઉઘાડતો ન હોય!

અમે ઉપર ચડ્યા. રાધીમાએ અંદરના ભાગમાંથી બહાર નીકળતાં અમને જોઈને ધીરેથી સત્કાર કર્યો. 'આવો ભાઈ!' તેમના મોં પર ચિંતા હતી, જાણે હમણાં જ તેમના હાથે ઘી ઢોળાઈ ન ગયું હોય!

'વસુબેનને કેમ છે?' મેં પૂછ્યું.

'સૂતી છે હમણાં!' રાધીમા બોલ્યાં. એમના ટૂંકા હાથને તેમણે સાલ્લાના પાછળના ભાગથી લૂછીને એક ગુણ અમને પાથરી આપી. અને રુદનભર્યા અવાજે આ બે

મહિનાની વીતકકથા સંભળાવી.

'ભાઈ, અમે તો એક મૂકી ને બીજું લઈ આવ્યાં!' બોલી તેમણે વસુમતીનું ઓપરેશન, અને તે પછી તેને વધી પડેલો હિસ્ટીરિયા, ચસકેલું મગજ અને તેમાંથી જન્મતી અનેક પ્રકારની લવરીની કથા અમને કહેવા માંડી. અમે વ્યગ્ર બની એ સાંભળતા હતા ત્યાં અપ્રુલ્લિત બુલબુલ જેવા રાગે એક હાલરડું શરૂ થયું. રાધીમા એકદમ ઊભાં થયાં. 'ઓ પ્રભુ!' કહી તે અંદર દોડયાં.

'વસુ, સૂઈ રહેને બેટા!'

'હું કયાંથી સૂઈ રહું?' અંદરથી વસુમતીનો સહેજ ચિડાયેલો અવાજ આવ્યો. 'કયારની બેબી રડે છે ને તમે તો કોઈ સાંભળતાં જ નથી...' લે સૂઈ જા, બાબા, મારી...'

અને અંદર એકદમ કશી બાથંબાથા થતી લાગી.

'ઓ ભાઈ!' રાધીમાનો આર્ત અવાજ આવ્યો. અમે બંને ઊભા થઈ ગયા અને અંદર જોયું.

વસુમતી એકદમ ઊભી થઈ અમારા તરફ ધસતી હતી અને રાધીમા તેને રોકવા ફાંફાં મારતાં હતાં.

'પકડો ભાઈ એને, નહિ તો પછડાશે હમણાં.'

રાધીમાના હાથમાંથી વસુમતી છટકીને એક અમાનુષ ઉદ્દામ હાસ્ય કરતી અમારા તરફ ધસતી હતી. અચાનક કોઈએ તેને પગમાંથી કાપી નાખી હોય તેમ તે અમારા તરફ ઢળી પડી. બળબાબુએ તેને પડતાં ઝીલી લીધી. અને હાથેક દૂર પડેલી પથારી ભણી ધીરેથી લઈ ગયા. વસુમતીએ ચિત્કાર નાખ્યો.

'મામા, મામા, શું જોઈ રહ્યા છો? પેલો ચેક લઈ જાઓ, ને બાબાગાડીના પૈસા આપી મારવાડીને ત્યાંથી તેને છોડવી લાવો. મારી બેબી શેમાં બેસશે? આજે તો અમારે ફરવા જવું જ જોઈએ!'

તેના શબ્દો હિસ્ટીરિયાનાં ડચકાંમાં લોપ થઈ ગયા: બળબાબુ, રાધીમા અને હું ત્રણે યે મળી પોલાદની કમાન પેઠે ઉછળતા વસુમતીના શરીરને દબાવી રાખ્યું. કાલિશંકર હાથમાં ટોપીને લટકતી પકડીને કરોડને વાંકી વાળી પોતાની આખી કાયામાંથી જીવન સામે પ્રશ્નાર્થ ચિહ્ન બનાવીને ઝીણી આંખે અમને જોઈ રહ્યા.

વસુમતીનો રોગ હવે શરીરનો જ ન હતો, તે જેને ડાકટરો 'નર્ઝ' કહે છે તેનો પણ બન્યો હતો. અમારા એક મિત્ર હમણાં જ વીએનાથી ડૉક્ટર બની આવ્યા હતા. એને માટે ગોઠવાયેલી ચાપાર્ટીમાં અમે આ વાત એને કાને નાખી. નવા ડૉક્ટરને દર્દી મળે, અને આ ગરીબ દર્દીને રાહત મળે એમ બે ય પ્રકારની લાભદૃષ્ટિ અમારા મનમાં હતી. રતુમડી ટાઈને આંગળાંથી રમાડતા ડૉક્ટર બોલ્યા 'લઈ આવજો. જોઈશું જરા.'

ત્રણેક દિવસ પછી અમે વસુમતીને તેમની પાસે લઈ ગયાં. રાધીમા બળબાબુ અને વસુમતી ગાડીમાં આવ્યાં: હું અને કાલિશંકર એમના પહેલાં ચાલતા પહોંચી ગયા હતા. વસુમતી ખુબ જ પ્રફુલ્લિત દેખાતી હતી, પણ એનું

હસવું મને હમેશાં પાણીના રંગબેરંગી પરપોટા જેવું જ લાગતું. વસુમતીએ ગાડીમાંથી ઊતરતાં મને છટાથી સલામ કરી.

'નમસ્તે! મયારામભાઈ!' તે તદ્દન સ્વસ્થ લાગતી હતી. પણ જરાક ઝીણવટથી જોતાં, આપણા તરફ જોતી તેની આંખો આપણને નહિ પણ આપણને વીંધીને કંઈ દૂરનું જોતી હોય તેમ લાગતું હતું. અને તેથી આપણે એક પ્રેતની સમક્ષ ઊભા હોઈએ તેવી બેચેની થતી. તેણે કાલિ-શંકર તરફ ફરીને પૂછ્યું. 'મામા, બૅન્કમાંથી નવી ચેકબુક લઈ આવ્યા ને?' 'તું મૂંગી રહે હવે વસુ!' રાધીમા ટૂંકા શરીરે સાવચેતીથી ગાડીનું પગથિયું ઊતરતાં બોલ્યાં. આ વૃદ્ધાની અંદર આટલું અમિત વાત્સલ્ય હશે તેની તો મને હવે આ માંદગીમાં જ ખબર પડવા લાગી. એક બીજાને આધારે ટકી રહેલી બે લાકડીઓ પેઠે આ બે સ્ત્રીઓ પોતામાંથી એક ટગુમગુ થતાં પોતાની બધી શક્તિ વાપરી બીજીને ટકાવી રાખવા મથતી હતી.

બળબાણુએ મદદ કરવા લંબાવેલા હાથને તરછોડીને વસુમતી દવાખાનાનાં પગથિયાં એકલી ચડી ગઈ. એક નેતરની બેઠકવાળી આરામ ખુરસી પર બેસી જઈને તેણે આમતેમ જોવા લાગ્યું. કબાટમાં ગોઠવેલી સીસીઓ અને કાચનો ચળકાટ તેની નજરને ઘડીક આકર્ષતો લાગ્યો. હજી ડૉક્ટર આવ્યા ન હતા. તેની ફરતી ખુરસી ખાલી પડી હતી.

અમે વસુમતી તરફ નજર નાખતાં આમતેમ ઊભાં હતાં. મેં જરાક છાપું વાંચવા ઉઘાડ્યું. ત્યાં વસુમતી બોલીઃ

'છીઃ! નોકરોને રજા આપવી પડશે. ફરનિચર જરાકે સાફ નથી રાખતા.' અને ખુરસીના હાથા પર તેણે આંગળીને ખેંચી. રસ્તા પરથી ઊડીને ઠરેલી મોઢા પર છાંટવામાં આવતા પાવડર જેવી આછી ધૂળમાં એક લીટા પડ્યો અને નીચેનું જાંબલી રંગનું લાકડું ચમકી રહ્યું. વસુમતીએ ધૂળથી સહેજ કાળી બનેલી આંગળીને ફેરવીફેરવીને તપાસતાં અમારા બધા તરફ તીવ્ર નજરે જોયું. અને તેની દષ્ટિ લોપ થતી હોય તેમ એકદમ નજર નીચે ઢાળી દીધી. મને ફરીથી કોઈ પ્રેતની હાજરીમાં ઉભો હોઉં તેવી બેચેની થઈ.

એટલામાં ડૉકટર હાથમાં સ્ટેથોસ્કોપને રબરની ગોફણ પેઠે ઝુલાવતા પગથિયાં ચડતા દેખાયા.

અમારી સાથે સલામોનો વિનિમય કરીને થોડીવારે ડૉકટર વસુમતી અને રાધીમાને લઈ એક બીજી ઓરડાના બારણા પર લટકતા લીલા પડદા પાછળ અદશ્ય થયા. પાએક કલાક પછી રાધીમા બહાર આવ્યાં અને બળબાબુને અંદર બોલાવવામાં આવ્યા. બીજા પા કલાક પછી રાધીમાને ફરીને અંદર બોલાવવામાં આવ્યાં. વળી પાએક કલાકે લીલો પડદો ફરી ઊંચકાયો અને જમણા હાથની બે આંગળીથી ટાઈને શિથિલતાથી રમાડતા અને ડાબા હાથમાં સ્ટેથોસ્કોપ સ્થિર પકડીને ડૉકટર બહાર નીકળ્યા. તેની પાછળ વસુમતી, રાધીમા અને બળબાબુ નીકળી આવ્યાં. ડૉકટર ગંભીર દેખાતા હતા. રાધીમા જાણે મેશની કોઠીમાંથી નીકળી આવ્યાં હોય તેમ કાળાંચંઠ બની ગયાં હતાં. બળબાબુના મોં પર અસાધારણ ગાંભીર્ય છવાઈ ગયું હતું. માત્ર

વસંતાગમન થતાં આંબો મહોરે તેમ વસુમતી એકલી પ્રફુલ્લિત હતી. પણ એની એ પ્રફુલ્લતા તેની આંખોને ધારીને જોતાં કોઈક અમાનુષી તત્ત્વોવાળી લાગતી હતી.

કાંઈ પણ વાતચીત કર્યા સિવાય અમે વસુમતીને તેને ત્યાં પહોંચાડી આવ્યા. અમે ત્યાંથી નીકળવા લાગ્યા ત્યારે રાધીમા બોલ્યાં, 'બાબુભાઈ, પછી મળજો.'

રસ્તામાં હું બળબાબુ તરફ આતુરતાથી જોવા લાગ્યો કે દાક્તરને ત્યાં શું બન્યું તેની એ કંઈક વાત ઉપાડે, પણ તે મૂંગા જ રહ્યા. થોડીથોડીવારે તેમના ગોળ ચહેરાના સ્નાયુઓ તંગ બની જતા હતા અને ગોળ ગોગલ્સ નીચે તેઓ વારંવાર પોતાની જાડી આંગળી દાખલ કરી આંખોને ચોળતા હતા. એમના આવા વિચિત્ર મૌનથી વ્યગ્ર બની છેવટે મેં પૂછ્યું, 'શું થયું? કાંઈ બોલોને?'

'ઘેર ચાલો, પછી કહીશ.' તે બોલ્યા.

અમે અમારે 'ઘેર' આવ્યા. છાપખાનામાં આજે રજા હતી. રોજ ઘોંઘાટ કરી રહેતાં યંત્રો જાણે અમને ખીવડાવવાને લપાઈને ચૂપ બેસી ન રહ્યાં હોય તેવી રીતે વિકળ શાંતિ ફેલાવતાં પડયાં હતાં. અમે દાદરા ચડતા અમારા કાતરિયામાં ચડયા. એક પથારીના વીંટા ઉપર પડતું મૂકતાં બળબાબુ બોલ્યા,

'ઉમિયા, મામલો વિકટ છે. બેસ નીચે, સાંભળ.'

કહી તેમણે ડૉક્ટરની તપાસનું પરિણામ અને તેના સૂચવેલા ઉપાયો વર્ણવ્યા. બધી વાતની સમાપ્તિ કરતાં તે બોલ્યાઃ 'અને ઉમિયા, એણે કહ્યું " આ 'નર્ઝ'ના રોગના

ઘણા ઉપાયો છે પણ સુખી લગ્ન જેવો તેનો એકે બીજો ઇલાજ નથી." અને અમારી રાધીમાંની તરફ એના ડોળા એણે ફેરવ્યા. મને તો એ ડોળા ખોતરી કાઢવાનું મન થયું. બ્રાહ્મણની વિધવાને લગ્ન અને તે ય સુખી લગ્ન! અને પેલી ડોસી પર પોતે વીજળી ફેંકતો હતો તેનું તો તેને ભાન જ ક્યાંથી હોય? આ વિલાયત ભણી આવેલા લોકો પોતાના રોગીને અનુકૂળ દવા આપવાને બદલે દવાને અનુકૂળ રોગીને થવાનું કહે છે. આ હિંદુ ધર્મની વિધવાના રોગોની દવા તેમને વિધવા રાખીને તેમણે શોધવી જોઈએ. 'લગ્ન કરો.' બોલી નાખ્યું! પણ એ બાબાઓને ખબર છે કે...' તે અટકી પડ્યા. તેમનો પોલાદી પંજો તેમના વાળમાં કોઈ મોટા પાંચપગી જંતુ માફક પસર્યો.

મને થયું આ હમણાં પોતાનાં બાબરાં ફાંસી નાખશે! તેમણે વાળને મુઠ્ઠીમાં પકડી મસળવા માંડ્યા. તે ખેંચવાના દર્દથી હો કોક બીજા દર્દથી તેમના ચેહરાની ચામડી ખેંચાઈ. વાળને છોડીને, જાણે કોઈ ઊંડા અરોચક વિચારને ખંખેરતા હોય તેમ માથાના વાળને ખંખેરતા તે ઊભા થઈ ગયા અને ચાલી નીકળ્યા. અમે હજી ખાધું ન હતું.

બળબાણુને પાછા બોલાવવાની મારી હિમ્મત ન ચાલી.

ભૂખ, ભૂખ, ભૂખ! અને તે ય કેટલીક જાતની! એકલા પેટને ભૂખ લાગતી હોય તો બસ છે. હું વિચાર કરી રહ્યો. પણ શરીરની, મનની—ના, ના, એ

બધી શું કરવા ગણવી? અને એ દરેક ભૂખને પૂરી પાડવાની કેટલી પંચાત, કેટલો ઘોર સંગ્રામ! આ અમારી દશા જુઓને! વીશીના રોટલા ખાતાંખાતાં વાજ આવી ગયા. અને પોતાના તો નહિ પણ કોકના યે ઘરમાં મીઠાશનો રોટલો ખાવા મળતો થયો ત્યાં તો તેય ઘરમાં આગ લાગી! અને પાછા અમારે તો પતરાં, ચૂલા, મરચાં, રસોયાનો મિજાજ અને પેટની ભૂખ એ પંચાગ્નિ તાપવાના શરૂ થઈ ગયા. પણ અમારા જો પંચાગ્નિ તો પેલી બિચારીના કેટલા અગ્નિ! કેવળ પેટના જ નહિ પણ શરીરને રૂંવેરૂંવે પ્રગટતા અગ્નિની કેટલી ધૂણીઓ ગણવી? મને થયું, માણસના દુઃખનો મટાડ એક જ છે. નાના દુઃખને મટાડવા કોક મોટું દુઃખ લઈ આવવું. સાચે જ, મારી ભૂખની હવે મને પરવા ન રહી!

મને ઘણા વિચાર તો રાધીમાના જ આવ્યા કરતા. વસુમતી તો એક જાગૃતમૂર્છિત જેવી અવસ્થામાં રહેતી હતી, એટલે તે તો જાણે વેદનામાંથી તરી પાર ઊતરી ગઈ હોય એમ લાગતું. પણ રાધીમા? પોતાની પુત્રવધુના સુખને ખાતર જ જીવતી એ વૃદ્ધા પેલી દુખિયારીને સુખ આપવાનો દાક્તરે બતાવેલો ઇલાજ કેવી રીતે લઈ શકશે? જન્મો-જન્મથી અને વંશપરંપરાથી ઊતરી આવેલા સંસ્કારોને એ કેવી રીતે છોડી શકશે? પણ એમ નહિ કરી શકે તો તે આ નજર આગળ સળગી રહેલી પોતાની પુત્રવધૂને શું બળી જવા દેશે? સવાલ બહુ ભારે હતો. પોતાની ચામડીને આખા શરીર પરથી ઉખાડીને તેને ઊંધી કરીને ફરીને

પહેરવા જેવું આ કામ હતું.

માણુસમાં ગમે તેવા સંસ્કારો હોય પણુ આત્મરક્ષણુની વૃત્તિ જ ઘણીવાર જીતી જાય છે. માણુસ પોતાનો વિનાશ એક જ સંજોગોમાં થવા દે છે, કોઈ પરમ ધ્યેયને ખાતર. રાધીમાએ પોતાનું આટલું મોટું કુટુંબ નાશ થતું જોયું હતું. એ કુટુંબમાંથી એક જ સાથી બચ્યું હતું. હવે તેને ય મરતું જોવાની તેમની હિમ્મત ન હતી. 'વસુ જીવવી જોઈએ, સુખી થવી જોઈએ.' તેમના મનમાં થતું હશે. જે સંસ્કારોને ખાતર એક વખત માણુસ જાન ખોવા તૈયાર થતા તેને હવે સંસ્કાર જ કોણુ કહે છે? હવે સ્ત્રીએ આજીવન વૈધવ્ય પાળવું જ એવું કોઈ પણુ સંસ્કારદ્રષ્ટા કહેતો નથી. જેને બળાત્કારે વૈધવ્ય પળાવવામાં આવે છે તેની વાસનાનાં પાણી પત્થરમાંથી ય માર્ગ કરીને વહે છે. વસુ તો ડાહી હતી. અને એટલે જ આમ પીડાતી હતી. નહિ તો...

અમે તે પછી અવારનવાર એમને ત્યાં જતા. દાક્તરની દવા ચાલુ કરી હતી. પણુ ધાર્યો સુધારો થયો ન હતો. દરેક વખતે દાક્તર દવા આપતી વખતે પોતાની વાત કહેતો. અને અહીં વસુમતીના વલવલાટ, અર્ધમૂર્છામાં નીકળતા ઉદ્‌ગારો, એ બેની બે બાજુથી ચાલતી શારડી વચ્ચે ગમે તેવું વજ્ર જેવું કે સંસ્કારજડ કાળજું પણુ વીંધાઈ જાય.

રાધીમા વસુમતીને માટે સૂચવેલો ઉપાય લેવા છેવટે તૈયાર થયાં. અને એકવાર અમે સાંજે ઊંઘતી વસુમતીની

પાસે બેઠા હતા ત્યારે તેમણે જ વાત ઉપાડી.

'ભાઈ, આમને આમ ક્યાં લગી ખેંચીશું? જો દાક્તર કહે છે તે જ ઉપાય હોય તો તેમ કરીએ!' હતાશ નિરાધારીથી તે બોલ્યાં. 'પણ હજી યે વાત તો એટલી જ અધરી છે!' તેમણે અમારા તરફ જોયું. તે કાંઈક કહેવા માગતાં હોય પણ તેમનાથી કહેવાતું ન હોય તેમ લાગ્યું. એટલામાં વસુમતીએ એક ઊંહકાર કર્યો અને અમારું ધ્યાન તેના તરફ ખેંચાયું. તેણે લવરી શરૂ કરી. 'ઓ મા...બળબાણુ...એ આવે...નાસી જાઓ...ચાલો ચાલો... ઓરે...હી...હી.' અને તે એકદમ બેઠી થઈ ગઈ અને ડોળા ફાડીને જોવા લાગી અને બોલવા લાગી. 'કેમ આવ્યા છો? શું લાવ્યા છો? બાણુજીને લાવ્યા છો?'

રાધીમાએ તેને હાથ પકડી સુવાડી દીધીઃ 'સૂઈ જા, બેટા, જો બળબાણુ આવ્યા છે. અહીં જ બેઠા છે!'

'ત્યારે મને કહેતાં કેમ નથી? તમારે મને મારી નાંખવી લાગે છે!' અને બળબાણુ ઉપર તેની નજર ઋજુ માર્દવથી ઢળી અને તેમને આખાને આખા ગળી જતી હોય તેમ તેની આંખો તેમના તરફ તાકીને ધીરેથી મીંચાઈ ગઈ.

તેના કપાળને પંપાળતાં રાધીમા બોલ્યાં, 'બાણુભાઈ, તમને વસુ બહુ યાદ કરે છે!' અને અમારા બંને તરફ સહેજ ક્ષોભ ભરી નજર નાખી તેમણે આંખો ફેરવી લીધી.

•

આઠેક દિવસ પછી છાપખાનાના પાણીના નળે જ્યાં

અનેક બીબાં ધોવાતાં હતાં ત્યાં હું મારું શરીર ધોઈ રહ્યો હતો. ધોઈને નિચોવેલાં કપડાંની ઢગલી પાસેના એક કમ્પોઝિટરના ઊંચા સાંકડા ટેબલ પર પડી હતી. સાબુથી રક્ષણ મેળવવા અને પાણીનો લોટો શોધવા હું આંખોને વચ્ચે વચ્ચે ઉઘાડવાસ કરતો.હતો, ત્યાં બળબાબુનો અવાજ સંભળાયો. 'ઊમિયા, તારું આ સનાન તો બહુ ચાલ્યું!'

'હા, જુવોને પેલા છાપામાં જરી. આજની મરણ-સંખ્યા કેટલી છે? તેટલા લોટા ઢોળી લઉં જરા!' અને મેં ગીતા પાઠની ઢબે બોલવા માંડ્યું:

'વસુધૈવ કુટુમ્બકમ્—વસુધૈવ કુટુમ્બકમ્'

'સાલા, તું જીવતો નહિ રહે હોં!' બળબાબુ ત્રાડીને બોલ્યા અને પછી એકદમ તે શાંત થઈ ગયા. અર્ધી આંખે મેં જોયું કે તેમના મોં પર કોક અપૂર્વ ગંભીરાઈ આવી ગઈ છે. તેમણે કહ્યું, 'મયા, તું નાહી લે ઉતાવળે. મારે તને એક વાત કહેવી છે!'

થોડીવારે અમારા કાતરિયામાં હું કાંસકાથી વાળ સાફ કરતો હતો ત્યારે મારી પાસે આવીને મારા હાથમાંથી કાંસકો લઈ લઈ ને બળબાબુ બોલ્યા. 'હું પરણવાનો છું.... વસુમતીને...કાલે પૂર્ણિમાએ...આપણે થોડીક તૈયારીઓ કરવાની છે. ચાલ, જલ્દી કર જરા!'

મારા ઊભરાતા આશ્ચર્ય ઉપર ખૂચ પર ખૂચ લગાવી તે બોલી ગયા. અને એ રૂંધાયેલા આશ્ચર્યને મનની બાટલી-માં જ ભરી રાખી હું તેમની પાછળ ચાલ્યો.

એક ધરખટલાને માટે જોઈતી ઘરથી માંડીને લગ્નના

પુરોહિત સુધીની બધી ચીજોની વ્યવસ્થા કરી અમે મોડી રાતે 'ઘેર' આવ્યા. બળભાણુ પથારીમાં પડતાં વેંત જ ઊંઘી ગયા. મારા થાકેલા શરીરના મગજમાં આ પુરુષ અને પેલી બે સ્ત્રીઓ એમ ત્રણેના વિચાર આખી રાત ઘૂમી રહ્યા.

એ ઘર કોનું હતું તે ખબર નથી. અણીને વખતે કેવા સહાયકો મળી રહે છે, કેવી સહાનુભૂતિ મળી રહે છે, કેવી સગવડો મળી રહે છે એ જોતાં મને ક્ષણેક તો લાગે છે કે જિન્દગી સાવ નાખી દેવા જેવી ચીજ નથી.

જે મકાનના બીજા માળના બે ઓરડાઓ બળભાણુને માટે અમે લીધા હતા, તેના વચલા વિશાળ ચોકમાં લગ્નની તૈયારીઓ થઈ રહી હતી. હું ચોકને ફરતી ૨વેશમાં આડી-તેડી મદદ કરતો ઊભો હતો. અમારા આર્ય પુરોહિત પંડિત પ્રિયદત્ત શર્મા લગનને માટેની બધી સામગ્રી જાતે જ લઈ આવ્યા હતા. પોતે સાથે આણેલો તાંબાનો હવનકુંડ ચોક વચ્ચે ગોઠવી તેમાં તે સમિધની લાકડીઓ, લાટીમાં વળીઓ હોય છે તેમ એક બીજાને ટેકે ત્રાંસી ગોઠવી રહ્યા હતા. એમની ગાંઠ વાળેલી ચોટલી એમના ભરાઉ શરીરની ગતિ સાથે આન્દોલિત થતી હતી. એમના મુખમાંથી વેદ મંત્રોનો આક્રો ઉચ્ચાર નીકળી રહ્યો હતો. તે મારા તરફ ફરીને બોલ્યા.

'અચ્છા, ભાઈજી, મેં તો અબ સંપૂર્ણ સજ્જ હૂં. આપ વર-વધૂ કો લે આઈએ.'

મારી નજર રવેશમાં અને આ લગભગ ખાલી રહેતા મકાનનાં ઉપરનીચેનાં બંધ બારણાં ઉપર બચ્ચાં ખાતર ચારો શોધવા નીકળેલી ચકલી પેઠે ફરી આવી. અહીં જાનૈયાઓ કેમ નથી ? કંઠ ભરીને ગાતી લગ્નપ્રિય જાનૈયણો કેમ નથી ? લગ્નની કશી હોહા કેમ નથી ? મકાન સાચવવા રહેતો એક ભૈયો એના બાંય સુધીના બાંડિયામાં ચાવીનો ઝૂમખો હાથે લટકાવીને ઉપરના દાદર પરથી ઊતર્યો. પાસેના ઓરડાઓ, જે અમે આ પ્રસંગ માટે ઉઘાડાવ્યા હતા તેમાં પાંચસાત જણ ન છાજતી શાંતિથી બેઠા હતા. એ અમારા છાપખાનાના સહનિવાસીઓ જ મુખ્યત્વે હતા.

હું અંદર ગયો. સફેદ સાલ્લામાં રાધીમા એમને ફરતી પડેલી કેટલીક વસ્તુઓની વચ્ચે બેઠાં હતાં. કાલિશંકરના માથા ઉપર એ જ રૂવાળી કાળી ટોપી હતી. અને તે રસ્તા ઉપર ઊઘડતી બારીમાંથી બહાર જોઈ રહ્યા હતા.

'કેટલી વાર છે ?' મેં પૂછ્યું અને બળબાણુ તથા વસુમતીને શોધવા નજર ઓરડામાં ફેરવી. પાસેના ઓરડા-માંથી આ અરોચક શાંતિને કાચની બંગડી પેઠે તોડતો એક હસવાનો અવાજ આવ્યો. અને એક બીજી સ્ત્રીનો ઝીણો અવાજ સંભળાયો. થોડીક કપડાંની હડફડ સંભળાઈ. અને હસીહસીને બેવડ થઈ જતી વસુમતી, અને તેને બાવડાથી ટટાર પકડી રાખવા પ્રયત્ન કરતી બીજી એક નમણી યુવતી બારણામાં દેખાઈ. તેની પાછળ બળબાણુ નીકળ્યા.

આછા પીળા સાળુમાં હાથે કંકણ ધારણ

ફરેલી, કપાળે સૌભાગ્યચંદ્રકવાળી વસુમતી, અને પાટલી-વાળું ધોતિયું, ઉપર ઝભ્મો, તથા માથે ટોપી પહેરેલા બળખાણુ બંને કોક નવાં જ પ્રાણીઓ લાગતાં હતાં. બળ-ખાણુ અસાધારણુ રીતે ગંભીર હતા. આ બે જણુને આવતાં જોઈ રાધીમાના મોં પર એક વિચિત્ર પ્રહર્ષ ઊડયો અને તે તરત જ ઘેરા વિષાદમાં પલટાઈ ગયો.

આ નાનકડા મંડળમાં કેવળ વસુમતી જ તેનું પ્રફુલ્લ પણુ અમાનુષી હાસ્ય, લગ્નની લહાણી, ગીત કે પ્રોલ્લાસ કે જે કહો તે રૂપે વેરતી જતી હતી. અને એ હાસ્યનું નિદાન સમજનાર એ જોઈને જરાકે પ્રફુલ્લિત થઈ શકે તેમ ન હતું. આ તે આનંદને અતિરેક છે કે રોગની પરાકાષ્ઠા છે? એ પ્રશ્ન મનમાં ઊઠતો.

લગ્નવેદી પાસે બંને જઈને બેઠાં. અમે બધા પુરુષ-મિત્રો પાસે પાથરેલી શેતરંજી પર બેઠા. રાધીમા અને પેલી યુવતી ઓરડાના ઊમરા પાસે જ રહ્યાં. પંડિતજીએ મંત્રા-ચ્ચાર શરૂ કર્યા.

મીઠી સુગંધવાળો ધૂપ કુંડમાંથી ઊંચે ચડવા લાગ્યો. રવેશની એક બાજુએ ચડતા સૂરજને તડકો ભીંત પરથી ઊતરી નીચે ચોકમાં સોનેરી શેતરંજી પેઠે બિછાવા લાગ્યો. અને ક્રમેક્રમે એ શેતરંજી મોટી થવા લાગી. કયાંકથી બે ચાર ખિસકોલીઓ ખટકખટક કરતી ઊંચી પૂછડીએ દોડતી રમવા આવી લાગી.

વસુમતીનું હાસ્ય તેના મોં પર એક સ્થાયી સ્મિત રૂપે જામી ગયું. અને કૌતુક ભરી આંખે તે આ બધું જોવા

લાગી. પંડિતે હસ્તમેળાપ કરાવ્યો. એ હાથ મળતાં વસુમતી ચોંકી ઊઠી. અને બેબાકળી બનીને તે આમતેમ જોવા લાગી.

પંડિતના મંત્રોચ્ચાર બહાર પસાર થતાં ગાડી ઘોડા મોટર આદિના અવાજ સાથે મળી જતા હતા. હોટેલમાં વાગતી રેકર્ડોનો સૂર એમાં કદીક ભળતો હતો. વળી કોક બંસરી-વાળો ભિખારી પણ થોડાક સંગીતના ટહૂકા કરી જતો હતો. કુંડમાં બળતાં લાકડાં અને હવિ તડતડ અવાજ સાથે ફૂટતાં હતાં, અને એમાં વસુમતીનું વીજળીના ઝબકાર જેવું હાસ્ય થોડેથોડે અંતરે ઝબકી જતું હતું.

સપ્તપદી સમાપ્ત કરીને પંડિતે હવે વર–વધૂને આશીર્વાદ આપ્યા. અને તે પછી બંને રાધીમાને પગે લાગવા ગયાં. ઊમરા પાસે બેઠેલાં ડોસીનો હાથ આ લોકોને માથે મુકાતી વેળા થરથર કંપી રહ્યો, અને પોતાના કાંપતા હોઠને તેમણે સાલ્લાને હાથ પર લઈ તેની હેઠળ ઢાંકી દીધા. તેમના મોમાંથી અસ્પષ્ટ શબ્દો નીકળ્યા: 'સુખી થજો, બેટા ! અખંડ સૌભાગ્ય !'

તડકાની સોનેરી શેતરંજી અડધા ચોકમાં પથરાઈ ગઈ હતી. અને તેની પાસે જ યજ્ઞકુંડ જાગેલા પ્રણયની પેઠે સળગી રહ્યો હતો.

પ્રણામ કરવાને વાંકી વળેલી વસુમતી ટટાર થતાં જાણે એક વેદના અનુભવી રહી. તેણે ઊભા થતાં બળબાખુનો હાથ પકડી લીધો. પેલી યુવતીએ વસુમતીને પકડી અને મેડા ઉપરના ઓરડા તરફ અમે ચાલ્યાં.

લગ્ન થઈ ગયા પછી દરેકના હૃદયમાં એક મોકળાશ

પ્રવેશી. રસ્તા પરના કોક મકાનના પડુપડુ થતા પાટડાની નીચેથી પસાર થતાં જેવો ભાવ અનુભવીએ છીએ તેવો ભાવ અત્યાર સુધી દરેકના હ્રદયમાં હતો. કંઈક થયું તો?

જાણે વાદળ વેરાઈ ગયું હતું. અને સર્વને અભીષ્ટ પ્રાપ્ત થયું હતું. એક શુભ ઘટના બની હતી એમ દરેક અનુભવતું હતું. રાખમાંથી જીવતાં થયેલાં માણસ પેઠે આ બે સ્ત્રીઓ નવા જ અવતારે જીવન શરૂ કરતી હતી. પણ આખો જનમ યાતના અછત અને એકલતામાં વિતાવનારને આ સુખ સ્વપ્ન જેવું જ હજી લાગતું હતું.

વસુમતી ભાનમાં હતી કે નહિ તે કળવું મુશ્કેલ હતું. તેની ભાષા કશું કહી આપતી ન હતી, આંખો કશું કહેતી ન હતી. એનું અંતર જાણવાની શકયતા તો એક જ જણ માટે હતી. તેના હાથમાં સોંપાયેલી એ સ્ત્રીને જોઈ બૅન્કની તિજોરીમાં ઝવેરાતની પેટી મૂકી આવતાં થતો સલામતીનો ભાવ અનુભવાતો હતો.

વસુમતી દાદર ચડતાં ચડતાં ખૂબ સ્વસ્થતાથી વેણી ગૂંથેલા ઉઘાડે માથે અમારા તરફ જોતી એનો લાક્ષણિક વિનોદ વેરતી જતી હતી. હવે તો મિષ્ટ ભોજનનો જ કાર્યક્રમ બાકી હતો એટલે દરેકના હ્રદયમાં નીચે ચોકમાં પથરાયેલા તડકા જેવી પ્રફુલ્લિતા હતી.

અમે ઓરડામાં પેઠા. પડખેની ભીંતે તાજો આણેલો પલંગ ગાદલા સાથે બિછાવેલો પડયો હતો. અને અમે આસપાસ વેરાવાનું કરતા હતા ત્યાં જ વસુમતીએ એક ચીસ નાખી. હું એકદમ તેના તરફ ફર્યો.

બળબાણુ તેની પાસે જ હતા. તેમણે તેને હાથમાં ઝીલી

લીધી. ઝિલાયેલી વસુમતીની વેદનાથી મીંચાઈ ગયેલી આંખ ઊઘડી અને. બળબાબુને હૃદયમાં ઉતારી લેતી હોય તેમ તેમના તરફ તાકી રહીને તે ધીરેથી બીડાઈ ગઈ.

'બળબાબુ, વ્હાલા!' તેના મોંમાંથી શબ્દ નીકળ્યો. બીજા નીકળવા માગતા શબ્દોને તેના વેદનાથી ભિડાતા હોઠે હૃદયમાં જ પૂરી રાખ્યા.

બળબાબુ વસુમતીને ઉપાડી પેલા પલંગ ઉપર લઈ ગયા. વાતાવરણ એકદમ તંગ બની ગયું. એકાદ જણ ડાક્ટરના તરફ દોડયો. વસુમતીની નાડી પકડીને બળબાબુ ચિંતાતુર વદને તેનો સૂકો સૌંદર્યવાન ચહેરો જોઈ રહ્યા. તેમની ભ્રમરો સંકોડાતી જતી હતી. તેમની ગોળ ચશ્માં નીચેની આંખોમાં પાણી દેખાયાં. તેને અટકાવવાનો પ્રયત્ન કર્યા વિના કોક મરણિયાની પેઠે તેમણે પોતાનો હાથ ધીમેથી વસુમતીના હૃદય તરફ લીધો. એ સ્ત્રીના અંતરતલને સ્પર્શી ચૂકેલા એ પુરુષનો, તેના ધબકતા હૃદયને સ્પર્શવાનો અધિકારી બનેલો હાથ એક અપૂર્વ સ્ત્રીહૃદયના છેલ્લા ધબકારાને અનુભવી રહ્યો.

વસુમતીના શરીરમાં જાણે વેદના જ ન હતી. ફરીથી એક વાર તેની આંખો ઊઘડી. બળબાબુને મને અને પાસે ઊભેલાં રાધીમાને તે આંખોએ ધારી ધારીને જોયાં અને બિડાઈ ગઈ.

પ્રિયજનના હૂંફાળા હાથ નીચે તેનું હૃદય છેવટની શીતળતામાં સરી ગયું.

અને રસ્તા પરથી સામેની હોટલવાળાએ મૂકેલી રેકર્ડ કોક લગ્નોત્સવ ઉજવતી હોય તેમ વાગવા લાગી.

હા...હા! હા...હા!

# ગટ્ટી

વીરજી હેલાળો નમતે બપોરે ફળિયામાં દાખલ થયો ત્યારે ઘરના ખૂણાની ઓટલી પર આંખો મીંચીને પડી રહેલું કાળિયું ડાઉંડાઉં કરતું જાગી ઊઠ્યું, અને આ અજાણ્યાને જોઈ વધારે ભસવા લાગ્યું. વીરજી-હેલાળાએ માથેથી ફેંટો ઉતારી લીધો અને ડાબા હાથની લાકડી બગલમાં મારી દઈ, જમણા હાથની હથેળીનો ખોબો કરી, કૂતરા ભણી ધરી બોલ્યો : ' બુચબુચ, કાળિયા, ભૂલી ગયો મને કે ? બુચબુચ...' અને જાણે કોક જૂનો ઓળખીતો સાદ સંભળાતો હોય તેમ કાળિયો ચૂપ થઈ વીરજી હેલાળાના પગ સાથે શરીર ઘસવા મંડ્યો.

વીરજી હેલાળો ઘરને આંગણે ગયો. બપોરના તડકા ઘરમાં પેઠા હતા. તડકામાં એક ટાટિયા પર ચોખાની કણક અને એક નાની ખાટલી પર થોડાક તાજા વણેલા પાપડ સૂકવ્યાં હતાં. વીરજીની સાથે કાળિયાને આવેલો જોઈ કાંઈ ખાદ્ય તત્ત્વની શોધ કરતી બિલાડી સડપ લઈને અંદરના ઓરડામાં સરકી ગઈ.

' અરે, માર માર, ગટ્ટી ભાભી ! કોઈ ઢોર કણકીઓ ખાઈ જતું હશે ! ' અંદરથી અવાજ આવ્યો. અને એક

એકદમ ટૂંકા કદની પણ સ્ત્રીત્વનાં લક્ષણોથી ભરેલી સ્ત્રી જેવી છોકરી પગની કાંબી અને સાંકળાંનો આછો અવાજ ઉપજાવતી હાથમાં વેલણુ સાથે વેગથી નીકળી આવી.

'મૈર મારી ભોજાઈ, અહીં શું આવી છે ?' પોતાના દુશ્મનની જાતિ અને તેની સાથેનું સગપણુ અદશ્ય રીતે નક્કી કરીને, તેને સંબોધન કરતી ધસી આવતી તે સ્ત્રીએ બારણાને પોતાની ઊંચાઈથી ભરી દેતો એક પુરુષ જોયો. તે પુરુષના પગમાં કાળિયું વહાલથી લપેટાતું હતું. તે સ્ત્રીની આંખો ઘડી વાર ચકળવકળ થઈ ગઈ. માથા પરથી સરી ગયેલા છેડાને તેણે એકદમ ઓઢી લીધો અને ઘૂંઘટો ખેંચી તે એકદમ અંદર જતી રહી.

માથેથી ઓઢણું સરી પડેલા એ મોઢાની ગોળ હડપચી, પાતળા સહેજ લાંબા હોઠ, અણિયાળું જરાક બેઠેલું નાક, તે પરનો ધોળી ચૂનીનો કાંટો, કાનમાં લટકતું સોનાનું લોળિયું, આંખની મેંશ અને કપાળનો ચાંલ્લો—એ બધું વીરજીએ જોયું ન જોયું, તેનો વિચાર કર્યો ન કર્યો ત્યાં ઓરડાની અંદર 'કયમ અલી ગટ્ટી ભાભી, આમ કેમ ?' 'કોણુ આવ્યું છે ?' 'જો મંછી, કોણુ છે તો ?' વગેરે અવાજો ઉત્પન્ન થયા. અને બારેક વરસની, ઘેરદાર ઘાઘરી અને લીલી તસતસતી ચોળી પહેરેલી, માથું તાજું ગૂંથેલી તોફાની આંખવાળી મંછા બહાર આવી અને બંને હાથથી તાળી પાડી બોલી ઊઠી.

'ઓ મા, ભઈ આવ્યા, ભઈ!' તેના કાંડા પરની બંગડીઓ રણકી રહી. તે અંદર દોડી ગઈ. અને

અંદરથી ધીરે પગલે, માથે સહેજ સફેદ થએલા વાળ, હાથનાં દૂબળાં થયેલાં કાંડાં, અને બેઠેલા ગાલ વાળી વીરજીની મા આવી.

'એ મા, દીકરા, આવ્યો બા! તારી તો કાગને ડોળે વાટ જોઈએ છીએ.' તેનો ધીમો, મીઠો અને લાગણીભર્યો અવાજ વીરજી સાંભળી રહ્યો. વીરજીના હાથમાંનું પોટલું લઈ લઈને તે બોલી: 'આવ ભાઈ, જરા નીચો વળજે, હોં.'

વીરજી બારસાખમાં માથું ન ભટકાય એવી રીતે નમીને અંદર દાખલ થયો. તેની સાથે જ અંદર આવવા જતા કાળિયાને 'હડે' ના મંદ સ્વાગતથી નવાજી બહાર જવાને રાજી કર્યું. મંછાએ ખૂણામાં નીચા પાયાનો એક ખાટલો ઢાળ્યો. અને ઉપર એક છેડે રાતા પટાવાળી ધોળી ગોદડી પાથરી. બારણા આગળ જોડા કાઢી વીરજી ખાટલા પાસે ગયો. માના હાથમાંથી ભાઈનું પોટલું ખેંચી લઈ મંછા તેને છોડવા લાગી.

'રહેવા દે, મંછી, વંતરી જેવી છે ને!' ગુસ્સો પણ જેનો શાંત દેખાતો એવી રેવાએ કહ્યું. 'ઊઠ, ભાઈને પાણી આપ.'

પોતાને મળેલી આજ્ઞાને બીજા પર ઢોળતી તે લહેકો કરી બોલી:

'હાં રે, ગટ્ટી ભાભી, પાણી લાવો ભાઈને માટે. તમારે માટે ભાઈ શું લાવ્યા છે તે હું જોઉં છું જરા!'

તોફાની ચબરાક મંછાને પોટલું ફેંદવા દઈને રેવાએ

દીકરાની ખબરઅંતરો પૂછી :

'માડી, આઠ વરસે તેં ઘર દીઠું ! દીકરા, શરીર સારું છે ને ભા !......એ વહુ, પાણી કેમ ના લાવી હજી ? તે એમ બારણા ઓથે કેમ લપાઈ રહી છે ?'

'ઓ મા, ગટ્ટી ભાભી તો ભાઈને જુએ છે. તાકી તાકીને !' છોડેલા પોટલામાંની ચીજો તપાસતી મંછા બોલી અને અંદરના ઓરડામાં કોઈના તરફ તેણે હાથનો અંગૂઠો હલાવ્યો. માથાનો ઘૂંઘટ વધારે ખેંચીને વહુ ખાટલાના પાયા પાસે લોટો અને તેના પર પ્યાલો મૂકીને અંદર સરી ગઈ.

પાપડ વણવા આવેલ આડોશીપાડોશી સ્ત્રીઓ અંદરથી નીકળી આવી અને વચલા ખંડનું બારણું ભરી દઈને ઊભી રહી. વીરજી હેલ્લાળાને સંબોધાતી, કે સ્વગત ઉચ્ચારાતી, કે માંહેમાંહે બોલાતી ઉક્તિઓ હવે સરવા માંડી :

'કેમ વીરજીભાઈ, સારા છો ને ?

'કેમ નાનાભાઈ ?'

'ઓ મા, મેં તો પહેલીવાર જ દીઠા !'

'ભાઈ તો બહુ મોટા થઈ ગયા !'

'ભાણાભાઈ, શરીર સારું છે ને મા ? સારું કરે અંબા મા !'

'હા, ફોઈ.' 'હા, ભાભી.' 'હા, બેન.' હા, માસી.' વગેરે જવાબ આપતાં વીરજીએ લોટા પરથી પ્યાલું હેઠળ મૂકી દઈને લોટો મોઢે માંડ્યો અને ગટગટાવીને ખાલી કર્યો. પછી તેણે ગજવામાંથી તૈયાર બીડી અને દીવાસળીની પેટી કાઢી. બેત્રણ દીવાસળી સળગ્યા વગર જ ઘસાઈ ગઈ. પેટી

ખાલી થયેલી જોઈને રેવાએ કહ્યું :

'મંછા, ચૂલામાંથી દેવતા લાવી આપ ભાઈને.'

એનો પડઘો કૈલાઈને લંબાતો હોય તેમ અંદરથી અવાજ સંભળાયો :

'જાવ. ગટ્ટી ભાભી, દેવતા લાવી આપો ભાઈને. અમારો પાપડ અધૂરો છે.'

વહુ સળગતું કરાંઠું ઊમરા ઉપર લાવીને મૂકી ગઈ. વીરજીએ બીડી સળગાવી. તેના મોંમાંથી નીકળતા ધુમાડાને હાથવતી વીંઝતી અને વચ્ચેવચ્ચે ખોંખોં કરતી રેવાએ ઘરની બધી આડીતેડી વાતો સંભળાવી. એક વારનો બોલકણો ને ચપળ છોકરો શહેરના નિવાસને લીધે મૂંજી અને ઢીલો થઈ ગયેલો તેણે જોયો. વાત સાંભળતાં સાંભળતાં વીરજી બીડી પીવી ભૂલી જતો અને હોલવાઈ જવા જેવી થાય ત્યારે રેવા પાછું યાદ આપતી : 'ભઈ, બીડી પી લે. હોલવાઈ જશે.' પરદેશ વેઠતા દીકરાને બધી વાતથી માહિત-ગાર કરીને રેવા બોલી :

'ભઈ, તારાં સાસરિયાં પાધરાં નથી. તને મળવા તો અમે વરસે ને વરસે શહેરમાં આવી જતાં. પણ તને તારો પગાર કપાવીને ઘેર બોલાવવો પડે તે સગાં માણસ માને નહિ ત્યારે ને! "જમાઈ જોડે લઈ જાય તો અમારી દીકરી મોકલીએ." એ વગર બીજી વાત જ તારી સાસુને કરવાની નહિ. ભાઈ, આ તારી વહુ રહી. હવે, દિવાળી કરો, ખાઓ પીઓ અને તમે તમારું ઘર સંભાળી લ્યો.'

નમતા પહોરનો તડકો લંબાતો જતો હતો. રેવાના

સાડલાને ગરમ કરી તેના વાંસાને તે અડયો ત્યારે રેવા ધ્યાનભંગ થઈ. વાતમાં બોલાતા અવાજથી જુદા લાંબા અવાજે 'ઓ રામ!' બોલીને ઢીંચણે હાથ ટેકવી તે ઊભી થઈ.

'ઢોર આવ્યાની વેળા થઈ. ચાલો હું ગોતાની તૈયારી કરું. અલી મંછી, હવે પાપડ વણીને બે ય નણંદભોજાઈ ચાર બેડાં પાણી ભરી આવજો.' એમ કહીને તે બહાર જતી રહી.

વીરજી ઘર બહાર જતી માને જોઈ રહ્યો. માથે ઓઢવા ઊંચો કરેલો હાથ રેવાએ નીચે કર્યો ત્યારે હાથ પર ચડેલું બલૈયું ઠચ અવાજ સાથે કાંડા પર ઊતરી પડયું. વીરજી મૂંગોમૂંગો જોઈ રહ્યો. તેણે પાણીનો લોટો ખાટલા નીચે ધકેલ્યો અને ફેંટાનું ઓશીકું કરી, ગોદડી બગડે નહિ એ રીતે પગને ખાટલા બહાર રાખી પોતે લંબાયો.

સૂકવેલી કણકી ખાવા બેચાર ચકલીઓ આવી. ઓરડામાંથી ધીર ગંભીર ગતિએ આવતી બિલાડીને જોઈ ચકલીઓ ચીંચીં કરતી ઊડી ગઈ. બિલાડી ઊમરા પર બેસીને ડીલ ચાટવા લાગી. વીરજીની આંખ ઘડીક મીંચાઈ. અદૃશ્ય બનેલી દુનિયામાં ઓરડામાં કાંસાની થાળીઓ પર પાપડ વણતાં વેલણોના થતા મીઠા કડંકડ અવાજને તે સાંભળી રહ્યો. રેવાને બહાર ગયેલી જોઈ અંદરનું નારીમંડળ કાંઈક વધુ વાચાળ થયું.

'અલી મંછી, જો તો ખરી, તારા ભાઈ જાગે છે કે નહિ?' અંદરથી એક પાકટ અવાજ આવ્યો. વીરજીએ

જઈને મોં ધોયું અને ઓટલા પર જ લોટો મૂકી દઈને મોં લૂછતાં લૂછતાં બોલ્યો :

'મા, હું જઉં છું જરા બહાર!' અને ખભા પરનો રૂમાલ માથે વીંટી તે ચાલી નીકળ્યો.

વીરજી ત્રણે વરસે ગામ આવ્યો એટલે તેના મિત્રોએ રાત્રે બેઠક રાખી. તેનો બાળપણનો ભાઈબંધ શામદા તેને તેડવા આવ્યો ત્યારે વીરજી ખાતો હતો. તેણે ઉતાવળે ખાવાનું પતાવી લીધું. એટલે રેવાએ વહુનો વાંક કાઢયો કે વહુએ ખાવાનું સારું નથી કર્યું. માથે ફેંટો વીંટતાં વીંટતાં વીરજી બોલ્યો: 'મંછી, મારી પોટલીમાંથી બીડીનો ગડો લાવ જોઈએ.' પચીસ બીડીનો ગડો તેણે ખિસ્સામાં નાખ્યો અને બંને જણ ચાલવા લાગ્યા ત્યારે રેવાએ કહ્યું કે 'ભાઈ, વહેલો ઘેર આવજે. શામદા, બહુ રાત ભાંગશો ના.' 'હાં'નો હળવો અવાજ કરી બંને ચાલ્યા.

બંનેએ બીડી સળગાવી. અંધારામાં મોઢામાં તગતગતી અણીવાળી બીડીઓ રાખીને ફળિયામાં બાંધેલાં ઢોરમાંથી માર્ગ કરતા તેઓ આગળ વધ્યા.

'લોકો છેક સમીસાંજના ઘરમાં પેસી જાય છે.' વીરજી ધીરેથી બોલ્યો. દસબાર ઘરના ફળિયામાં જે ત્રણેક ઘરમાં વસ્તી હતી તે પણ બંધ હતાં. એક ઘરનાં બારણાંની તડમાંથી પ્રકાશ અને છોકરાંના રડવાના તથા માણસોની હેરફેરના અવાજ આવતા હતા. કોક ખોંખો કરતું હતું અને એક નાનું બાળક ખૂબ ચીસો પાડતું હતું.

'મરી જાવની બધાં! મારે ગળે કેમ વળગ્યાં છો?

મનેય મોત લઈ જાય તો હવે છૂટકો થાય.' અવાજ જરા નરમ પડચો અને પંપાળતો બન્યો: 'લે લે, સૂઈ જા હવે, માડી.'

'શું છે આ?' વીરજીએ પૂછ્યું.

'રઘો માંદો છે અને બાયડીને સુવાવડ છે.' શામદા બોલ્યો. 'પેલા ઘરમાં સાવજી રહે છે તે પરગામ ગયો છે. બાયડી નાસી ગઈ છે તે ખોળવા.' ઓછી થએલી વસ્તીનાં શામદાએ કારણ બતાવવા માંડ્યાં: 'અને તું આ આઠ વરસ રહી આવ્યો એટલામાં તો જોને, આ તારું ફળિયું જ ખલાસ થઈ ગયું. બધાં મરી પરવાર્યાં. પેલો આપણો ચતુરો બીજી બાયડી કરવા ગયો, પહેલીને છોકરું નહોતું થતું એટલે. એટલે પહેલી યે જતી રહી અને બીજી હવે આવે ત્યારે! એ ય ચાર દહાડાથી લગનમાં ગયો છે. કાંઈ નાતમાં ભોગ ખાય તો ઠીક છે વળી.'

તેઓ આગળ ચાલતા હતા. ગામની નવાજૂની શામદા કહે જતો હતો અને વીરજી સાંભળ્યે જતો હતો. બીડીનો સડાકો લેતાં થતા મંદ ઉજાસ માત્રથી પણ વીરજીના ચહેરા પરના ભાવ જોઈ શકાય તેમ હતું. પણ શામદા તો ઊંધું ઘાલી પોતાની વાત જ કહે જતો હતો. શહેરની ધમાલમાં રહીને કંટાળેલો વીરજી મીઠા ઘરનાં, સુખી ગામનાં, અને આનંદી, આરામી જીવનનાં સ્વપ્ન સેવતો હતો. પણ ગામમાં પેઠો ત્યારથી જ એને તે ખાવા ધાતું લાગ્યું. કેટલાકે તો તેને ઓળખ્યો જ નહિ. અને જેમણે મહા મહેનતે ઓળખ્યો તેઓ 'વીરજી કે?' 'આવ્યો ભાઈ કે?' 'કેમ, સારો

છે ને ?' વગેરે ટૂંકાં સંબોધનોથી પતાવી દઈને જતા રહેતા તેને દેખાયા. જાણે તે આવ્યો જ ન હોય એમ ગામને તેણે પોતાના રોજના કામમાં મૂંગુંમૂંગું મંડી રહેતું જોયું. પોતે શહેરમાં ગયો ત્યારે જેવું ગામ મૂકી ગયો હતો તેવું તે હવે રહ્યું નહોતું. ગામનાં તેજ અને પ્રાણ બંને તેણે હરાયેલાં, દૂબળાં થયેલાં જોયાં. તેની સ્વાભાવિક ઉત્સાહમયતા અને વાચાળતા પણ સરી ગઈ જાણે.

ફળિયું વટાવીને તેઓ શેરીમાં આવ્યા. રસ્તા પર કેટલાંક ઘરની પછીતો પડતી હતી. કેટલાંક ઓટલાવાળાં ઘર, તો કેટલીક દુકાનો હતી. શિવલાલ ઠક્કરની દુકાનમાં વીજળો દીવો બળતો હતો અને લોકોના અવાજ પણ થતા હતા. તેઓ ચાલતા હતા તેવામાં એક ઘરની પછીતની બારી ઊઘડી. ઓરડામાંનો પ્રકાશ દેખાયો અને બારીમાં વસ્ત્ર વગરના ધડનો એક કાળો પડછાયો દેખાયો. બારીમાંથી તે માણસે પ્રશ્ન કર્યો :

'કોણ જાય છે ?'

'એ તો માસ્તર, હું, શામદા. કેમ છો, બબલો ઊંઘી ગયો કે ?' ખૂબ પરિચયભર્યા અવાજે શામદાએ જવાબ આપ્યો.

'કોણ રહે છે અહીં ?'

'નિશાળના માસ્તર.'

'બહુ ભાઈબંધી લાગે છે !'

'હોય હવે. નાના માણસને મોટું બેરું તે આવા ગામમાં વસમું પડે જરી. આપણે જરા કામ લાગીએ

એટલે ભાઈબંધી રાખે. નહિ તો બાકી એ જાત...'

તેમની વાત ચાલતી હતી ત્યાં રસ્તામાં એકદમ ઈંટો અને ધૂળ આવતાં લાગ્યાં. શામદાનો પગ ઠોકરાયો. 'એની માનો ભાટિયો, એનો બાપ કોઈ ખાનાર નથી એનું, તોય ઘર પર ઘર બંધાએ જાય છે.'

'આ ઘર તો કરસન ગોરનું હતું.'

'તે એ ઠક્કરને મળ્યું છે ગીરોમાં. હવે કોણ છોડાવવાનું છે? ભાઈએ હવે તેની હવેલી કરવા માંડી છે.'

શેરીને અંતે તેઓ બેએક ખાંચા વટાવીને શામદાના ફળિયામાં પેઠા. એક ઘર આગળ પહોળા ઓટલા ઉપર કેટલાક જુવાનિયા, ઉઘાડે, ફાળિયાં બાંધેલે કે ટોપી પહેરેલે માથે, ભીંત પર એક ખીંટીએ ટીંગાડેલા ફાનસને અજવાળે બેઠેલા દેખાયા. બંનેને આવતા જોઈ કેટલાક અવાજ બોલી ઊઠ્યા: 'આવો, વીરજીભાઈ, આવો, આવો.' અને ટોળાની વચ્ચે ભીંતને અઢેલીને વીરજી બેઠો. ઘડીવાર આછું હસવાનું, અને અરસપરસનાં મોઢાં જોવાનું ચાલ્યું. શામદા વીરજીને ઓટલા પર મૂકીને ઘરમાં સીધો ગયો અને ટોળા વચ્ચે પડેલા તંબાકુ પાનના ઢગલામાં તેણે વધારાનાં પાન તંબાકુ નાખ્યાં.

'વાળો, બીડીઓ વાળો, ભાયા.'

'અરે, વીરજીભાઈ આવ્યા છે તે તૈયાર બીડી નહિ પાય આજ?' એક લાલચુ અવાજ બોલ્યો. વીરજીએ મૂઠી ભરીને બીડીઓ કાઢીને નાખી. કેટલાકે તે લીધી અને બાકીનાએ પાનમાંથી જ બનાવા માંડી. બીડીઓના

ધુમાડામાં પછી વાતો નીકળવા માંડી.

'કહો ત્યારે વીરજીભાઈ, કાંઈ શહેરની નવાજૂની?' એકે પૂછ્યું.

'શહેરમાં તો રોજ નવાજૂની થાય. ગામની નવાજૂની કહો ને?' વીરજીએ કહ્યું.

'અરે શહેરમાં તે શું મારા ભાઈ, કંઈ કહેવાની વાત નહિ!' વીરજીનો મહેમાન થઈ ગયેલ એક જુવાન બોલ્યો. તેણે ડામરની બંધાતી સડકની, મ્યુનિસિપાલિટીના બંબાઓની, બાગની, સોન સતીના સીનેમાની અને વીરજી જે નવી ચાલમાં રહેવા ગયો હતો તેની વાતો, પોતે બધું યાદ રાખી શકે છે અને જોઈ આવ્યો છે એવી રીતના મહત્ત્વના ભાનથી કરી.

ગ્રામપક્ષે કોનાં ખેતરમાં કેટલું પાક્યું, બળદ કોણે નવા લીધા, શાહુકારોને કોણે પતાવ્યું, કયા ખેતરમાં કપાસ સારો થશે, કોને ત્યાં અઘરણી આવવાની છે, કોની બૈરી મરી ગઈ, કોનાં બારમાં રઝળી ગયાં અને સુધરી ગયાં અને છેવટે કોને કોને ઘેર છોકરાં પહેલીવાર આવ્યાં કે કેટલામી વાર આવ્યાં તેની વાતો રજુ થઈ.

એટલામાં ચા તૈયાર થઈ અને મૂળે પીતળનાં પણ દેખાવે સીસાના રંગનાં રકાબી પ્યાલામાં બધાને પીરસાઈ. પીતાંપીતાં થોડીક ચા પાથરણા પર પણ ઢોળાઈ. વીરજીની રહીસહી બીડીઓ પિવાઈ રહી. તેવે વખતે એક જણે કહ્યું:

'ત્યારે વીરજીભાઈ, હાલ તો રહેશો ને?'

'દિવાળી કરીને જવાનું.'

'ભાઈ, મારું માનો તો વહુને જોડે જ લઈ જજો.'

'હા ભાઈ, હવે જમાનો બદલાયો છે.'

વાર્તાલાપને બીજી દિશામાં દોરતો એક અવાજ આવ્યો: 'અરે સવારે મારે ગામ જવાનું છે. વહેલા ઊઠવું પડશે.'

'ચાલો શામદા, હું જઈશ ત્યારે.' બોલીને વીરજી અચાનક ઊભો થઈ ગયો. અને બેચાર જણ એક સામટા બોલી ઊઠ્યા:

'હાં હાં, વીરજીભાઈ, જોજો જોજો. માથું સંભાળજો જરા.'

એક જણે ધીરેથી કહ્યું: 'અરે, આ તે છાપરાં નીચાં થઈ ગયાં કે માણસ ઊંચા થઈ ગયા?' પણ તેની પ્રતિક્રિયા રૂપે માત્ર મોટેથી હસવું સંભળાયું.

વીરજી ઓટલો ઊતરી પડ્યો અને જોડા પહેરવા લાગ્યો, ત્યાં દૂરથી કોઈ ફાનસ લઈને આવતું દેખાયું.

'વીરજીભાઈને ભગતને ત્યાં બોલાવે છે.' આવનારે કહ્યું. રાત ગઈ હતી છતાં ઝાઝી આનાકાની વગર વીરજી ત્યાં ગયો. સાથે શામદા પણ ચાલ્યો.

ભગતને ત્યાં ભજનની રમઝટ જામી હતી. ગોવાળિયા માથે આવ્યા ત્યારે 'જય દાતાર' બોલી ભગતે તંબૂરો હેઠે મૂક્યો.

'ભાઈ વીરજી, ઘણે વરસે આવ્યો.'

'હા, ભગતજી.'

'ભાઈલા, દુનિયા ઘણી બદલાઈ ગઈ.'

'ખરી વાત, ભગતજી, કેમ વારુ?'

'દુનિયા બદલાય છે, પણ સુધરે છે કે બગડે છે તે કોણ કહે ?'

'તમે જ ભગતજી.' ત્યારે ભગત એક દોહરો બોલ્યા :

તુલસી આ સંસારમેં ભાતભાત કે લોક,
સબસે હિલમિલ ચાલિયે, નદી નાવ સંજોગ.

'આવતા રહેજો, ભાઈ, રહો ત્યાં લગી. રામજીનું ઘર છે. બેસીશું જરી.'

વીરજીને ઘર સુધી પહોંચાડવા શામદા જોડે આવ્યો. શિવલાલ ઠક્કરને ત્યાં ઊજળો દીવો, અંગારા જેવો બળતો પ્રકાશ પાડી બાળી રહ્યો હતો.

'આવ, જરા મળીએ.' કહી શામદા વીરજીનો હાથ ઝાલી શેઠને ઊમરે ચડયો. ચોપડામાંથી મોં ઊંચું કરતાં બારસાખને અડી રહેતા માથાવાળા માણસને જરા ધારીને જોઈને ઠક્કર બોલ્યા : 'ભલે ભલે, વીરજીભાઈ, આવો અંદર, માથું સંભાળજો. બારસાખ નીચી પડશે જરા.' બંને અંદર પેઠા. વીરજીના માથાનો ફેંટો માળિયા સાથે ઘસાતો હતો. શેઠે આપેલી બીડીઓ પીને બંને જણા બહાર નીકળ્યા. શામદા ત્યાંથી જ વિદાય થયો.

વીરજી પોતાના ફળિયામાં આવ્યો. કકળાટ કરનાર કૂતરાં અને રોકકળ કરનાર માણસ જાતનાં છોકરાં તથા સુવાવડી અને માંદી માણસ જાત, બધાં ઊંઘી ગયાં હતાં. તે નીચે માથે ઘર આગળ આવ્યો. આખા દહાડાના બનાવોથી, લોકોનાં વચનો અને વર્તનથી તેનું મગજ ધૂંધ-

વાઈ ગયા જેવું થયું હતું. પરણેલો ત્યારે જેને જોયેલી તે નાની, ભીને વાન છતાં ફૂટડી, નમણી, છોકરી તેને યાદ આવી. તે દિવસથી માંડી આજે આઠ વરસ સુધીમાં તે ચાર જ આંગળ ઊંચી થઈ હોય એમ તેને લાગ્યું. પોતાની સ્રીને સાથે લઈ જવાનો નિશ્ચય કરી તે ઘેર આવ્યો હતો, પણ પોતાની પરણેતરને હજી ભોંયમાં સમાતી જતી જોઈ તે નિરાશ-ઉદાસ થયો.

તેણે આંગણામાં પગ મૂક્યો. રેવા વાટ જોઈજોઈને સૂઈ ગઈ હતી. પણ ઊંઘી ન હતી. તેનાં પગલાં સાંભળી તે અંદરથી બોલી: 'ભાઈ, આવ્યો ? બહુ રાત ગઈ. સામા ઘરમાં તારે સૂવાનું છે, બા. પાણીબાણી ત્યાં બધું છે.'

વીરજી સામેના ઘર તરફ વળ્યો. અંદરથી વાસ્યા વગરનું બારણું હાથ દેતાં વાર ઊઘડી ગયું. સામેના ઓરડામાં ભીંતે ચાડા પર મૂકેલું દીવેલનું કોડિયું આછો મીઠો પ્રકાશ રેલાવતું હતું. વચલા બારણામાં થઈને આવતો પ્રકાશ પીળી ચાદર જેવો પરસાળ પર પથરાતો હતો. વીરજીએ ખૂણામાં જોડા કાઢ્યા. એક ખૂણામાં બાંધેલી ભેંસે ફૂંફાડો કર્યો.

તે વચલા બારણામાં થઈ અંદરના ખંડમાં પેઠો, અને બારણું વાસવા ફર્યો, ત્યાં તેણે કંઈક અવાજ સાંભળ્યો. ઓરડામાં બે નાના મોટા ખાટલા હતા. નાના ખાટલા પર તેની પત્ની સૂતી હતી. ભીંત પરથી આવતું અજવાળું તેના માથા પર પડતું હતું. ધૂપેલ નાખી હોળેલું માથું

આછો ઝગારો મારતું હતું. નાક પરની ચૂની મંગળના તારાની જેમ ચમકતી હતી. ઓઢેલા લૂગડાની બહાર અર્ધા રહેલા તેના હાથ પરની સોને મઢેલી ચૂડી અને બંગડી શરીરની હિલચાલ થતાં મંદ રણકતાં હતાં. તેણે પડખું ફેરવ્યું. બંગડી અને ચૂડી રણક્યાં. તેણે હાથ લૂગડામાં સેરવી લીધા અને ટાઢ વાતી હોય તેમ પગને જરા ટૂંકા કર્યા. તેના પાતળા હાથ અને સહેજ લાંબા હોઠ લાંબા ટૂંકા થતા હતા. તે સમણામાં બબડતી હતી :

'બધાથી ય વધારે પાપડ તો મેં વણ્યા......મંછીબા મને બહુ કનડે......એમને કોદરી ભાવતી હશે?...... શહેરમાં રહે તે પછી?......મારા જેવી કોદરી તો મોટી રાણીને ય રાંધતાં ન આવડે એવું મારી મા કહેતી હતી......'

વીરજીએ બારણું અવાજ કર્યા વગર વાસી દીધું. અને પોતાના હાથ પીઠ પાછળ લઈ, તે વડે બારણાને અઢેલી, પગને સહેજ લંબાવીને ઊભો રહ્યો. આછું, અસ્પષ્ટ, અસંબદ્ધ તેની પત્ની બબડ્યે જતી હતી. આખા દિવસની મૂંઝવણના સરવાળા જેવો તેણે એક નિસાસો મૂક્યો. અને મનમાં જ તેણે વાક્ય ઉચ્ચાર્યું. 'આ મને કેવું મળ્યું!'

સ્વપ્નમાં બોલતી વહુનો અવાજ પલટાયો. તે ઊંચો અને રોષભર બન્યો :

'હું ગદ્દી? તું ગદ્દી, તારી મા......ઓ માડી, મને બધાં ગદ્દી......'

કંટાળીને વીરજીએ સાંકળ વાસી. તે પોતાના ખાટલા તરફ વળ્યો. માળિયાનું લાકડું તેના માથા સાથે અથડાયું.

તેણે માથું પંપાળ્યું અને ગાળ બોલવાની તૈયારી સાથે ઊંચું જોયું. ઊંચા થયેલા હાથ આગળ જ વાંસના એક ફાંસડા પર ચકલોચકલી ઊંઘતાં હતાં. તે શાન્ત બન્યો અને પોતાના ખાટલા પર આવીને બેઠો. તેની સ્ત્રીનો ખખડાટ બંધ થયો હતો. ટાઢથી તે અંગ સંકોચતી હતી. વીરજીએ હાથ લંબાવી પોતાના ખાટલા પરની ગોદડી લઈ તેના શરીર પર ઓઢાડી અને દાઢીએ હાથ દઈ વિચારમાં ગરકાવ થયો.

કોડિયું ધુમાડા વગરની સ્થિર જ્યોતને હાથમાં ઝાલી કોક જીવતા પ્રાણી જેવું બેઠું હતું. વીરજીના ખાટલા તરફ પડખું ફરેલી તેની સ્ત્રીના મોં પર મંદ પ્રકાશ પડતો હતો. એ ઘાટીલું મેઢું એનાં ગરીબ આભૂષણોથી પણ શોભતું, દીવાના પ્રકાશે દીપ્તિમાન થયું હતું. શરીર પર ગોદડી પડ્યાથી તેને હૂંફ વળી હોય તેમ તેનાં અંગો આરામપૂર્વક પડેલાં દેખાયાં. વીરજી જોઈ રહ્યો. અચાનક સ્ત્રીના મોઢા પર મલકાટ આવ્યો. જાણે ભારે વિજય મેળવતી હોય તેવો ખુમારીભર્યો ચાળો તેના મોઢા પર પથરાયો અને તે સ્વપ્નમાં ને સ્વપ્નમાં જ બોલી :

'ના માડી......શેની ડરું ?......હું ય કહીશ......હું ગદ્દી ત્યારે એ લપડંગ......ઊંચા લપડંગ......તાડના ત્રીજા......'

તેના મોઢામાંથી આછો કિલકિલાટ આવ્યો. હોઠ મરક્યા, હસ્યા. પાછા બોલ્યા : 'મારું ઘર થવા દો ની ? પછી આવજો બધાં ગદ્દી કહેવા......'

વીરજીના મોં પરથી, મન પરથી વિષાદ ઓસરવા માંડ્યો. બોલનાર રખે જાણી જાય એ માટે તેણે હસવું દબાવી રાખ્યું અને ચુપચુપ સૂવાની તૈયારી કરવા તેણે પોતાના ખાટલા ઉપર પગ લઈ લીધા. પાતળી ચાદરને તેણે ઓઢવા માટે પહોળી કરી. હજી પણ તેની વહુ બોલતી હતી:

'તમે બધાં મને ભલે ને હલકી પાડો!......એ તો મારા ને......આ આવ્યા...જુઓ.'

જાણે જાગૃત હોય અને કોઈ ને બતાવતી હોય તેમ તેનો હાથ ગોદડીમાંથી બહાર આવ્યો. સોનાની ચૂડી અને બંગડીનો રણકાર ઉપજાવતો તે લંબાયો અને તેની આંખ ઉઘડી. સ્વપ્નમાં બોલતા આત્માને વીરજીએ આંખોના દ્વારમાં આવી ઊભેલો સાક્ષાત્ જોયો. સૂતેલી સ્ત્રીની આંખો ટગરટગર તેના ભણી જોઈ રહી હતી: જીવતી, જાગતી, હસતી. હોઠનો મીઠો મલકાટ થયો. ક્ષણેક આંખ બિડાઈ અને પાછી જાગૃત અને પ્રસન્નતાથી તે ખૂલી રહી. તેનો નાનો પણ કોમળ સુડોળ પોયણા જેવો હાથ લંબાઈ ને ખુલ્લો થઈ કોઈના ગ્રહણની, સ્પર્શની આશા રાખતો જાણે પડી રહ્યો.

વીરજીએ પોતાની ચાદરને પહોળી કરી દીધી. અને તે લંબાયેલા હાથને ગ્રહ્યો. ઉઘડેલી આંખો જાણે સંતોષપૂર્વક બિડાઈ.

તે રાત્રે, ઘરમાંથી ઓઢવાને માટે મળેલી એક જ ગોદડીને લીધે, ટાઢે મરવાની તૈયારી કરીને સૂતેલી વહુને રાત્રે ટાઢ કેમ ન વાઈ તેની ખબર ન પડી.

# ભીમજીભાઈ

ભીમજીભાઈ અત્યારે કાંતતા હતા. અત્યારે એટલે કે સવારના સાડા પાંચ વાગે, બ્રાહ્મમુહૂર્તમાં, જ્યારે જગત શાન્ત હોય છે, આત્મા નિર્મળ હોય છે, ચિત્ત પ્રસન્ન હોય છે, બધી ઇન્દ્રિયો સ્વસ્થ તાજગીભરી હોય છે અને જ્યારે ઈશ્વર અને માણસ વચ્ચે ગાઢ સંબંધ રચાવાની વધારેમાં વધારે શક્યતા હોય છે. બારડોલી રેંટિયો એનાં ચમકતાં પીતળનાં બેરિંગ પર સુંવાળપથી ફરતી ધરી ઉપર વેગથી આંટા લઈ રહ્યો હતો. પૂણીને ખેંચતો અને કંતાયેલા સૂતરને વીંટવા પાછો ધસતો એમનો ડાબો હાથ તોપમાં ગોળા ઠાંસી રહેલા કોઈ ગોલંદાજના હાથની અદાથી આગળ પાછળ થતો હતો. તપસ્વીનું તપ વધે તેવી રીતે સૂતરની કોકડી ધીમેધીમે મોટી થતી જતી હતી. અને ચશ્માં પાછળ બેઠેલી એમની આંખ વિશ્વનાં કોઈ ઊંડાણમાં નજર કરી રહી હોય તેમ ત્રાક, કોકડી, માળ, પૂણીની પેટી વગેરે ઉપર ઠરેલી હતી છતાં તેમને જોતી ન હતી, તો પછી તેમની આજુબાજુની ઓરડીને અને તેના જગતને તો શાની જ જુએ ?

એ ઓરડીનું જગત તદ્દન સાધારણતમ હતું.

સફેદ ચૂનો લગાવેલો છતાં અંદરના સીમેન્ટ પ્લાસ્ટરનાં દેખાઈ આવતાં ધાબાંવાળી ચાર ભીંતોમાં એક ભીંતે બારણું હતું. તેની સામેની ભીંતે એક બારી હતી. ત્રીજી ભીંતે નાનકડું કબાટ હતું. અને તેની સામે લાકડાની થોડીક ખીલીઓ હતી, જેમાંની એકાદ પર એક ટોલિયો સામાન્ય રીતે હમેશાં લટકતો રહેતો હતો. એક ખૂણામાં મધ્યમ પીંજણ, હાથ પીંજણ અને પીંજવાની સાદડી પડી રહેતાં. બારી અને બારણામાંથી બે ય બાજુ આછા ઉજાશમાં અવનવી હરિયાળી અને વૃક્ષોની ઘટા દેખાતી હતી. પણ ભીમજીભાઈ કબાટ-વાળી ભીંત તરફ મોં કરીને બેઠેલા હતા એટલે તેમની નજર બહાર જતી ન હતી.

હમણાં હમણાં એમણે કાંતતી વખતે પોતાની બેસવાની રીત ઉપર પ્રમાણે રાખી હતી. એ કબાટ ઉપર તેમણે ગાંધીજીની એક છબી મૂકેલી હતી અને કાંતતી વખતે તેમની મૂર્તિને મન આગળ રાખી તેમનાં વચનામૃતોનું મનન કરવાનો ક્રમ એમણે થોડાક દિવસથી ચાલુ કર્યો હતો. એ વ ચ ના મૃ તો માં ' મં ગ ળ પ્ર ભા ત 'માં મૂકેલાં વ્રતો વિષેના આદેશો મુખ્ય હતા. છેલ્લા માસેકથી રોજ એક એક વ્રત લઈ તેના ઉપર તે પુષ્પ ઉપર દૃઢતાથી ગુંજતા ભ્રમર પેઠે પોતાના આત્માને એકાગ્ર કરતા. તેમના મોંમાં સૂત્રાત્મક વાક્યો ગુંજી રહેતાં અને તેમાંથી ભ્રમરની પેઠે પીવાય તેટલો રસ તે પોતાના આધ્યાત્મિક ભંડારમાં સીંચી લેતા. છેલ્લા અઠવાડિયાથી તેમણે કેવળ બ્રહ્મચર્ય ઉપર જ મનન આરંભ્યું હતું.

છેલ્લા થોડા વખતથી તેમનાં શીલ અને ચારિત્ર્યનો દુર્ગ જાણે ઊંડેઊંડેથી ખોદાવા લાગ્યો હતો. સત્યાગ્રહ આશ્રમમાં રહીને તેમણે મેળવેલી તપોનિષ્ઠા, સંયમ તથા તિતિક્ષાથી સાધેલી કઠોરતા અને પૂર્ણ ગંભીરતાથી ધારણ કરેલાં 'મંગળપ્રભાત'નાં તમામ વ્રતોથી ષડ્‌રિપુઓ તથા જગતનાં તમામ અનિષ્ટો સામે તેમણે સાધેલી દુર્ભેદ્યતા બહારથી તો જાણે તદ્દન સુરક્ષિત હતાં. છતાં કોણ જાણે તેમનો દુર્ગ ઉડાડી દેવા માટે કોઈએ દૂર અદૃશ્ય સ્થળેથી સુરંગ ખોદવા માંડી હોય એમ તેમને લાગવા માંડ્યું હતું. કોઈ સ્પષ્ટ ભય તો તેમને દેખાતો જ ન હતો. છતાં તેમણે પોતાના ચારિત્ર્યના પાયા દૃઢતમ કરવાને આ વ્રત આરાધન ફરીથી પ્રારંભ્યું હતું.

એમણે નક્કી કરેલા તોંતેર મંત્રપાઠોમાંથી જ્યારે તેત્રીસમો મંત્રપાઠ ચાલતો હતો ત્યારે તેમના બારણામાં એકાએક બે વ્યક્તિઓ આવીને ઊભેલી તેમને માલૂમ પડી. એ હતાં જેમની સહાય અને સહાનુભૂતિથી પોતે આટલી કક્ષાએ પહોંચ્યા હતા તે શામજીભાઈ અને બીજી એક તદ્દન અપરિચિત નારી.

'જો વિજયા, આ અમારા ભીમજીભાઈ.'

શામજીભાઈ બોલ્યા. શામજીભાઈ એટલા બધા પરિચિત હતા કે તેમનો ભીમજીભાઈ ભાગ્યે જ વિધિપુરઃસરનો સત્કાર કરતા. અને આ નારી એટલી અપરિચિત હતી કે તેની સાથે સંભાષણ પણ કેવી રીતે કરવું તે તેમને ન સમજાયું, તો પછી સત્કારની તો વાત જ ક્યાં ? તેમણે કેવળ સુદર્શન ચક્રને ચલાવ્યે રાખ્યું.

'વારુ, કાકા, તમે જાઓ. હું બેસું છું. મને વળતાં લઈ જજો.'

અને તે સ્ત્રી પોતાને બોલાવવાની વાટ જોયા વિના જ ઓરડીમાં પેઠી. શામજીભાઈએ કહ્યું. 'ભીમજીભાઈ, હું જરા ખેતરમાં જઈને હમણાં આવું ત્યાં લગી આ અહીં બેસશે. સુરતથી આવી છે. મારી ભત્રીજી થાય. અમે ફરવા નીકળ્યાં એટલામાં એ થાકી ગઈ તો મેં કુ ચાલ ભીમજીભાઈના 'તપોવન'માં એને મૂકતો જાઉં, અને તમારી ઓળખાણ પણ કરાવી દેતો જાઉં. એને અહીં રહેવું હશે તો સોબત એક તમારી જ કરવા જેવી છે એમ મેં એને કહી રાખ્યું જ છે.'

અને 'લે વિજયા, અહીં બેસજે ત્યારે.' કહી શામજીભાઈ ચાલ્યા ગયા.

ભીમજીભાઈએ નીચે માથે રેંટિયો પૂર જોરથી ચાલુ રાખ્યો. તેમનું મગજ વિચારી રહ્યું: 'જે માણસ આટલું ચાલતાં થાકી જાય તે જગતને શું કામનું?' વિજયાએ ઓરડીમાં આસપાસ નજર કરી પણ ક્યાંય બેસવાનું આસન ન જણાતાં તે બારીમાં જઈને બેઠી. ભીમજીભાઈએ ઘણા વખત લગી કંઈ જ શબ્દોચ્ચાર ન કર્યો ત્યારે તેમના કાંતવાની ક્રિયાને અત્યાર લગી જોઈ રહેલી વિજયાએ જાતે જ બોલવાનું શરૂ કર્યું.

'ભીમજીભાઈ, તમે તો એક નંબરનું સૂતર કાંતતા લાગો છો!'

કોઈએ તેમના સમગ્ર કાંતણકૌશલ્ય પર હુમલો કર્યો હોય તેમ ભીમજીભાઈ ચોંક્યા. પણ ઉગ્ર સંયમથી બોલ્યાઃ

'ના બેન, આ પાંતરીસ નંબરનું સૂતર કંતાય છે. આછા પ્રકાશમાં તમને દેખાતું નહિ હોય.' અને દાંત કચ-કચાવીને કાંતવા લાગ્યા.

વિજયા બારીમાંથી ઊઠીને રેંટિયાની નજીક આવીને ઉભડક બેઠી. અને ભીમજીભાઈએ ખેંચેલા તારને હાથથી અડતાં બોલીઃ 'છે તો બહુ જ બારીક. એક નંબરનું જાણે કે ! આવું બારીક કાંતતાં તો મેં કોઈને દીઠા નથી.'

ભીમજીભાઈના મગજમાં હવે કાંઈક પ્રકાશ પેઠો. પણ પોતાની આટલી નજીક એક યુવતી આવીને બેસે એ અનુભવ જિન્દગીમાં પહેલો હોવાથી ભીમજીભાઈના તાર ઝટઝટ તૂટવા લાગ્યા. તેમણે છેવટે કાંતવાનું બંધ રાખ્યું.

'મને આવું શીખવી દોની !'

'તમારામાં સાચી જિજ્ઞાસા હશે તો જરૂર શીખી શકશો. માણસ માટે કશું અસાધ્ય નથી.' ભીમજીભાઈએ શાન્તિ ધારણ કરીને કહ્યું. કારણ એમના અધૂરા રહેલા મંત્રપાઠે તથા અટકી પડેલા યજ્ઞાર્થ કાંતણે તેમને વ્યગ્ર કર્યા હતા. બ્રહ્મચર્યના વ્રતનો મંગલપાઠ એક નારીને હાથે જ ભંગ પામે એમાં કંઈક અમંગલ તત્ત્વનો એમને આભાસ થયો. તેમના મોંમાંથી ઉદ્ગાર નીકળી ગયાઃ 'રામ ! રામ !'

'શું થયું ?' વિજયાએ પૂછ્યું.

'કાંઈ નહિ, બેન !' ભીમજીભાઈએ વાત ટૂંકાવવા ઇચ્છ્યું. પણ એમ ન જ બનવા દેવું હોય તેનો જાણે આ આવેલી સ્ત્રીએ નિશ્ચય કર્યો હોય તેમ તે કાંઈને કાંઈ વાતો કાઢતી જ રહી. છેવટે સભ્યતાને ખાતર પણ કાંઈ

બોલતું જોઈએ એમ માની તેમણે પ્રશ્ન કર્યો.

'તમારું નામ શું, બેન ?'

'છે તો વિજયા, પણ મારે હવે ફેરવી નાખવું છે. મારું મૂળ નામ વીજળી જ રાખવા વિચાર થાય છે. ગામડામાં ગામડાનું નામ મને તો વધારે ગમે.'

આ વાકચે ભીમજીભાઈનું વિજયા તરફનું વલણ ફેરવી નાખ્યું. કાંઈ નહિ તો જાણ્યેઅજાણ્યે આ સ્ત્રી ગ્રામવૃત્તિ તો કેળવી રહી છે જ. એને શહેરની ભ્રષ્ટ ચીજોનો મોહ નથી લાગતો. આ બેન ધારે તો સારાં ગ્રામસેવક પણ બની શકે.

'ત્યારે મારે તમને વીજળીબેન કહેવાં એવી તમારી ઇચ્છા છે ને ? વારુ !' કહી ગંભીર મુદ્રાથી ભીમજીભાઈએ હોઠ બીડ્યા.

'એકલું વીજળી કહો તો ય ચાલે. ગામડામાં દરેક છોકરીને નામ સાથે બેન કહેવું જ પડે એવું નથી હોતું !'

આ શબ્દો સાંભળતાં ભીમજીભાઈનું ચિત્ત અંતરાત્મામાં ઊંડે ઊતરી ગયું. આ તે ગામડાંની નિર્દોષતા કે સદોષતા ? નિર્દોષતા જ ! તેમણે જવાબ મેળવ્યો.

'તે તમે, ભીમજીભાઈ, અહીં શું કરો છો ?' વિજયાએ પ્રશ્ન કર્યો. ભીમજીભાઈને પ્રશ્ન મહા વિચિત્ર લાગ્યો. તેમણે સંયમથી કહ્યું.

'ગ્રામસેવા કરું છું.' પણ એ જવાબથી પોતે સંતુષ્ટ ન થયા. કારણ એ અર્ધસત્ય હતું. પણ પોતાની આધ્યાત્મિક પ્રવૃત્તિનો સ્ફોટ આ નારી આગળ કરી વધારે ગૂંચવણમાં

ઊતરવું તેમને ઠીક ન લાગ્યું.

'મને ય થાય છે કે હું ભણવાનું છોડી આવું કંઈક કરું. તબિયત તો સારી થાય!' વિજયા બોલી.

ગ્રામસેવાનો આવી સ્વાર્થદૃષ્ટિથી કરાતો વિચાર તેમને મુદ્દલ અરુચિકર લાગ્યો. તેમની જીભ પર શબ્દો આવીને અટકી ગયા કે 'આ તો તદ્દન અનિષ્ટ વૃત્તિ કહેવાય! આમાં માણસે પોતાનો વિચાર જ કરવાનો નથી. બધા વિચાર છોડીને ગામડામાં કેવળ દટાઈ જવાનું જ છે.' પણ તેમણે વિજયાને તો આટલું જ કહ્યું:

'સારી વાત છે. પણ આપણે આપણી તબિયત કરતાં આ લોકોની તબિયતનો વધારે વિચાર કરવો જોઈએ.'

માણસે પોતાની તબિયતનો વિચાર કેમ ન કરવો એ વિજયાને સમજાયું નહિ. પણ આ પ્રથમ પરિચય હોવાથી પોતાની વિરોધવૃત્તિને સંયમી રાખી તેણે જવાબ ન આપતાં, ભીમજીભાઈ ફાળકા પર સૂતર ઉતારી લેતા હતા તે મૂંગાંમૂંગાં જોયા કર્યું. ભીમજીભાઈના હાથમાં કૌશલ્ય હતું. તાર ખેંચતાં, તેને ત્રાક પર વીંટતાં, ફાળકો ફેરવતાં કે ચપટીથી તારને પકડતાં તે દેખાઈ આવતું. વિજયાને એ વસ્તુ ખૂબ ગમી ગઈ. ભીમજીભાઈના સહેજ નીચા બાંધી દડીના શરીરના ઉઘાડા પુષ્ટ અવયવો જે સ્ફૂર્તિથી કામ કરતા હતા તે પણ એક મનોરંજક દૃશ્ય હતું. બેઠા કાપેલા વાળવાળું ગોળ માથું, ટૂંકા બટકા નાક ઉપર ગોઠવાયેલાં ચશ્માં, અને તેની પાછળથી સૂતરને જોઈ રહેતી આંખો કોઈ અતિ બુદ્ધિમાન વ્યક્તિનો ખ્યાલ પ્રથમ નજરે

આપતાં હતાં.

વિજયા આ બધું જોતી હતી એવામાં શામજીભાઈ આવી પહોંચ્યા. તેમણે આવતાં વેંત પૂછ્યું.

'કેમ થાક ખાઈને તાજી થઈ ને ?'

વિજયા હસી. ભીમજીભાઈ એ સ્મિત જોઈ રહ્યા. 'હા. હવે ખેતરનો પેંક ખાઈને વધુ તાજી થઈશ.'

'તમે શહેરનાં તે કેટલું ખાવાનાં છો હવે ?' શામજીભાઈએ કટાક્ષ કર્યો અને તે ભીમજીભાઈને બહુ ગમ્યો.

ભીમજીભાઈનું એક મહાન પ્રિય સૂત્ર હતું 'શહેરોને નાબૂદ કરો,' અને શહેરનાં અપલક્ષણોનો તે વારંવાર ઉપદેશ કરતા.

શામજીભાઈ અને વિજયા બંને ઘેર જવા નીકળ્યાં. જતાંજતાં શામજીભાઈ ભીમજીભાઈને બીજે દિવસે તેમના બટુકની જન્મગાંઠ પ્રસંગે જમવાનું નોતરું દેતા ગયા. અને ભીમજીભાઈએ તેનો જે સરળતાથી સ્વીકાર કરી લીધો તે જોઈ તેમને જરા નવાઈ પણ થઈ.

બીજી દિવસે જ્યારે ભીમજીભાઈ જમવા આવ્યા ત્યારે વિજયાને તેમનું દ્વિતીય દર્શન થયું. બહુ જ ચીવટથી તેમણે એક પૂણા[illegible]ંપલો કાઢી. અને વેંતેકની હાથ-થેલીમાંથી તકલી કાઢી પલાંઠી વાળી ટટાર બેસીને તેમણે તે ચલાવવા માંડી. ગયે દિવસે જોયેલી સફાઈ અને ચીવટ વિજયાને ફરીથી જોવા મળી. જમતી વેળા

તે જે રીતે અંગોનો સંકોચ કરીને બેઠા એવો સંકોચ તો કોઈ શરમાળ સ્ત્રીને માટે પણ અશક્ય હતો. અને ભીમજી-ભાઈ જે રીતે જેટલું જમ્યા તે તો વિજયાને માટે જિન્દગીનો મોટામાં મોટો આઘાત હતો. તેણે ઘણી ઉત્તમ વાનીઓ તૈયાર કરેલી, કાકાના મોંઘા મહેમાન માટે. પણ એ બધીનો ભીમજીભાઈએ હસીને અસ્વીકાર કર્યો. આ અસ્વીકારથી કાકાએ શાંત અણગમો વ્યક્ત કર્યો. 'તમે હમણાં વ્રતધારી બની ગયા છો તે જણાવવું તો હતું?' ભીમજીભાઈનો જવાબ હતો: 'વ્રતધારી પોતાનાં વ્રતોની જાહેરાત ન કરી કરી શકે.' 'પણ બીજાંને ખબર આપી હોય તો નકામી તકલીફમાંથી તેમને બચાવી લેવાય ને?' 'વાત ખરી, પણ લોકસેવકની જરૂરિયાતો લોકોએ પોતે જાણી લેવી જોઈએ.' કાકાએ હતો તેથીયે વધારે અણગમો મોં પર વ્યક્ત કરી જમવા માંડ્યું. પોતાના બટુકની વરસગાંઠને આવી નિખાલસ નિષ્ઠુરતાથી બગાડનાર તરફ કાકીને તો નર્યો ક્રોધ જ ચઢ્યો હતો. બહાર ન સંભળાય તેમ તે બોલ્યાં: 'જોયો મોટો હવે સાધુ થઈ ગયો તે! આજ લગી તો મરચાંવાળો કઢી તગારું ભરીને પી જતો હતો!' વિજયાને આ બંનેના અણગમાએ ઝાઝી અસર ન કરી. યુવાન હૃદયમાં તિરસ્કારનો ભાવ છેવટે જાગે છે. તે કોઈ પણ અસમાન્યતાને, આગ્રહને હમેશાં વખાણે છે. પોતે હોંસથી તૈયાર કરેલી વાનીઓ તરછોડાઈ એ વાતે તેને અપ્રસન્ન તો કરી, તો પણ એ તરછોડનારની વિભૂતિ તેને એ પરિત્યાગથી જ મહાન લાગી. છેવટે ભાત ગોળ તથા છાશનું ભોજન કરી પોતાના 'તપો-

વન ' તરફ પગલાં માંડતા ભીમજીભાઈને તેમણે પાછળથી જોયા, ત્યારે જાણે પોતાનાં તમામ અંગોનો સંકોચ કરીને પૃથ્વી પર ઓછામાં ઓછી જગા રોકવા ઇચ્છતો, અને ઓછામાં ઓછું વજન મૂકવા માગતો કોઈ મહા તપસ્વી જઈ રહ્યો હોય એમ તેને લાગ્યું.

પોતાનાં માબાપ મરી જવા પછી ફોઈને ત્યાં શહેરમાં ઉછરેલી, ત્યાંની શાળામાં ફૂલફટાક બનીને ભણેલી, વરણાગિયા છોકરાઓને જોતી, તેમની સાથે હળતીમળતી, અને તેમની શારીરિક કંગાલિયતથી કંટાળો પામેલી, ફોઈએ તેમના છોકરાના લગનના સાટામાં પોતાનો એક હાડપીંજર સાથે કરી નાખેલો સોદો જાણી તેની સાથે ઝગડેલી, અને છેવટે બીમારીમાં ફોઈ તરફનો હળાહળ સભ્ય તિરસ્કાર પામેલી વિજયાને મન આ કાકાનું ઘર, કાકીનાં નિખાલસ ભૂલકાં, શાંત સાદું ગામડું, અને તેમાં ય ભીમજીભાઈ જેવી અસાધારણ વ્યક્તિ તરત તો ખૂબ આશ્વાસન રૂપ થઈ પડ્યાં. તે બુદ્ધિમતી હતી, અને જીવનના સંજોગોએ તેને તેની બુદ્ધિનો ઉપયોગ કરવાની ફરજ પાડી હતી. ફોઈને ત્યાં હવે જઈને રહેવું માથાવાઢ જેવું લાગતું હતું. પણ કાકાને ત્યાં પણ કેટલું રહેવાવાનું છે? સ્ત્રીને માટે પતિ સિવાય બીજી ગતિ અત્યારનો સમાજ તો બતાવતો નથી. અને એ પતિ તે શહેરમાંથી શોધે તો સડેલા શરીરવાળો કોઈ જુવાન હોવાનો કે ગામડામાંથી શોધે તો બળદ જેવો કોઈ બોથડ હોવાનો. તો પછી કુંવારા રહીને કેવી રીતે દહાડા કાઢવા? સાધુ બનીને થોડું ભમ્યા

કરાવાનું છે ? જીવનમાં કંઈક હેતુ તો જોઈએ, કંઈક રસ જોઈએ, આનંદ જોઈએ, તૃપ્તિ, શાંતિ જોઈએ.

આવી મનઃસ્થિતિમાં તેણે ભીમજીભાઈને જોયા. અને તેમના પરિચયમાં આવતી ગઈ.

અત્યારલગી તેણે જોયેલા શહેરના અને ગામડાના માણસથી એ જુદા જ પ્રકારના લાગ્યા. એમનામાં શહેરી માણસની કંગાલિયતનો અને ગામડાની રુક્ષતાનો અભાવ તેણે જોયો. પ્રાકૃત માણસોની જે ક્ષુદ્ર, ચીતરી ચડાવે તેવી સંકુચિત વ્યાવહારિક લાગણીઓ હોય છે તે ભીમજીભાઈમાં તેને ન દેખાઈ. અને એમનું લોકસેવાનું કાર્ય એને એક સુંદર નિર્મળ વસ્તુ તરીકે દેખાવા લાગ્યું. જો કોઈની સાથે રહેવા જેવું હોય તો તે આવા માણસો સાથે, અને કંઈ વ્યવસાય કરવા જેવો હોય તો તે આવો લોકસેવાનો એમ તેને દિવસેદિવસે લાગવા માંડ્યું. તેણે વિનમ્ર ભાવે ભીમજીભાઈ પાસે તાલીમ લેવાનું પ્રારંભ્યું.

કૂર્મની પેઠે ઇંદ્રિયોનો સંકોચ કરીને, ત્રણ હાથનું ઉપવસ્ત્ર ઉઘાડા બદન પર ઓઢીને, પોતાને હાથે તૈયાર કરેલી ચંપલો ઉપર ચાલતા ભીમજીભાઈ પોતાના 'તપોવન' તરફ શામજીભાઈને ત્યાંથી જમીને જઈ રહ્યા હતા ત્યારે તેમનું મનઃસરવર મહા ક્ષુબ્ધ બની ગયું હતું. તે વારંવાર દાંત ભીંસીને બોલતા હતાઃ 'તારે જવું જ જોઈતું ન હતું. ક્ષુદ્ર જીવ !' જન્મગાંઠને દિવસે જમણ તો હોવાનું જ એ

જાણવા છતાં પોતે જમવા જવાની કેમ હા પાડી? પોતે શાથી લલચાયા? એ પ્રશ્નનો જવાબ તેમને તરત જ મળ્યો. પણ તે એમના હૃદયને ગમતો અને બુદ્ધિને અણગમતો નીવડ્યો. એક સ્ત્રીનું દર્શન, અને તેનું અલ્પ સાંનિધ્ય પણ માણસને કેટલી હદ સુધી લઇ જાય છે, અરે તેનાં ઉત્તમોત્તમ વ્રતોનું કેવું વિસ્મરણ કરાવી દે છે, તે તેમણે અનુભવ્યું. અસ્વાદવ્રત ઈંદ્રિયોના કાબુ માટે કેટલું આવશ્યક છે એ તેમને સમજાયું. અને આવાં પ્રચંડ પ્રલોભનો સામે પણ ટકી રહી પોતે અણીશુદ્ધ બહાર આવી શકયા એ માટે તે ગર્વપૂર્વક સંતોષ લેવા લાગ્યા.

તેઓ ગામને છેડે આવેલા 'તપોવન'માં પહોંચ્યા તોપણ એમને શામજીભાઈના ઘરમાં હરફર કરતી વિજયાની આકૃતિ યાદ આવતી રહી. સાંકળ ઉઘાડી ઊમરા ઉપર પગ મૂકતાં જ તેમને એક વસ્તુ યાદ આવી. પોતાની મનોદશા આટલી વિકારી કેમ બની ગઈ છે એનું કારણ તેમને જડી આવ્યું. આજના ભોજનમાં પોતે થાળમાંથી બધી સ્વાદીલી વસ્તુઓ તો લેઈ લેવડાવી જ હતી, પણ છતાં તળેલી પાપડીની એક કણી ભાતની ઢગલીના ખૂણામાં ભરાઈ રહી હતી. અને તેને પોતે અલગ તારવીને મોઢામાં મૂકી તેનો આસ્વાદ લીધો હતો. કેટલી સરસ લાગતી હતી! એને બનાવનારે એમાં કેટલો રસ પૂર્યો હતો! એ કેવા સુકોમળ હાથે તળાઈ હશે? ભીમજીભાઈની નજર ગાંધીજીની છબી ઉપર ગઈ. અને તે ચોંકયા. ગંભીર સંયમવાળી આંખે જોઇ રહેલા ગાંધીજીએ તેમના અંતરની વાત વાંચી લીધી હોય તેમ જાણે તેઓ

ભીમજીભાઈ ને બોલતા સંભળાયા 'અરે સંયમી, તું શેના વિચારમાં પડ્યો છે?'

ભીમજીભાઈએ આંખો મસળીને જોયું. મગજમાંથી વિજયા જાણે ચોર પક્ષીની માફક ઊડી ગઈ. તેમણે લમણા ઉપર એક મુક્કી લગાવી ઉદ્દગાર કાઢયો, 'માફ કરો, બાપુ! હું કામી જ છું! ભીમજી, તું કામી જ છે!'

અને પાપડીનો કણી ખાઈ જવા માટે, તથા એ અસ્વાદવ્રતના થયેલા ભંગને પરિણામે તેમના ચિત્તે જે સૂક્ષ્મ વિષયસેવન કર્યું તે માટે ૩૬ કલાકના ઉપવાસ પ્રાય-શ્ચિત રૂપે કરવાનું તેમણે નિર્ધાર્યું.

એ ઉપવાસ પછી તે શાંત થયા. તે પછીથી વિજયા લગભગ નિયમિત રીતે એમને ત્યાં આવવા લાગી. તેણે પીંજણ કાંતણનું શિક્ષણ લેવા માંડયું. અને તેમની સાથે ગાંધીજીના સિદ્ધાંતો શીખવાનું અને ચર્ચવાનું તથા ગામડાંમાં ફરવાનું શરૂ કર્યું.

વિજયાની સ્મૃતિએ ભીમજીભાઈ પર જે શરૂઆતમાં હુમલા કર્યા હતા તે હવે નિત્યના પરિચયથી બંધ થઈ ગયા હતા. અને વધારી મૂકેલાં વ્રત–ઉપાસનાના કવચથી રક્ષિત બનેલા ભીમજીભાઈ લોકસેવાના ક્ષેત્રમાં પ્રવેશ કરવા ઇચ્છતી સ્રીને પરમ કર્તવ્ય ગણી શીખવવા લાગ્યા, તથા તેનો સહવાસ સહન કરી લેવા લાગ્યા. આધ્યાત્મિક પ્રગતિમાં રાતદિવસ ક્ષણે ક્ષણે કેટલું જાગૃત રહેવું પડે છે તેનું ભાન હવે તેમને થયું. રોજ સાંજે પોતાની વિશુદ્ધ મનોદશાનું નિરીક્ષણ કરી, દિવસમાં આડે માર્ગે ગયેલી લાગણીઓને પોતે કેવી રીતે

પાછી વાળી લાવેલા, તેનું સ્મરણ કરી તે સૂતા. અને ગ્રામોદ્યોગની દૃષ્ટિએ ફાનસ બાળવું અયોગ્ય હોવાથી રાત્રે લખાવું અશક્ય બનતાં 'રોજ પ્રભાતે ઉષાના અજવાળે બારીમાં બેસી તેઓ પોતાની નિત્યનોંધ લખતા. પણ વિજયા પહેલે દિવસે આવીને બારીમાં બેઠેલી તે દિવસથી આજ સુધીના સીત્તેરેક દિવસમાં એક એવો દિવસ નહિ ગયો હોય કે જ્યારે નિત્યનોંધ લખ્યા પછી તેમને એ વાતાયનસ્થ સ્ત્રી-પ્રતિમા પ્રત્યક્ષ ન થઈ હોય. પણ નિત્યનોંધમાં પોતાની દૃઢતાને અંકિત કર્યા પછી તેમનું શિથિલ થતું ચિત્ત એ દશાથી હજી સુધી એક વાર સભાન થયું ન હતું.

આમ ઘણા દિવસ લગી ભીમજીભાઈનું તપોવર્ધન થતું રહ્યું અને વિજયાનું જ્ઞાનવર્ધન થતું રહ્યું. ગામડાનાં ખુલ્લાં હવાપાણીએ તેને જૂની તાજગી બક્ષી એટલું જ નહિ પણ શહેરમાં તેણે ન અનુભવેલી એવી ઉત્સાહપ્રેરક કાર્ય-શક્તિ પણ તે અનુભવવા લાગી.

ભીમજીભાઈ પોતાની આ સુશિષ્યાનો વિકાસ જોઈ સંતુષ્ટ થયા હતા, જો કે એ સંતોષ તેઓ ભાગ્યે જ વ્યક્ત કરતા. હવે વિજયા સરસ રીતે કાંતતી હતી, પીંજતી હતી. લોકસેવાનાં ક્ષેત્રોની, લોકોની પરિસ્થિતિની તીવ્ર ચર્ચા પણ કદી કરતી હતી. પણ ભીમજીભાઈને તેનું એક લક્ષણ જરા યે ગમતું નહિ. એનામાં જરા યે સંયમ કે સ્થિરતા નહોતાં. તે કાંતતી તો કદી એક સામટા પાંચસાત કલાક

લાગલાગટ કાંત્યા કરતી, તો વળી કદી દિવસો લગી રેંટિયાને અડતી પણ નહિ. અરે, પચાસેક તાર કાઢીને પૂણીને અર્ધી ને અર્ધી મૂકીને ઊઠી જતી. વળી કદી પીંજેલા રૂની પૂણીઓ વણવાનું અડધેથી છોડીને તે જતી રહેતી, અને ભીમજીભાઈને તે પૂરી કરવી પડતી. અને એ જે હસતી તે તો તોબાહ! માથે ઓઢેલું છે કે નહિ તેનું જરા યે ભાન રાખ્યા વિના, બે ય આંખોમાં પાણી આવી જાય અને પેટ બેવડ વળી જાય ત્યાં લગી એના મોતી જેવા દાંત ચમકાવતી, અને હવે તો વધારે સુર્ખ બનેલા ગાલને વધારે સુર્ખ કરતી તે મીઠા અવાજે ખડખડાટ હસ્યા કરતી. ભીમજીભાઈથી આ હાસ્યના હુમલા સહન ન થતા. વિજયાના એ હાસ્ય પાછળ ઘણીવાર ભીમજીભાઈની કોઈ વિચિત્રતાનો ઉપહાસ રહેતો. એવે વખતે ભીમજીભાઈ બેબાકળા બની ચૂપ રહેતા. માત્ર મનમાં જ કહેતા, 'આટલી અસ્થિરતા, ચપલતા, અને બેજવાબદારી લોકસેવકને કેમ શોભે? એણે તો હિમાલય જેવા સ્થિર, સમુદ્ર શા ગંભીર અને પૃથ્વી જેવા જવાબદાર બનવું જોઈએ. આ બહેન જો વ્રતોથી પોતાની શક્તિઓનો સંયમ નહિ કરે તો તેમનું જીવન વેડફાઈ જશે!'

એક દિવસે તેમણે ગંભીરતાથી વાત ઉપાડી.

'કેમ વિજયાબેન...'

તેમને વચ્ચેથી અટકાવીને વિજયા બોલી:

'વીજળી કહેવાનું તમે વચન આપ્યું છે ને?'

'ભૂલ્યો ત્યારે, વીજળીબેન...'

'વીજળીબેન પણ નહિ, મને ગમે તો એટલું વીજળી જ!'

'હું તો કોઈ પણ સ્ત્રીને બેન શબ્દ સિવાય નથી બોલાવતો. એ તોછડું છે!'

'મને તો 'વીજળીબેન' વધારે તોછડું લાગે છે.'

'હા. એ આપણો મતભેદ છે.'

'તો કબૂલ! બોલો, શું કહેતા હતા?'

'એ કે હવે તમે શું નિર્ણય કર્યો?'

'અહીં હાલ તો કાકાને ત્યાં જ રહેવા ધારું છું.'

'અને શું કરવા ધારો છો? જીવનમાં કંઈ ધ્યેય તો નક્કી કરવું જોઈએ!'

'અમારે વળી ધ્યેય શાં? આજે અહીં તો કાલે ત્યાં. ધ્યેય નક્કી કરીએ તો ય તે પાળવા દે એવાં માણસો મળે ક્યાંથી?' વિજયાના શબ્દોમાં જરા ગંભીરતા ભીમજીભાઈને દેખાઈ. અને એ પરથી તેમનામાં એક એવો વિચાર પ્રગટ્યો જેને લઈને તેમને અંતર્મુખ થઈ જવું પડ્યું. છેવટે આંખો આગળથી કોઈક આકર્ષક દૃશ્યને હઠાવતા હોય તેમ માથું હલાવતા તે બોલ્યા.

'પણ કાંઈક તો નક્કી કરો. તમારો સંકલ્પ હશે તો પ્રભુ તેમાં સહાય કરશે.'

'બળ્યો એ પ્રભુ!' વિજયાના હોઠ પર આ શબ્દો આવી ગયા, પણ તેણે તે પાછા રોકી લીધા. ભીમજીભાઈ પ્રભુની અવમાનના સહન કરી શકતા ન હતા. ગાળ દઈને પણ પ્રેમ વ્યક્ત કરી શકાય છે એ વાતથી તે તદ્દન અજાણ

હતા. વિજયાએ આ પંડિતની પંચાતને ટૂંકાવવાના ઇરાદાથી કહ્યું.

'હમણાં તો તમે કહો છો તેવું કર્યા કરીશ.'

'એ તો બહુ આનંદની વાત છે. ભારતભૂમિની સેવામાં પુરુષસેવકો જેટલી જ સ્ત્રીસેવકોની પણ જરૂર છે. આ ગામડાંઓમાં તમારા જેવું કામ કરનાર મળે તો સ્ત્રીઓમાં ખૂબ કામ થાય.' અને ભીમજીભાઈએ આંખ ઊંચી કરી વિજયાને માપવા પ્રયત્ન કર્યો.

'ખરી વાત છે.' હવે વાત પતશે એમ માની વિજયાએ ભીમજીભાઈનું કથન સ્વીકારી લીધું.

'તો પછી તમારે જરા વધારે ગંભીરતાથી અને સ્થિરતાથી આ કામમાં પરોવાવું પડશે.'

'હું તો સ્થિર જ છું ને!'

'ના એમ નહિ. આ કામ એવું છે કે જેમાં માણસને નિરાશ થવાના કદીક બહુ ઉગ્ર પ્રસંગો આવી જાય છે. તેવે વખતે માણસે પોતાની જાતના, પોતાની ભાવનાના રક્ષણની વાડ બાંધી રાખવી જોઈએ. જુઓને, તમે હજી એકી પલાંઠીએ એક કલાક પણ કાંતી શકતાં નથી. ગામડાંનું કામ તો બહુ સહનશીલતા માગી લે, અપાર ત્યાગ માગી લે, અસહ્ય કષ્ટસહનતા પણ માગી લે.'

'તો મારે શું કરવું?' વિજયાની ઉચ્છૃંખલતા ઓસરી તેનામાં ક્યાંકથી એકાએક ગંભીરતા આવી ગઈ.

'તમારે વ્રત લેવાં!' મહાન મંત્રદ્રષ્ટાની અદાથી ભીમજીભાઈ બોલ્યા.

'ક્યાં વ્રત લેવાં ?'

'પહેલું રોજ અમુક વાર સૂતર કાંતવાનું વ્રત લો.'

'વ્રત ભાંગે તો ?'

'ભાંગવા જ ન દેવું. વ્રતથી બંધાઈએ એટલે એનાથી પ્રભુ આપણને ચલિત થવા જ ન દે. અને આપણે ય માણસ છીએ, કદી એમાં ભૂલ થાય તો પ્રાયશ્ચિત્ત કરી લેવાય.'

'વારુ ત્યારે, હું કાંતવાનું વ્રત લઉં છું.' વિજયા સંમત થઈ. 'હવે ચાલશે ને ?'

'ના આ તો હજી પહેલી પૂણી છે. લોકસેવક તો આદર્શ માણસ બનવું જોઈએ. અને એ માટે એણે એકથી વધારે વ્રત લેવાં જોઈએ.'

'કેટલાં ?'

'આશરે પંદરેક ! તમે 'મંગળપ્રભાત' તો વાંચ્યું જ છે. એ વ્રતો આપણું સેવાકવચ છે. એમને ધારણ કર્યા વગર માણસ સંસારનાં પ્રલોભનો સામે ટકી ન શકે !'

'તમે કેટલાં વ્રત લીધાં છે ?'

'લગભગ બધાં !' પોતે મૂર્તિમાન વ્રતપુરુષ હોય તેવી અદાથી ભીમજીભાઈ બોલ્યા. 'પણ તમારે ઉતાવળ કરવાની નથી. ધીરેધીરે પણ તમારે એકેએક વ્રત લેવું એવી મારી સલાહ છે.'

ઉઘાડે માથે ફરતી વિજયા અર્ધું કપાળ ઢંકાય તેમ માથે ઓઢીને સોડિયામાં હાથ સંતાડતી ઊભી થઈ.

'વારુ, આજે તો જાઉં છું !'

'કેમ ? આજે રવાપરાના હરિજનવાસમાં જવાનું છે. એક બહેન માંદાં છે. તમે આવો તો સારું.'

'અંધારું થવા આવ્યું છે. ગાઉ જવાનું ને આવવાનું.'

'પણ તમને ઘણું જાણવાનું મળશે. તમે તે બહેનની સરભરા પણ કરી શકો.'

બંને જણ રવાપરાના હરિજનવાસમાં ગયાં. વિજયાએ જોયું કે ત્યાં સ્ત્રીપુરુષો આ સ્ત્રી છે કે આ પુરુષ એવો ખાસ વિચાર કર્યા વિના એક બીજાની સાથે અથડાતાંકૂટાતાં માંદાના ઘરમાંથી આમ તેમ જાઆવ કરતા હતા. બાઈ ગંભીર રીતે બીમાર હતી. આ બે જણને આવેલાં જોઈ લોકોએ માર્ગ કર્યો. તે ખાટલાની પાસે નીચે બેઠાં. ભીમજીભાઈએ વિજયા પાસે સ્ત્રીના શરીરની ગરમી તપાસાવી, નાડી ગણાવી અને તેને માથે તેલ ઘસાવ્યું. આ લોકોની હાજરીથી જ જાણે બાઈ અર્ધી તો સારી થઈ ગઈ લાગી.

પાછાં વળતાં વિજયાએ જોયું કે ભીમજીભાઈ જાણે કશાથી અભડાતા હોય તેમ સંકોચાઈને ચાલતા હતા. પણ પુરુષોને તો તે અડતા હતા. ત્યારે ? બહુ વિચાર કર્યા વિના તે સમજી શકી કે માંદગીને લીધે વ્યગ્ર બનેલા આ લોકોમાં જે સ્ત્રીઓ ફરતી હતી તેનો સ્પર્શ તે ટાળતા હતા.

ગામ તરફ વળતાં તે બોલ્યા:

'તમે આવ્યાં ને આ બેનને રાહત આપી શકાઈ.'

'હું ન આવી હત તો ? તમે એની દવા ન કરત ?'

'કરત, પણ તે તમારી પેઠે તો નહિ જ.'

વિજયા પોતાને મળતું મહત્વ જોઈ રાજી થઈ. ભીમજીભાઈ બોલતા હતાઃ 'મારાથી બીને થોડું જ અડાય ?'

'હા, એ તો તમારું વ્રત !'

'હં !' ભીમજીભાઈએ એક ખોંખારો કર્યો. તેઓ થોડેક ગયાં હશે ત્યાં ભીમજીભાઈએ એક ચિત્કાર કર્યો.

'ઓ રે ! મને કાંઈ કરડ્યું લાગે છે !'

બહુ જ ઝાંખા અજવાળામાં એક વીંછી રસ્તાની પડખેના ઘાસમાં નાસી જતો દેખાયો.

'વીંછી હતો !' વિજયાને ફાળ પડી. ભીમજીભાઈની વેદના ક્રમેક્રમે વધતી ગઈ. વિજયા પોતાની સાડીનો છેડો ફાડી એક પટ્ટો કાઢી તેમને પગે બાંધવા ગઈ. પણ ભીમજીભાઈએ તે તેની પાસેથી લઈને જાતે જ પગે બાંધ્યો.

'હવે ચાલો, ચલાશે.' તે સ્વસ્થ થતાં બોલ્યા. અને ઊઠીને ચાલવા પ્રયત્ન કર્યો. પણ તે અસ્વસ્થ જ રહ્યા.

'મારે ખભે હાથ મૂકીને ચાલો.' વિજયાએ કહ્યું.

'ના, એ તો હું ચાલીશ.' કહી ભીમજીભાઈએ ચાલવા માંડ્યું. ડોલતા, લથડિયાં ખાતા, કદીક પડી જતા, કદીક મોંમાંથી ચિત્કાર કરતા ભીમજીભાઈ 'તપોવન'માં પહોંચ્યા. વિજયાએ કહ્યું. 'મારે ઘેરથી કંઈ દવા લઈ આવું ?'

'ના, હું દવા નથી કરાવતો.'

'કેમ, એવું પણ વ્રત છે કે શું ?'

'હા, એ પણ મારું વ્રત છે !' મશ્કરીમાં પૂછેલો સવાલ હકીકત નીકળ્યો.

'તો કોઈ ઉતારનારને બોલાવી લાવું?'

'એ પણ એક વહેમ છે. તમે હવે ઘેર જાઓ. એ મટી જશે. કોક કર્મનું ફળ ભોગવવાનું હશે તે ભોગવ્યે જ છૂટકો!'

ભીમજીભાઈની દૃઢતા, ત્યાગ, વ્રતસાધના વગેરે ચીજો ઉપર મુગ્ધ થતી, તો વળી એમને દુઃખ વેઠવું પડે એવું કયું કર્મ તેમણે કર્યું હશે તેનો વિચાર કરતી વિજયા ઘર તરફ વળી.

તે રાતે સૂઈ ગયા પછી પણ વિજયાને ભીમજીભાઈના વિચાર આવતા રહ્યા. આ પુરુષ કેટલો નમ્ર છે, સહનશીલ છે, સેવાપરાયણ છે, ઉદાર છે, બીજાને ખાતર, ધ્યેયને ખાતર પ્રાણ પાથરનાર છે, કેટલો મહાન છે! તે ઘડીભર પોતે તુચ્છતા અનુભવી રહી. એકાએક તેને દેખાયું કે પોતે ભીમજીભાઈની પાસે બેઠી છે અને તેમને પાટો આપી રહી છે. ત્યાં ભીમજીભાઈ ઊભા થઈ જાય છે. 'દૂર રહે નારી! દૂર રહે નારી!' તે બોલે છે. છતાં પોતે આગળ વધતી જાય છે. ત્યાં તેમના શરીરમાંથી દસબાર યોદ્ધાઓ ધનુષ-બાણ લઈને નીકળે છે. અને તેમનું રક્ષણ કરતા ઊભા રહે છે. એમાંનો એક મૂંડેલા માથાવાળો યોદ્ધો કહે છેઃ 'ખબરદાર, પાસે આવી છે તો! હું બ્રહ્મચર્યનું વ્રત છું. તારા ચૂરા કરી નાખીશ!' બીજો એક નીચો, ઊંદરડાની પૂછડી જેવી મૂછો વાળો યોદ્ધો ક્રૂરતાથી હસતો કહે છેઃ 'હું તને જાણું છું, હે અલૌકિકા! તેં જ મારા મહાત્માને

સ્વાદીલી વાનીઓ બનાવીને એક કણીથી પણ લલચાવ્યા. પણ હું જીત્યો છું. સર્વ ઇન્દ્રિયોના દમનનો પિતામહ એવો હું છું અસ્વાદવ્રત, સમજી?' અને ક્રમેક્રમે બધા યોદ્ધાઓ વિધવિધ રીતે તેનો તિરસ્કાર કરતા રહ્યા. વિજયા હતાશ બનીને, લથડતા હાથમાં પાટા પકડીને ઊભી રહી. ભીમજી-ભાઈ વ્યથાથી વ્યગ્ર નેત્રે પાટા માટે હાથ લંબાવતા ઊભા. એટલામાં પેલો મૂંડાવાળો પ્રચંડ યોદ્ધો તેમના તરફ ફર્યો. અને આદેશાત્મક રણકારે બોલ્યો: 'લઈ લે, આટલી વખત, પામર પ્રાણી! બાકી સ્ત્રીના વસ્ત્રના સ્પર્શનો પણ તને નિષેધ છે, તે વીસરીશ મા!' અને ભીમજીભાઈ પાટા લઈને બાંધવાને નીચે બેઠા ત્યારે એ પંદર યોદ્ધાઓ એમની ફરતે કૂંડાળું વળી બાણ ચડાવીને ઊભા રહ્યા. વિજયા ભીમજીભાઈને જોવા ખૂબ મથી, તેમને મદદ કરવા ખૂબ તલસતી રહી, પણ તે પુરુષોની ઊંચાઈ વધતી ગઈ અને તેમની વચ્ચે ભીમજીભાઈ છેવટે ઢંકાઈ ગયા. તે હતાશ બનીને ધરતી પર ઢળી પડતી હતી ત્યાં કોકે ક્યાંકથી કહ્યું. 'આ પુરુષનો મોક્ષ તારા હાથમાં છે. વત્સે, નિરાશ ન થા.'

બીજે દિવસે જાગેલી વિજયામાં પેલા અર્ધસ્વપ્નના આછા રણકાર રમી રહ્યા હતા. તેણે તે દિવસે કંટાળીને કાંતવાનું પડતું મૂક્યું. અને ધૂંધવાયેલે મને તે 'તપોવન' તરફ વળી. તેને ભીમજીભાઈ ઉપર ક્રોધ ચડ્યો. કેવા માણસ છે? એટલા ને અટલા વીંછીની વેદના સહેતા પડી રહ્યા હશે! જેને પોતાની જાતની દરકાર નથી, દયા નથી તે

બીજાની દરકાર, દયા કેટલી કરવાનો ?

'તપોવન'માં તેણે પહોંચીને શેતરંજી પર આડા પડેલા, પીડાથી સહેજ મોં મરડતા ભીમજીભાઈ પાસે પોતે આજે નથી કાંત્યું તેનો એકરાર કર્યો. ભીમજીભાઈના ચહેરા પર પ્રસન્નતા દેખાઈ. કોણ કોઈ કહી ગયું છે ને–

'હા, પસ્તાવો પુનિત ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે !'

આ સ્ત્રી ખરેખર ઉન્નતિ ભણી જઈ રહી છે! અને તેમણે પ્રાયશ્ચિત રૂપે તેને ત્રણગણું કાંતવાનું ફરમાન કર્યું. પણ તે સાથે જ તેમને એક પ્રશ્ન થયો. 'આ દરેક વ્રતોના ભંગ માટે પ્રાયશ્ચિત્તનું કંઈક સ્વરૂપ નક્કી કરવું જોઈએ. "મંગળ-પ્રભાત"ની પૂર્તિરૂપે ગાંધીજીએ એ પણ ઘડી આપવું જોઈએ.' અને એને અંતે એક વિચારથી તે પુલકિત થતા પોતાનું તમામ દુઃખ વીસરી ગયા. 'જો ગાંધીજી ઇચ્છશે તો એ પ્રાયશ્ચિત્તોનું વિધાન હું કરીશ. ગાંધીગીતા ઉપર હું શાંકરભાષ્ય રચીશ.'

પ્રાયશ્ચિત્તનો આદેશ લઈને ઘર તરફ વળેલી વિજયા આદેશની સાથેસાથે એક મહાન પ્રશ્નાર્થ પણ લેતી ગઈ.

દિવસો વીતતા ગયા. અને એમાં એવા બનાવો બનતા ગયા કે જેમાં ભીમજીભાઈને અને વિજયાને નવા અનુભવો થતા જાય. જિન્દગીની તમામ વૃત્તિઓને સંયમ, તપ અને સેવાના ધમંડથી છૂંદતા રહેલા ભીમજીભાઈમાં આ સ્ત્રીનું સામીપ્ય ફળદ્રુપ પણ સૂકી જમીન પર વરસાદનું કામ કરી રહ્યું. તેમણે લીધેલાં વ્રતોમાં નિષિદ્ધ ગણાયેલી બધી વસ્તુઓ તરફ તેમને આકર્ષણ થવા લાગ્યું. એ આકર્ષણને એ

અયોગમનનું મહાદ્વાર સમજી તે સામે તે વ્રતો, પારાયણો, ઉપવાસો અને બીજાં શસ્ત્રો ફેંકતા રહ્યા. પરિણામે કોઈ પણ ઉપાયે વ્રતનું રક્ષણ એ જ એમનું એક કર્તવ્ય બની રહ્યું. આ સતત માનસિક અથડામણે તેમની પ્રસન્નતા હરી લીધી, અને જે જનતાની તે સેવા કરવા નીકળ્યા હતા તે તરફનો પ્રેમ પણ હરી લીધો. આ લોકો મને કંઈક કંઈક ખાવાનું ધરે છે! અરે, છેવટે ફળ પણ કહેવાય તો સ્વાદ જ ને? ઈવનું પતન પણ એક ફળને ખાતર જ થયું હતું ને? અરે, આ હલકામાં હલકા લોક પણ સારાં કપડાં પહેરી મને લલચાવે છે! એ માંદાં પડે છે તો મારે તેમનો સ્પર્શ કરવો પડે છે! આમ વિચારતાં તે પોતાની આરાધ્ય જનતામાં પણ પોતાનો મહા શત્રુ જોવા લાગ્યા.

એક દિવસે અતિ વ્યગ્ર સ્વપ્નોથી ભરેલી રાત પછી ભીમજીભાઈ તળાવ પર નહાવા આવ્યા હતા. વિજયા પણ કપડાં ધોવા આવી હતી. તદ્દન ચાડિયા જેવું મોં કરી, ભીમજીભાઈ આ દાંતનો કદી હસવા માટે ફરી ઉપયોગ કરવો નથી એમ નિશ્ચય કરી જાણે તેમને પાડી નાખવા જ હોય તેમ જોરથી દાતણ કરતા હતા. ત્યાં પાણીમાં સહેજ સંક્ષોભ થયો. બે ત્રણ સ્ત્રીઓ આક્રોશ કરી ઊઠીઃ 'અરે આ છોડી ડૂબી ચાલી, કોઈ ધાઓ રે!' કિનારેથી થોડા જ હાથ પર એક સ્ત્રી ગળકિયાં ખાતી હતી. વિજયાએ ભીમજીભાઈ તરફ જોયું. પણ તે પુરુષ હજી નિરાંતે દાતણ જ કરતા હતા. 'અરે જાઓને, તમે!' વિજયાએ બૂમ પાડી.

ભીમજીભાઈ રોજ આખું તળાવ ડોળતા હતા. સારું તરી જાણતા હતા. પણ છતાં તે આગળ ન વધ્યા. 'અરે મહાત્મા, પેલી બાઈ મરી જશે બિચારી?' વિજયાને છૂટો ઘોકો મારવાનું મન થયું. ત્યાં તો કોઈ બીજાએ ધબ્બ લઈને પાણીમાં પડતું મૂક્યું. વિજયાના કાકાનો નોકર બળદ પાવા આવી ચડેલો. તે તરત કશો વિચાર કર્યા વિના અંદર ધસ્યો અને બે મિનિટમાં બાઈને ખેંચીને ઓવારા પર લઈ આવ્યો. એ સ્ત્રીનાં પલળેલાં વસ્ત્રોવાળાં અંગ ન જોવાં પડે તે ખાતર ભીમજીભાઈએ ધીરેથી પાણીમાં સરીને ડૂબકી મારી અને પચીસેક હાથ દૂર નીકળ્યા. વિજયા ક્રોધથી સણસણી રહી. તેને નોકરને કહેવાનું મન થઈ આવ્યું, 'મથુરા, પેલાને જઈને ડુબાડી દે.'

સાંજે 'તપોવન'માં જઈને તેણે ભીમજીભાઈની ખબર લેવા માંડી. 'તમે એ બાઈને કેમ બચાવવા ન પડ્યા? અમારો મથુરો ન આવ્યો હોત તો એ મરી જ જાત ને?'

'બેન!' તપસ્વીની અદાથી તેમણે ચલાવ્યું. 'એટલે તો હું ક્યારનો કહેતો રહ્યો છું કે તમારે તરતાં શીખી લેવું જોઈએ. જોયું ને કે તમારે આ વસ્તુ શીખવી કેટલી જરૂરી છે? તમે તરી જાણતાં હોત તો બાઈને આટલું પણ પાણી ન પીવું પડત!' ભીમજીભાઈએ નવો ન્યાય ચલાવ્યો.

'પણ મને તરતાં શીખવવા પણ તમે ક્યાં તૈયાર હતા?'

'મેં વ્રત લીધાં તે પૂર્વે તમે આવ્યાં હોત તો જરૂર શીખવત. પણ હવે તો મારાથી સ્ત્રીનો સ્પર્શ ન કરાય. અને એમાં શું? તરવું એ તો આપકળા છે. હું કિનારે ઊભો રહી તમને સૂચના આપવા તૈયાર છું.'

'અને તરવું કે ડૂબવું તે મારે જ સંભાળી લેવાનું!' અને વિજયાએ સીધો પ્રશ્ન કર્યો: 'જવા દો એ વાત, પણ કહો એ સ્ત્રી ડૂબી ગઈ હોત તો કોણ જવાબદાર ગણાત?' ભીમજીભાઈને અંતર્મુખ થવાનું મન થયું પણ તે પોતાનો વ્રતાગ્રહ શિથિલ ન થાય તે માટે બોલ્યાઃ

'તમે!'

વિજયા ડઘાઈ ગઈ. તેનામાં ક્રોધ વધ્યો.

'હું કે તમે?'

'તમે! હું તો વ્રતધારી છું. વ્રતનું રક્ષણ એ મારું પ્રથમ કર્તવ્ય છે. વ્રત મારું સર્વસ્વ છે. બાઈનું જીવવું મરવું હરિના હાથમાં છે. હું ગયો હોત તો પણ તે બચત તેની શી ખાતરી? અને મારું તો વ્રત ભાંગે જ ને? વિજયાબેન, જે માણસ વ્રતભંગ થયો તેના જીવનમાં શું રહ્યું પછી? ઈશ્વર જે કરે છે તે સારા સારું જ. હવે તમારે બનતી ત્વરાએ તરવાનું શીખી લેવાનું છે! તમારી હાજરીમાં ફરી આવી ઘટના ન બનવી જોઈએ એવો શુભ નિર્ણય તમે કરો!' અને આદેશાત્મક છટાથી હાથ હલાવી તેમણે રેંટિયો શરૂ કર્યો.

'અને તમારી હાજરીમાં?' વિજયાને પૂછવાનું મન થયું. પણ ઉપરનું ભાષણ સાંભળ્યા પછી આ માણસ

સાથે એક ક્ષણ પણ વાત કરવી તેને ઘૃણાસ્પદ લાગ્યું. એ ઘૃણા શમતાં તે પારાવાર દુઃખ અનુભવી રહી. અને કેટલોય વખત તે ઊભા ઢીંચણ પર હડપચી ટેકવી ભીમજીભાઈના યજ્ઞકર્મને જોઈ રહી. થોડીવારે તેણે ડૂમો દબાવતાં પૂછ્યું: 'અને ધારો કે આજે હું ડૂબી જતી હોત તો મને ય તમે ડૂબવા જ દેત ને?'

ભીમજીભાઈનો રેંટિયો ક્ષણેક થંભ્યો. તેમણે વિજયા તરફ એક નજર કરી ન કરીને સૂતરના તાર ઉપર નજર ઠેરવતાં કહ્યું:

'આમાં તમે કે બીજું કોઈ એવો પ્રશ્ન જ ન હોઈ શકે! વ્રત તે વ્રત. "દેહ જાઓ અથવા રહો. મારે તો ધર્મ પાળ્યે જ છૂટકો."* ઈશ્વર મને મારાં વ્રત પાળવાનું બળ આપો!'

ભીમજીભાઈનાં આ સુવચનોમાંથી વિજયાને માત્ર પહેલા વાક્યની જ જરૂર હતી. એ સાંભળતાં વેંત કોઈએ જાણે મોતીની બે સેરો કાતરથી કાપી નાખી હોય તેમ તેની આંખોમાંથી ખરરર કરતાં આંસુ ઢળી પડ્યાં. આંસુને છુપાવ્યા વિના તેણે ખુલ્લે મોંએ રડ્યા કર્યું. આ અશ્રુપાત ભીમજીભાઈ ને માટે અદૃષ્ટપૂર્વ ચીજ હતી. રડતી સ્ત્રી સાથે કેવી રીતનું વર્તન રાખવું એ એમને ક્યાંયથી જાણવા મળ્યું ન હતું. તેમણે મૂંઝાયલી દશામાં કાંતણ ચાલુ રાખ્યું. પાંચેક મિનિટને અંતે પાલવથી આંખ લૂછીને વિજયા કાંઈ પણ બોલ્યા વિના ચાલી ગઈ.

---

* મંગળપ્રભાત

વિજયાની હાજરીમાં સ્વસ્થ બેઠેલા ભીમજીભાઈ તેના ગયા પછી એકદમ વિહ્વલ બની ગયા. તેમનો રેંટિયો તરત જ અટકી ગયો. એકદમ ઊઠીને રડતી વિજયાનાં આંસુ લૂછવાનું તેમને મન થઈ આવ્યું હતું. પણ અરે, એવું કર્મ તો કેવી રીતે બની શકે? તેમણે હવે અત્યાર સુધી પોતે જાળવેલી સ્વસ્થતા માટે પોતાને ધન્યવાદો આપવા માંડ્યા, પણ આ ચાલુ વિહ્વલતા માટે પોતાને ધિક્કારવા પણ માંડ્યા.

'રે જીવ! શું કરવું?' લમણે હાથ મૂકી તે બેઠા. અને થોડી વારે તેમની નજર ગાંધીજીની છબી તરફ વળી. હિમાલયથી ઝરતાં શાંત પાણી પેઠે કોઈ અદૃશ્ય સત્ત્વ તેમને આશ્વાસી રહ્યું. અને હજારો વાર ગોખી નાખેલા 'મંગળપ્રભાત'ના શબ્દો તેમના મગજમાં સ્લોટ મશીનમાંથી નીકળતી ટિકિટો પેઠે ખરખર ખરવા લાગ્યા. એ બધાનો શાંત રસ પી થોડીક ક્ષણે તે કોઈ ભયંકર નિશ્ચય કરીને ઊભા થયા.

નોટપેન્સિલ લઈને તેમણે દરેક વ્રતના ભંગ માટેનાં કલ્પના કરી શકે તેટલાં કડકમાં કડક પ્રાયશ્ચિતો યોજી કાઢ્યાં. અને શંકરાચાર્યે સંન્યાસધર્મ પ્રબોધતું શાંકરભાષ્ય લખી જે શાંતિ અનુભવી હશે તેવું કાંઈક તે અનુભવી રહ્યા.

આ આત્માના વ્યાયામને અંતે તેમને એક દર્શન સ્પષ્ટ થયું. આ સ્ત્રી માટે આટલું બધું આકર્ષણ કેમ જન્મ્યું? તેણે પેલો પ્રશ્ન પૂછ્યો ત્યારે 'જીવને જોખમે પણ તને તો બચાવું.' એ જવાબ કેમ જીભે આવી ગયેલો, જેને બળાત્કારે

ગળી જવો પડેલો? આના જવાબમાં તેમણે શોધી કાઢ્યું કે આ સ્ત્રી સાથે તેમણે ઘણું એકાન્તસેવન કર્યું હતું. એથી જ આ દુર્વૃત્તિઓ તેમને દમી રહી હતી. તેમણે ફરી કદી એકાન્તસેવન ન થાય તેવી યોજના ઘડી કાઢી. અને તે જ રાત્રે જઈને એક હરિ નામના હરિજન બાળકને પોતાના સાથી તરીકે રહેવાને તે પકડી લાવ્યા.

આ બધું છતાં ય વિજયાનો પેલો પ્રશ્ન તો તેમના આત્માને ગળેથી ન છૂટયો તે ન જ છૂટયો. અને હવે આંસુભરેલી આંખોવાળું તેનું દર્શન કલ્પનામાં તો વાસ્તવ કરતાં યે તેમને વધારે વિહ્વલ કરી મૂકવા લાગ્યું. હરિ! હરિ!

પણ જે શત્રુ સામે પોતે કિલ્લેબંધી કરીને બેઠા હતા તે શત્રુ ત્રણ દિવસો લગી ન દેખાયો. પોતાની યુદ્ધ-સામગ્રી તેમને કટાતી લાગી. ઊલટી વિજયા વધુ ને વધુ યાદ આવવા લાગી. વિજયાના અનાગમનથી તેમણે સંતોષ લેવો જોઈતો હતો. પણ તેમનો આત્મા તેના આગમનને ઝંખી રહ્યો. અને તેણે તેનો ખુલાસો પણ શોધી કાઢ્યો. 'મારાથી એક આશાસ્પદ લોકસેવિકાને કેમ રીતે છોડી દેવાય?' અંતે તેઓ વિજયાને તેડવા જવાને, તે રિસાઈ હોય તો તેને મનાવવાને, અને જો તેનું ચિત્ત શંકાશીલ, વ્રત-સાધના વિષે ઉપેક્ષિત બન્યું હોય તો તેનું નિરસન કરવા પણ તૈયાર થયા. ઢીંચણ સુધીનું ધોતિયું પહેરી અને ત્રણ હાથનું ઉપવસ્ત્ર ઓઢી, સ્વકૃત ચંપલો પહેરી, હાથમાં તકલી લઈ તે નીકળ્યા. ત્યાં જ વિજયા સામેથી આવતી દેખાઈ. તેમનો આત્મા પુલક્યો. 'પ્રભુ મારી પડખે જ છે!'

ભીમજીભાઈને કાંતતા મૂકી ઘેર ગયેલી વિજ્યાની આખી રાત ઉજાગરામાં વીતી. આ માણસનો આડંબર, દંભ, કઠોરતા અને એમાંથી પ્રગટતી અમાનુષતા જોઈ તે કંપી ઊઠી. છતાં તે તેને કદી મનમાંથી ઠેલી શકી નહિ. ભીમજીભાઈમાં ઊંડેઊંડે એણે એક એવું તત્ત્વ જોયું હતું જે તેને મહામૂલું લાગ્યું હતું. એક જબ્બર કાર્યશક્તિ, એક પર્વત શી દૃઢતા, અને ઉભરાતું પૌરુષ તેને ભીમજીભાઈ તરફ ખેંચી રહ્યાં હતાં. પણ આવો કઢંગો માણસ પકડાય જ કેવી રીતે? ચડસમાં આવી જઈ એ આત્મહત્યા પણ કરી નાખે તેવો હતો. છતાં તેને ઘડ્યે જ છૂટકો! જે ગાંધી-પરિભાષાની તે મશ્કરી કરતી તે જ શબ્દ પોતાની ભાષામાં આવતાં તેનું મોઢું મલકાયું. અને એ સ્મિતમય મનોદશામાં તેને એક ઘણી જ રમૂજી યોજના સૂઝી આવી. તે તરત જ ઘસઘસાટ ઊંઘી ગઈ.

તે પછી તે ત્રણ દિવસ લગી જઈ ન શકી. આટલી ગેરહાજરી પણ તેને ફાયદાકારક લાગી. ચોથે દિવસે તે સાંજના 'તપોવન' તરફ વળી. ચંપલ પહેરતા ભીમજીભાઈની ફરેલી પૂંઠ તે જોઈ રહી અને પોતાની યોજના યાદ આવતાં તેને હસવું ચડી આવ્યું. પણ ભીમજીભાઈને અત્યારથી ગભરાવી ન મૂકવા બહેતર માની તેણે હસવું સંયમી રાખ્યું. અને તેમના ફરવાની વાટ જોતી તે ધીરી ચાલે ચાલી રહી. ભીમજીભાઈની નજર પોતાની સામે થતાં તેણે ગાંભીર્યથી નમસ્કાર કર્યા, જે તેમણે અતીવ ગાંભીર્યથી

પાછા વાળ્યા.

વિજયાને જોયાનો સૂક્ષ્મ આનંદ શમ્યા પછી ભીમજી-ભાઈને ફાળ પડી. તેમનું કાળજું ધબકવા લાગ્યું. 'આ આ સાથે હું એકાન્તસેવન કરું છું.' કાંઈ કામ માટે હરિ બહાર ગયો હતો. હવે શું થાય ?

'ક્યાં જતા હતા ?' વિજયાએ પૂછ્યું.

'તમારા તરફ જ આવતો હતો.'

'અરે, પણ તમારા સમયનો ઘણો બગાડ થાત તેનું? સારું થયું કે હું જ આવી. તમારો લોકસેવકનો વખત હીરા જેટલો મૂલ્યવાન છે ને !'

'હા. પણ હું લોકસેવકનું કર્તવ્ય કરવાની દૃષ્ટિથી જ નીકળ્યો હતો.'

'અમારે ત્યાં ?' વિજયાને જરા નવાઈ થઈ. પણ તે શાંત બની બોલી. 'ચાલો, બેસીએ ત્યારે. મારે થોડું પૂછવું પણ છે.'

ભીમજીભાઈ કચવાયા. અંદર જવું ? એકલા ? અને તે હરિ પર ચિડાઈને તેને મનમાં શિષ્ટ ગાળો દેવા લાગ્યા. વૈરભાવે ભજતાં પ્રભુ જલદી પ્રસન્ન થાય છે તેમ હરિ પ્રસન્ન થયો હોય તેમ ગરુડ પર ચડીને આવતા ગિરધારીને વેગે સામેથી દોડતો આવ્યો. એકાન્તની મકરદંષ્ટ્રામાં ફસાયેલા ગજેન્દ્ર સમા ભીમજીભાઈને એ ખરેખર મોક્ષદાતા વિષ્ણુ જેવો જ મહા ઉદ્ધારક ભાસ્યો. એક આંતરિક હાશ ઉચ્ચારી તે હરિને દોડતો આવતો જોઈ રહ્યા. પાસે આવતાં જોઈ તેણે હાંફતાં હાંફતાં કહ્યુંઃ

' રવાપુરામાં એક જણુ માંદું છે. ભીમજીભાઈ, તમને ખૂબ યાદ કરે છે.'

ભીમજીભાઈએ વિજયા સામે જોયું.

' તમે આવશો સાથે ? કહ્યા હરિ, કોણ માંદું છે ?'

' નરોતિયાની વહુને તાવ આવ્યો છે. લોઢી જેવો ગરમ છે.'

' કેમ જાણ્યું તેં ? અડીને તપાસ્યો હતો ?'

' હા, આ હાથે અડીને તપાસ્યો હતો !' હરિના આ ઉત્સાહભર્યા વાક્ય તરફ ભીમજીભાઈ ઘૃણાની નજરે જોઈ રહ્યા. વિજયા ભીમજીભાઈની ખેંચાતી ભમર તરફ જોઈને બોલી: ' પણ એણે ક્યાં વ્રત લીધું છે, તે આમ કતરાઓ છો ! ચાલો, હવે તો મારે ય આવવું જોઈશે.'

ભીમજીભાઈ નમતા સૂરજ તરફ જોઈને બોલ્યા: ' આવતાં અંધારું થઈ જશે, તમે ન આવશો. હું જોઈ આવીશ.'

' ના, હવે તો મારે મારું કર્તવ્ય કરવું જ જોઈએ ને ? તમે તો એને અડવાના પણ નહિ. અને બિચારી મરી ગઈ તો એના ધણીની જશે. તમારે શું ? ચાલો.'

અને તે રવાપુરા ભણીને માર્ગે અગ્રસર બની. ભીમજીભાઈ પર વિજયાના કટાક્ષે, પાડાની પીઠ પર પ્રોણા અસર કરે તેટલી જ અસર કરી, પણ ફાલતો મોલ જોઈ પાડો જેમ પુલકાય તેમ વિજયાની વિકસતી સેવાવૃત્તિ, તથા જવાબદારીનું વધેલું ભાન જોઈ તે પુલક્યા. અપૂર્વ આત્મ-સંતોષ અનુભવતા તે ગૌરવભેર ડગલે વિજયાની સાથે ચાલવા લાગ્યા. હરિ પણ સાથે જ ચાલ્યો.

રવાપુરાની હરિજન બાઈને વિજયા પાસે તપાસાવીને ભીમજીભાઈ પાછા ફરવા લાગ્યા. આવી જ રીતે તેઓ એક દિવસ પાછા ફરતા હતા. ભીમજીભાઈને યાદ આવ્યું. વળી તેમને એક પ્રકારની વ્યગ્રતા પણ થઈ. આજે પણ અમે સાથે જ છીએ. પણ સારું છે કે હરિ સાથે છે. નહિ તો ? વળી તેમને તે દિવસે કરડેલો વીંછી યાદ આવ્યો. વીંછીની સાથે તેમને એ યાદ આવ્યું કે વિષયવૃત્તિને ગાંધીજીએ વીંછી સાથે જ સરખાવી હતી. એ વેદના પોતે સહી શક્યા હતા. અને તેનાથી અપરાજિત રહી પોતાનું દવા ન લેવાનું વ્રત-મંગળ-પ્રભાતનાં વ્રતોમાં જે તેમનો ઉમેરો હતો તે-પાળી શક્યા હતા. તેમનો આત્મા પુલકિત થતો હતો.

વિજયાને પણ ભીમજીભાઈને વીંછી કરડ્યાનો પ્રસંગ યાદ આવ્યો. બાઈની માંદગી ગંભીર ન હતી. એટલે હવે હળવે ચિત્તે તેઓ ચાલતાં હતાં. આડીતેડી વાતો ચાલતી હતી. વીંછી યાદ આવતાં વિજયાના મનમાં એક વિચાર ચમક્યો. એ વિચારને રમાડતી તે વાતોનું તાપણું સંકોરતી રહી.

તે દિવસ કરતાં આજે જરા વધારે મોડું થયું હતું. મોંસૂઝણું પણ રહ્યું ન હતું. એટલામાં જે કાંસ ઉપર ભીમજી-ભાઈને વીંછી કરડ્યો હતો તે આવ્યો. ભીમજીભાઈ તે યાદ કરતાં બોલ્યાઃ

'યાદ છે કે, મને આ સ્થળે વીંછી કરડ્યો હતો ?'

'હા, પણ એ તો તમે જ વેઠી શકો. હું તો મરી જં જાઉં. એક ડગ પણ મારાથી ન ભરાય !'

'અલ્યા હરિ !' ઘાસમાં આમતેમ ચાલતા હરિને

ટોકતાં ભીમજીભાઈ બોલ્યા. 'સીધો ચીલામાં ચાલ!'

'હા, ભાઈ હા!' વિજયાએ ટહુકો પૂર્યો અને બીજી જ ક્ષણે તેણે મોમાંથી તીવ્ર ચિત્કાર કર્યો.

'બાપરે, મરી ગઈ!' અને ત્યાં જ પગ દબાવીને તે બેસી પડી.

ભીમજીભાઈ તથા હરિ બંને ચોંક્યા. દૂર ચાલતો હરિ દોડતો પાસે આવ્યો. ભીમજીભાઈ વાંકા વળ્યા.

'શું થયું?'

'મને કશુંક કરડ્યું!' વિજયાએ સીસકારા કરતાં કહ્યું.

વીંછીનો વિચાર આવતાં ભીમજીભાઈને વિજયાને થતી હોવી જોઇએ તે કરતાં પણ ભારે ગભરામણ થઈ. અત્યારે ક્યાંથી વીંછી નીકળી આવ્યો? તે ચિડાયા.

'જુઓ જુઓ, કાંઈ કાંટો બાંટો તો નથી? વિલાયતી થોરના કાંટા પણ લાગે છે વીંછી જેવા.'

'બળ્યા તમારા કાંટા! હું તો બળી મરું છું. અલ્યા હરિ રે! જો પેલો વીંછી જાય, મારી નાખ એને?'

'રહેવા દે, જતો રહેવા દે!' વીંછી શોધવા જતા હરિનું બાવડું પકડતાં આદેશાત્મક સ્વરે ભીમજી બોલ્યા:

'ભૂલી ગયો, હરિ? આપણાથી જીવહિંસા ન થાય!'

'અરે, મરી ચાલી રે!' વિજયાનો ચિત્કાર તીવ્ર થયો. 'એ વીંછી જેમજેમ ચાલશે તેમતેમ મને ચડવાનો! ઓ રે! ઓ રે! વીંછીને મારી નાખો રે!'

ભીમજીભાઈના હાથમાંથી બાવડું છૂટવી હરિ વીંછીને ઢૂંઢી રહ્યો. પણ તેના હાથમાં વીંછી ન આવ્યો તે ન જ

આવ્યો.

'અરે, હરિ! એ શોધ મૂકી દે હવે!' એક જીવ બચ્યાના આનંદે સંતુષ્ટ થતા ભીમજીભાઈએ પોતાના ઉપરણામાંથી ચીંદરડી ફાડતાં કહ્યું.

'લે, વિજયાબેનને પાટો બાંધ!'

'અરે એ શું બાંધવાનો? તમે કસીને બાંધો!'

ભીમજીભાઈને તમ્મર આવ્યાં. સ્ત્રીસ્પર્શ!

'અરે બાંધો! ઓ રે, ઢીંચણ લગી ચડ્યો!'

ભીમજીભાઈને કોઈએ ચાબૂકથી ફટકાર્યા હોય તેમ ચાનક લાગી. અને હરિ પાસે વિજયાનો ચણિયો ઊંચો કરાવી તેના પગને જરા યે ન અડાય તેવી સાવચેતી રાખીને પાટો બને તેટલો કસીને બાંધવા લાગ્યા.

વિજયાનો આક્રોશ ચાલુ રહ્યો. ચીસો પાડતી પાડતી તે ભોંય પર ઢળી પડી. હવે શું કરવું? ભીમજીભાઈ મૂંઝાયા. આ ચાલવાની તો નથી જ. તો હવે એને ઘરભેગી શી રીતે કરવી? ગામમાંથી કોઈને બોલાવવું જોઈએ. કોઈ સીમમાંથી ઘેર જતું ગાડું મળી આવે તો તેમાં નાખીને ય લઈ જવાય. પણ આટલી અસૂર વેળાએ સીમમાં ગાડું યે ક્યાંથી હોય? તેમણે હરિને ગામમાં મોકલવાનો વિચાર કર્યો. પણ પોતે આ સ્ત્રી સાથે એકાંતમાં! તેઓ ભડક્યા. છેવટે તેમણે પોતે જ જવાનો નિશ્ચય કર્યો.

'અલ્યા હરિ! તું ઊભો રહે અહીં. હું ગામમાંથી કોઈને લઈ આવું!'

'ના રે, હું બી મરીશ રે! તમે ના જશો...રે...!'

ચિત્કારો સાથે વિજયાએ કહ્યું.

'અરે હું દોડતો જાઉં છું. ભીમજીભાઈ, તમારાથી દોડાવાનું છે કંઈ?' અને હરિએ ગામ તરફનો રસ્તો લીધો.

હરિના ચાલવા માંડ્યા પછી વિજયાની ચીસો વધતી ગઈ. તે જમીન પર આળોટવા લાગી.

'નથી બેસાતું રે! મરી ગઈ રે!' પણ હજી ભીમજીભાઈ અલગ જ ઊભા હતા. તેમના અંતરમાં એક ગજગ્રાહ થઈ રહ્યો હતો. જેને મળવાને તે તલસતા હતા, જે તેમનાં સ્વપ્નોમાં આવતી હતી, જે કદીક જગતમાં સર્વથી પ્રિયતમ લાગતી હતી તેની આ પીડા કેવી રીતે વેઠી શકાય? વળી તેમને થતું: પણ અરે તારાં વ્રતોનું શું? સ્ત્રીસ્પર્શનું નક્કી કરેલું પ્રાયશ્ચિત કેટલું ભયાનક છે તે ખબર છે ને?

પણ છેવટે એ મહા મન્થનમાંથી તેમને માર્ગ સૂઝયો. 'જીવ, પ્રાયશ્ચિત્ત કરી લેજે. પણ એક લોકસેવિકાને તો કેમ દુઃખી થવા દેવાય?' તેમને ક્યાંક સાંભળેલું યાદ આવ્યું કે કેટલાક વીંછીના વિષથી મૃત્યુ પણ કદી નીપજે છે. હરિ! હરિ! તેમણે પૂછ્યું:

'વીંછી કેવો હતો, બેન?'

'મુવો તમારો વીંછી! મને શું ફરીથી કરડાવવો છે?' અને તેણે ધીરેથી કહ્યું: 'કાળો ભમ્મર, મોર વીંછી!'

થઈ રહ્યું! ભીમજીભાઈનું હૃદય ધમણ બની ગયું. એનું તો મહા વિષ. અને આને કંઈ થયું તો તેનું કોણ જવાબદાર? એના કાકા જાન લે તેવા હતા. અને ગ્રામલોક

રેંટિયાની વચલી પાટલી પર મૂકી, તેના તરફ અભિમુખ બની તે બેઠા. અને ધીરે સ્વરે તેમણે પ્રાર્થના શરૂ કરી.

પ્રાર્થના પૂરી કરીને તેમણે મોઢા પર ભયંકર દઢતા લાવી પોતે નિર્ધારેલું પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ ક્રમેક્રમે ઉચ્ચારવા માંડ્યું. તે ઉચ્ચારી રહ્યા પછી 'એવી હું આ દીપ સમક્ષ પ્રતિજ્ઞા કરું છું.' એ શબ્દો તેઓ બોલવા લાગ્યા કે તરત જ એક ખડખડાટ હસવાનો અવાજ તેમને કાને પડ્યો. અને તે ચમક્યા.

વિજયા બેઠી થઈને પેટ પકડીને બેવડ બની જતી, તેની લાક્ષણિક રીતે હસતી હતી.

'શું થયું?' ભીમજીભાઈ ઘડીક તો કશું સમજ્યા જ નહિ. 'શું વીંછીની વેદનાથી થતા હિસ્ટીરિયાનો આ પ્રકાર તો નહિ હોય!' તેમને મનમાં પ્રશ્ન થયો.

'શું થાય! વીંછી મટી ગયો.' ભીમજીભાઈ કાંઈ સમજી ન શક્યા.

'કેવી રીતે?'

'આવી રીતે!' વિજયા બેઠી હતી ત્યાંથી સડાક કરતીકને ઊભી થઈ અને વ્યગ્ર બનેલ ભીમજીભાઈના બે ગાલ ઉપર તમાચા લગાવતી બોલી, 'આ શું સાધુવેડા આદર્યા છે, મહાત્મા? આખી દુનિયાનું નખ્ખોદ વાળવું છે કે શું? તમારાં વ્રતથી બીજાંને ય મરવા દેવાં છે અને જાતે ય મરવું છે?'

'તો શું તમને વીંછી નહોતો કરડ્યો? આવો દંભ? આવું અસત્યાચરણ! આવું પાપ? તમે તો બેવડો ગુન્હો

ક્યોં ! મારી પાસે પણ પાપ કરાવ્યું.' ભીમજીભાઈ બધી પરિસ્થિતિ સમજી જઈ, બધા જ આશ્ચર્યનો ખુરદો કરી તેને ગળી જઈ, ટેવ પ્રમાણે ગંભીર થતાં બોલ્યા, 'તમારે પણ પ્રાયશ્ચિત્ત કરવું પડશે.'

'હા, કરીશ. અને તમને પણ હું બરાબર પ્રાયશ્ચિત્ત કરાવીશ !' વિજયા બોલી.

'એટલે ?'

'તમને અડવાનું પાપ મેં કર્યું છે, મને અડવાનું પાપ તમે કર્યું છે. હવે આપણે પરણ્યે જ છૂટકો ! ન માનો તો પુછાવો બાપુને !'

અને ભીમજીભાઈ કાંઈ પણ વધારે બોલે તે પહેલાં તે તેમને જઈને ચોંટી, જીવનભર કદી ન ઊખડવાને.

......અને એવી રીતે એક આત્માનું, એક કહીશું કે બે કે અનેક આત્માઓનું ?—મરણ થતું અટક્યું.

# મિલનની રાત

'આશા હોણુ* આયા ! આશા હોણુ આયા !' શિયાળાની એક સાંજે ફળિયામાં પ્રવેશતા એક પરિચિત અને બહુપ્રિય મહેમાનનું સ્વાગત કરતાં બેચાર છોકરાં એકસામટાં બોલી ઊઠ્યાં. મહેમાનની માસીસાસુ ઓટલા પર બેસી સૂપડા વતી ભરડેલા કોદરા ઝાટકતી હતી તેણે મોં પર ઘૂંઘટો ખેંચ્યો, જો કે તેના શરીરના બીજા ઢાંકવા જેવા ભાગ તો અર્ધાપર્ધા ઉઘાડા જ હતા. ભાભડા હજી ખેતરેથી આવ્યા ન હતા. એટલે મહેમાનની આગતાસ્વાગતા આ છોકરાં અને માસીસાસુને માથે જ આવી પડી.

'પાલી, ખાટલો પાડ અને ઘરમાંથી ધોળી ગોદડી નાખ.' માસીસાસુએ પોતાની બારેક વરસની ચબરાક દીકરીને કહ્યું અને 'અંધારું થાય તે પહેલાં આટલી કોદરી જરા ઝાટકી લઉં.' બોલી સૂપડું ચલાવવા લાગી. ઓછાં-ઓછાં થઈને જમાઈની પરોણાગત કરવાને બદલે છોકરીને જ તે કામ સોંપી દેવાનું કારણ, અંધારું થઈ જવા ઉપરાંત જમાઈની પરોણાગત માટે જોઈતા દાણા પણ આ ભરડાયેલા

* બારૈયા વગેરે કોમોમાં પુરુષના નામ સાથે માનાર્થે વપરાતો શબ્દ.

કોઠારામાંથી જ કાઢવાની જરૂર એ પણ હોય.

ખાટલો ઢળાયો અને જમાઈ હોણે ખભા પરની પછેડી ઉતારી ખાટલા પર મૂકી અને સહેજ ખોંખારો કરી બેઠા. ત્યાં જાણે કોઈ તમાસાની રાહ જોઈ રહ્યાં હોય તેમ ઘરના ખૂણા પાસે લપાયેલાં છોકરાં હુકમસર હસતાં હોય તેમ હીહીહીહી કરતાં હસી પડ્યાં.

'મેર રાંડ પાલુડી, ઊભી રહે!' કહીને માસીસાસુએ ઊમરા પાસેનું ખાસડું છુટ્ટું ફેંક્યું. થયું હતું એમ કે પાલીએ ખૂણીથી પાથરેલા ત્રણ પાયાવાળા ખાટલા પર બેસવા જતાં જમાઈ હોણુ વિચિત્ર રીતે ગોથું ખાઈ ગયા હતા. પાલી પોતાના આ પરમપ્રિય બનેવીને મશ્કરીભાવે ખૂબ જ ભજતી હતી. આ ભક્તિનો આવિર્ભાવ બેન-બનેવીના લગનથી જ થઈ ચૂક્યો હતો. અને જ્યારેજ્યારે એમનો મેળાપ થતો ત્યારે, સુધરેલા અથવા કહો કે ભણેલા લોકોમાં કાગળપત્ર મારફત લેવાતાદેવાતા ભાવના સોદા કરવાની જે સગવડ હોય છે તે અહીં ન હોવાને કારણે એ અણવપરાયેલી ભક્તિની શક્તિ બહુ વેગપૂર્વક બહાર પડતી.

લગન વેળા જમાઈને હેરાન કરવામાં હરીફાઈ કરી રહેલી આઘેપાસેની ઘણી સાળી વગેરેમાં પાલીએ રેકર્ડ તોડ્યો હતો. જમાઈઓ પણ આની ભાવભક્તિનો ઘટતો ઉત્તર સાધારણ રીતે આપે જ છે. પણ આશા હોણુ જરા સહનશીલ કહો, નરમ કહો, કે શાંત કહો એવા હતા તેથી એ જવાબો આપવામાં શિથિલ હતા, એટલે આ લોકોને જમાઈને ચીડવવાની ખૂબ મજા પડતી. પણ એ જે કંઈ

મશ્કરીઓ વેઠી લેતા તેની પાછળ એમની ખાનદાની તો દેખાઈ જ આવતી. ઘણા જમાઈઓના જેટલી હદે, જે અહીં જણાવવાની જરૂર નથી પણ ટૂંકામાં કહીએ તો બેહદની હદે એ કદી ગયા ન હતા. એમણે પાનમાં ઉંદરની લીંડી ખાઈ લીધી હતી, ખારા સ્વાદની ચા પી લીધી હતી, બકરાની લીંડીઓનો હુક્કો પીધો હતો, એવું બધું અહીં ગણાવવાની જરૂર નથી. માત્ર છોકરીઓ એમનાં લગન કૂતરી, બિલાડી, વગેરે સાથે કરવાનાં ગીત ગાતી ત્યારે તેઓ એટલું જ કહેતા, 'તાણે તમે ય કોણ બીજીઓ છો ?'

એના જવાબમાં 'તાણે આવો તો ખરા લગન કરવા !' એટલું કહીને તેઓ નાસી જતી.

આજે આશા હોણ આવ્યા ત્યારે આવા ઠીઠિયાવેડાને બદલે ગંભીર દિલગીરી જાળવવી વધારે યોગ્ય હતી. જમાઈ હોણ ઘરભંગ થયા પછી પહેલીવાર જ અહીં આવતા હતા. માસીસાસુએ તો મલાજો પાળ્યો, પણ આ છોડીઓ ! એ કંઈ ગાંઠે તેવી હતી ? માણસોમાં બાળકો, એટલે કે દસ પંદર વર્ષની છોડીઓ બહુ ગંભીર ઠાવકી રહે એ સંભવિત ન હતું. ઊલટું આપણે ત્યાં બને છે તેમ ઘણીવાર એક સ્ત્રીના મરણ સાથે બીજી સ્ત્રીનું મંગલ જોડાયું હોય છે એટલે સ્ત્રીના મરણનો ભાગ્યે જ કોઈ શોક કરે છે અને જમાઈ જેવું માણસ ત્રણ પાયાના ખાટલા પરથી ગોથું ખાય ત્યારે મરવા પડ્યા હોઈએ તો ય એટલું તો હસી લેવાનું મન થાય જ.

'છોડી પાલી ! ઓરી આય.' માસીસાસુએ કડક

થઈને હોંકારો કર્યો. છોકરાંના ટોળામાંથી છૂટી પડીને પાલી ધીરીધીરી મા પાસે ગઈ. 'જા દીકરી, તારા બનેવીને પાણી આપ. ડાહી થઈને હોં!'

પાલી એક ચીકણી લોટી ભરીને પાણી લઈ આવી અને બનેવીના હાથમાં આપી સોડિયામાં હાથ ઘાલી હોઠ સુધીનું મોં લૂગડાથી ઢાંકીને પાસે ઊભી રહી. આશા હોણુ પોણીએક લોટી પાણી પી રહ્યાં હશે ત્યાં તેણે ઢાંકેલા હોઠ પાછળથી જ ખડખડાટ હસવાનું શરૂ કરી દીધું. નવાઈ પામેલા બનેવીના હાથમાં લોટી અદ્ધર રહી ગઈ. અને ફાટી આંખે તે પેલી હસતી તોફાની આંખો તરફ જોઈ રહ્યા.

'શું કર્યું વળી, વંતરી?' માએ કોદરા ઝાડકવા બંધ રાખીને પૂછ્યું. પણ આ 'વંતરી'એ જે કર્યું હતું તે તેને કોઈ જણાવી શકે તેમ ન હતું. માનો સાદ સાંભળી છોકરીએ મોં પરથી હાથ હઠાવી લીધો અને તેનું ખડખડાટ હસતું મોં અનેરી મનોરમતાથી દીપી રહ્યું. ગભરાયેલા અને આશ્ચર્યચકિત બનેલા પુરુષની આંખો આ જાજરમાન સ્ત્રીત્વને પી રહી. પાલી હસીને ઠંડી પડી અને આશા હોણુના મોં પર એક આછું સ્મિત આવ્યું. અને બંને એક બીજાની સામે મંદ સ્મિતભર્યાં મોંથી જોઈ રહ્યાં, વિપળની પણ વિપળ જેટલો વખત.

'કેવા ભડકાવ્યા!' પાલી બોલી.

'ઓત્તમારીની!' આશા હોણુ એટલું જ બોલ્યા. અને એક જ મિનિટમાં ક્યાંકથી ચડી આવેલી શરમ અને મુગ્ધતાથી તેના તરફ જોવા ગયા ત્યાં તો તે ચાલી ગઈ.

'છોકરી, બહુ અટકચાળાં ના કરતી, નહિ તો તારા બાપને કહી દઈશ તો બરડો ખોખરો કરી નાખશે ! જા, ચૂલો સળગાવ અને પાણીની દેગડી મૂકી, કૂવેથી બેડું ભરી આવ.'

કાંઈ પરવા નથી એમ જણાવતી હોય તેમ ખભા ઊંચા કરી પાલી ઘરમાં ગઈ અને મોટી મોટી બે ગાગરો લઈને નીકળી.

'ચાલો અલી, કોઈને આવવું હોય તો કૂવે.' એમ કહીને બીજી છોકરીઓના ટોળાને લઈ તે ફળિયામાંથી દમામથી ચાલી ગઈ.

આકાશમાં તારા ઊગ્યા, મોંસૂઝણું બંધ થયું, અને ચાદર ઓઢવી પડે તેવી ટાઢ વાવા લાગી ત્યારે ખેતરેથી ભાયડા આવ્યા. આશા હોણના મામાસસરા પાડોશીઓ વગેરેએ પોતાનાં હળલાકડાં, ગાડાં બળદ ઠેકાણે કરી દીધાં, અને પોતપોતાના ઘરભણી વળ્યા. ખાટલા પર કોઈ માણસને બેઠેલું જોઈ મામાસસરા જરા અટકયા, જરાક તાકીને જોયું, અને બોલ્યા :

'કોણ છે અલ્યો ? આશા હોણ કે ?'

'રામ રામ, પરતાપ હોણ !' કહી આશા હોણે ઊભા થઈ હાથ લંબાવ્યા. પરતાપ હોણે જમાઈના હાથ હાથમાં લીધા, અને બંને પરસ્પર પોચાપોચા ભેટ્યા.

'અલ્યા ચંદુડા, પેલાં કરાંઠાં લઈ આવ, અને તાપણી કર.' કહી પરતાપ હોણ ઓટલા પર બેઠા.

પાલીના ભાઈ ચંદુડાએ તાપણી કરી અને તેની

ફરતા ધીરે ધીરે ફળિયાના બધા આદમી ભેગા થયા. પરતાપ હોણુના ઘરમાંથી હુક્કો આવ્યો, કરાંઠીનો દેવતા ચલમમાં ભરવામાં આવ્યો, અને હુક્કો વારાફરતી હાથોહાથ ફરવા લાગ્યો. એ હુક્કો પીતાંપીતાં આડી અવળી ખબરો પૂછતાં, તાપણીના વધતા ઓછા પ્રકાશમાં સૌ આ મહેમાનના, દાઢીના ભાગ ઉપર ઊગી નીકળેલી અર્ધા ઇંચની દાઢીવાળા, સાંકડા રૂપાળા હોઠવાળા, સીધા નાકવાળા, તથા કાળી લાંબી ભમરોવાળા, મીઠાશથી ભરેલા મોં તરફ જોઈ રહ્યા.

તાપણીનું બળતું થોડીથોડી વારે હોલવાઈ જતું તેમાં નવું બળતણ ઉમેરવામાં આવતું અને તે થોડી વાર ધુમાઇને ભડકો થતું. તાપણીનો ધુમાડો તાપનારાઓનાં નાકને સહેજ અંણુખત કરતો ઊંચે ચડી જતો, અને ભડકો થતાં તેના પ્રકાશમાં બધાનાં સહેજ ખેંચાયેલાં મોં ધીરે ધીરે અસલ સ્થિતિએ આવી જતાં દૃશ્યમાન થતાં. આ અલ્પ મૂંઝવણની હાલતમાં વાતચીતના શબ્દો તૂટકતૂટક વહેંચાઈ જતા. વાતની સાંકળ કદીક તૂટતી, તૂટતી ત્યાંથી વળી સંધાતી, કે વળી નવો જ ફણગો પાછો ફૂટતો.

આ વાતચીતમાં નવાં જન્મેલાં છોકરાંની, નવા ખરીદેલા બળદોની, મરી ગયેલાં ડોસાડોસીઓનાં બારમાંની, નવી વહુઓની અધરણીઓની, કોકના મોલ ગુડાયાની, કોકે કોકને ઝાટક્યાની, ખેતરની ખેતીની, એમ અનેક ખબરો પુછાઈ ગઈ. અને એમાં એક મુદ્દાની વાત પણ ચર્ચાઈ ગઈ. તે હતી પરતાપ હોણુની પાલી જોડેના આશા હોણુના લગનની. ' જૃગતે જોડું છે, બેનના ઘરમાં બેન જાય છે. '

એમ કહી બધાએ તે વાત વધાવી લીધી, પણ ધીરે રહીને પરતાપ હોણુના વહીવટદાર જેવ પડોશીએ અંદર ઉમેર્યું કે જમાઈ હોણે સસરાને બળદ લેવા બસેં રૂપિયા આપવા પડશે. અને જૂનીનાં ઘરેણાં નહિ ચાલે, પાલો સારુ નવાં જ કરાવવાં પડશે. નહિ તો હવે નાતમાં બીજા છોકરા ક્યાં નથી ? આશા હોણુને લાગ્યું કે આ કન્યા આપણે મેળવવાની આશા મૂકવામાં જ સાર છે. ડોસી પછી છ મહિને વહુ મરી જાય, એ એનાં કારજ ઉકેલવાનાં, વાણિયાનું વ્યાજ ભરવાનું, અને આટલાં ઘરેણાં અને રૂપિયા કાઢવા એ બધું તે કેમ બને ? હા–નાનો ચોખ્ખો જવાબ આપ્યા વિના જ તેમણે ભીનું સંકેલી લીધું. ત્યાં અંદરથી માસીસાસુનો ટહુકો સંભળાયો.

'એ ઊઠો જમવા.'

'લ્યો જમી લ્યો, ભિયા!' કહેતા બધા ઓઢેલી ચાદરોની ધૂળ ઝાટકતા ઊઠ્યા, અને ફરીથી માસી સાસુનો બુલંદ અવાજ સંભળાયો:

'છોડી પાલી!'

'એ...ઓ.' અવાજ આવ્યો.

આશા હોણુ એ અવાજની આમળાં જેવી બળબારી તીવ્ર મીઠાશ પી રહ્યા.

'આ તારા બનેવીને પગ ધોવા પાણી આપ.' માના હુકમને માન આપી ગરમ પાણીનો કળશો લઈ આખું અંગ સોડિયામાં સંતાડતી પાલી આવી અને ઓટલા પાસે ઊભેલા આશા હોણુના ભણી હાથ લંબાવી બોલી:

'લ્યો !'

'મૂકો ઓટલા પર. હું જરા બહાર જઈ આવું.' કહી આશા હોણુ પોતે મૂકેલા જોડા વાંકા વળી ખોળવા લાગ્યા. ખોળતાં ખોળતાં તેમને લાગ્યું કે ક્યાંકથી પાણીના છાંટા તેમના પર પડે છે. તેમણે ટટાર થઈને જોયું તો વાદળામાં વીજળી ચમકે તેમ પાલીના મોં પર મલકાટ ચમકી રહ્યો છે. તેમણે ધીરે રહીને કહ્યું:

'હજી કંકુ છાંટવાની તમારે બહુ વાર છે.'

'નથી. આ લ્યો, જુઓ!' કહી પાલીએ ખોબો ભરીને પાણી તેમના મોં પર છાંટ્યું. ધોતિયાથી મોં લૂછતાં આશા હોણે કહ્યું.

'બહુ થયું હવે. મારા જોડા બતાવોને.'

'જોડા શું કરવા છે તમારે? મારી જોડીઓ પહેરી જાઓ. કૂતરાં ખેંચી ગયાં હશે!'

આશા હોણુ કંઈ પણ બોલ્યા વિના ચુપચુપ ફળિયા બહાર જવા લાગ્યા.

'ત્યાં ના જશો. આમ પછવાડે જ જાઓ કને!' પાલીએ બહુ ઠાવકાશથી કહ્યું. અને તેમણે તે બાજુ થોડાંક પગલાં ભર્યાં ન ભર્યાં ને તેમના મોંમાંથી બેચાર તીવ્ર સીસકારા નીકળી ગયા. ત્યાં આગળ બાવળનું એક ઝરડું પડ્યું હતું. એના કાંટા બનેવીને વાગે એવી રીતે પાલીએ રસ્તો બતાવ્યો હતો. આ સીસકારાની મઝા લઈ લીધા પછી આશા હોણુનો ક્રોધ વેઠવા ત્યાં ઊભા રહેવાની જરૂર નહતી.

આશા હોણુ પરવારીને હાથમાં ધોઈ માસાસાસરા

સાથે જમવા બેઠા. એમની સાળી રસોડાની કોઠી પાછળ લપાઈને જોતી હતી. જમાઈ જમતાં જમતાં દરેક ચીજ તપાસીને ખાતા હતા. પણ એમાં કંઈ ગભરાવે એવી વસ્તુ આવી નહિ. માત્ર એક જ નાનો બનાવ બની ગયો. બળદ છૂટી ગયો હોવાથી પરતાપ હોણુ જમવાનું મૂકીને જરા બહાર ગયા તેવામાં ઊંચી પૂંછડીએ મિયાંઉં મિયાંઉં કરતી બિલાડી ઘરમાં આવી. અને કોઠી પાછળથી પાલી ધીરે રહીને બોલી.

'તમને બોલાવે, આશા હોણુ?'

'કોણુ?' તેમણે જરા આતુર થઈને પૂછ્યું.

'આ તમારી...' પણ પાલી વાક્ય પૂરું કરે તે પહેલાં જ તેના બરડામાં લાકડાનો ચાટવો તેની માના હાથે પડી ચૂક્યો હતો. જો કે આશા હોણુ આ પ્રકારે પોતાના અપમાનનો બદલો લેવાયો તે માટે રાજી ન હતા. બળદ બાંધીને પરતાપ હોણુ આવી ગયા પછી જમણ શાંતિથી નિર્વિઘ્ને પાર પડ્યું.

જમ્યા પછી ફરીથી ફળિયામાં તાપણી થઈ. આ વેળા બૈરાંઓએ પણ જુદી તાપણી કરી હતી. ઘણી ઘણી વાતોને અંતે આ તાપવાનો કાર્યક્રમ એક ઘરડી ડોશીના નીચેના શબ્દોથી પૂર્ણાહુતિ પામ્યો.

'લ્યો ચાલો, ઊંઘી જાઓ હવે, ક્યાં લગી તાપ્યા કરીશું? આપ્યું ને તાપ્યું કેટલું પહોંચવાનું છે?'

અને આંગણામાં ઢાળેલા બે ખાટલા પર મામાસસરા અને જમાઈ સૂવાને માટે જઈ ને બેઠા. થાકેલા પરતાપ હોણુ

સૂતાં વાર જ ઊંઘી ગયા. આશા હોણુ પજાપજા આકાશમાં જોઈ રહ્યા. અને અચાનક એમને ઝાડાની હાજત થઈ. તેમણે ઊઠીને બારણું ઠોકીને પાણી માગ્યું. તેમના જોડા મૂળ જગાએ આવી ગયા હતા. માસીસાસુએ એક પાણી ભરેલો કળશો આપ્યો અને બીજો કળશો ઓટલા પર મૂકી કહ્યું, ' આ હાથપગ ધોવાને. '

થોડી વાર પછી તે જ્યારે હાથપગ ધોઈ ને ખાટલામાં સૂવા ગયા ત્યારે તેમણે જોયું કે તેમને માટે ઓઢવાની જે ગોદડી મુકાઈ હતી તે ખાટલા પર ન હતી. ગોદડીની શોધ કે માગણી કરવાનું નિરર્થક સમજીને તેમણે તાપણીના કજરાયેલા અગ્નિ પર હાથ પગ શેક્યા, ઓશીકે મૂકેલો ફેંટો ચાદરની અંદર બેવડો તેવડો કરીને ધાલ્યો અને પહેરેલાં કપડાં સાથે તેમણે ખાટલા પર લંબાવ્યું.

અને તેમણે ઊંઘવા માંડયું. આવી રીતે ગોદડી વિના સૂવું એ એમના જેવી બારૈયાની કોમને માટે કંઈ અસાધારણ બનાવ ન હતો. અને તે ખરેખર ઊંઘી ગયા. માણસનું જીવતું શરીર પાથરેલી ગોદડીને પોતાની હૂંફ આપતું હતું. અને જ્યારે એક પાસું અતિશય ઠંડું થઈ જતું ત્યારે તે નીચે હૂંફાયેલી ગોદડીની હૂંફ લેવા આપોઆપ નીચે જતું. અને હૂંફ પામેલું પાસું પેલા ઠરી ગયેલા પાસાને હૂંફ આપવા ઉપર આવતું. આમ શરીર ઇચ્છાશકિતના સક્રિય ઉપયોગ વિના પણ પોતાની ગરમી હૂંજાળવી રહેવા લાગ્યું, અને એ દરમિયાન નવરી પડેલી ઇચ્છાશકિત સુષુપ્ત મનઃપ્રદેશમાં પ્રવાસે ઊપડી.

આશા હોણ મસાણમાં બેઠા છે. અને ભીની આંખે પોતાની મરેલી વહુ જીવીની ચિતાને બળતી જોઈ રહ્યા છે. તે છૂટે મોંએ રડી શકતા નથી. કારણ કે એમને ડર છે કે બીજા મહેણું મારશે કે બાયલો બાયડી પાછળ રોવા બેઠો છે. એમના ભાઈબંધ ચિતાને વાંસડા વતી ખોરતા હતા. એ દેવતાની ઝાળો પોતાના મોઢાને કેવી તપાવતી હતી! ચિતાની ગરમીથી ત્રાસી ઘણા જણ દૂર જઈ બેઠા હતા. પણ પોતે તો મોઢું લાલચોળ થઈ જવા છતાં ત્યાં બે હાથ છેટે જ બેસી રહ્યા હતા. જેણે જીવતાં હૂંફ આપી હતી તેની ચિતામાંથી પણ જે ગરમી મળે તે પણ છેલ્લી છેલ્લી સંઘરી રાખવા જેવી જ ખરી ને!

હા, એ જીવતી હૂંફ! માટીના ખોરડામાં, કાથીના ખાટલા પર, ચીંથરાંની ગોદડી ઓઢીને બે શરીર એક બીજાની હૂંફે હૂંફાઈ રહ્યાં છે. ત્યાં પ્રેમપ્રલાપ નથી, કૃત્રિમ જીવનના આલાપ વિલાપ કે વલવલાટ નથી. એ જીવીનું જીવતું શરીર આશા હોણને જીવનની મીઠાશ પિવાડી રહે છે. પરસ્પરના શરીરનાં અંગેઅંગ મધુરી ઉષ્માનું કેન્દ્ર બની રહે છે. જીવીનું ખોરા ધૂપેલથી સોડતું માથું, કે આશા હોણનું ચૂંગીની આકરી તમાકુથી ગંધાતુ મોં, એથી કંઈ એકબીજાને કશી નડતર નથી થતી.

અને આશા હોણ રોટલા ઘડતી જીવીના ચૂલા પાસે તાપવા બેસે છે. બેઠાબેઠા બળતું સંકોરે છે. અને હાથની ચૂડીઓ તથા બંગડીઓના રણકાર સાથે રોટલા ટીપતી વહુનાં, ટીપવાના ધ્યાનમાં સહેજ વાંકી વળી ગયેલી ડોક

પરના નાજુક મોં તરફ તાકી રહે છે. કલેડાની નીચેથી નીકળતી બળતણની ચંચળ ઝાળ જીવીના મોંને રતુમડી ઝલકથી મનોરમ બનાવી મૂકે છે. કલેડામાં શેકાતા રોટલાની મીઠી વરાળ તેમના નાકને પુલકિત કરે છે. અને વૃત્તિઓનું પૃથક્કરણ ન શીખેલા આશા હોણ પેલા મોંની, રોટલાની તથા દેવતાની મીઠાશમાંથી કઈ વધારે મીઠી છે તેનું વિમર્શન કર્યા વિના ત્રણેનો આસ્વાદ લઈ રહે છે.

અને એ રસને ઊમરે પ્રથમ પગલું મૂકે છે. એ પણ શિયાળો જ હતો. અને માયરામાં વહુની પાસે બેઠેલા નાના આશા હોણ ચોરીના ધૂમાડાથી મૂંઝાય છે તો યે તેના અગ્નિની હૂંફ તેમને ગમે છે. ગોર અષ્ટંપષ્ટં ભરડે છે, અને એમની બ્રાહ્મણોની મશ્કરી પ્રમાણે કહે છે: 'ભાઈ, બેનનો હાથ ઝાલો!' એ હસ્તમેળાપ, એ જાનૈયણોનાં ગીતો, ચોરીનો ધુમાડો, શિયાળાની રાત, અને રાતી કોરવાળા ધોળા પાનેતરમાં જાણે જીવતી જ ન હોય તેમ સ્થિર બેઠેલી જીવી. બાળપણના તોફાની સ્વભાવે તેને ચૂંટી ભરવાનું મન આશા હોણને થઈ જાય છે. પણ બાપા જાણે તો ઝૂડી નાખે એ બીકે તે હાથની ચળ દબાવી રાખે છે.

ચિતા, ચૂલો અને ચોરીના આ ત્રિવિધ તાપે આશા હોણ બેઠાબેઠા તાપે છે, પણ કેમ જાણે ઠંડી ઊડતી જ નથી. એમનો જીવ ઘડી ભર 'જીવી, જીવી, જીવી!' લવી રહે છે. ગળે ડૂમો ભરાય છે. 'મેર બાયલા, બૈરી મરી ગઈ એમાં રડે છે શું? કાલે બીજી આવશે.' કોઈ મુરબ્બી એમને ટપારે છે અને પેલી ચિતામાંથી, પોતે જ્યારે છારી

સૂતેલી હતી. તેમને ગભરાયેલા જોઈ છોકરાં વધારે હસે છે. કૂતરી સહેજ સળવળે છે. ત્યાં પેલો છોકરો બોલે છે:

'લાલી લાલી, તૂ તૂ.'

ઊઠવાની ઇચ્છા બતાવ્યા વગર, લાલી સૂતીસૂતી વાંકી પૂંછડીને હલાવતી તૂતૂના કરનાર ભણી જુએ છે અને વળી પાછી આશા હોણુના ભણી જુએ છે. અને પાલી બોલે છે:

'આશા હોણુ, આ કોને લઈને સૂતા હતા?'

તોફાન વધતું જાય છે, છતાં કૂતરી ખાટલામાંથી ઊઠતી જ નથી. કોક કહે છે, 'હાંકોને એને ખાટલામાંથી.' અને પાલી જવાબ આપે છે:

'હવે શું કરવા હાંકે? રાતમાં લગન કર્યાં લાગે છે.'

આશા હોણુ પાલીના સામે એક કરડી નજર કરી તેના પરનો રોષ કૂતરી પર ઠાલવતા હોય તેમ બેઠાબેઠા જ કૂતરીને લાત લગાવે છે, કૂતરી ચાંઉચાંઉ કરતી નાસે છે.

પૂંછડી દબાવીને નાસતી કૂતરી તરફ દયાપૂર્ણ નેત્રે જોતાંજોતાં તેમણે મોઢા પર એક અવર્ણ્ય કંટાળા સાથે શરીરને ચાદર લપેટી અને દૂર ઊભેલી પાલી તરફ સ્થિર નજરે નિહાળ્યા કર્યું. એ દૃષ્ટિમાંથી જોનાર એક જ ભાવ તારવી શકે તેમ હતું, જો કે એ ભાવ અનુભવનાર પોતે તેને સ્પષ્ટ શબ્દોમાં મૂકી શકે તેટલો વિદગ્ધ નથી. તેમની મૂક દૃષ્ટિ કહેતી હતી:

'ભલે ભાઈ હસો, પણ કહો તો ખરાં કે આટલી ય હૂંફ માણસોમાંથી ક્યારે મળે છે?'

# હીરાકણી

## [૧]

'જાપાનીસ !'

અર્જુનના ક્રોધ અને કંટાળાથી ભીંસાયેલા હોઠમાંથી ઉદ્ગાર નીકળ્યો, અને તેની વજ્રમુઠીમાં એક લવન્ડર રંગનો, એની લખનારી જેવો સુકોમળ કાગળ લોચો બનીને આંગળાં નીચે ભીંસાવા લાગ્યો. થોડીવારે તેણે મુઠી ઉઘાડી. કાગળનો લોચો તદ્દન નિષ્પ્રાણ બની દીન ભાવે હથેળીમાં પડી રહ્યો. અર્જુને હાથ ઊંચો કરી ટોપલીમાં તેને જોરથી ફેંક્યો. ૨૦૦ રતલ જેટલું વજન ઊંચકવાના બળપૂર્વક ઊંચકાયેલો હાથ એક તોલાના પણ ચતુર્થાંશ જેટલા વજનના કાગળ પર પોતાનો બળપ્રયોગ નિષ્ફળ ગયેલો જોઈ જરા ભોંઠો પડ્યો. અને એ આજાનબાહુને ધારણ કરનારનો ક્રોધ વધારે પ્રદીપ્ત બન્યો. ત્યાં ટેબલ પર પડેલું અતિશય લાલિત્યવાળું પરમાડિયું અને તેની પાસે પડેલી એ પ્રેમપત્રને પાઠવનારીની છબી તેની નજરે આવ્યાં. ફોટામાં બેઠેલી સ્ત્રીની ચશ્માં પાછળ બેઠેલી આંખોને જોતાં જાણે કોઈ જીવતા માણસની હાજરીમાં પોતે હોય તેમ તેને લાગ્યું. પેલી આંખોને એણે બોલતી સાંભળી: 'રાક્ષસ !

જડ ! ' અને પોતે જાણે આ પત્રમર્દનની અસંસ્કારી ક્રિયાથી શરમાતો હોય તેમ, પેલી જોનારની નજરમાંથી દૂર હટી જવા માટે તે છગીને, તેણે આસ્તેથી, રખે એ કાગળની પૂતળીને કંઈ વાગી ન બેસે તેવા ભયથી આસ્તેથી ઊંધી વાળી દીધી. અને પોતાના લાંબા વાળમાં આંગળાં પસારતો તે બોલ્યો :

'આ લોકોએ તે શું ધાર્યું છે ?'

અર્જુન ઉપર આ કેટલામો યે પ્રેમપત્ર હતો. તેને પતિ તરીકે મેળવવા માટે કહોને કે એક જાતની પડાપડી જ થઈ રહી હતી. કુદરતે અર્જુનને અનેક રીતે નવાજ્યો હતો. તેને મજબૂત, સુરેખ અને સોહામણું શરીર મળ્યું હતું; તેજસ્વી, તલસ્પર્શી અને વિશાળ બુદ્ધિ મળી હતી; અતિશય પ્રેમાળ માતાપિતા મળ્યાં હતાં, જેમાંથી પિતાનો સ્વર્ગવાસ થતાં માતાનો પ્રેમ એના ઉપર, બે ડાળે ખીલતા ઝાડનું એક ડાળ કપાતાં બાકી રહેલા ડાળમાં ઝાડનો બધો જીવન રસ વહી તેને અનેક રીતે પાંગરાવે ને તે ડાળી એકલી, પણ ભરચક પલ્લવસમૃદ્ધિથી ઝૂકી રહે તેમ માતાનો અનહદ પ્રેમ તેના ઉપર ઊતરી રહ્યો હતો. નસીબે પિતાને પુષ્કળ લક્ષ્મી પણ આપી હતી, અને કુળ તો આદિ કાળથી ખાનદાન હતું જ.

આવા અર્જુનને માટે, તે લગ્નની ઉમ્મરનો થયા પહેલાં, થતા સુધીમાં અને થયા પછી અનેક માગાં આવતાં રહે એ ભૂમિતિના સિદ્ધાંતમાંથી ફલિત થતા ઉપસિદ્ધાંત

જેવીજ સાદી અને સરળ વાત હતી.

પણ અર્જુનની માતા અનુબેન પોતાની પાસે આવેલા દરેક માગાને, ' અમારો અર્જુન હજી નાનો છે', 'બાઈની મરજી નથી', 'હમણાં અમારો વિચાર નથી', એવી સભ્ય ભાષા વાપરીને, પણ મનમાં તો 'આવા દેવ જેવા છોકરાને માટે તો દેવકન્યા જ જોઈએ, અને એવી તો નાગરી નાતમાં પણ હજી જન્મી નથી.' એવા સૂક્ષ્મ અભિમાન સાથે ના પાડી દેતાં.

જેમજેમ અર્જુન મોટો થતો ગયો, અને કન્યાઓ પણ મોટી થતી ગઈ તેમતેમ એમની વચ્ચેથી આજ લગી વાટાઘાટનું કામ કરતાં માબાપો દૂર હઠવા લાગ્યાં, અને નાતની અને પરનાતની કન્યાઓએ પોતપોતાને માટે આ પતિને મેળવવાનો પ્રશ્ન પોતાના જ હાથમાં લઈ લીધો. અને એક અપૂર્વ અનુનયપરંપરા શરૂ થઈ રહી.

પણ અર્જુન, તેને મેળવવામાં નિષ્ફળ થતાં હતાશ અને કોપાયમાન થયેલા કન્યાપક્ષોના શબ્દ પ્રમાણે 'કમજાત' હતો જરા. નસીબે આપેલી એકેએક ચીજ તરફ તે જગતને ઉપરવા જ લાગતો હતો. અનેક યુવાનો અને પ્રૌઢો અર્જુનના જેવા સંજોગો પોતાને માટે ઝંખતા, અને એમની દૃષ્ટિએ એ સંજોગોનો લાભ ન લેનાર આ અર્જુનને તેઓ મૂર્ખ ગણતા.

ખાનદાનીનું છોગું મિજાજમાં ઘાલીને અર્જુન ક્યાંયે ફરવા નીકળતો નહિ. પિતાએ આલેશાન મકાન બાંધ્યું હતું એટલે એમાં એ રહેતો તો હતો, જો કે એક ઓરડાને

તદ્દન સાદો કરાવીને જ, પણ બાકી એ લક્ષ્મીનો મદ કે સંપત્તિનો ઝળહળાટ એની સાથે ક્યાંય જઈ શકતો નહિ. પડછંદ સોહામણું શરીર તો એનો સાથી રહેતું જ, પણ કેવળ શરીરબળની પાશવી ઉદ્દણ્ડતા તેની મૈત્રી મેળવી શકી ન હતી. કુટુંબ તરફથી પ્રાપ્ત થયેલી અનેક ચીજોમાંથી માત્ર એક જ ચીજને તે પોતાની સાથે હૃદય સરસી રાખતો, એ હતો માતાનો પ્રેમ.

બાકીની દરેક ચીજ જાણે પોતાની જ નથી એમ માનીને તે ફરતો. અને એટલે જ પોતાની ખાનદાની કે દ્રવ્ય કે તેના સૌંદર્ય કે જ્ઞાનને ખાતર તેને પરણવા આવતી યુવતીઓને જોઈને તેને થતું કે, 'આ પણ મને, ખરા અર્જુનને પરણવા નથી આવતી. મારે ખાતર તો મને કોઈ પરણતું જ નથી. મારે એ ન જોઈએ. મારે જોઈએ...'

પણ એ 'જોઈએ'ની વ્યાખ્યા તે પોતાના મન આગળ પણ સ્પષ્ટ કરી શકતો ન હતો. જે તેની નજર આગળ આવતું અને તે ન ગમતું તો તેને તે નકારી દેતો. અને 'ગમતું'નો વિચાર તે ભાવિ ઉપર છોડતો.

અર્જુને એશઆરામની સંપૂર્ણ સગવડ છતાં પોતાના જીવનને ખડતલ, સાદું અને પુરુષાર્થી બનાવ્યું હતું. તે પોતાના શરીરને એક નરોત્તમ કહી શકાય તેટલી હદે કેળવીને લઈ ગયો હતો. તેણે પોતાની પ્રજ્ઞાને જ્ઞાનની સરાણે ચડાવીને ચમકદાર હીરા જેવી બનાવી લીધી હતી. અને જીવનનો તત્ત્વાર્થ શોધતાં તે તેજસ્વી, સ્વાયત્ત, આત્મસ્થ અને પ્રફુલ્લ માનવતાનો આશક બન્યો હતો. એવી માનવતામાં જગત

ખરેખર દરિદ્ર હતું. અને એ માનવંતા જગતમાં પ્રગટાવવા જો પોતે કાંઈ કરી શકે તો કરવું એવો કંઈક તેણે જીવન-સંકલ્પ ઉપજાવ્યો હતો.

એ સંકલ્પને માર્ગે પોતે પ્રયાણ કરવાનું શરૂ કરે તે પહેલાં જગતે તેની આગળ એક પ્રશ્ન ઊભો કરી દીધો હતો. 'તું પરણ રે પરણ! કોઈ પણ હિસાબે પરણ!'

અને આજ લગીમાં પોતાને માટે પિતૃહસ્તે કે સ્વહસ્તે સમર્પિત થયેલી અનેક કન્યાઓ તેની નજર આગળ આવતી: નમણી, મઢેલી ઢીંગલી જેવી, દેખાવડી, ચમકતી આંખો વાળી, છેલ્લો ફૅશને ઝળહળતી, બુદ્ધિના ચમકારા દાખવતી, પ્રેમમાં હિમ્મતબાજ, સંવનનમાં ઉગ્ર, માગણીઓમાં લજ્જા-રહિત. અને તે એક ભૂતાવળથી થથરતો હોય તેમ આંખો મીંચી દેતો. તેની પાસે જગત જવાબ માગતું: 'તું કેમ નથી પરણતો?'

તે તેના વિનોદી સ્વભાવ પ્રમાણે, ગંભીર પ્રસંગોમાં હળવાશ ધારણ કરવાની ટેવ પ્રમાણે જવાબ આપતો: 'હું તો તેને પરણીશ ભાઈ, જે મને પરણવા નહિ માગે!'

મંત્રબળે ભૂતાવળ ભાગી જાય તેમ સ્ત્રીઓનાં મુખોનાં બનેલાં ઘનઘોર વાદળ તેના મનઆકાશમાંથી ઓસરતાં અને નિર્વિકલ્પ મનોદશામાં તે વિચારતો. 'શું મારે નથી પરણવું? ના પરણવું તો છે. પણ કોઈક એવીને જે...જે... પરણ્યા વિના પણ જીવી શકે તેવી હોય, જે સ્ત્રી તરીકે જ નહિ પણ માનવ તરીકે પણ ઉત્તમ હોય, જે જીવનના જતરડામાં ખેંચાવા તૈયાર હોય, અને જેનું મન એશ અને

આરામમાં નહિ પણ કંઈક જેહમત અને જંગમાં રાચતું હોય......'

તે એવી સ્ત્રીની-કલ્પના કરવા લાગ્યો જે કદીક તેનું પોતાનું બળ ખૂટે તો પોતાના બળે પણ તેને આગળ ખેંચી જાય. હા, પોતાથી પણ પ્રખર, પ્રોજ્જ્વલ, જાજરમાન, કોક દ્રૌપદી, કોક શ્યામોજ્જ્વલ, વેગીલી, ઉગ્રતરંગા કાલિન્દી...

પણ આવી સ્ત્રી તો કદાચ વિધાતાને નવેસરથી જ ઘડવાની રહેશે, તેના મનમાં થતું. અને વિધિ ન ઘડી આપે તો ? જવાબમાં પૃથ્વીના વિષુવવૃત્તની ફરતે એક મોટો ધોરી માર્ગ કલ્પી તે પર એકલો અટૂલો ચાલ્યા કરતો, ચાલ્યા જ કરતો એક પુરુષ તેને કલ્પનામાં દેખાતો. તેનું હૃદય ઘડીક સંક્ષોભ પામતું, હતાશાથી ડહોળાતું. જીવન એકલે હાથે પણ ખેડવાનું તો ખરું જ ! એમાં શંકા શી ? પણ પૃથ્વીપટ ઉપર પુરુષાર્થની પ્રતિમા જેવો માનવ ધારે તો શું આવી સ્ત્રી પણ ન ઘડી શકે ? હા, ઘડી શકે ! પણ કદાચ તે પૂતળાં જ !

આ વિચાર સાથે અર્જુનના મગજમાં એક ઝબકારો થયો. પ્રહ્લાદના સ્ટૂડિયોનો એક ખૂણો તેના મગજમાં પ્રત્યક્ષ થયો. એક અવનવી સ્ત્રીપ્રતિમા ત્યાં રચાતી હતી. મહાબળેશ્વર જઈ આવ્યા પછી ત્રણેક માસે તે કાલે પ્રહ્લાદને ત્યાં ગયેલો ત્યારે એના સ્ટૂડિયોમાં એક ખૂણો ત્રાંસા પડદાથી ઢંકાયેલો તેણે જોયો. પ્રહ્લાદ અને અર્જુન બંને અખાડાના લંગોટિયા દોસ્તો હતા. એમનો વાર્તાલાપ પણ છૂટમાં ચાલતી લકડીની પેઠે જ ચાલતો. અને અર્જુને પ્રહ્લાદને પૂછેલું.

'કેમ કુંભાર, કેટલાં હાંલ્લાં ઘડ્યાં આ વેળા ?'

'એક નિભાડો થાય તેટલાં ! અને તું...!' પ્રશ્ન પૂછતાં પહેલાં પ્રહ્લાદે તેના તરફ સ્મિત સાથે જોયું અને પછી પૂછ્યું: 'અને તું બાણાવળી, તું કેટલા મચ્છવેધ કરી આવ્યો ?'

અર્જુન નાનપણથી પોળનાં બાળનાટકોમાં બહુ હોશિયાર નટ હતો. વાંસનાં બનાવેલાં તીરકામઠાં લઈ બહુ છટાથી છોકરાઓ મહાભારતના ખેલ ભજવતા. અને અર્જુન તેમાં અર્જુનનો એટલો સરસ પાઠ કરતો કે 'બાણાવળી' તેનું બીજું નામ જેવું જ થઈ પડેલું.

'બેસ બેસ હવે. માછલાની પેઠે વીંધાઈ તો હું રહ્યો છું. મને પકડવા કેટલા ગલ નંખાય છે તે તો જગજાહેર છે. ચાલ, તારું કામ હવે બતાવ જરા.'

અને ગંભીરતાથી બંને મિત્રો સ્ટૂડિયોમાં ફરવા લાગ્યા. પ્રહ્લાદના અપૂર્વ કૌશલ્યથી તૈયાર થતી પ્રતિમાઓ કલાનાં નવાં સર્જનો જેવી મનોહર બેઠી હતી. ફરતાંફરતાં તેઓ પેલા ઢાંકેલા ખૂણા પાસે જઈ પહોંચ્યા. પ્રહ્લાદ ત્યાંથી પાછો ફર્યો.

'ચાલો, થઈ રહ્યું.'

'પણ આ પડદા પાછળ ?'

'કંઈ નહિ, એ તો કચરો ઢાંક્યો છે !' અતિ સરળતાથી પ્રહ્લાદે કહ્યું. છતાં અર્જુને પડદો ખસેડવા હાથ ઊંચો કર્યો. પ્રહ્લાદે તે પકડી લીધો. 'એ નથી ઉઘાડવાનો.'

'કેમ ?'

'એમ જ.' અને પછી તો બંને હઠે ચડ્યા.

છેવટે સ્મિતપૂર્વક પ્રહલાદે કહ્યું:

'માણસ જાતે જ હઠ કરી પોતાનું બગાડે છે. જરા થોભી ગયો હોત તો મારે તને એક આશ્ચર્ય બતાવવાનું હતું. કાંઈ નહિ, લે જો હવે!' કહી તેણે પડદો ઊંચો કર્યો.

અર્જુનના હૃદયે એક આંચકો અનુભવ્યો. જાણે પોતાની કલ્પના જ મૂર્ત થતી હોય તેમ તેણે જોયું. એક ઊંચો પ્રૌઢ સ્ત્રીઆકાર પ્રસન્ન વદને જમણા હાથને લાલિત્યપૂર્વક સહેજ કમરની રેખાથી ઉપર ઊંચો કરીને આછી ઝૂકતી કમરે ઊભો હતો. કેવળ માથું જ તૈયાર થયું હતું. ડાબો હાથ હજી હતો જ નહિ. તેમજ કપડાં વગેરેને સ્થળે પણ માટીના ઢેકાઢળિયા જ હતા. અર્જુન એ તૈયાર મસ્તક જ જોઈ રહ્યો. અંડાકાર ચહેરાના સ્મિતમાં વિકસેલા સુપુષ્ટ હોઠ અને સંકોચાઈને સહેજ તંગ બનેલા કપોલ, ઊંચું કપાળ, અને ખુલ્લી નીતરતી આંખો.

'આ ક્યાંથી તું પકડી લાવ્યો?'

'કુદરત. આજ લગી મેં જેટલી પ્રતિમાઓ કરી છે તે સંયોજનો જ રહ્યાં છે. ક્યાંકથી હાથ, ક્યાંકથી પગ, કોકની આંખ, કોકના હોઠ, કોકના ગાલ, એમ ભેગું કરીને ગરીબ માણસ પેઠે હું થીંગડાંનો ડગલો બનાવતો આવ્યો છું. પણ હવે જખ મારે છે. આ એક એવું મોડેલ મળ્યું છે જે સર્વાંગપૂર્ણ છે. જોજે બચ્ચા, હવે આપણો વટ પડે છે તે!'

'હા, મારે હાથે હું તને સુવર્ણચંદ્રક આપીશ.' અર્જુને કહ્યું.

'આપ્યાં હવે તેં! અપાવનારી તો આ છે!' કહી

પ્રહ્‌લાદે એક લલિત લહેકાથી પૂતળાને બતાવ્યું અને પડદો ખેંચી લીધો.

'ભલે ભલે, પણ એ છે કોણ ?'

'કેમ ?' પ્રહલાદે સહેજ આંખને તીરછી કરી પૂછ્યું.

'ના, ના, અમસ્તું જ.' અર્જુને નૈસર્ગિક કુતૂહલને તદ્દન અંદર દાબીને કહ્યું. પણ પ્રહલાદને અર્જુનથી કંઈ છુપાવવાનું ન હતું.

'ટ્રેનિંગ કૉલેજમાં ભણે છે. વખાની મારી આવી ચડી લાગે છે. હું તો તદ્દન નિરાશ હૃદયે છતાં અમર આશાથી જાહેર ખબર આપ્યા જ કરું છું તે તું જાણે છે. અને એક સવારે આ શ્રીમતી અહીં આવીને ઊભાં. "વેકેશનમાં નવરી છું, કલાનો શોખ છે." એમ પહેલાં તો જરા વટ રાખ્યો. છતાં ય મેં તો મારા રિવાજ કરતાં યે બેકના બમણા દામ ઓફર કર્યા. દોસ્ત, આવો નમૂનો છટકવા દઉં તો મૂરખ જ કહેવાઉં ને ? પછી ધીરેધીરે બધી વાત જાણી. ભણે છે, સ્કૉલરશિપ મળે છે, પણ ઘેર ઘરડાં માબાપ છે, તેને કોણ પાળે ? ભાઈ હતો તે મરી ગયેલો છે. માબાપનો ભાર માથે આવ્યો છે. અને હવે તો ટ્યૂશનો પણ ક્યાં મળે છે ? આ નવી લાઈનમાં કેમ ન પડતું ? અને મને તો ખૂબ જ ફાવી ગયું છે. બહુ જબરી છે બાઈ, હોં ભાઈ !'

'અહીં ક્યારે આવે છે ?'

'હવે કાલનો દિવસ આવશે.'

'પણ આ તારું અધૂરું રહેશે તેનું ?' અર્જુને તટસ્થ ભાવે પહેલાંના પ્રશ્નો પેઠે નવો પ્રશ્ન પૂછ્યો.

'રવિવારે રવિવારે બેસી પૂરું કરીશું. નહિ તો આવતી રજાઓમાં.'

'વારુ હું જાઉં છું ત્યારે. કાલે ઘેર આવજે બને તો.'

'પણ તું જ અહીં આવે તો ?'

'હું ?' અર્જુને જરાક આશ્ચર્યથી પૂછ્યું, 'શું કરવા ?'

'મેં એને વચન આપ્યું છે, તારો મેળાપ કરાવવાનું.'

'અરે વાહ ! તું પણ મારી સામે કોઈ કાવતરામાં ભળ્યો તો નથી ને ?'

'મશ્કરી નહિ. મારે ખાતર દોસ્ત, કાલે તારે આવવું જ પડશે !' પ્રહ્‌લાદના શબ્દોમાં એક ગંભીરાઈ આવી ગઈ. તેની આંખો જોઈ અર્જુન પીગળ્યો. તે બોલ્યોઃ

'તારે ખાતર આવીશ. તારે ખાતર તો...'

'બસ...બસ. મોટો પરમાર્થી ! ભગવાન કરે ને તારું માથું ભાંગનાર કોઈ મળે !'

અર્જુન કોઈ અશક્ય વસ્તુને હસી કાઢતો હોય તેમ માત્ર થોડુંક હસ્યો.

પ્રહ્‌લાદે એ હાસ્યનો વિચિત્ર નજરથી જવાબ આપી પ્રતિમા ઉપર પડદો ખેંચ્યો. ... ...

અર્જુને ઘડિયાળ તરફ જોયું. સાડા નવ ! સવા દસે તો પોતાને પ્રહ્‌લાદને ત્યાં જવાનું છે. આજનો તો વ્યાયામ પણ રહી ગયો છે. એણે ઉતાવળે પેલા સચિત્ર પ્રેમપત્રનો જવાબ લખી નાખ્યો.

'માફ કરજો. હમણાં હું લગ્નનો કશો વિચાર કરવા તૈયાર નથી. આપની છબી પાછી મોકલી છે તે સંભાળી લેજો.

આપે લીધેલી તસ્દી માટે આભાર.'

અને એક ભૂતને ગામ બહાર કાઢવાના આનંદથી મલકાતા ભૂવા પેઠે મલકાતો તે પોતાની સહેજ લાંબી બાબરી ઉડાડતો દોરડું કૂદવા લાગી ગયો. મજબૂત પીઢો ઉપર તોળાઈ રહેલો મેડો પણ એના ચાલવા માત્રથી જ ધ્રૂજી ઊઠતો. તે આ કૂદવાથી તો તોફાનમાં સપડાયેલા વહાણની પેઠે કચ્ચડચવા લાગ્યો. નીચે સેવામાં બેઠેલાં અનુબેન વ્યગ્ર બન્યાં. તેમની માળા હાથમાં આકુડી અટકી પડી. અને તે ચિંતાતુર હૃદયે બોલ્યાં. 'શિવ, પ્રભુ! આ તમારા પોઠિયાને સન્મતિ આપજો.'

[ ૨ ]

વીસેક મિનિટમાં હજારેક વખત કૂદી લઈ અર્જુને કપડાં પહેરી લીધાં. એક ખૂલતું કોકટી રંગનું પહેરણ અને છૂટી પાટલીનું ધોતિયું. વિશાળ પીઠ પર ઝૂલી રહેતું પહેરણ અને પગની માંસલ પિંડીઓને છતીઅછતી કરતું ધોતિયું, એક વાર અર્જુનના શરીર પર એ કપડાં જોયા પછી જોનારને થાય કે સુંદર દેખાવા માટે દરેકે આ જ કપડાં પહેરવાં જોઈએ.

પોળને નાકેથી નીકળતાં જ અનેકના પ્રણામો ઝીલતો તે પ્રહ્લાદના ઘર તરફ જઈ રહ્યો. તરત કરેલા વ્યાયામની ગરમી અનુભવતો તે પહેરણની વારેવારે ઢળી પડતી બાંયો ઊંચે ચડાવતો હતો, અને છાતી પરનાં એક કરતાં વધારે બટનને ખોલતો વાસતો જતો હતો.

પ્રહ્‌લાદનો સ્ટૂડિયો એક મોટા મેડા ઉપર આવેલો હતો. તેની બારીઓ ખુલ્લી હોય ત્યારે એમાંનું પ્રતિમાજગત જરા દૂરથી પસાર થનારને પણ નજરે પડતું. એ બારી પર સામાન્ય રીતે લીલા પડદા પડેલા રહેતા. પણ કદી પ્રકાશ-ની જરૂર પડતાં તે ખોલી નાખવામાં પણ આવતા. અર્જુને આજે બેએક બારીઓ તદ્દન ખુલ્લી જોઈ. તેના ખ્યાલમાં આવ્યું કે વાદળો આકાશમાં ઘેરાવા માંડ્યાં છે. અને તે હજી સોએક કદમ દૂર રહેલા પ્રહ્‌લાદના સ્ટૂડિયો તરફ વેગથી વધ્યો. ત્યાં તેને કાને એક વિચિત્ર હસવાનો અવાજ પડ્યો.

'દેખ બે દેખ, યે નવાબ સાહબ ચલે!'

બે જુવાન મિયાંઓ પાસેના એક ઓટલા ઉપર જૅકેટની બાંયમાં રૂમાલ ખોસીને, મોંમાં પાન ખોસીને, માથે વાંકી ટર્કિશ ટોપી મૂકીને, તથા છેડે બે ચામડાંનાં પત્તાંવાળી નેતરની સોટીને બૂટ પર અફાળતા બેઠા હતા. અર્જુને એકી નજરે તેમને માપી લીધા, અને એ તુચ્છની સાથે કોણ જીભાજોડી કરે એમ માની તે આગળ ચાલ્યો.

'માલમલીદા ખા કર સાહબ બહોત તગડે હો ગયે હૈં!' અર્જુને વળી સાંભળ્યું. અને તેની પાછળ વળી પેલું હસવું સંભળાયું. પ્રહ્‌લાદનો દાદર ચડતાં તેણે પોતાની મત્ત ગરદનને વાંકી કરી પેલાઓ તરફ નજર નાંખી લીધી. મિયાંઓ ઓટલા ઉપર ઊભા થઈ ગયા હતા અને ઊંચી ડોક કરી કશુંક તાકીને જોતા હતા. હોઠનો સહેજ ખૂણો કરડીને અર્જુન દાદર ચડવા લાગ્યો. પણ તેને કોક ક્યાંકથી રોકતું હોય તેમ લાગ્યું.

પહેલે પગથિયે તેનો પગ થંભ્યો. તેની નજર ઊંચી થઈ. સીડીને છેલ્લે પગથિયે એક સ્ત્રી અચકાઈને ઊભી રહી ગઈ હતી. પેલા ખૂણામાંની પ્રતિમા જ જાણે અહીં આવી ગઈ હતી. અર્જુન ચોંક્યો. બંને જણ દાદરને બે છેડે એકબીજાને ચાલવાની વાટ જોતાં અચકાઈને ઊભાં રહ્યાં. આ મીઠી ખેંચતાણ અકળામણનું રૂપ લે તે પહેલાં પ્રહ્‌લાદ તેમની વહારે આવ્યો.

'કેમ, હીરાબેન?' તેનું ડોકું દાદરના કઠેડા ઉપર દેખાયું. 'ઓ! અર્જુન! તું આવ્યો ખરો. લો હીરાબેન, એક મિનિટ થોભી જાઓ હવે. અમારો અર્જુન આવી ગયો છે!' પ્રહ્‌લાદના 'અમારો' શબ્દમાં એક ખાસ મોહક રણકાર હતો. દાદરને છેડે ઊભેલી સ્ત્રી સહેજ સંકોચાઈને ઊભી. અર્જુને ઊંધું ઘાલી દાદરો ચડવે રાખ્યો. તેના ઉપર ચડ્યા પછી તે તેની પાછળ આવી.

'તમારે બહુ ઉતાવળ છે? જરાક બેસો ને.' કહી પ્રહ્‌લાદે તે સ્ત્રીને ખુરસી ધરી, પણ તે દાદરનો કઠેડો પકડીને જ ઊભી રહી.

'ના, હું બેસીશ તો નહિ. મારે ઘેર મહેમાન આવવાના છે.'

'વારુ, જેમની હું ઘણી વાતો તમને કરતો હતો તે જ આ અમારા અર્જુન...' પ્રહ્‌લાદે કહ્યું. અને ધીરેથી સસ્મિત ઉમેર્યું, '...બાણાવળી.'

'હાં, તમે કહેતા હતા તે, તમારા ધનવાન મિત્ર!' કહી સ્ત્રીએ નમસ્કારમાં બે હાથ જોડ્યા. અર્જુનને ધનવાન

શબ્દ પાછળનો લહેકો ખૂંચ્યો. પણ તેની એ વન્દનક્રિયામાં એક મનોહર પ્રતિમાનું દર્શન થતાં તે ડંખ વિસરાઈ ગયો. તેને લાગવા માંડ્યું કે આ સ્ત્રીની તો ગમે તે સ્થિતિનો પોઝ અદ્‌ભુત બની જાય તેમ છે.

'અને આ હીરાબેન. માફ કરજો હીરાબેન, તમારું નામ મેં ટૂંકાવ્યું છે તે. હાં અર્જુન, આ હીરામણિ બેન. આજ લગી આવી હિમ્મત કરનાર શિક્ષિત અને સંપૂર્ણ સ્ત્રી તો મને એક જ જડ્યાં છે.'

અર્જુને પણ જવાબમાં ચડાવેલી બાંયોવાળા હાથ ઊંચકી નમસ્કાર કર્યા અને બોલ્યો:

'તમને ખરેખર ધન્યવાદ ઘટે છે. મારા મિત્રને તમે કીર્તિને શિખરે પહોંચાડશો.'

'કોણ જાણે, શિખરે પહોંચાડું છું કે ખીણમાં પટકું છું.' હીરામણિ બોલી. 'મને થોડીક કમાણી થાય છે અને આ ભાઈને પોતાનું કામ થાય છે. એમાં આમે કોઈનું ક્યારે કશું બગાડીએ છીએ? પણ મને તો લોકોએ ફોલી ખાવા માંડી છે. એમની દશા તો એ જ તમને કહેશે. વારુ; જય જય!'

કહી તે દાદરો ઊતરી પડી. પગથિયાં ઊતરવાનો થયેલો કડકડાટ અવાજ ઊતરનારનો વેગ સૂચવી રહ્યો. અને થોડી વારે નીચે રસ્તા ઉપર એક સ્ત્રીઆકારને વેગથી આગળ વધતો બંને જણ બારીમાંથી જોઈ રહ્યા. અર્જુને બારી તરફ પૂંઠ ફેરવી અને પૂછ્યું:

'કેમ રે, તારી શું હાલત થઈ છે? ચંદ્રાબેન રોટલા

કરી આપે છે કે નહિ?'

'રોટલા તો કરી દે છે. પણ એમની વાણી યે મારા હૃદયનો રોટલો કરી નાખે છે. કહે છે, "કોણ જાણે, કેવીઓ કેવીઓ પકડી આણે છે? પુતળાં કરવાં હોય તો અમે શું ખોટાં છીએ?" સમજ્યા ભાઈ? સમજાવો હવે તમારી ભાભીને!' પ્રહ્લાદે કહ્યું.

'વારુ, પણ અરે પ્રહ્લાદ, મને એક સૂચના કરવાનું મન થાય છે.' ખૂણા તરફ અર્જુને નજર ફેરવી. પ્રતિમાનું ધડ આજે તૈયાર થયું હતું. એ સુપુષ્ટ વક્ષઃસ્થળને જોતો અર્જુન બોલ્યો. 'જો, આનો મને એક આબાદ પોઝ સૂઝયો. એને પગથિયાં ઊતરતી બનાવે તો! કોઈ ઓર જ છટા આવે.'

'એની છટાઓ હું વધારે જાણું છું. પણ એ આમ સ્થિર ઊભી છે તે જ સારું છે. એને સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર ઊતરતી હજી મારે ઘડવી નથી.'

અર્જુને હાથના પ્રકોષ્ઠને મસળતાં કહ્યું: 'વાત ઠીક છે. નાહ તો...' તેના શબ્દો મોંમાં જ રહી ગયા. બારી તરફ બહાર જોઈ રહેલા પ્રહ્લાદે એકદમ ત્રાડ નાખી:

'હત્ત સાલા કુત્તા! મારો સાલાને.' અને તે દાદર તરફ ધસ્યો.

અર્જુને પણ એકદમ બારી તરફ પોતાનું મોં ફેરવ્યું. સામે ઓટલા આગળ કાંઈ ઝપાઝપી થતી હતી. અને એકદમ જોતજોતાંમાં ત્યાં પચાસ પોણોસોનું ટોળું જામી ગયું. 'એક મિનિટમાં આટલાં બધાં માણસો ક્યાંથી નીકળી

આવ્યાં ?' અર્જુનને વિચાર થયો. પ્રહ્લાદ દોડીને ટોળા તરફ જતો દેખાયો. અર્જુન બારી ઉપર જ હાથને ટેકવી ઊભો.

સામે ટોળામાંથી બે ટર્કિશ ટોપીઓ હવામાં ઊછળી. અને ટોળામાંથી અવાજ નીકળ્યા, 'સાલા ભડવાઓ, કૂતરાઓ, લેતા જાઓ સાજીનો પ્રસાદ !'

પ્રહ્લાદ ટોળામાં દાખલ થયા પછી તેમાં જરા વ્યવસ્થા આવી. બે પુરુષ આકારો ટોળાની વચ્ચેથી ધીરે-ધીરે ઊભા થયા અને તેમનાં બે બાકળાં બનેલાં, પાન ખાધેલાં મોં અર્ધાં ઉઘાડાં રહી આમતેમ ડાફાં મારવા લાગ્યાં. તેમના માથા ઉપર કાંકરા અને કચરાની વૃષ્ટિ પડવા લાગી. પ્રહ્લાદ ટોળાની વચમાં આવતો અને પેલા મિયાંઓને મોં પર એકએક તમાચો ખેંચી કાઢતો દેખાયો. થોડી વારે સફેદ વસ્ત્રોથી ટોળામાં ભળી ગયેલી હીરામણિને અલગ કરીને ટોળામાંથી માર્ગ કરી તે બહાર નીકળ્યો.

બંને જણ થોડે લગી સાથે ચાલ્યાં અને પ્રહ્લાદ પાછો ફર્યો. દૂર ચાલી જતી સ્ત્રીઆકૃતિની ઝડપ અને સ્વસ્થતા અર્જુનને જરાકે ઓછાં થયેલાં ન દેખાયાં.

તે સ્ત્રી દૂરનો ખાંચો વળી અલોપ થઈ. અર્જુને ટોળાને વેરાતું જોયું, હાલબેહાલ થયેલા મિયાંઓને દસબાર છોકરા આ બાજુ દૂર વળાવી આવ્યા. પ્રહ્લાદે આવીને રસ્તા ઉપર જોઈ રહેલા અર્જુનના ખભા પર હાથ મૂક્યો.

'કેમ, જોયું કે ?'

'શું થયું ?'

'મિયાંઓ ઇશ્કબાજી કરવા આવ્યા હતા તે પ્રસાદ ખાઈને ગયા. એ લોકો કેટલા ય દહાડાથી ત્યાં બેસતા. અહીં મેડા પર પણ કદીક બહારથી કાંકરીઓ આવીને પડતી. મને થતું આ શું છે? મેં પેલાં બેનને પણ ચેતવી રાખેલાં કે જતાં આવતાં ચેતજો. પણ એ તો તદ્દન બેફિકર જ રહેતાં. પણ સારુ થઈ ગયું. મેં ધારેલું કે એ બાઈ સાહેબ બડાઈ જ મારે છે. પણ આજે તો એણે ખરેખરો હાથ બતાવ્યો.' કહી પ્રહ્લાદે કકડા વતી હાથ પરથી ધૂળ સાફ કરવા માંડી.

'હોય હવે, એમાં શું ધાડ મારી? આવી રમતો કરવાની આજકાલની છોકરીઓને ટેવ પડી છે. એમાં યે એમનું અબળાપણું જ મદદ કરે છે.'

'તું એવો જ રહ્યો!'

'કેવો?'

'સ્ત્રીનિંદક!' કહી પ્રહ્લાદે હાથમાં માટી લીધી અને બોલ્યો: 'લે ચાલ, હવે હું થોડું કામ પતાવી લઉં.'

અને તે ખૂણા તરફ વળ્યો. પ્રતિમાના વક્ષઃસ્થળને તે વધારે ઓપ આપવા લાગ્યો, તેમાં વિગતો પૂરવા લાગ્યો. અર્જુન ખૂબ વિચારશીલ અને પુખ્ત હતો, પણ આ રીતે એક સ્ત્રીશરીરના વક્ષઃસ્થળની થઈ રહેલી રચના જોતાં તેણે એક વિચિત્ર ભાવ અનુભવ્યો. પ્રહ્લાદ તો હાથમાં માટી અને એક લોખંડનું નાનું ઓજાર લઈ, સ્ત્રીનું વક્ષઃસ્થળ નહિ પણ કોક અપ્રાપ્ય ચીજ જોઈ રહ્યો હોય તેમ, આંખોને જરા બારીક કરી કામ કરતો હતો. અર્જુને

કહ્યું, 'બિરાદર શિલ્પી, આની અંદર તું હૃદય મૂકી આપે તો એ પ્રતિમાનો સોદો અત્યારથી જ આપણે કરી નાખીએ.'

પ્રહ્‌લાદ જરાક હસ્યો: 'હૃદય ? પ્રતિમાઓમાં અમે હૃદય મૂકતા નથી. અમારે તો પ્રતિમા એ જ આખું હૃદય છે. અને હૃદય જોઈતાં હોય તો એ તો બ્રહ્માએ સરજેલાં છે જ. એ મેળવવાની કળા તો હજી મારે પણ હાથ કરવાની છે. હમણાં તારી ભાભી આવે તે જોજે ને !' કહી તે ઊભો થયો, અને હાથમાં માટીના લોંદા સાથે તે અર્જુન પાસે આવ્યો અને એની રમતિયાળ ઢબે બોલ્યો:

'શીખ શીખ, ભલા માણસ, કંઈ કળા તો શીખ !'

અને તે અર્જુનને ભૂલી જઈ પ્રતિમા ઉપર સમાધિસ્થની સ્થિરતાથી કામે લાગી ગયો. અર્જુન ક્યારે ગયો તેની તેને ખબર રહી નહિ.

અર્જુન ઘર તરફ વળ્યો. તેના પગમાં પ્રહ્‌લાદને ઘેર આવતાં જે વેગ હતો તે હવે પાછા જતાં રહ્યો ન હતો. પ્રહ્‌લાદને ઘેર આજે તેણે અનેક વિચિત્ર લાગણીઓ અનુભવી હતી. પણ તેમાં પોતાને માટે તે બે જણે વાપરેલા 'ધનવાન મિત્ર' અને 'સ્ત્રીનિન્દક' એ બે શબ્દો તેને હજી લકડીના માર જેવા ચમચમતા હતા. પ્રહ્‌લાદની સાથે તો ઘણી વાર વાક્પ્રહાર સામાસામી થતા. પણ પેલી સ્ત્રી પણ પોતાને લગાવી ગઈ તે તેને અસહ્ય લાગ્યું, અન્યાય્ય લાગ્યું. 'હું ધનવાન છું તેમાં મારો વાંક શું ?' અને 'હું સ્ત્રી-નિન્દક ?' અને તેની નજર ફરી વાર પેલા ઘડાતા વક્ષઃ-

સ્થળવાળી પ્રતિમા ઉપર કલ્પનામાં ફરી આવી. તેણે રસ્તામાં જ નિર્ણય કર્યો કે પ્રહ્‌લાદની એ પ્રતિમા તૈયાર થાય કે પોતે જ ખરીદી લેવી.

[ ૩ ]

ગઈ સાલ જ અર્જુન ફિલોસોફી લઈ એમ. એ. થયો હતો. હવે પરીક્ષાની ખટખટ જતી રહી હતી એટલે વખત કેમ કાઢવો તે એને જરા પ્રશ્ન થઈ પડ્યા. તેણે પ્રહ્‌લાદને ત્યાં ઘણો વખત કાઢવા માંડ્યો. ઘણુંખરું દરેક રવિવારે હીરામણિ પ્રતિમા માટે બેઠક આપવા આવતી હતી. પણ તે વખતે અર્જુન ઇરાદાપૂર્વક હો કે બેઇરાદાપૂર્વક ત્યાં હાજર રહેતો નહિ. પ્રહ્‌લાદ કહેતો, 'તું વગર ફોગટનો કોઈ માણસ સામે અણગમો કેમ કેળવે છે?'

'હું ક્યાં કેળવું છું? મારે કામ હોય તો પણ ના જાઉં?'

'તું ગમે તેમ કહે. પણ અણગમો એ જ ઘણીવાર આકર્ષણનો પાયો બની રહે છે, એ તારી ફિલોસોફીમાં ક્યાં નથી આવ્યું?' પ્રહ્‌લાદ કહેતો. અર્જુન એની લાક્ષણિક ઢબે જડબાને અવમાનનાસૂચક ભાવે ત્રાંસું કરતો, અને ધીરેથી પૂછતો: 'તો પછી ભાભી સામે તું આટલી ફરિયાદો કેમ કરે છે?'

પ્રતિમાનું કામ બહુ ધીમેથી ચાલતું હતું. એક દિવસે પ્રહ્‌લાદે કહ્યું: 'તું નવરો બેસી રહે છે, તો મને થોડી બેઠકો આપ ને? આજ લગી તું ભણતો હતો તે મેં તને નહોતું કહ્યું. સારાં પુરુષ-શરીરો ક્યાં મળે છે?'

અર્જુનને મન પોતાનો એક પુરુષશરીર તરીકેનો વિચાર તદ્દન નવો જ હતો. તેને લાગ્યું કે જાણે કોઈ તેના વ્યક્તિત્વના ભાગલા પાડતું હતું. પ્રહ્‍લાદની વાતને ઉડાવીને તે બોલ્યો:

'તમો લોકો માણસનો તેના શરીર સિવાય બીજી રીતે વિચાર જ નથી કરતા. શું હું એકલું શરીર જ છું?'

'તું ભૂલે છે. તું મને બેઠક આપી જો. હું અર્જુનનું જે શરીર પ્રતિમામાં પકડીશ તે જોયા પછી કહેજે કે એ તે કેવળ શરીર છે કે કાંઈ બીજું જ.'

અને કંઈ નહિ તો મિત્રને પ્રોત્સાહન આપવાને પણ અર્જુને બેઠક આપવા સ્વીકાર્યું. પહેલે દિવસે અર્જુનનો પોઝ નક્કી કરતાં પ્રહ્‍લાદ બોલ્યો:

'તમારા બેની પ્રતિમાઓથી જગતમાં હું મારો ડંકો વગડાવવા ઇચ્છું છું.'

અર્જુનને મનમાં થયું આ અમને બેને ભેગાં કેમ ગોઠવતો જાય છે? અને જાણે પોતાના સાથીની રક્ષા કરતો હોય તેમ તે બોલ્યો:

'અમને ઊંટ બનાવીને ને?'

'અરે ઊંટ થવું ય ક્યાં સહેલું છે? કલાકારના હાથમાં માટીનો લોંદો થઈને પડવું એ ભાગ્ય પણ ક્યાં છે?'

અર્જુનની ડોક ઊંચકાઈ. તેણે એક સ્મિત કર્યું, અને આંખને અધીં મીંચીને તે બોલ્યો, 'વાહ ઉસ્તાદ, અને કળાકારના મોં પર તમાચો થઈને પડવાનું ભાગ્ય પણ કોને છે?' અને તેણે ઉપાડીને એક તમાચો પ્રહ્‍લાદને

ખેંચી કાઢયો. એ તમાચાને મોં પર ચોંટેલી માટીની કણી ખંખેરતો હોય તેમ ખંખેરીને સ્મિતપૂર્વક પ્રહ્લાદ એટલું જ બોલ્યો, 'હત્ તારીના, તું આખલો જ રહ્યો ! ચાલ હવે, મેં કહ્યું તેમ બરાબર ઊભો રહે.'

પ્રહ્લાદે અર્જુનને નટરાજને મળતા એક વિકટ પોઝમાં ઊભો રાખ્યો. એ રીતે મિનિટો સુધી ઊભો રહી શકે તેવો એક અર્જુન જ હતો. પોઝમાં ઊભા રહેતાં અર્જુન બોલ્યો, 'તું મારો દમ કાઢવાનો લાગે છે. મને આ બેઠકોનું શું આપીશ ?'

પ્રહ્લાદના મોં પર અમુક શબ્દો આવી ગયા પણ તે તેણે ન ઉચ્ચાર્યા. તે માત્ર એટલું જ બોલ્યો, 'કંઈક એવુંક કે જેનું મૂલ્ય જ ન થાય.'

સ્ટૂડિયોના બે ખૂણામાં બે પ્રતિમા તૈયાર થવા લાગી. એક પૂરી થતી હતી, અને તેની જ જોડ થવાને જાણે નિર્માતી હોઈ તેમ બીજી રચાતી હતી. 'નટરાજ'ની તૈયાર થતી પ્રતિમાએ હીરામણિને ખાસ આકર્ષી નહિ.

પણ એક દિવસે તેને જરા મોડું થયું. ઉતાવળે દાદર ચડતાં તેણે જોયું કે ઓરડામાં પ્રખર શાંતિ છે. 'પ્રહ્લાદ બહાર જતો રહ્યો હશે તો ?' તેને ઘડીભર શંકા થઈ. પણ બહારથી આવતાં અંજાયેલી આંખોએ થોડી વાર પછી જોયું કે સામેના એક ખૂણામાં તે ખૂબ એકાગ્ર બની કશું કરી રહ્યો છે.

હીરામણિ શાંતિનો ભંગ ન થાય તેમ અતિ ચુપ-

ક્રીદીથી ધીરેધીરે પ્રહ્‌લાદની પાસે આવીને ઊભી. જેના તરફ પોતે જરા યે ધ્યાન નહોતું આપ્યું એ પ્રતિમા ઉપર પ્રહ્‌લાદ જાણે પોતાનો પ્રાણ રેડી રહ્યો હતો. તેને મનમાં કબૂલ કરવું પડ્યું કે પ્રતિમા બેનમૂન બનતી જતી હતી.

હીરામણિના એક ઊંડા નિઃશ્વાસથી ચમકીને પ્રહ્‌લાદ ફર્યો. ‘ ઓહ ! તમે ! ક્યારનાં આવ્યાં છો ? ’

‘ તે તમે જાણો ! ભાઈબંધની મૂર્તિ ઘડવામાં આખું જગત ભૂલી ગયા લાગો છો !’ હીરામણિએ જરા હસીને કહ્યું.

પ્રહ્‌લાદે કપાળ પરથી પરસેવો લૂછ્યો, અને હીરામણિને પગથી માથા સુધી જોઈ ને બોલ્યો.

‘ કેમ, અદેખાઈ આવે છે ? ’

હીરામણિએ હોઠ મચકોડ્યો.

‘ અદેખાઈ કરે છે મારી બલા ! ’

‘ એમ હશે તો એવી પ્રતિમા ઘડીશ કે ઊભાં ને ઊભાં બળી જશો ! ’

‘ બાળ્યાં હવે ! પુરુષની પ્રતિમાનો કોણ ભાવ પૂછવાનું છે જગતમાં ? તમે જ જોજો ને તમને કોની પ્રતિમા નામના અપાવે છે ? ’

પ્રહ્‌લાદે હીરામણિ સામે આંખ ઝીણી કરી, અને હાથમાંની માટીમાંથી એક નાનો લોંદો નટરાજની છાતી ઉપર મારતાં બોલ્યો:

‘ જગત તો ગાંડું છે. પણ તમે ય ગાંડાં હશો એમ મેં નહોતું માન્યું ! ’

‘ કેમ ? ’

'શું તમે પણ એમ માનો છો કે જગતમાં કેવળ સ્ત્રીઓમાં જ સુન્દરતા વસેલી છે? પુરુષના સૌન્દર્યને ટપે એવું જગતમાં કશું જ નથી તે જાણો છો?'

'ના ભાઈ!' મરડમાં હીરામણિ બોલી.

'તો હવે જાણશો!' પ્રહ્લાદે દૂર હઠી પ્રતિમા ઉપર પડદો ખેંચ્યો અને બોલ્યો, 'ચાલો આપણે કામ શરૂ કરીએ!'

પણ હીરામણિ જાણે ભોંયે જડાઈ હોય તેમ ત્યાં જ ઊભી રહી. એક ડગલું આગળ ચાલેલા પ્રહ્લાદે ડોક ફેરવીને પૂછ્યું:

'ચાલોને! કેમ? ફરીથી જોવું છે?'

'શું?' ભાનમાં આવતી હોય તેમ હીરામણિએ પૂછ્યું.

'શું?' પ્રહ્લાદે વિનોદથી લહેકો કરીને પૂછ્યું.

હીરામણિએ ગર્વથી માથું ઊંચક્યું. અને પડદા તરફ હાથ કરી બોલી:

'એને? એ... સ્ત્રીશત્રુ ને?'

અને ઝડપથી ચાલીને તે પોતાના પોઝમાં પૂતળી જેવી સ્થિર બનીને ઊભી રહી ગઈ.

મરક મરક હોઠે વારંવાર હીરામણિની આંખો તરફ જોતો પ્રહ્લાદ પ્રતિમાને રચી રહ્યો.

બેએક અઠવાડિયાં પછી એક બેઠકના દિવસે પ્રહ્લાદ મોડો પડ્યો અને ઉતાવળે દાદરો ચડતો તે ઉપર આવ્યો. પણ સામેના ખૂણામાંનું દૃશ્ય જોઈ તેણે પોતાનાં પગલાંને મૂંગાં કરી દીધાં.

હીરામણિ પૂણામાંનો પડદો હાથમાં ઊંચો પકડીને એકી ટશે નટરાજની પ્રતિમાને જોઈ રહી હતી. પ્રહ્લાદે એક ખૂંખારો ખાધો અને આગળ વધ્યો. હીરામણિ ચમકી, તેના હાથમાંથી પડદો સરી પડ્યો. તે સહેજ શરમાઈ ગઈ. તેની પાસે ન જતાં ભીંત ઉપર કોટ ટીંગાવતાં પ્રહ્લાદે પૂછ્યુંઃ

'શું કરતાં હતાં ?' અને તેણે સ્મિતપૂર્વક ઉમેર્યું, 'સંવનન ?'

હીરામણિના મોં પર રતાશ આવી. પણ તે ડોક ફેરવીને બોલીઃ

'જાવ રે તમે! હું તો અમરતી જોતી હતી જરા.'

'એ...ઓરાતુને ?'

'ના, તમારી કલાને !'

'મારી કલા કરતાં એની જીવનકળા વધારે મનોહર છે!' પ્રહ્લાદે કહ્યું. 'ચાલો હવે, આજે તો તમારી પ્રતિમાને છેવટનો ઘાટ આપી દઈએ. કાલથી તમે તમારી પરીક્ષા માટે છૂટાં! પછીની વાત પછી!'

એક પ્રિય થઈ પડેલા નિત્યક્રમ જેવું કાર્ય અટકવાના સંભવે કે બીજા કોઈ કારણે હીરામણિને પ્રહ્લાદના શબ્દો ગમ્યા નહિ. અકારણ વિષાદથી ભરેલા હૃદયે તે પોઝમાં ઊભી રહી.

કલાકેક પછી તે પ્રહ્લાદના સ્ટૂડિયોમાં પોતાની તૈયાર થયેલી પ્રતિમાને તથા તેની સાથે પેલી સામી પ્રતિમાનું છૂપું અછૂપું સંવનન કરતા હૃદયને મૂકીને ચાલી ગઈ.

પણ ઘેર જતાં રસ્તામાં તેની બુદ્ધિ હથોડા લઈને

તેના હૃદયને છૂંદી રહી. એવા નાલાયક પુરુષો જેમાં છે એવી નરજાતિ સામે તો તેં વેર લેવાનો નિર્ણય કર્યો છે, ને આ શું?

દ્વેષ અને પ્રેમની સમસ્યાનાં બે શીંગડે ચડેલી હીરામણિ હાથની મુઠ્ઠીઓ મજબૂત કરી રસ્તો દાબતી ચાલવા લાગી.

[ ૪ ]

આઠેક મહિના પછીની વાત છે. ચારપાંચ દિવસ પછી ખુલ્લું મુકાવાના પ્રદર્શનમાં મોકલવા માટે હીરામણિની પ્રતિમાને ખસેડવાની તૈયારી પ્રહ્‌લાદ કરતો હતો. બેસતા ઉનાળાની ખુશનુમા સવાર હતી. પ્રહ્‌લાદના હૃદયમાં એક મુગ્ધ ઉત્સાહ હતો, નવવધૂને પતિનો પ્રથમ મિલનપ્રસંગે થાય છે તેવો. પોતાનું આજ લગીનું મોટામાં મોટું મહત્ત્વાકાંક્ષી સર્જન કલાપ્રદર્શનમાં, હજારો લોકોની આંખોની પ્રશંસા ઝીલવાને, અને અનેકોનાં હૃદયમાં સૌન્દર્યનું મંથન જન્માવવાને માટે તે રજૂ કરવાનો હતો. આજે આખું જગત તેને ખુશનુમા લાગતું હતું. વળીવળીને તે પ્રતિમાને નીરખતો હતો, અને પ્રતિમાને ક્યાંક ખૂણેખાંચરે પણ જાણે જરા અપૂર્ણતા રહી ગઈ હોય તેમ થોડું ફિનિશ લગાવી લેતો હતો. એવામાં ઘંટડીનું કામ કરતો દાદર ખખડ્યો. કોઈક ખૂબ ઉતાવળે પગે ઉપર ચડતું હતું. 'અર્જુન હશે! ચાલો આને ફેરવવામાં મદદ કરશે.' પ્રહ્‌લાદને જરા વિચાર આવી ગયો. આ મિત્રો એટલા નજીકના હતા કે એક બીજાને પ્રથમ મળતી વેળા પણ એકબીજાની

સામું જોવાની જરૂર ન જોતા. પ્રહ્લાદ દાદર તરફ પૂંઠ ફેરવી પોતાનું કામ કરી રહ્યો. પણ અર્જુનનો ધક્કો કે ત્રાડ કે એવો કશો લાક્ષણિક સત્કાર ન પામતાં જરા કચવાઇને તેણે મોં ફેરવ્યું. તેણે ન ધારેલું માણસ આવીને ઊભું હતું.

આજે તો મંગળવાર, બેઠકોનું કામ તો પૂરું થયું હતું, બધા પૈસા પણ ચુકવાઈ ગયા હતા, છતાં હીરામણિ કેમ આવી? પ્રહ્લાદ વિચારી રહ્યો. આવનારના શરીરમાં એક સંયમિત કરેલો વેગ, અને મોં પર રોકી રાખેલો ગૂઢ ક્લેશ જોઈ તે જરા નવાઈ પામ્યો.

'મારે થોડીક વાત કરવી છે.' હીરામણિએ કહ્યું. અને ઉમેર્યું, 'માફ કરજો મને, તમારું કામ તો મેં અટકાવ્યું નથી ને?'

'ના ના, તમે તો મારું કામ પૂરું કરી આપ્યું છે. ચાલો, ત્યાં બેસીએ.' કહી પ્રહ્લાદ હીરામણિને બારી પાસેની ખુરસીઓ તરફ લઈ ગયો.

એક ખુરસી ઉપર આપોઆપ બેઠક લેતાં, હીરામણિ બોલી: 'હું તમારી પાસે એક માગણી કરવા આવી છું.'

તેના શબ્દોમાં પહેલાં ન દેખાયેલી ગંભીરતા હતી પ્રહ્લાદે પોતાની ટીખળ વૃત્તિને રોકીને ગંભીર બનવા પ્રયત્ન કરતાં કહ્યું:

'કરો. પણ તમે માગવામાં તો માનતાં ન હતાં!'

'હજી યે માનું છું. એમ કહેતા હો તો હું માગવા નહિ પણ લેવા આવી છું.'

પ્રહ્લાદના મોં પર સ્મિત આવ્યું.

'બોલો તમે જે લેવા આવ્યાં છો તે ધન્ય વસ્તુ કઈ છે?'

'આ પ્રતિમાનું તમે શું કરવાના છો?'

'બધીનું થાય છે એમ એનું પણ થશે.'

'એને વેચી દેવાના છો?'

'હાસ્તો! કેમ કોઈ સારો સોદો કરાવી આપો છો?'

હીરામણિએ ભવાં સંકોડયાં, અને બોલીઃ

'હું ઇચ્છું છું કે તમે એને ન વેચો.'

'પણ એ તો વેચાઈ ગઈ છે.'

'તો હું માગું છું કે તમે એ સોદો રદ કરો.'

'પણ એ તો કેમ બને? એવું કરવાની મારે જરૂર પણ શી છે? મને સારા પૈસા મળ્યા છે.'

'હું એથી પણ વધુ કિમ્મત અપાવીશ.'

પ્રહ્લાદ હીરામણિના મોં સામે જોઈ રહ્યો. તેને તે મુખ ઉપર એક છોકરવાદી જિદ્દ બેઠેલી દેખાઈ. તે મનમાં ને મનમાં એક રમૂજ અનુભવી રહ્યો. અને એક મોટા મુરબ્બીની પેઠે બોલ્યોઃ

'આવી ગાંડી વાતો મૂકી દો. તમારા મનમાં છે શું તે કહી નાખો એટલે નિકાલ થાય!'

એક ભારે મનોમંથન અનુભવતી હોય તેવી રીતે હીરામણિએ માથું ઊંચું કરી, મંથનનો ભાર હળવો કરવા મથતી હોય તેમ તેને ધુણાવ્યું અને બોલીઃ

'તમારા ધનવાન મિત્ર પ્રતિમા ખરીદીને પોતાને ત્યાં લઈ જાય તે મને પસંદ નથી.'

'ત્યારે ?'

'મારી ખાતર એ સોદો રદ કરો. તમને ઘણા યે લેનાર મળી આવશે.'

'હા, પણ આના જેવો કદરદાન તમને કે મને બીજો નહિ મળે. અને આ તો પ્રતિમાનું વાગ્દાન થઈ ગયું. અમારી નાતમાં વાગ્દાન ફરી શકતાં નથી.'

હીરામણિ અત્યારે વિનોદની રગમાં નહોતી. તે ગંભીરતાથી બોલી, 'પણ તમારે એ કરવું જ જોઈએ. એ પ્રતિમાને હું ત્યાં નથી જવા દેવાની !'

પ્રહ્લાદ આ છોકરીની હઠ જોઈ રહ્યો. તેને જરાક ચિડવવાનું મન થયું. તે બોલ્યો: 'પણ ધારો કે ગઈ તો ?'

'એ જાય તે પહેલાં હું એને ભાંગી નાખીશ !'

પ્રહ્લાદ હસી પડ્યો. અસાધારણ રીતે ગંભીર બનેલી હીરામણિ છોભીલી પડી ગઈ. એની વિકળતા જોઈ પ્રહ્લાદ પીગળ્યો. આ યુવતીના જીવનનો છેલ્લો સુંદર વિકાસ તેની પોતાની નજર આગળ થયો હતો. એને માટે પ્રહ્લાદના હૃદયમાં એક મીઠી વત્સલતા પણ જન્મી હતી. તેણે હીરામણિને ખરેખર સમજવાનો પ્રયત્ન કરતાં ડાવકાઈથી કહ્યું:

'એવું તો બનવાનું નથી. માત્ર આવેશને બદલે કાંઈ ચોકખાં કારણો આપો તો એમાંથી કાંઈ રસ્તો નીકળે.'

'કારણો ? મને એ માણસ બિલકુલ પસંદ નથી !' હીરામણિ પ્રહ્લાદની સ્વસ્થતાથી ઉગ્ર બની બોલી.

'એનું કાંઈ કારણ ?' પ્રહ્લાદે ખડખડાટ હસવાની વૃત્તિને દાબીને ડાવકાઈ ચાલુ રાખી પૂછ્યું.

'એનું ય કારણ ને એનું ય કારણ? નથી કહેવાની જાઓ! ચાલો, મને ઝટ જવાબ આપો એટલે હું ચાલી જાઉં.' અને તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. પ્રહ્‌લાદ જરા વ્યગ્ર થયો. એક પેપરકટર લઈ તે વડે ટેબલ પર તે ટકોરા મારી રહ્યો. અને ધીરેથી બોલ્યોઃ

'મારો મિત્ર તમને એટલો બધો દ્વેષ કરવા જેવો લાગે છે?'

એ સવાલ જ ન સાંભળ્યો હોય તેમ હીરામણિ બોલી, 'બોલો શું કહો છો? ના? હું જાઉં છું ત્યારે.' અને તે રીસમાં ને રીસમાં ઊભી થઈ ગઈ અને ચાલવા લાગી.

'બળવાન માણસો ગમતાં નથી.' તેને થોડું ચાલવા દઈ પ્રહ્‌લાદે કહ્યું. 'આવો આવો, એનો કાંઈ તોડ કાઢીએ!'

'હું સમાધાનમાં નથી માનતી!' ચાલતાં અટકી જઈ ને હીરામણિ બોલી.

'જુઓ, અહીં આવીને જરા નિરાંતે બેસો.'

હીરામણિ પાછી આવીને બેઠી. પ્રહ્‌લાદ મોં પર કોઈ વિચિત્ર અભાવમયતા ધારણ કરી બોલ્યોઃ

'તમારી માગણી પૂરી કરવાનો એક જ રસ્તો છે. મારો 'ધનવાન' મિત્ર તમને એ ભેટ આપી દે તો?'

એ સાંભળતાં જ ક્રોધની મારી હીરામણિ બેઠી હતી ત્યાંથી ઊભી થઈ ગઈ.

'બેસો, બેસો! મશ્કરી નથી કરતો.' પ્રહ્‌લાદ હસીને બોલ્યો.

'ત્યારે આ તે શું છે?'

'તમને જોઈતું આપવાનો પ્રયત્ન છે. એ ઉપાય પસંદ નથી? તો એક કામ કરીએ. હું મારે ત્યાં જ પ્રતિમા રાખી મૂકું તો?'

'સરસ! એ માગવા તો હું આવી છું!' બધી રીસ ભૂલીને બાળકની પેઠે હીરામણિ કહોલી ઊઠી.

'પણ પ્રતિમાની માલિકી તો એની જ રહેશે!' પ્રહ્લાદ બોલ્યો, 'એ ય નથી ગમતું? પણ થોભી જાઓ જરા. લાગણીઓ બહુ આધાર રાખવા જેવી વસ્તુ નથી. થોડા વખત પછી આપણે આનો ફરી વિચાર કરીશું. દરમિયાન તમને પણ તમારો અભિપ્રાય બદલવાની તક મળશે.'

'મારો અભિપ્રાય દૃઢ છે!'

'તમને મુબારકબાદી! લો હવે આંખમાંથી આંસુ બરાબર લૂછી નાખો.' કહી પ્રહ્લાદ ઊભો થયો અને અંદરના ખંડ તરફ જોઈ તેણે બૂમ પાડી, 'અરે શું કરો છો? જરા ગોળધાણા લાવો.'

'એ શું વળી?' હીરામણિ પાણી ભરેલી આંખે આશ્ચર્ય દર્શાવતી બોલી.

'તમારો વિજય જરા ઊજવી લઈએ.'

'જાઓ જાઓ, હવે!' અને તે ઝડપથી ઊઠીને ચાલી ગઈ.

તેનું હૃદય તેને અણગમતા એવા ઘણા ધબકારા લઈ રહ્યું. પોતે જીતી હતી કે હારી એ ઘેર પહોંચતાં સુધીમાં પણ તે નક્કી કરી ન શકી.

ખુલ્લા મુકાયેલા પ્રદર્શનમાં 'અજેયા'ની પ્રતિમાની બોલબાલા થઈ રહી. છાપાંઓએ એ પ્રતિમાની છબીઓ છાપી, શોખીનોએ એ છબીઓને કાપીકાપીને ફ્રેમોમાં મઢી લીધી. 'અજેયા' વિજયની સવારીએ જાણે નીકળી હતી. એના શિલ્પી પ્રહ્લાદનું નામ તો નીચે નાના અક્ષરોમાં છપાતું. પણ એ પ્રતિમાનું મુખ તો જોનારના હૃદયમાં જઈને વસતું. હીરામણિએ પોતાના ઉપરથી 'અજેયા'ને ઘડાવા દીધી હતી. હવે એ 'અજેયા' હીરામણિના ભાવિને ઘડવા લાગી.

[ ૫ ]

પ્રદર્શનમાં સુપ્રદર્શિત થયેલી 'અજેયા ની પ્રતિમાથી જગતમાં એક જ માણુસ સંતાપ અનુભવતો હતો. અર્જુનને સમજાતું ન હતું કે આ સ્ત્રી પોતા તરફ આટલો ઉગ્ર અણગમો કેમ સેવી રહી છે. પ્રતિમાનું વેચાણ રદ કરાવવા હીરામણિ જે મથામણ કરી ગઈ હતી તે અર્જુનને વર્ણવતાં પ્રહ્લાદે કહેલું: 'ભલા માણસ, તમારું બંનેનું નસીબ મને સારું લાગતું નથી...' 'તમારું' શબ્દથી અર્જુનને વળી થયું: 'વળી પાછાં આ અમને ભેગાં બાંધીને વાત કરવા લાગ્યો.'

અર્જુન અત્યારે એ જ ઘટનાનું ચિન્તન કરતો હતો. એને એ જ વસ્તુ મૂંઝવતી હતી કે આ સ્ત્રીનો આટલો ઉગ્ર દ્વેષ મેળવવા જેવું પોતે શું કર્યું છે? પ્રથમ મુલાકાતે જ 'ધનવાન' શબ્દ સાથેનો તે સ્ત્રીનો કટાક્ષ તેને યાદ આવ્યો. તે પછી પોતે ખાસ મળ્યાં નથી, વાતચીત નથી કરી, વિચારોની કંઈ આપલે કરી નથી. પોતાને વિષે આ સ્ત્રીએ

કેવી કલ્પનાઓ બાંધી લીધી હશે ! પોતે ધનવાન છે તેમાં શું ગુન્હો કર્યો ? પોતે શરીરે સુપુષ્ટ છે તે પણ શું ગુન્હો કહેવાય ? પોતે ભણ્યો તે પણ શું ગુન્હો છે ? અને પોતે એક જાજરમાન જીવનનો આદર્શ કલ્પી તે માટે જે યાતના વેઠી રહ્યો છે, તે પણ શું અપરાધ છે ?

રમતોની હરીફાઈઓને અંતે પ્રમુખપદેથી ઇનામો વહેંચ્યાં પછી પોતે જે બે શબ્દો કહેલા તેમાં રમતોમાં આગળ પડતો ભાગ લેતી થયેલી સ્ત્રીઓની પોતે પ્રશંસા કરી હતી. એ સાંભળતાં જ સામે બેઠેલી સ્ત્રીઓમાંથી કેટલીકે મોં મચકોડેલાં. 'મસ્કો ?' તેમનાં મોં પર જાણે શબ્દો ઉપસી આવેલા. પણ કોઈને ગમતી પણ સત્ય વાણી કહેવી તે ય ગુન્હો છે ! એ મોં મચકોડનારીઓમાં, ચડ્ડી અને ખમીસ પહેરીને બેઠેલી જુવાનડીઓમાં એક જણે, દોડમાં પહેલું ઇનામ જીતી જનારીએ તો ખાસ વક્રતા બતાવી હતી. સંસ્કૃત કવિઓમાં આવી વક્રતાનું સૌન્દર્ય જોવાની ખાસ શક્તિ હતી. એને પોતાના સંસ્કૃતના ફેલો તરીકેના અધ્યાપનવર્ગો યાદ આવ્યા. પણ સંસ્કૃત કવિઓને જે જોવા નહોતું મળ્યું એ આ જમાનામાં પોતે જોવા પામ્યો.

પ્રમુખની ખુરશીમાં બેઠાંબેઠાં તેણે જોયેલું કે ચડ્ડી ખમીસ પહેરીને આવેલી છોકરીઓ બહુ જ કદરૂપી લાગતી હતી. સ્ત્રીના સ્ત્રીત્વને મન પર ઠસાવતાં કપડાં, ઘરેણાં અને વાળ વગેરેની ટાપટીપ ગમે તેવી સ્ત્રીને પણ બહીક આકર્ષણું કરે છે. પણ એ સ્ત્રીત્વનાં વિશેષક સાધનો કાઢી નાખ્યા પછી સ્ત્રીઓમાં સુણ્ડુ આકારો કેટલા બધા થોડા રહે છે,

આખું શરીરસૌન્દર્ય કેટલું અલ્પ દેખાય છે તે અર્જુન વિચારી રહ્યો. અર્જુન જોતો હતો કે આમ ફૂલફટાક બની ઘણાંને આકર્ષતી સ્ત્રીઓ–છોકરીઓ પુરુષવેશમાં તદ્દન સાધારણ, તદ્દન અનાકર્ષક લાગતી હતી. તેના મનમાં સ્ત્રીના સૌન્દર્યની એક કસોટી તૈયાર થઈ. જે સ્ત્રી પુરુષ-વેશમાં પણ પોતાનું આકારસૌષ્ઠવ જાળવી શકે તે જ સ્ત્રી સુન્દર! આ વિચારની નવીનતાથી પ્રહર્ષિત થઈ તે ખુરસીમાં ઊંચોનીચો થઈ રહ્યો. ઇનામ સ્વીકારતાં શર-માતી છોકરીઓના હાથમાં ઇનામ આપતાં તે તેમની પ્રાકૃતતા, અતિસાધારણતા જોતાં દુઃખી થતો હતો. ત્યાં એક ઇનામ લેવા આવનારના નામ અને સ્વરૂપથી તે આશ્ચર્ય-ચકિત થયો. ‘હીરામણિ... ...બે માઈલ દોડ. પહેલું ઇનામ.’ ‘અરે, આ તો પ્રહ્લાદનું મૉડેલ!’ અર્જુનના મનમાં થયું. તે દિવસે સફેદ કપડાંમાં એને જોયેલી, કશું ખાસ ધ્યાન આપ્યા વગર. અને તેને તેના વિષે એક ચબરાક-પણા સિવાય બીજો ખ્યાલ બંધાયો ન હતો. પણ આ તો અહીં મેદાનમાં ય ઘૂમનારી છે જાણી તે ખુશ થયો. હીરામણિએ ઇનામ લેતાં બે ય હાથમાં એ ચાંદીની ઝારી પકડી નમસ્કાર કરેલા. એનો પુરુષવેશમાં પણ બહાર પડી આવતો ઠસ્સો જોઈ પોતે અચંબો પણ પામેલો. એટલી સુઘડ તો કોઈ સ્ત્રી દેખાતી ન હતી. રમતો જોવા બની-ઠનીને આવેલી પેલી ખૂંધી કમરવાળી, ચશ્માંબંધ આંખો-વાળી, ખુલ્લે મોંએ શ્વાસ લેનારી, ઝીણાં મલમલિયાં વસ્ત્રોથી શરીરની કંગાલિયતનું જ પ્રદર્શન કરનારી ફેશનેબલ

સ્ત્રીઓનું ટોળું કેટલું ક્ષુદ્ર, ગર્વ લાગતું હતું! અને એ પ્રનામ લેનારીનું ચિત્ર તેની આગળ તરી આવ્યું. એણે નમસ્કાર કરતાં બે હાથે જે ઝારી પકડેલી તે કેવું મનોરમ રીતે વિચિત્ર લાગતું! તે દિવસે અર્જુન જિંદગીમાં પહેલો જ વાર કોઈ પણ સ્ત્રી પર ખુશ થયો.

પણ તે પછી તો પ્રહ્લાદ પેલો ફટકો લઈને આવ્યો. આજ લગી તેને એમ લાગતું હતું કે બધી જ સ્ત્રીઓ તેના પર ખુશ છે, ખુશ હોવી જોઈએ. પણ હવે તેણે જાણ્યું કે પોતાને પણ અવગણનાર, હેતુપૂર્વક સામે થનાર પણ કોઈ છે. વિદ્વેષીની કલ્પના માણસને ઘણી વાર શૂર ચઢાવે છે. પણ અર્જુનને તે ઉદ્વેગકર નીવડી. આ સ્ત્રી તરફથી પોતાની આવી અવગણના સાંભળી તેને પોતાને વિષે પણ અવમાનના થઈ આવી. પોતાની ઊંચી ભાવનાઓ પણ તેને અવમાનનાપાત્ર લાગી. એકાએક તમામ પદાર્થોમાંથી તેને રસ ઊડી જતો લાગ્યો. આખું શહેર તેને નીરસતાથી ભરપૂર લાગ્યું. જગતમાં જે એક સ્ત્રીપાત્ર તેને પોતાની કલ્પનાને પહોંચે તેવું સહેજ લાગતું હતું તે પણ દ્વેષથી ઊભરાતું દેખાયું. તેને ગ્લાનિ થઈ આવી. જગતમાં આદર્શ સ્ત્રી નથી એટલા ખાતર કે પછી પોતાના અંગત અપમાન ખાતર?

પ્રહ્લાદ નટરાજની પ્રતિમા આ વરસે પૂરી કરવા માગતો હતો. અખિલ ભારત પ્રદર્શનમાં તેને મોકલવી હતી. આજ લગી પ્રહ્લાદનો ઉત્સાહ અર્જુનનો પણ હતો. બંને સાથે મળી કલાકૃતિઓની ચર્ચા કરતા, સ્વપ્નો રચતા,

કલ્પનામૂર્તિઓ ઘડતા; અર્જુન પ્રહ્‌લાદને ઉત્તેજતો, મુશ્કેલીની ક્ષણોમાં દ્રવ્ય અને હૃદયની હૂંફ આપી ટકાવી પણ રાખતો. પણ હવે તેનો ઉત્સાહ ઓસરી ગયો. બધું છોડીને ક્યાંક જતા રહેવાનો તેણે નિશ્ચય કર્યો.

[ ૬ ]

કાઠિયાવાડ મેઇલ સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર ઊભો હતો. એંજિન પાસેના થર્ડ ક્લાસના એક ચિક્કાર ડબ્બાને છેડેના એક અલગ ચિક્કાર ખાનામાં બારીની બહાર અર્ધું ડોકું કાઢી અર્જુન ઊભો હતો. પાસે જ એંજિન પાડાની પેઠે ધૂંધવાતું ઊભું હતું. અર્જુન પરસેવાથી રેબઝેબ થઈ ગયો હતો. પહેરણનાં બટન ખુલ્લાં કરી તે રૂમાલથી પવન નાખતો હતો. અહીંયાં પ્લેટફોર્મ ઉઘાડું હોવાથી અંદરના ડબ્બાઓ કરતાં જરાક રાહત હતી. એ ડબ્બાઓમાં ખિચોખીચ જામેલી ગિરદીનો વિચાર કરતાં અર્જુન કમકમતો હતો. તે કશાકની વાટ જોતો હોય તેમ આમતેમ નજર નાખતો હતો.

'દુષ્ટ નહિ જ આવવાનો.' તે મનમાં બબડ્યો. પ્રહ્‌લાદને તદ્દન નાખુશ કરીને તે મહાબળેશ્વર જવા નીકળ્યો હતો. પણ પોતે માજીને ખુશ કરી શક્યો છે એનો તેને થોડો સંતોષ હતો. પણ પ્રહ્‌લાદ, પ્રહ્‌લાદ, એનું શું? એની પ્રતિમાનું શું? એના પ્રદર્શનનું શું? ચૂલામાં જાય એની પ્રતિમાઓ! એ પ્રતિમાઓ જ ઉત્પાત મચાવી રહી હતી. એ ન હોત તો આ બધી ઉપાધિ ક્યાંથી જન્મત? 'પ્રહ્‌લાદ, તેં પૂરી પંચાત ઊભી કરી

છે ! ' અર્જુન વિચાર કરતો હતો. અને એન્જિન તરફ જોઈને તેના ધૂંધવાટમાં પોતાનો ધૂંધવાટ ક્ષણેક ભૂલી જતો હતો. ત્યાં એની બોચી પર એક થપ્પો પડ્યો. અર્જુનનું મોં ઉગ્ર બનીને ફર્યું. પ્રહ્લાદનો પડી ગયેલો પણ હસતો ચહેરો તેના ચહેરાની નીચે ઊભો હતો.

'ત્યાગવીર ! મને કેટલો અથડાવ્યો !' પ્રહ્લાદે કહ્યું.

અર્જુન છેલ્લી ઘડીએ પોતાની ફર્સ્ટ ક્લાસની બેઠક એક મુંબઈ જતા બીમારને આપીને થર્ડ ક્લાસમાં આવ્યો હતો. ફર્સ્ટ ક્લાસમાં બેઠેલાં માજીની પાસેથી એ માહિતી મેળવીને પ્રહ્લાદ તેને ડબ્બેડબ્બે શોધતો છેવટે અહીં આવ્યો. ટૂંકા વખતમાં લાંબી વાતો કરવાની હોવાથી તે સડસડાટ બોલ્યે ગયો.

'બધાંને ખાતર મરી મટે છે. માત્ર પોતાનાંને જ પીડવાં એમ ને ! મારી પ્રતિમાનું શું ? અને અલ્યા, તું માજીનો કદી વિચાર કરે છે ખરો ? બિચારાં રડતાં હતાં !'

અર્જુને 'એમાં હું શું કરું ?' સૂચવતો હાથનો ચાળો કર્યો. મોંથી તે એટલું જ બોલ્યો:

'હોય !'

'માજીનું દુઃખ તેં કદી વિચાર્યું છે, પાડા ?'

અર્જુનને પ્રહ્લાદ અણગમો પેદા કરવા લાગ્યો.

'"અજેમા"ની પ્રતિમા તારા દીવાનખાનામાં ન આવી તેમાં એમનો પણ ભાગ છે, હોં !'

અર્જુનને થયું આ વળી પાછી એ વાત ક્યાંથી કાઢી.

'મારે ત્યાં આવેલાં ત્યારે એને જોઈને તો ખુશ

થઈ ગયેલાં. કહે કે, "શું ભગવાને ઘડી છે!"'

'એમ ત્યારે, એમને ગમેલી કે?' અર્જુનને મનમાં થયું.

'મેં કહ્યું, "માજી, તમારે ત્યાં આ આવવાની છે!" માજી કહે, "કોણ?" મેં કુ "આ પૂતળી! અર્જુનભાઈએ ખરીદી લીધી છે." ત્યારે ભમર ચડાવીને કહે કે, "એને આવડે છે શું બીજું? બૈરાંનાં પૂતળાં વસાવવામાં જ સમજ્યો છે. ખબરદાર, પ્રહ્લાદ, જો મારે ત્યાં આ આવી છે તો એ સાજી નહિ રહે." અર્જુન, ખરું કહું છું. તું ગંભીરતાથી કાંઈ વિચાર કર હવે.'

'શે...નો?' અર્જુને દાંત ભીંસીને કહ્યું.

'ભાભી વસાવવાનો.' પ્રહ્લાદ પૂરા ગાંભીર્યથી બોલ્યો.

'જા જા હવે.' કહી અર્જુને તમાચો ઉગામ્યો. તેને કહેવાનું મન થઈ આવ્યું: 'જો ગમે તેમ કરી વસાવવી જ હોત તો તો એક જનાનો જમાવી શકત. પણ...'

તમાચાને વારવા હાથ ઊંચો કરી પ્રહ્લાદ જરા દૂર હટયો. ગાડીની વ્હિસલ વાગી. બંને મિત્રો ગંભીર બની ગયા. પ્રહ્લાદે હાથ લંબાવ્યો.

'હવા ખાવા સાથે તારી ઉદાસીનતાને પણ જલ્દી ખાઈ નાખીને વહેલો આવજે, દોસ્ત!'

એંજિનનો ઘર્રાટ વધવા લાગ્યો. પોર્ટર ડબ્બાના બારણાને ચાવી લગાવી ચાલ્યો ગયો.

બંને મિત્રોના પંજા એકબીજામાં ભીડાયા. અને બંનેની નજર એકાએક પ્લેટફૉર્મ તરફ ખેંચાઈ. એક સ્રી ડબ્બાઓમાં ડોકિયું કરતી, અને આમતેમ જોતી, વળી પાછું

જવા કરતી, તો ઘડી આગળ વધતી, હાથમાંનો બિસ્તરો અને પેટી વીંઝાટતી તેમના ડબ્બા તરફ આવતી હતી:

'છેલ્લી ઘડીએ જગા ખોળવા નીકળ્યાં છો!' પ્લેટફૉર્મ પર ઊભેલા લાંબોકોટ પહેરેલા એક સજ્જન બાજુનાં ખિસ્સામાં હાથ નાખી, પાનની પિચકારી લગાવતાં બોલ્યા.

પ્રહ્લાદે જરા આંખને તેજ કરી. 'શું આજે જ એ જવાની હતી?' તેણે મનમાં વિચાર્યું. એ બી બહાર ડોકાતાં માથાંથી ભરચક ખાનાંઓ પાસેથી પાછી હઠતી તેમના તરફ ઝડપથી આવી રહી. પ્રહ્લાદને જોઈ તે જરાક આનંદથી અટકી.

'ઓ હો, તમે!' પ્રહ્લાદે હાથ લંબાવી તેના હાથમાંથી બિસ્તરો લઈ લીધો. 'આગળથી કહ્યું હોત તો જગા રાખત ને! અર્જુનભાઈ પણ આજે જ જાય છે.'

ગાડીએ છેલ્લી સીટી મારી અને તેનાં પૈડાંએ એક ધમધરાટ સાથે ગતિમાં આવવા માંડ્યું.

'અર્જુન લે, આ સંપેતરું.' કહી પ્રહ્લાદે તેના હાથમાં બિસ્તરો આપ્યો. 'લો, અહીં ચડી જાઓ.' તેણે બેગને ઝૂંટવી અંદર ફેંકતાં કહ્યું. હીરામણિએ ચાલવા માંડેલા ડબ્બાનો સળિયો પકડી લીધો અને પાટિયા પર ચડી ગઈ.

'બારણાને તાળું છે!' પેલા કોટવાળા સજ્જન બોલ્યા. તે મૂછોમાં હસતા હતા.

'કાંઈ વાંધો નહિ!' તેમના તરફ નજર નાખતાં હીરામણીએ હસીને કહ્યું, 'બારી તો ખુલ્લી છે ને!'

અને સ્વભાવિક રીતે અર્જુને મદદ માટે લંબાવેલા

હાથને જોયો ન જોયો કરી તે બારીમાં થઈને ડબ્બામાં કૂદી પડી. એ નાનકડા ખાનામાં પગ પસારીને બેઠેલા એક કદાવર મુરબ્બીનો અંગૂઠો તેના પગ નીચે આવ્યો અને તેમણે ચીસ નાખીઃ 'બાઇ, જો તો ખરી!'

પ્રહ્લાદ ડબ્બા સાથે થોડુંક ચાલ્યો, થોડુંક દોડ્યો. અર્જુન અને હીરામણિ બંને બે બારીમાંથી ડોકાં કાઢીને જોતાં હતાં. પ્રહ્લાદે પૂછ્યું. 'કેમ તમે આમ એકાએક!'

'તાર આવ્યો હતો.' અને વધારે વાતચીત થાય તે પહેલાં પ્લેટફૉર્મનો છેડો આવી ગયો. પ્રહ્લાદ ત્યાં જ ઊભો રહી ગયો. અને બારીની ફ્રેમમાં મઢાયેલાં બે અર્ધાં શરીરને, એક બીજા તરફ ન જોવાને પ્રયત્ન કરતાં પણ પોતાના તરફ સરખી મમતાથી જોતાં બે નમૂનેદાર માનવોને, મિત્રોને તે જોઈ રહ્યો.

'આવજો, તમે બે ય.'

ગાડીમાં ઊભેલાં બે યે સાથે સલામ ઝીલી.

પ્રહ્લાદ એ બંનેના સાથે જડાયેલા ચહેરાને જોતો, મેળવતો અને જોડતો ઘડી ભર ત્યાં જ ઊભો રહી ગયો.

પ્રહ્લાદના છેલ્લા બે શબ્દો સાંભળી અર્જુનને થયું, 'વળી તમે બે ય. સાથે ને સાથે જ જોડતો જાય છે.' પણ હવે તો તે બે ય સાથે જ હતાં. બંને બારીને અડેલીને ઊભાં હતાં. ગાડી વેગમાં આવવા લાગી, બહારનો પવન લહેરાતો લહેરાતો અંદર આવવા લાગ્યો. અને આ બે ય જણે પોતાની આ રાત માટેની ભૂમિની ભૂગોળ જોવા માંડી.

[૭]

નાનકડા ખાનાનાં નીચેનાં અને ઉપરનાં ચારે ય પાટિયાંનો મુલ્ક સર થઈ ગયો હતો. ઉપરનાં પાટિયાંઓ પર અને વચ્ચેના રસ્તા ઉપર બધે સામાન અને પાથરેલા બિસ્તરા અને બેઠેલાં માણુસો, પોતાને મળેલી જગાને કૃપણુની લાલસાથી જાણે વળગી રહ્યાં હતાં. પૃથ્વી ઉપર જળપ્રલય થયો હોય, અને જાણે આદિ મનુની હોડીમાં પોતાનું સર્વસ્વ લઈ આ લોકો ચડી બેઠાં હોય તેમ લાગતું હતું. પેલા ચગદાયેલા પગવાળા મુરબ્બીએ બંને પગ પાટિયા ઉપર ઉઠાવી લઈ ને પોતાની ફાંદની નીચે સુરક્ષિત રીતે સંતાડી દીધા, અને 'બાઈ, જો તો ખરી.' કહેનારા પોતે જાતે જ 'બાઈ'ને જોવા મંડી પડ્યા. એમના મોંમાંથી એક નિસાસો નીકળી પડ્યો. ઉપરના પાટિયા પર કોઈક હસ્યું. સામેના ખૂણામાં બેઠેલી એક આધેડ સ્ત્રી ટટાર થઈ. અને ક્યાંક સંતાડી રાખેલું છોકરું બહાર કાઢી પેલા મુરબ્બી તરફ લંબાવ્યું. 'લો ગીગાને પકડો જરા, ઈ ને હંગવું સે તે જાજરે લઈ જાઉં.' જાજરાના જકારોમાં મહાપ્રાણ ઉમેરીને તે બોલી. અને પેટી અને બિસ્તરા ઉપર પદાર્પણ કરતી તે ખાનાના જાજરૂ તરફ જવાના બારણા ભણી આવી. હીરામણિ તરફ જરા કરડી આંખે જોઈ, તેની સાથે શરીરને ઘસતી તે બારણું ખોલવા પ્રયત્ન કરવા લાગી. ન ખૂલતી સ્ટૉપરને અર્જુને ખોલી આપી અને બિસ્તરાઓ અને તે પર બેઠેલા માણસોથી ચિક્કાર એવો જાજરૂ જવાનો રસ્તો તેની નજરે પડ્યો.

'હવે ઈને હુંગાડને ન્યાં જ.' પેલા સજ્જને પ્રસ્તાવ કર્યો. પણ પેલી સ્ત્રી 'હાલો બાપુ, જાવા દ્યો જરા.' કહેતી કહેતી માર્ગ કરતી જાજરૂ તરફ ચાલી ગઈ.

એ બારણું વાસીને અર્જુન હીરામણિ તરફ ફર્યો. તે તેનાથી હાથેક જ દૂર ઊભી હતી. રસ્તાના ખૂણામાં અર્જુનનો અને તે ઉપર હીરામણિનો બિસ્તરો પડ્યો હતો.

આટલા રસ્તાની જગામાં જ તેમણે બન્નેએ રાત ગાળવાની હોય તેમ લાગતું હતું. અર્જુને કહ્યું:

'ચાલો, અત્યારે બિસ્તરા છોડવાની તસ્દી નહિ લેવી પડે. પેલો ખૂણો જ તમે કબજે લઈ લો.'

હીરામણિ કશુંક બોલવા જતી હતી. પણ તેની કલ્પના કરી લઈ અર્જુન બોલ્યો, 'આ દરવાનનું કામ મને જ કરવા દો. નહિ તો સામેથી પણ કોકની સવારી ચડી આવશે.'

'હા મિસ્ટર, દરવાજો સંભાળજો.' સામેથી એક સજ્જન બોલ્યા. 'આ તે સાલી માણુસો બેસાડવાની ગાડી છે કે ઘાસ ભરવાની ગાડી.' અને તેમણે ઊભા પગ રાખી બેઠક પર બને તેટલું લંબાવ્યું.

થોડી વારે બારણું ખખડ્યું, અર્જુને ખોલ્યું, એક પઠાણનું દાઢીવાળું માથું દેખાયું, પણ અર્જુનને જોતાં તે અદૃશ્ય થયું. બારણું બીજી વાર ઠોકાયું, ત્રીજી વાર ઠોકાયું. ગજાને હંગાવી આવેલાં રમણીને દાખલ કરી લઈ અર્જુને બારણાને સજ્જડ વાસી દીધું, અને તે હીરામણિ તરફ ફર્યો.

'લાવો, આપણે નાનકડું ઘર કરી લઈએ.' અને તેણે

પોતાનો બિસ્તરો કાઢી આ બાજુ લીધો અને હીરામણિને માટે પેટી અને બિસ્તરાની બેઠક બનાવી આપવાની તૈયારી બતાવી પણ તે હીરામણિએ જાતે જ બનાવી લીધી.

બંને જણ ઘણો વખત શાંત બેસી રહ્યાં. ડબાની વસ્તી ધીરેધીરે ઊંઘમાં સરતી હતી. ગાડીનાં પૈડાંના અવાજ ખટટખટ ખટટખટ કરતા, વાદળની ગર્જના પેઠે દૂરદૂર અબડી જતા હતા અને વળી તરત જ પાછા ચડી આવતા હતા. એ અવાજની તાલબદ્ધતા ચિત્તમાં એક જાતની સ્વસ્થતા પ્રેરતી હતી.

આ બે જણ એક બીજાની આટલાં બધાં નજીક આ પૂર્વે કદી બેઠાં ન હતાં. એક બીજાએ ભાગ્યે જ થોડા શબ્દોની આપલે કરી હતી. માત્ર એક બીજા વિષે ઘણું જાણ્યું હતું, અનુભવ્યું હતું.

સ્થળની નિકટતા અને પરિસ્થિતિની સમાનતા માણસોને ઘણાં નજીક લાવે છે. હીરામણિએ ધનિક અર્જુન, સુપ્રતિષ્ઠિત અને સંસ્કારી જગતમાં અગ્રપદ લેતો અર્જુન; અને છેલ્લે ઓશ્રતુ અર્જુન જોયો હતો. પણ તે અત્યાર લગી જેટલો ઘમંડી, અભિમાની, અતડી ઊંચાઈ પર ઊડનારો, સર્વને તુચ્છકારનારો, અને એક ઉચ્છેદ કરવા જેવા પ્રાણીની જાતનો તેને લાગેલો હતો તેથી તદ્દન જુદો જ અહીં લાગવા માંડ્યો. આ બિસ્તરા પર રસ્તામાં બેઠેલો, લોકોને ખાતર બારણાની ચોકી કરતો, એના વેશભૂષામાં જરાક ટાપટીપ વિનાનો અર્જુન એની કલ્પનાનો

શ્રેષ્ઠ પુરુષ ન હતો. પણ ત્યારે અર્જુન કેવો હતો ? હીરામણિ ઊભા ટીંચણ ઉપર હાથમાં માથું ટેકવી બેઠેલા, અને પોતાની તરફ ન જોતા એ પુરુષને જોઈ રહી.

અર્જુનના મગજમાં પણ વિચારમાળા ચાલી રહી હતી. તે સ્ત્રીઓનાં શરીરસૌન્દર્ય પર બહુ લક્ષ ભાગ્યે જ આપતો. પણ તે લાવણ્યશત્રુ પણ ન હતો. લાવણ્ય તેને પ્રસન્ન કરતું. પણ મારી મચડીને, વેશભૂષાને મદદમાં લઈ પોતાની જાતીય વિચિત્રતાથી જ કેવળ આકર્ષક બનતી સ્ત્રીઓ તેને કેવળ અપ્રસન્ન જ કરતી. સ્ત્રી પાસે જીવનનું દર્શન હોતું જ નથી, કેવળ શરીરનું કે ક્યાંક બુદ્ધિચાતુર્યનું પ્રદર્શન જ હોય છે. સ્ત્રીમાં જીવનને જીતવાની શક્તિ હોતી જ નથી, માત્ર પોતાને જીતનારને વળગવાની જ શક્તિ હોય છે. એવા પ્રાણી સાથે કેમ બને ? માત્ર એક જ સ્ત્રી તેણે જોઈ હતી જે પ્રદર્શનપરાયણ અને પુરુષપરાયણ સ્ત્રીઓના ટોળાથી જુદી પડતી હતી.

તેને પોતાની નજીકમાં લેવા તેનું હૃદય ઝંખવા લાગ્યું. 'અજેયા'ની પ્રતિમાને ખરીદવામાં મિત્રને સહાય, કળાની કદર કે હીરામણિનું આકર્ષણ એમાંથી કયું તત્ત્વ મુખ્ય હતું તે પોતે માનસશાસ્ત્રનો અભ્યાસી હોવા છતાં નક્કી નહોતો કરી શક્યો. હીરામણિ લાવણ્યમયી હતી એ તેને માટે ગૌણ વાત હતી. લાવણ્ય તો પુરુષોમાં ય ક્યાં ઓછું છે ? તેની નજર આગળ પાસાદાર હીરાના જેવાં શરીરવાળા અખાડાના છોકરા ખડા થતા. એકલું લાવણ્ય નહિ પણ બીજું કાંઈક એને જોઈતું હતું. શું ?

અર્જુનના હૃદયમાં સળવળાટ થતો. 'હૃદયનો કબજો લેનાર કશુંક.' પણ અર્જુનને એટલો જવાબ બસ નહોતો. કશુંક જીવંત, પ્રાણવંત, પાંગળું‌વેવલું નહિ, શોભાનું પૂતળું નહિ, પણ બખ્તર વાગતાં પણ તૂટે નહિ તેવી ચમકતી પાણીદાર તલવાર જેવું. એવી તો એક જ તેણે સાંભળી હતી, નજરે જોઈ હતી, અને જીવનમાં પહેલી જ વાર ઝંખી હતી. પણ તેણે સાંભળ્યું કે, જેમ પોતે લોકોના કહેવા પ્રમાણે સ્ત્રીઓથી ભાગતો હતો તેમ જે સ્ત્રીને પોતે ઝંખતો હતો તે પણ પુરુષોથી, ખાસ કરીને તો પોતાથી ભાગતી હતી.

એ ભાગનારી આજે પાસે જ બેઠી હતી. અર્જુને હાથમાંથી માથું ઊંચું કર્યું. હીરામણિ ખૂણામાં માથું નાખી, ઢળેલી પાંપણે છાતી પર હાથની અદબ વાળી ઢળી હતી. અર્જુન બોલ્યો:

'તમે બિસ્તરો પાથરો. હું ઉપર ચડી જાઉં છું.'

હીરામણિની આંખો અંદરથી ચમકી, ઊઘડી. કોક મીઠી વસ્તુ તેના હાથમાંથી સરી જતી હોય તેવો ભય તેને લાગ્યો. તેણે પોતાના પ્રત્યેનો અર્જુનનો છૂપો અનુરાગ પ્રહ્‌લાદ પાસેથી સાંભળ્યો હતો. તેણે કેટલીક ક્ષણોમાં પોતાનું હૃદય પણ અર્જુન પાસે નાસી જતું જોયું હતું. પણ લીલી ધરો ઉપર ચરવાને દોડતા બકરાને પકડી રાખતા રખેવાળની ક્રૂરતાથી તે હૃદયને પાછું ખેંચી લેતી. 'એની પાસે પૈસો છે; વિદ્યા છે, પ્રતિષ્ઠા છે, શક્તિ છે. એને વશ થઈ એના

અભિમાનનો ખોરાક બનવું કેમ પોસાય? કાં તો તે મારા જેવો ધૂળમાં ભમનારો થાય, કાં તો હું એના જેવી મહાન થાઉં, પૈસામાં, વિદ્યામાં, પ્રતિષ્ઠામાં!'

એ સંકલ્પ હીરામણિને ધકેલી રહ્યો હતો. મજબૂત કાંડાં વડે તે જેમ સાલ્લામાંથી છેલ્લું ટીપું નિચોવી નાખતી તેમ તે હૃદયમાંથી અર્જુન માટેની છેલ્લી લાગણીને નિચોવી નાખવા લાગી. પણ એ લાગણી, માતાને બાળક ધાવતાં જેમ વધુ દૂધ ચડે છે, તેમ વધુ ને વધુ અમી ઝરતી થવા લાગી. હીરામણિને પોતાના આગ્રહો ભાંગીને ભુક્કો થતા લાગ્યા. જગતમાં અકિંચનો માટે શું સ્થાન જ નથી? એક ગરીબ બ્રાહ્મણની છોકરીને આવી કલ્પનાઓ સેવવાનો શો હક છે? તે પોતાને પૂછતી. 'અરે બાઈ, આટલું ભણી છે તો હવે ક્યાંક મહેતી થઈ રોટલો કમાઈ ખા, અથવા આજના 'સ્નેહલગ્ન'ના જમાનામાં કોઈક મોટરવાળાનો શિકાર કરી લે.' દુનિયા તેને કહેતી લાગતી, પણ જગતના તે માર્ગથી તે દૂર જ રહેવા મથતી.

ત્યાં વિધિએ તેને માટે દરવાજા ઉઘાડ્યા, મહત્તાના, યશના તથા લક્ષ્મીના ધામમાં પેસવાને. 'અજેયા'ની પ્રતિમાને જોઈ એક સીનેમા કંપનીના ડાયરેક્ટરના લક્ષમાં એનું મોડેલ રહી ગયું. 'પ્રતાપી મુદ્રા લાગે છે! જો એટલી બુદ્ધિ પણ હોય તો!' તેણે પ્રતિમાકારને પુછાવ્યું. અને તેની શક્તિનો અંદાજ સાંભળી તેણે 'અજેયા'માંથી એક અપૂર્વ અભિનેત્રી સર્જવાનો વિચાર કર્યો, જો તે સ્ત્રી સહકાર આપે તો. કેટલીક પ્રાથમિક વાટાઘાટ પછી એ ડાયરેક્ટરને મળવા

હીરામણિ આજે મુંબઈ જતી હતી.

તેણે આ લાઇનની કદી કલ્પના કરી ન હતી. તેને વિષે તેણે ઘણું સાંભળ્યું હતું. પણ એ લાઇનની ગલીચતા સાંભળી તે ઉબાતી હતી. પણ જો મહાન થવાની આ તક મળે છે, પોતે જેટલી ઊંચાઈએ ચડવા માગે છે ત્યાં પહોંચવાની શક્યતાની જો તક મળે છે તો તે લેવી જ, કોઈ પણ ભોગે લેવી. તેણે નિશ્ચય કર્યો.

જેનાથી તે નાસતી હતી, ઘણી સ્ત્રીઓને આકર્ષતી જેની ઘણી ચીજોને તરછોડતી તે દૂર ફરતી હતી તે જ માણસ ગાડીમાં તેની પાસે બેઠો હતો. અને અહીં તેણે અર્જુનમાં જે હજી સુધી નહોતું જોયું તે જોયું. આ માણસ રસ્તાની ધૂળથી પણ કંટાળે તેવો નથી. એ ભોંય પર બેસી શકે તેવો છે, વગર પથારીએ સૂઈ શકે તેવો છે, પોતાની વિદ્યા અને લક્ષ્મીની ચમકને ઢાંકીને સાદા માણસ તરીકે પણ જીવી શકે તેવો છે. પણ તેથી શું? એવી સાદાઈમાં પણ માણસોનો દંભ ક્યાં નથી હોતો? એટલા પર કાંઈ મદાર ન બંધાય. પણ હૃદય બકરીની પેઠે હાથમાંથી છટકી જતું. અને પેલી મનોરમ હરિયાળી પર કૂદવા ઝંખી રહેતું.

હીરામણિએ ઘણી વાર અનુભવેલો રોમાંચ અત્યારે ફરી અનુભવ્યો. તેણે કહ્યું, 'ના ના, અહીં જ બેસો, ઊંઘવાનું તો નથી જ. તમે છો તો વાતોમાં વખત જશે.'

અને એક બીજાની સાથે કેવી રીતે વાત શરૂ કરવી તેની મૂંઝામણમાં પડેલાં એ સહ પ્રવાસીઓની વાતો શરૂ થઈ.

'તમે મારી કૂદીને આવવાની ભલી હિંમત કરી.' અર્જુને કહ્યું.

પોતાની કોઈ નિંદા કરે ત્યારે તેની સામે કેવું વલણ લેવું તે દરેક જણ સમજે છે, પણ પોતાનાં વખાણ થતાં હોય ત્યારે કેવું વલણ લેવું તે દરેકને, ખાસ કરીને સ્ત્રીને બહુ મુશ્કેલ થઈ પડે છે. અર્જુન ઉપહાસ કરે છે કે પ્રશંસા તે હીરામણિ નક્કી ન કરી શકી. તે ગંભીરતાથી બોલી, 'વખત આવે બધું કરવું પડે!'

'બધું?' ભરાઉ ગરદનને હીરામણિ તરફ ફેરવી અર્જુન સહેજ આશ્ચર્ય બતાવતો બોલ્યો. અને ઉમેર્યું, 'બહુ ભારે કહેવાય!'

'ભારે કામ કરવાનો ઇજારો તમારે એકલા પુરુષોએ તો નથી રાખવો ને?'

'ના, અમે બહુ ભાર વહ્યો છે. હવે સ્ત્રીઓ થોડો ઉપાડે તો સારું.'

હીરામણિ મૂંગી રહી. અને આખી દુનિયાને ખેંચી જાય તેવી મજબૂત કાંધવાળા આ માણસને જોઈ રહી.

'ક્યાં જવા નીકળ્યાં છો?' અર્જુને પૂછ્યું.

'મુંબઈ. અને તમે?'

'રખડવા.'

'પણ ક્યાં?'

અર્જુનને જવાબ આપતાં સંકોચ થયો. પોતાને ગમતું નથી, ઉનાળો સહન નથી થતો માટે પોતે મહાબળેશ્વર જવા નીકળ્યો છે અને આ અને એનાં જેવાં કેટલાંયને એવા

સંજોગોમાં રહેવું પડે છે જેમાં તેમને પસંદગીનો પ્રશ્ન જ નથી હોતો. એવા વિચારમાં તે થોડી વાર ચૂપ બેસી રહ્યો. પછી બોલ્યોઃ

'બાને મહાબળેશ્વર લઈ જાઉં છું.'

અર્જુનના અવાજમાં હીરામણિને પોતે ન ધારેલી મૃદુતા દેખાઈ.

'તો બા ક્યાં છે?'

'ફર્સ્ટ ક્લાસમાં.'

'તેમને ત્યાં મૂકી તમે અહીં કેમ આવ્યા?'

અર્જુનને પ્રશ્નનો સાચો જવાબ આપવો ઠીક ન લાગ્યો.

'ત્યાં પણ ગિરદી હતી એટલે હું અહીં આવી ગયો.'

માણસ ગિરદીમાંથી છૂટવા, પાસે પૈસા હોય તો નીચલાથી ઉપલા વર્ગમાં જાય છે. હીરામણિથી બોલાઈ જવાયુંઃ

'આ તો અવળી ગંગા વહી.'

'અમારે માટે તો એ સવળી જ છે. હશે.' અર્જુને પોતાને અંગેની વાતને પલટો આપતાં કહ્યું, અને પૂછ્યું, 'હું જાણી શકું કે તમે કેમ મુંબઈ જાઓ છો?'

'કંઈ કામધંધો કરવા.'

'એમ!' અર્જુને એના જડબાને ત્રાંસું કરતાં કહ્યું. 'શું કરવાનાં છો?'

'જે કાંઈ હાથ આવે તે.'

'પણ કાંઈ લાઇન તો વિચારી રાખી હશે ને?'

'અમારે લાઇનો વિચારવાની ક્યાં હોય છે! જે હાથમાં આવે તે લઈ લેવાનું.'

'પણ શું હાથ આવ્યું છે તે કહેશો ?'

'તમે જાણીને શું કરશો ?' હીરામણિ જરાક હસીને બોલી.

'કંઈ મદદ કરી શકું તો.'

'ના ના. એવી કાંઈ જરૂર નથી.' હીરામણિ બોલી. આવી ઉદારતાનો દેખાવ કરતા બધા માણસોને કંઈક સંભળાવી દેવાનું એને મન થયું. તે એક વાત સમજી હતી. પુરુષો આગળ કંઈ નહિ તો સ્ત્રી કેવળ સ્વસ્થતા જાળવી રાખે એમાં પણ એનો ઘણો વિજય છે. તેને થયું પોતાનો જવાનો હેતુ શા માટે છુપાવવો ? તેણે કહ્યું:

'સિનેમા લાઇનમાં જવાનો વિચાર કરું છું.'

અર્જુનની આંખો આશ્ચર્યથી પહોળી બની.

'તમે ?'

'હા. એમાં નવાઈ કેમ પામો છો ?'

'નવાઈ તો નહિ, આનંદ પામું છું. મેં નહોતું ધાર્યું તમે આટલું જિગર ચલાવી શકશો.'

'એટલે ?' હીરામણિના અવાજમાં જરાક કરડાકી પ્રવેશી.

અર્જુન મૂંઝાયો. પોતે અત્યારે વાગ્યુદ્ધમાં ઊતરવા ઇચ્છતો ન હતો. તેણે પોતાનો બચાવ કરતાં કહ્યું:

'મેં ક્યારે એવું ધાર્યું છે ?'

'બધાં જાણે છે.' હીરામણિ બોલી. તેને અર્જુનને ઘણું ઘણું સંભળાવી દેવાનું મન થયું. અર્જુને જેમની લગ્નની માગણી અપમાનપૂર્વક તરછોડી હતી તેવી કન્યાઓમાં તેની

કેટલીક સખીઓ પણ હતી. તેણે મનને આમળો આપી કહ્યું, 'સ્ત્રીઓએ પણ હવે પુરુષોના માથાંની બનવાની જરૂર છે.'

'તે થાય! કોણ ના કહે છે? ઊલટું સારું!'

'થશે ત્યારે ખબર પડશે! હજી તમને ય કોઈ માથાની નથી મળી એટલે સ્તો.' તે હસતાંહસતાં ક્રિયાપૂર્વક બોલી.

'ત્યારે તમે તો મારે વિષે ઘણું જાણી લીધું લાગે છે.' અર્જુને હસીને કહ્યું, 'બહુ સારું. હું તો ઇચ્છું છું કે કોઈ મળે.' અને તેણે હીરામણિ ઉપર નજર માંડી ધીરેથી ઉમેર્યું, 'મેળવી આપશો?'

આ શબ્દોથી જાણે અર્જુન પોતે જ હમણાં પોતાને લેવા ધસતો હોય તેવો હીરામણિને ભાસ થયો. અને એની પકડમાંથી છટકીને નાસી જવા તેનું આખું ભાવતંત્ર જાણે તત્પર થઈ ગયું. એ મનોભાવને તેણે માત્ર ડોકું ફેરવીને જ વ્યક્ત કર્યો. તે માત્ર આટલું જ બોલીઃ

'અમે તે તમને મેળવી આપનાર કોણ! એ જાતે જ આવીને તમારી ખબર લેશે.'

'એમ? એ તો વધારે સારું!' અર્જુન બોલ્યો.

હીરામણી કાંઈ બોલી નહિ. આંખમાં ઊંઘ ભરાવા માંડી હતી. આળસ ખાવા જતાં તેની સ્વભાવિક ટેવ પ્રમાણે તેણે બે ય હાથ મોકળા મને ખેંચીને ઊંચા કર્યા. બગાસું ખાવા તેનું મોં ઊઘડયું. પોતાની તદ્દન નજીકમાં એક પુરુષ બેઠો છે એ ભાન તેને અર્ધે બગાસે આવ્યું અને તેણે આળસ અને બગાસું બંનેને છોભીલી બની સંકોડી લીધાં. પણ તેણે

જોયું કે અર્જુન તેની સામે જોતો જ ન હોતો. હીરામણિમાં એક રીતનો અસંતોષ પ્રગટ્યો.

સ્ત્રી ઘણી વાર પોતાનો સંકોચ પણ સામું માણસ જુવે તેવું ઇચ્છે છે. હીરામણિને પોતાના હૃદયમાં અર્જુન સામે જે થોડીક ખાંચ રહી હતી તે પણ એકાએક દૂર થતી લાગી. બગાસું ખાવા જતાં ઊંચા થયેલા હાથ અર્જુનના ઉપર જઈ પડ્યા હોત તો? હીરામણિના મનમાં એક સ્વપ્ન પ્રગટ્યું, એક ચિત્ર ખડું થયું. શરીર પર એક રોમાંચ થઈ આવ્યો. પણ કંડિયામાંથી ફેણ ઊંચી કરી ઊભા થતા નાગ પેઠે તેનું અભિમાન ફૂંફાડી ઊઠ્યું.

'ખબરદાર! આ માણસે સ્ત્રીજાતનું જે અપમાન કર્યું છે તેનો બદલો તું નહિ તો બીજું કોણ લઈ શકશે?

અર્જુનના હૃદયમાં આ સ્ત્રી એટલી વસી ગઈ હતી કે હવે તેના તરફ જોવાની તેને જરૂર જ ન હતી. તેણે ડબાની છતમાં સ્થિર જ્યોતે પ્રકાશી રહેલા વીજળીના દીવા પર નજર ઠેરવી. એના જેવો જ એક સ્થિર પ્રોજ્જ્વલ ભાવ તેના હૃદયમાં સળગ્યો હતો. પણ હજી શમા અને પરવાના વચ્ચે ઘણું અંતર હતું.

તેણે ડોકું ફેરવ્યું. હીરામણિના ઉપર ઊંઘ સવાર થઈ ગઈ હતી. ડબાના ખૂણામાં અઢેલીને ઊંઘતું એનું શરીર ગાડીના આછા હિલોળા સાથે હિલોળતું હતું. તેના માથેથી સાડી સરી પડી હતી. કશા પ આભૂષણ વિનાનું તેનું પ્રતાપી મોં મીઠા તેજમાં શાંત તેજથી શોભી રહ્યું હતું.

અર્જુનથી બેઠા ન રહેવાયું. તે ઊભો થયો અને

ઉપરના પાટિયાની સાંકળ પકડીને આખા ખાનાની ઊંઘતી વસ્તીને જોઈ રહ્યો. અને તેની નજર વળી પાછી હીરામણિ-ના મોં પર કેન્દ્રિત થઈ. તેના હૃદયમાં તેણે ન અનુભવેલો એવો એક ભાવ પ્રગટ્યો. તેને પોતાને ત્યાં કાચ મઢવા આવેલ વોરો યાદ આવ્યો. એ પેલા એક નાનકડા ઓજારથી કાચ પર લીટો દોરી તેને કેવો ભાંગતો હતો! લીટો તો જરાકે ય દેખાતો ન હતો. પણ કાચની બધી શકિત ત્યાંથી તૂટી જતી હતી. એક ઇંચના શતાંશ જેટલો લીટો આખા જાડા કાચને બરાબર તોડવા બસ હતો. અર્જુનને પોતાનામાં એવું જ કાંઈ થતું લાગ્યું. કોક તેના હૃદયને ચીરતું લાગ્યું, અને તેના બે કટકા કરીને બે હાથમાં લઈ રમતું લાગ્યું. તેના હૃદય ઉપર એક પછી એક ચીરા પડવા લાગ્યા, અને તેના પટપટ કકડા કરી, કકડાના કકડા, અને તે કકડાની કરચો કરી કોઈ તેનાથી રમવા હસવા ખેલવા લાગ્યું. અરે પેલું માણસ નિર્દય રીતે, કશાનો વિચાર કર્યા વિના રમી જ રહ્યું છે!

એક તોફાની વિચાર તેના ઉપર ધસ્યો. ગાડીને અટકાવી, આને ઉપાડી એકદમ ભાગી જાઉં! તેણે પોતાના લમણામાં મુક્કી મારી. ખૂણામાં હીરામણિ સહેજ સળવળી.

ગાડીનો વેગ ધીરો પડવા લાગ્યો. અર્જુનને મા યાદ આવી. 'અરે બિચારી!' તેના મનમાં થયું. 'કેટલાં ય સ્ટેશનો ગયાં પણ મેં ખબર પણ નથી કાઢી.' અને ગાડી ઊભી રહી ન રહી ત્યાં તે બારણું ખોલી ઊતરી પડ્યો. અને ફર્સ્ટ ક્લાસના ડબાઓ તરફ વેગથી ચાલ્યો.

ગાડીના અટકવાના આછા આંચકાથી હીરામણિ જાગી ગઈ. તે ચમકી તેના મોંમાંથી 'ઓ' નીકળી આવ્યું. અર્જુન ડબ્બામાં ન હતો. તેની આંખો વિહ્વળ બની

અનેક પ્રકારનાં ઉલ્લાસ અને વિષાદપ્રેરક સ્વપ્નોએ તેને રમણે ચડાવી હતી. એક જીવન સાથી તેને મહા મહેનતે જડી આવ્યો હતો. પણ આ ગર્વીલીએ હડે ચડતાં પેલાએ તેને હોડીની અંદરથી નદીના પ્રવાહમાં પધરાવી દીધી હતી. હોડીની બહાર પેલાનો હાથ લટકતો હતો. હાથનાં આંગળાં હલાવતો તે હસતો હતો. 'લે પકડ! લે પકડ!' પણ નદીનો પ્રવાહ તેને જોરથી નીચે ખેંચી જતો હતો. હોડી પણ તેની સાથે આવતી હતી. પણ પોતે ગમે તેટલું મથતી છતાં પેલો હાથ દૂર જ રહેતો હતો. 'બળ્યાં આ સ્વપ્નાં!' તે બબડી.

પોતાના મનમાં પ્રગટેલી આતુરતા તે સમજી શકી નહિ. ગાડી ચાલવા લાગી. અર્જુન ક્યાં? તેના હૃદયમાં ખરેખર થોડીક ચિંતા પ્રગટવા લાગી. તેને સમજાયું નહિ કે પોતાને આમ કેમ થાય છે? 'આટલા જિગરથી શું વેર લઈ શકીશ?' કોક તેને પૂછતું લાગ્યું. અર્જુનના શબ્દો તેને પ્રશ્નાર્થ બનીને વાગવા લાગ્યા. 'મેં નહોતું ધાર્યું તમે આટલું જિગર ચલાવી શકશો.'

ત્યાં ડબ્બાનું બારણું ખૂલ્યું. ગાડી વેગમાં આવી ગઈ હતી. અર્જુન ઓટલાનું પગથિયું ચડતો હોય તેટલી સરળતાથી ઉપર ચડી આવ્યો.

'ક્યાં ગયા હતા?' હીરામણિથી પુછાઈ ગયું. તે

પોતાનો ગભરાટ દેખાઈ ન જાય તેમ સ્વસ્થ બનવા પ્રયત્ન કરી રહી.

'કેમ? ગભરાયાં હતાં?'

'ના રે!' પોતાનો ઠસ્સો પાછો મેળવી તે બોલી. 'અમસ્તી જરા.'

'બાની ખબર કાઢી આવ્યો. તમારી પણ વાત કરી.'

'શું કરવા?'

'તમને ન ગમ્યું? હશે, હવે થયું તે થયું. માફ કરજો. પણ બાએ તમને મળવાની ઇચ્છા બતાવી છે. મળશો?'

'વારુ.' કહી તેણે સૂવાની તૈયારી કરતી હોય તેમ ખૂણામાં શરીર ઢાળ્યું, અને સહેજ પૂછ્યું:

'આ કયું સ્ટેશન ગયું?'

'ભરૂચ.' અર્જુને કહ્યું, અને ઉમેર્યું: 'હવે નર્મદા આવશે. ઊંઘી ન જશો.'

નર્મદા! હીરામણિના હૃદયમાં એક ધબકારો થયો. એ તો એની માતાનું નામ! બાપડી કેટલી ભોળી અને ભાવુક હતી. અને આ નર્મદાના દર્શન માટે તો તે કેટલી આતુર રહેતી. હીરામણિને પોતાનું હૃદય પાણી થઈ જતું લાગ્યું. અને જીવનનો જે ઝળહળાટ તેની આગળ ઊઘડતો હતો, તેમાં બાલ્યજીવનનો અંધાર મળ્યો. યૌવનનું અભિમાન ઓસરી બાળહૃદયનું કેવળ ગભરુપણું તેનામાં સ્ફુરી રહ્યું. તેમાં નદી જોવાનું આમંત્રણ! કઈ સ્વસ્થતાથી એ આ નદીને જોઈ શકે? અને તેમાં યે આ પાસે ઊભો હોય ત્યારે? કોઈની સાથે આનંદમાં ભાગ લેવામાં પણ ભારે

જોખમ હોય છે. તેણે અસાધારણ સંયમથી કહ્યું:

'મારે કાંઈ જોવું નથી.'

અને પ્રયત્નપૂર્વક તેણે આંખો મીંચી.

અર્જુન આ જવાબથી રાજી ન થયો. ઘડી ઉપર તેના હૃદયમાં જન્મેલો ભાવ તેને જુઠ્ઠો લાગ્યો. જેનામાં આટલી નાનકડી પણ સૌન્દર્યદૃષ્ટિ ન હોય એ તેને મન તુચ્છ પ્રાણી લાગ્યું.

નદીના પૂલ ઉપર ગાડીએ ધીરેથી પ્રવેશ કર્યો. તેરશનો ચંદ્રમા આથમણા આભ તરફ ઢળવા લાગ્યો હતો. નદી તદ્દન શાંતિથી વહેતી હતી. આછી લહરી પણ દેખાતી ન હતી. આ ઉછાળા વિનાના તદ્દન ભાવરહિત હૃદયને જગવવા મથતો હોય તેમ ચંદ્ર પોતાનો પ્રેમધવલ તેજપ્રવાહ નદીના મહા વિસ્તૃત હૃદય ઉપર આતુરતાથી રેલાવી રહ્યો હતો. નદી એ બધું જાણતી હોય અને છતાં પોતાને વશ થવા ન ઇચ્છતી હોય તેમ શાંત પડી રહી હતી. છતાં ક્યાંક ક્યાંક તેનાથી આછો મરકાટ થઈ જતો હતો. અને એટલા આશાદોરને પણ દેખી ચંદ્ર ઉત્સાહિત થઈ પોતાનું સંવનન ઉગ્ર કરી મૂકતો હતો.

અર્જુનનો ડબ્બો પ્રવાહની વચ્ચે આવ્યો અને ચન્દ્રપ્રકાશનો એક વિશાળ પટ તેની નજરે આવ્યો. તેના હૃદયમાં એક ઊર્મિ ઊછળી આવી. 'આ જોવાને કોઈ સાથે હોય તો ?'

અને ચંદ્રનો પ્રકાશ નદીના વિશાળ પટની વચ્ચે જ્યારે બરાબર ખીલ્યો ત્યારે જ અર્જુનની આંખ વેદનાથી મીંચાઈ ગઈ.

અત્યાર સુધી ન સંભળાતી ગાડીનાં પૈડાંની ખટખટ હવે હથોડા પેઠે તેના કાનમાં વાગવા લાગી. તેણે માથું અંદર ખેંચી લીધું. ખૂણામાં ચાંદનીની ઢગલી પડી હોય તેમ હીરામણિ અર્ધી ઢળેલી બેઠી હતી.

પણ થોડી વાર ઉપર જેની સાથે હૃદય એક થયું હતું તે તેને દૂર ને દૂર ભાવિનાં ઘનઘોર વાદળો પાછળ ઠેલાતી, છુપાતી લાગી. આની સાથે ક્યાંથી મેળ થાય? તેના હૃદયે પ્રશ્ન કર્યો. ભરૂચના સ્ટેશને એક જણે ખાલી કરેલી ઉપરની બેઠક ઉપર તે કૂદીને ચઢ્યો અને સૂઈ ગયો.

અર્ધી ઢળેલી હીરામણિ ધીરે ધીરે પૂરી ઢળી ગઈ. અર્જુનના બિસ્તરાએ અને અર્જુનનાં સ્વપ્નોએ તેને ઉમળકા ભેર પોતાની ગોદમાં લીધી.

[ ૮ ]

સવાર!

દાદરના સ્ટેશને ફર્સ્ટ કલાસની વેઇટિંગ રૂમમાં મોટા ગોળ ટેબલની આસપાસ બેસીને અનુબેન, અર્જુન અને હીરામણિ ચા પીતાં હતાં. અતિશય ચકચકાટવાળાં ચાનાં વાસણો સવારના આછા પ્રકાશમાં અનેરા વૈચિત્ર્યથી ચમકતાં હતાં. કાંસકાથી હોળવા છતાં સહેજ અસ્તવ્યસ્ત રહેલા ત્રણેનાં માથાંના વાળ માથા ઉપર છતમાં ફરતા પંખાના પવનને લીધે ઊંચાનીચા ઊડતા હતા. અને કાચના કપ ખખડવાથી જેવો ઝીણો અવાજ થાય તેવે અવાજે વાર્તાલાપ ચાલતો હતો.

સવાર થયું હતું. રાત ચાલી ગઈ હતી. રાત અને તે ય આગગાડીમાંની રાત. અને સાથે સાથે એ આગગાડીમાંની રાતની અથડામણો, ગિરદી, ધમાલ એ બધું ચાલ્યું ગયું હતું. ગાડી કે જેમાં જોજનો દૂર રહેતાં માણસો ભેગાં થઈ જાય છે, ધન અને વર્ગનાં અંતરો કદીક ચલોપ થઈ જાય છે, સ્વભાવ અને મિજાજની ખુમારીઓ જ્યાં તાત્કાલિક સમાધાન સાધી લે છે, એવી ગાડીમાંથી તેઓ છૂટયાં હતાં.

તેઓ ફરીથી દિવસના પ્રકાશની ભૂમિકા ઉપર, પોતાની નિત્યની સ્થિતિએ, પોતાના પુરાણા સ્વભાવ અને ભાવ ઉપર સુસ્થિત થઈને ઊભાં હતાં. આગગાડીના પ્રવાસમાં, ખટટખટ ખટટખટના ધ્રુવ સ્વરવાળા તંબૂરનાદની ઉપર મનમાં ઊઠેલી આકાંક્ષાઓ, આશાઓ, ભયો, ઉત્તેજનાઓ સ્થિર ભૂમિના સ્પર્શે હવે શાંત બની ગયાં હતાં. જ્યાં અણુછાજતી નિકટતા આવી ગઈ હતી ત્યાં પાછું પૂર્વેનું અંતર સ્થપાયું હતું. તારાના તેજ જેવી મનોરમ કલ્પનાઓ સૂર્યના પ્રકાશ જેવા વ્યાવહારિક સંબંધો આગળ ઊડી ગઈ હતી. ઊંઘમાં કે અર્ધ ઊંઘમાં, ભાનમાં કે અર્ધ ભાનમાં વ્યગ્ર, આતુર, ઉદાર, નમ્ર અને નિખાલસ બનેલાં અંતરોએ પ્રતિષ્ઠા, માન અને સભ્યતાના બુરખા પાછા પહેરી લીધા હતા. રાતનું વ્યગ્ર રમણીય જગત લોપ થયું હતું.

અનુબેન, પરોપકાર કરવા ચડ઼ે કલાસમાં જઈને પડેલા છોકરાની વિચિત્રતાઓથી સીઝાતાં, તેના અકલ્પ્ય ભાવિનું ઘડતર કરવામાં પોતાને અસહાય જોઈ દુઃખી થતાં, ભરેલા ડબ્બામાં પણ આત્મીય જન વિના એકલતાથી દુભાતાં અનુબેન

પહાડ જેવો પુત્ર પોતાની પાસે પાછો આવી ગયેલો જોઈ શાંત અને પ્રસન્ન થયાં હતાં.

'આ બહેન કે ?...આખી રાત તમે એક ડબ્બામાં જ કાઢી ?...બાપ રે, કેટલી હાડમારી !...સિનેમામાં કામ કરવા જાઓ છો ?...કેવી પાણીદાર આંખો છે ! અને... અને......'

વાત ચીતમાં પુછાયેલા અણપુછાયેલા પ્રશ્નો, સ્વગત કે મનોગત બોલેલાં આશ્ચર્યવાક્યો, અને મનમાં ઊઠેલા કહેવા ન કહેવા જેવા ભાવો. ચા પીતાંપીતાં અનુબેનની આંખો પુત્ર ઉપરથી પુત્રની આ રાત્રિમિત્ર ઉપર અને એ સોહામણી સ્ત્રી ઉપરથી પાછી પોતાના પુત્ર ઉપર આવજા કરતી હતી. પુત્રની કલ્યાણકામના એમના હૃદયને ભરી રહી. પણ પુત્રની ધૂની દૃઢતા આગળ અસહાયતા સ્વીકારતાં અનુબેન મહાબળેશ્વરની જૂની ચિરપરિચિત પ્રિય જગાઓની કલ્પનાઓમાં શરણ શોધવા લાગ્યાં. ઘર નહિ તો વન તો છેવટે છે જ !

અર્જુન ત્રીજો કે ચોથો કપ મોઢે માંડતાં, જીવનને બે છેડે બેઠેલી બે પ્રતાપી રમણીઓને જોઈ રહ્યો. છીઃ માણસના હૃદયને નિર્બળ કહેવું કે સબળ એ જ પ્રશ્ન તેને મૂંઝવી રહ્યો હતો. જીવન એની સામે વિકટ પેંતરો બાંધીને ઊભું હતું. જીવનને સ્વપ્નમાં જીતવું જેટલું સહેલું લાગે છે તેટલું વ્યવહારમાં જીતવું સહેલું નથી. શી ગાંડી કલ્પનાઓ ! શી મૂર્ખ આશાઓ ! શી પાયા વિનાની માન્યતાઓ !

પાણીમાં ડૂબકી મારીને નીકળ્યા પછી જે ઝનૂનથી તે માથાના વાળ વીંઝાટતો તે ઝનૂનથી તેણે રાતનાં સ્વપ્નાંઓને ખંખેરી નાખ્યાં. મહાબળેશ્વર અને અમદાવાદ, ઊટી અને અમદાવાદ, મસૂરી, નૈનિતાલ કે સ્વિટઝર્લૅન્ડ અને અમદાવાદ... તેની કલ્પના એના ભવિષ્યને ચોંટી રહી. અથવા દશરથ નાગરની પોળનાં આલેશાન મકાન અને મજૂરોની ચાલો, વ્યાયામ-શાળાઓ, કળાવર્ગો, કે એવી બીજી સામાજિક પ્રવૃત્તિઓમાં તેણે પોતાને ગૂંથાતો જોયો, એકલો અને અટૂલો.

કશુંક માગેલું ન મળતાં બાળક જે અસહાય રીસ બતાવે છે ને બહાર રમવા જતું રહે છે તેમ એક અસહાય વિષાદથી ઘેરાયેલા અર્જુનનું મન પ્લૅટફૉર્મ તરફ દોડયું. ચકલામાં રસ્તાઓ મળતા હોય છે ત્યારે તો બહુ પાસેપાસે લાગે છે પણ એ જેમજેમ આગળ વધતા જાય છે તેમતેમ તેમની વચ્ચે કેટલું અંતર વધતું જાય છે! ચકલામાં મળતા રસ્તા ફરી કદી મળે છે? પ્રહ્‌લાદનો સ્ટૂડિયો, ત્યાંથી સિનેમાનો સ્ટૂડિયો, અને ત્યાંથી...ત્યાંથી ક્યાં...ક્યાં!

ખડંગ અવાજ સાથે પ્યાલાને રકાબીમાં અફાળતો અને ખુરસીને અર્ધી જમીન પર ધકેલી દેતો તે ઊઠયો, અને વેઈટિંગ રૂમ આગળ ઊભેલા કૂલીને સૂચનાઓ આપવા લાગ્યો.

આ બંને માદીકરાને સાથે જોતાં હીરામણિને કેવો ભાવ થયો તે પોતે પણ સ્પષ્ટ સમજી ન શકી. ગમે તેવો

મહાન, ભવ્ય, બળવાન, બુદ્ધિમાન માણસ એની મા આગળ કોક જુદું જ રૂપ લે છે. વળી હીરામણિને લાગ્યું કે પોતાની બધી અતડાઈ અર્જુનની માની હાજરીએ હરી લીધી છે. કેટલી મીઠી અને મધુરી સ્ત્રી છે! પોતાને ચૂંટલા ભરતી, ધીબતી અને ગોદમાં લઈને રડતી મા તેને યાદ આવી. દરેકને મા હોય છે! જાણે તેના અંતરે શોધ કરી. અને મા આગળ બાળક સદા બાળક જ રહે છે!

જગતનાં માણસોમાં પોતાની પ્રૌઢ કાયાથી ડરામણો લાગતો અર્જુન અહીં બાળસ્વરૂપ ધારણ કરતો તેને દેખાયો. છતાં તેની આંખો જોતાં તે બીવા લાગી. એ બીકે તેનામાં ક્રોધ પ્રગટાવ્યો. એ ક્રોધે તેના અભિમાનને છંછેડયું. જગત પ્રપંચી છે, લૂંટારું છે. પોતે પોતાનો જ રસ્તો કરવાનો છે. કોઈની પણ મહેરબાની કે મહોબ્બત શા માટે? ના જોઈએ કોઈનું કશું યે! નહિ કૃપા, નહિ કરુણા; નહિ કામના, નહિ અભિવંદના. જગતમાં પોતાની કૃપા અને કામનાના પણ શિકાર શોધનાર માણસો ક્યાં નથી?

રાત્રે હૃદયમાં સળવળેલી કામના એને કોઈ પરાઈ વસ્તુ લાગી. હવે તે સ્વસ્થ હતી. રાત્રે બંધ આંખો આગળ એ ઝંખના પાણીમાંથી ફૂટતા પોયણા પેઠે ડોકું કાઢતી હતી, પણ હવે ઉઘાડી આંખે પોતે એને પગ નીચે કચડી શકે છે. હજી સરોવરમાં કમળને ઊગવા દેવાની ફુરસદ નથી. ત્યાં તો હાલ વિજયની સ્ટીમ લૉન્ચ દોડાવવી છે. કમળના વેલા અને ફૂલ રસ્તામાં અત્યારે તો ફંદા જ બની જવાનાં છે.

બહુ જ આત્મસ્થ બની, ગર્વભર વાંકી ડોક, કમળ જેવું પોતાનું મુખ ફેરવતી તે આ બે જણના પ્યાલાઓમાં ધીરેધીરે ઓછી થતી ચાને જોઈ રહી.

સવાર ! રાત્રિનાં સ્વપ્નાંઓનો અંત ! પ્રકાશની પૂરપાટ સવારી ! નવા પ્રદેશો, નવાં ખેતરો, નવી ખેતી, નવા વિજયો !

તેણે બહુ જ સફાઈથી રકાબી અને પ્યાલાને ટેબલ પર મૂક્યાં અને સાડીના પાલવની આછી સોનેરી કિનારને છાતી ઉપર ખેંચી ડાબા હાથ નીચે સંકોરી લીધી. તે ટટાર બની. તેનું પ્રફુલ્લ ધડ છટાથી શોભી રહ્યું. અનુબેનની સૌમ્ય આતુર આંખોને પોતાની છાતી ઉપર બેઠેલી તેણે જોઈ. તે મૂંઝાઈ, શરમાઈ, અને ગભરાઈને ઊભી થઈ ગઈ. જાણે મધમાખે તેને કરડી ન હોય !

વેઇટિંગ રૂમ તરફ પૂંઠ કરીને ઊભેલા અર્જુનની વિશાળ પીઠ ઉપર અને ત્યાંથી ઊંચે ચડી પહેરણની ગળપટ્ટી આગળથી ખુલ્લી થતી ગરદન ઉપર તેની આંખ ઠરી. ધોબીની શિલા ઉપર ઝીંકાવા જતા કપડાની પેઠે પોતાની કલ્પનાને ત્યાં ઝીંકાવા જતી તેણે રોકી.

તેણે ચંપલ પહેર્યાં. અનુબેન અને અર્જુનની સ્વસ્થ અને હસતે મોંએ રજા લીધી. અને પોતાનો સામાન ઉપાડી આગળ ચાલતા મજૂરની પાછળ, હાથમાં નાનકડી બૅગ પકડીને તેણે પેલાં પૂર્વમાં જનાર પ્રવાસીઓને મૂકી પશ્ચિમનો રસ્તો લીધો.

એક રાત્રિ અનેક આંતરિક ઘટનાઓની રેશમી ભાતીગળ દોરીઓને પોતાના ઉપર વીંટીને, તેના ભારથી કદી

ઉપર ન આવી શકે તેટલી ભારે બનીને એક નાનકડા પત્થરની માફક કાળના અતાગ સાગરમાં ગરકી ગઈ.

[ ૯ ]

બેએક વર્ષ પછી અર્જુન તે જ ટેબલ પાસે બેઠો હતો, જે ટેબલ પાસે બેસીને તેણે તેના પર આવેલો છેલ્લો પ્રેમપત્ર મસળી નાખ્યો હતો. આજે પણ તે ટેબલ પર એક બીજો કાગળ હતો, જે પેલા અનેક મસળાયેલા કાગળોનું વેર લેતો હોય તેમ તેનું હૃદય મસળી રહ્યો હતો.

અર્જુને હીરામણિ પાસે લગ્નની માગણી કરી હતી. અને હીરામણિએ તેનો જવાબ તેને પોતાને નહિ પણ પ્રહલાદની ઉપર લખેલા કાગળમાં સહેજ તાજા કલમ રૂપે જ લખી નાખ્યો હતો.

'તમારા દિલોજાન મિત્રને જરા આટલું કહી દેજો. એમની માગણીનો વિચાર કરવા જેટલી મને હમણાં ફુરસદ નથી. એ તો મોટા માણસ રહ્યા! એમના આદર્શને અમે ક્યાંથી પહોંચી શકીએ! એમને અલગ કાગળ નથી લખતી તે માટેની મારી ક્ષમાયાચના પણ પહોંચાડશો.'

'પહોંચી ગઈ તારી ક્ષમાયાચના, બાપલા.' કહી અર્જુન ઊઠ્યો. હવે એક કાગળને મસળવાની તેનામાં શક્તિ રહી ન હતી. અને ઉદ્વેગની એ ક્ષણોમાં બીજું કાંઈ ન સૂઝતાં તેણે દારૂ લઈ ઢૂંઢવા માંડ્યું.

[ ૧૦ ]

હીરામણિ હવે 'અજેયા'ના નામે મહાન અભિનેત્રી બની હતી. તેના અભિનય ઉપર લોકો મુગ્ધ બનતા હતા. કલાપ્રશંસકોએ તેને સર્વોચ્ચ નટી તરીકે જાહેર કરી હતી.

"કુમારી અજેયામાં આજ લગીની તમામ સ્ત્રી નટીઓના ઉત્તમ અંશોનો સમાવેશ થઈ જાય છે. આજ લગી એકે હિંદી નટી શરીર, સૌંદર્ય અને કલાની ત્રિપુટી સાધી શકી નથી. આપણી નટીઓમાં કોકનું મોઢું રૂપાળું છે, કોકમાં અભિનય છે, તો વળી કોક શરીરે પક્કી છે. પણ કળાની પહોંચ, સૌંદર્યનો ઝળકાટ અને પ્રતિભાનું તેજ કોઈમાં હોય તો તે અજેયામાં જ છે. કુમારી અજેયા જેટલી અભિનન્દને પાત્ર છે તેટલા જ અભિનન્દનને પાત્ર એ રત્નને શોધી કાઢનાર અને તેને પાસા આપનાર ડાયરેકટર કૌશલેન્દ્ર પણ છે."

ટેબલ પર પડેલા એક છાપામાં ઉપરનું લખાણ અર્જુન વાંચતો હતો. તે વાંચીને તેણે ટેબલ પર મુક્કી અફાળી. 'બાપ્રે ! આ રત્નને ખાણમાંથી ઉપર લાવવામાં કોણ કોણ કારણ રૂપ છે તેની તને શું ખબર પડે ?'

અને તેને પ્રહલાદના રટ્ટીયોમાં હીરામણિ બેડક આપવા આવતી તે યાદ આવ્યું, પેલો મિયાંઓનો પ્રસંગ યાદ આવ્યો, પેલી રમતોની હરીફાઈ યાદ આવી. અને એથી ય દૂરસુદૂર હીરામણિ જે કંગાળ પોળમાં રહેતી તે અને તેનાં દીન માબાપ યાદ આવ્યાં. કચરાના ઢગલામાંથી ઝળહળતી લક્ષ્મીને ઊભી થતી તે જોઈ રહ્યો.

તેણે નિશ્વાસ મૂકયો. તેણે પોતાની આસપાસના ભવ્ય દીવાનખાનામાં નજર નાંખી. બાળકને એક અતિશય મનોરમ કાચના કટોરાને ચાટતાં જેવો શુષ્ક સ્વાદ આવે તેવો કંઈ નીરસ શુષ્ક ભાવ તેનામાં પ્રગટયો. જીવનના લક્ષ્મીમઢયા કટોરામાં પીવાનું દૂધ કયાં છે ?

પોતાની બધી પ્રવૃતિઓ પણ તેને નીરસ લાગવા લાગી. અર્થોપાર્જનની તો તેને ચિંતા ન હતી. પિતાની અઢળક સંપત્તિની વ્યવસ્થા તેણે જરા કૃપાદૃષ્ટિથી જોતા રહેવાની હતી. મહેનતનું કામ તો મુનીમો કરી લેતા હતા. એટલે ફુરસદનો વખત તે સમાજઘડતરનાં કામોમાં આપતો હતો. એ પ્રવૃત્તિઓમાં પણ તે હવે પ્રાણ દઈને કામ નહોતો કરી શકતો. તેનું હૃદય જે એક કાળે આ પ્રવૃત્તિઓથી ભરચક રહેતું ત્યાં હવે કશીક ખાલી જગા પડવા લાગી હતી. જાણે કોક અદૃષ્ટ પક્ષી ત્યાં આવીને પોલાણ કરીને માળો બનાવી રહ્યું છે. એ પોલાણ દિનપ્રતિદિન મોટું થતું હતું. માત્ર તેમાં આવીને વસનાર પક્ષી દૂર ને દૂર જ ઊડયા કરતું હતું.

એક દિવસ અર્જુન આવા વિષાદમાં મગ્ન બની બેઠો હતો. કુમારી અજેયાની ઝળહળતી ફતેહવાળી ફિલ્મો જોવાનું પણ તે સહન કરી શકતો નહતો. પોતે એક અચ્છો અભિનયવેત્તા હોઈ આ સ્રીની કળાની ખૂબીઓ જોતાં એટલા નિરતિશય આનંદથી તે ઊભરાઈ જતો કે તેનું હૃદય હાથમાં ન રહેતું. પણ તે પછીનો વિષાદ! એ વિષાદમાંથી બચવા બહેતર છે કે પેલો આનંદ પણ ન લેવો. અજેયાની કળાશકિતનાં વખાણ કરતા પેલા લખાણની ઉપર કુમારી અજેયાની

છબી હંસ જેવી વાંકી ડોકે મીન જેવી આંખોથી સહેજ ત્રાંસું જોઈ રહી હતી. અર્જુને તે તરફ એક નજર નાખી છાપાને ઊંધું વાળ્યું.

હૃદયના કટોરાને પણ એટલી સહેલાઈથી ઊંધો વાળી દઈ શકાય તો ?

આવી ક્ષણોમાં અર્જુનને કોઈ બોલાવે તે ય ગમતું નહોતું. તેને લાગ્યું તેની પાછળ કોઈ ઊભું છે. તેણે મોં ફેરવ્યું. પ્રહ્‌લાદ એક કરુણાપૂર્ણ દૃષ્ટિએ તેને જોઈ રહ્યો હતો. અર્જુને ગ્લાનિભર્યું સ્મિત કર્યું. પ્રહ્‌લાદ બધું જાણતો હતો. અર્જુનનું એવું મુખ જોઈ તે સવિશેષ દુઃખી બન્યો. ‘અર્જુન આવો ?’ અને તે જે કામ માટે આવ્યો હતો તેની વાતચીત શરૂ કરતાં પૂર્વે તેના મનમાં થયું, ‘આવડો આ માની જાય તો ?’

તે દિવસે હીરામણિની ઠંડી ‘ ના ’ સંભળાવતો પત્ર પહોંચાડવાનું કામ નસીબે તેને માથે નાખ્યું હતું. એ ક્રૂર કાર્યનો બદલો વાળવાનું કામ પણ નસીબ તેને હાથે કરાવવા તૈયાર થયું હતું. આ માણસ માનશે ?

કુમારી અંજેયાને પર્દા પર અદ્‌ભુત રીતે રજુ કરનાર તેના મિત્ર કૌશલેન્દ્રનો પત્ર હતો. તેઓ ‘ગુજરાતનો નાથ’નું ચિત્ર તૈયાર કરી રહ્યા હતા. તેમની પાસે ‘મંજરી’ને ન્યાય આપે તેવી અભિનેત્રી તો હતી, પણ ‘કાક’ને ભજવી શકે તેવો કોઈ પુરૂષ નટ હાથ નહોતો આવતો. જે હતા તે બધા જૂના, ટેવાયેલી લઢણવાળા વાસી નટો હતા. કોક નવો, શક્તિશાળી માણસ ન મળી શકે ?

પ્રહ્લાદની નજરમાં એવો એક જ માણસ જગતમાં હતો, અર્જુન. પણ એ માનશે? પ્રહ્લાદે બીડું ઝડપ્યું. અને અનેક જાતનાં મનામણાં પટામણાં અને કળાને ખાતરની અપીલોને પરિણામે તે અર્જુનને મનાવી શક્યો. છોકરાને નિશાળે બેસાડવા માબાપ લઈ જાય તેમ પ્રહ્લાદ અર્જુનને ઠેઠ સિનેમા કંપનીના સ્ટૂડિયોમાં પહોંચાડી આવ્યો.

[ ૧૧ ]

'તમે તદ્દન બાંધા જ રહ્યા!'

'તમે પણ...છેવટે તો સ્ત્રી તે સ્ત્રી જ.'

'એમ હોય તો કરી બતાવું, જુઓ ત્યારે...' કહી સ્ત્રીએ લાત ઉગામી. પુરુષે તેનો પગ, પવનમાં ડોલતી કુમળી મોગરીને સાળી પકડે તેમ પકડી લીધો. તે હસ્યો.

'રાખ રાખ હવે. અહીં તો તું જરા સીધી રહે! લાતો મારી મારીને તો મારો ખભો દુખાડી દીધો. પણ ડાયરેક્ટર કહે છે તેમ પગ ઉપાડતાં ય ના આવડ્યું હજી. સ્ત્રીની અક્કલ પાનીએ કહે છે, પણ મને તો ત્યાં યે નથી લાગતી. નહિ તો...'

'બાપ રે, છોડો મારો પગ...બેશરમ! તમે ય શું ઘોળકા ઘોળ્યો છે ત્યારે! સ્ત્રીને ચુંબન કરતાં ય હજી તમને ન આવડ્યું. મારો કેટલો ય પાવડર ચાટી ખાધો. છીઃ છીઃ અને બાથ ભીડવા આવે તે જાણે કુસ્તી કરવા. હજી મારાં હાડકાં દુઃખે છે!'

જુહુનો દરિયો સપાટ રેતીમાં પોતાનાં મોજાંથી ફીણની લાંબીલાંબી રંગોળીઓ પૂરતો ભૂંસતો હતો. પાંચમનો ચંદ્ર વિશાળ જળપટની ઉપર, પાણીમાં ભૂસકો મારતાં અચકાતા નાના બાળક પેઠે પડું ના પડું ના સંશયમાં હતો. ઉનાળાની આછી ગરમીને ઠંડી કરતો પવન વીજળીના ધીરેથી ફરતા પંખા પેઠે વાઈ રહ્યો હતો.

દરિયા કિનારે ટહેલવા આવેલાં એકલાં કે બેકલાં લોકો ઘેર જવા માંડ્યાં હતાં. માત્ર બે જણ જ હજી રેતીમાં બેસી રહ્યાં હતાં. સ્ત્રી જરાક એક રેતીના ઊંચા ટેકરા પર બેઠી હતી. અને લગભગ તેના પગ આગળ પુરુષ બેઠો હતો. તેમના હસવાનો ખડખડ અવાજ અને તેમના ચમકતા દાંત સમુદ્રનાં પાણીના આછા કિલકિલાટ અને આકાશના તારાની આછી ચમક સાથે મધુર રીતે ભળી જતાં હતાં.

ડાયરેક્ટર કૌશલેન્દ્રની દોરવણી હેઠળ તૈયાર થતા 'ગુજરાતનો નાથ' ના બોલપટમાં કામ કરનાર એ બે મુખ્ય પાત્રો હતાં, 'કાક' અને 'મંજરી'. કૌશલેન્દ્રે આ બોલપટ પાછળ ઘણી મહેનત ઉઠાવી હતી. પણ તેમાં યે એક દૃશ્ય વીસેક વાર ફરીફરીને કરવા છતાં તેને સંતોષ આપી શક્યું ન હતું. 'જગતમાં કદી ન બન્યું હોય તેવું ચિત્ર મારે ઊભું કરવું છે. આવાં માણસો મારી પાસે હોય અને તેમનો ઉપયોગ ન કરું તો મૂરખ જ ઠરું ! તમે કેળવાયેલાં મારી વાત બરાબર સમજશો !' દૃશ્ય ગોઠવતાં કૌશલેન્દ્ર કહેતો. સામાન્ય રીતે નટને ડાયરેક્ટરના હુકમ જ પાળવાના હોય છે. પણ આ પોતાની વિનંતિને માન આપી કામ

કરવા તૈયાર થયેલ 'માનદ' નટ સાથે કૌશલેન્દ્ર બહુ માનથી વર્તતો, બલ્કે તેની સૂચનાઓ પણ સ્વીકારતો.

... કાકને મંજરી જૂનાગઢના કોટની કેદમાંથી છોડાવે છે. બંને જણ ગઢની પાછળના ડુંગરના રસ્તેથી નાસી છૂટે છે. રસ્તે મંજરીને પત્થર વાગે છે, પણ કાક એક દફતરની તટસ્થ સ્વસ્થતાથી, યુગોથી આતુર બનેલી પત્નીના ભાવનો પડઘો પાડ્યા સિવાય, ઠંડે પેટે તેને પાટો બાંધે છે. મંજરી વિહ્વલ બની કાકને લાત લગાવે છે, અને કાક તેને બાહુપાશમાં જકડે છે. એ પ્રસંગ હજી કૌશલેન્દ્રને સંતોષ થાય તેવો બન્યો ન હતો.

'તમે લોકો આમ શરમાવ તે કેમ ચાલે?'

લાત લગાવતી 'મંજરી'નો પગ કદી તદ્દન ઢીલો થઈ જતો, તો કદીક બહુ જ અક્કડ બનતો. 'મંજરી'ને બાહુપાશમાં જકડતો 'કાક' કદી 'મંજરી'ને એવી કચડતો કે તે બિચારીના મોંમાંથી ન જોઈતા ઉદ્ગારો નીકળી પડતા, અથવા તો ક્યાંક એવે ઠેકાણે તેના હોઠ જઈ પડતા કે 'મંજરી' હસી પડતી.

કૌશલેન્દ્ર બોલતો: 'ધ્યાન આપો, મિસ અજેયા, લાત તમારે જમણા પગે બરાબર 'કાક'ના ડાબા ખભા ઉપર જ વાગે તેમ મારવાની છે. અને 'તમે તે માણસ છો કે રાક્ષસ?' બરાબર બોલવાનું છે. તે પછીની ઉક્તિઓમાં પણ 'શા માટે રિબાવો છો?' એ શબ્દો ઉપરની ઉક્તિની કડકાઈ ભૂલીને બરાબર આર્દ્ર બનીને બોલવાના છે. અને ભાઈ મુનશી, તમે બરાબર માપસર કૂદીને ઠેકડો લો. મોઢું બળ-

જખરીથી ઊંચું કરવાનું છે. અને...'

'કાક' વચ્ચે બોલતો: 'પણ મિ. ડાયરેકટર, 'મંજરી'ના મોં પર "કામદેવની કલમે લખાયેલી દિવ્ય લિપિ" દેખાવી જોઈએ તે ત્યાં હોતી જ નથી.'

'તમે આંધળા છો!' બધું ભૂલીને 'મંજરી' બોલતી. જવાબમાં 'કાક' કંઈક કહેવા જતો. ત્યાં 'પ્લીઝ પ્લીઝ!' કરતો કૌશલેન્દ્ર વચ્ચે પડતો. વળી એ દૃશ્યની ફરી વાર ગોઠવણી કરતો અને છેવટે કંટાળીને કહેતો. 'જરા ખાનગી-માં પ્રેક્ટિસ કરી લાવજો.' ... ...

'સાચું કહો, તમે આજ લગીમાં કેટલી લાતો મને મારી છે?' દરિયા કિનારે બેઠેલા પુરુષે પ્રશ્ન કર્યો.

'હજી ઘણી બાકી છે. તમે સ્ત્રીઓનાં કરેલાં અપમાનોનો ગણીગણીને બદલો લેવાની છું!' મલકીને સ્ત્રી બોલી.

'એમ વાત છે!' પુરુષ કરડાકીમાં બોલ્યો 'યાદ રાખજો ત્યારે હવે, પગનું હાડકુંબાડકું છૂટું ન થઈ જાય.' અને પકડેલા પગની ઉપર તેણે હાથની પકડ દૃઢ કરી.

'ઓ બાપ રે, છોડો!' સ્ત્રીના મોઢામાંથી સ્મિત-પૂર્વક ચીસ નીકળી.

'બોલો હવે, સીધેસીધો અભિનય કરશો કે નહિ?'

'કરીશ!...ઓ!'

પુરુષે પગ છોડ્યો. અને તે સાથે જ તેના ખભા ઉપર એક લાત આવીને પડી.

'રાક્ષસ!'

પુરુષ ઝડપથી ઊઠ્યો. અને ઊઠીને નાસવા જતી સ્ત્રીને

પાછળથી પકડી અને આંચકા સાથે પોતાના તરફ ફેરવી.

'બદમાશીની ય હદ હોય છે!'

બંને હાથે તેણે સ્ત્રીનાં બાવડાં પકડી તેને ઢંઢોળી નાખી. સ્ત્રી ટટાર થઈ અને પુરુષની મજબૂત પકડને છોડાવવા તેણે આંચકો માર્યો. આંચકાના જોરની મનમાં કદર કરતાં પુરુષે સ્ત્રીનાં બાવડાં છોડી તેને આખી ને આખી બાથમાં લીધી.

"બળજબરીથી તેનું મોઢું ઊંચું કર્યું. તે મુખ પર કામદેવની કલમે લખાયેલી દિવ્ય લિપિ તેણે વાંચી, તેને હાથમાં લીધું, છાતી સરસું ચાંપ્યું, તેના પર ચુંબનો વરસાવ્યાં.

મંજરી બોલી નહિ—મૂંગે મોઢે સુખનું સિંચન સહ્યું, થોડી વારે બે હાથે કાકને તમાચા માર્યા." *... ...

પોતાની બાથમાંથી છૂટવાને મથી રહેલું શરીર અર્જુનને એકદમ ઢીલું થતું લાગ્યું. પોતાના હોઠ નીચે તેને કશીક ખારી ભીનાશનો સ્પર્શ થયો. હીરામણિને બાથમાંથી કોમળતાપૂર્વક છોડતાં તે બોલ્યો:

'આ શું?'

જવાબમાં હીરામણિ ઢગલો થઈને જમીન ઉપર બેસી પડી. પોલાદની કમાન જેવી તંગ અને ઊછળતી સ્ત્રીને રૂનો ઢગલો બની જતી જોઈ તે નવાઈ પામ્યો, ગભરાયો. તેના મનમાં ઘડીક શંકા થઈ. 'હું દુરાચાર તો નથી

---

* ગુજરાતનો નાથ

કરી બેઠો !' ક્ષમાયાચનાપૂર્વક તે હીરામણિ પાસે ભોંય પર બેસી પડ્યો.

'મને માફ કરો. મેં તમને બહુ પજવ્યા...' હીરામણિ ઊભરાતા ડૂસકાને રોકતી બોલી.

અર્જુન વધારે નવાઈ પામ્યો. માફી માગવા માટે તેણે મનમાં ગોઠવેલા શબ્દો મનમાં જ રહી ગયા.

'પણ...' તેણે કંઈક કહેવા પ્રયત્ન કર્યો.

'મારે કંઈ જ સાંભળવું નથી. મને વહેલું ભાન આવ્યું હોત તો ! આવા ઉત્તમ માણસને મેં કેટલા દુઃખી કર્યા !'

અર્જુનનો વિષાદ બરફની પેઠે ઓગળી ગયો. સૂર્યપ્રકાશના જેવી એક પ્રસન્ન હૂંફ તેના અંતરમાં પ્રગટી. તેના હૃદયમાં પાસેના દરિયા જેવાં મોજાં ઊછળી રહ્યાં. તેની જીભ પર અનેક ગોંધાયેલા શબ્દો નાચવા લાગ્યા. આખી પૃથ્વીનો દડો કરીને રમવાનું તેને મન થઈ આવ્યું. તે ઉત્સાહથી બોલ્યો:

'હું તો ક્યારનો...'

'આજે તમે બોલશો નહિ. તમને બોલતાં નથી આવડતું. જગતમાં એક સ્ત્રીને તો પૂરી સુખી કરો !' કહી હીરામણિ ઊભી થઈ.

અર્જુન જમીન પર બેસી જ રહ્યો. તેને બેસી રહેલો જોઈને હીરામણિ બોલી :

'ચાલો, ઘેર જઈએ.'

અર્જુન ન ઊઠ્યો.

'કેમ? અહીં જ સમાધિ લેવી છે?'

અર્જુન હાલ્યો પણ નહિ.

હીરામણિએ નીચા વળી અર્જુનને બાવડાથી પકડ્યો અને ઊંચે ખેંચ્યો. ફૂલના દડાની પેઠે અર્જુન ઊંચકાયો. ઊભા થતાં થતાં તે બોલ્યો:

'મારે તમારી માફી માગવાની છે, ખૂબ ખૂબ!'

'અ...રે માફીવાળા!'

અને ટટાર ઊભેલા અર્જુનની હડપચી લગી પહોંચતી હીરામણિએ પોતાના બંગડીથી રણકતા હાથને, અનેક કુસ્તીબાજોની આગળ વજ્ર જેવી અણનમ રહેલી એ ગરદનની આસપાસ વીંટાળ્યા, એ ગરદનને ગુલછડી પેઠે નમાવી, અને તેના ભરાવ હૂંફાળા હોઠ સાથે પોતાના હોઠ મેળવ્યા.

[ ૧૩ ]

મુનશીના વિશાળ લંબચોરસ દીવાનખાનામાં દીવાલ પરનું એક મોટું ઘડિયાળ કોક વડીલની છટાથી મંદ વેગે રાત્રે નવના ટકોરા વગાડે છે. એ ઘડિયાળને સ્વિટ્ઝર્લૅન્ડમાંથી વસાવનાર સ્વર્ગસ્થ રઘુરાય મુનશી પૂરા માણસ કદની છબીમાં ઘડિયાળની સામેની ભીંત ઉપર પ્રૌઢ સ્વસ્થતાથી બેઠા છે. ઘડિયાળના ટકોરા સાંભળતાં તેમની આંખ જાણે ચમકે છે. નિયમિતતાના પરમ હિમાયતી એ મહાન ધારાશાસ્ત્રીને થાય છે કે સાડાઆઠ વાગે મળનારી મંડળી હજી પણ કેમ નથી ભેગી થઈ? દીવાનખાનાની વચ્ચે એક ઊંધા લટકતા નાનકડા વડ જેવા ઝૂકી રહેલા ઝુમ્મ-

રની અંદર પચાસેક નાનકડા વીજળીના દીવા ઝગમગી રહ્યા છે, અને તેમની આસપાસ ગોઠવાયેલા પાસાદાર હીરા જેવા કાચોમાંથી અનેક પ્રકારે પોતાનાં કિરણોનું વક્રીભવન ફેલાવી રહ્યા છે.

મુનશીની આંખ આ પ્રકાશથી નારાજ થતી હોય તેમ ઝંખવાય છે. આ ઝુમ્મરમાં પોતાના કાળમાં કોપરેલ-ના તેજવાળા દીવા મુકાતા. તેનો પ્રકાશ કેવો સૌમ્ય મીઠો રહેતો! આજનો જમાનો જ ઝગઝગાટ અને ધમાલનો! તો યે તેમનું હૃદય પ્રફુલ્લ છે. જે ઘડિયાળના દસના ટકોરે પોતે રોજ નિયમિત રીતે ઊંઘી જતા અને છેવટની મહાનિદ્રા પણ જેના દસના ટકોરે જ પોતે લીધેલી તેની સાથેની મૈત્રી તેઓ સામે છબીમાં બેસી હજી પણ જાળવી રહ્યા છે.

'આખા ઓરડામાં તદ્દન શાંતિ છે.' ઘડિયાળની ધીમી ટ...ક ટ...ક કહેતી સંભળાઈ.

'હા, જો ને, હમણાં થોડા દહાડા સુધી કેટલી બધી ધમાલ થઈ રહી. થાકી ગયો હું તો!' છબીમાંથી જાણે રઘુરાય બોલતા હતા.

'મને તો શાંતિ બહુ ગમે!' ઘડિયાળ બોલતું લાગ્યું.

'મને ય ગમે છે. પણ આવી અશાંતિ એ શાંતિથી યે દુર્લભ છે!' વર્ષોથી એકલા અટૂલા છબીમાં બેસી રહેલા રઘુરાય બોલ્યા.

રઘુરાયે, ઘડિયાળે અને એ બેની વચ્ચે પોતાના તેજથી એકબીજાનો મેળ કરાવી આપતા જૂના ઝુમ્મરે હમણાં જ પોતાની નજર હેઠળ ઘરમાં લગ્ન ઉજવતું જોયું હતું.

આખા દીવાનખાનામાં જૂના જમાનાની એ ત્રણ ચીજો જ બાકી રહેવા પામી હતી. નવી ફૅશનના આછા લીલા રંગે રંગેલી ભીંતો, બારી પરના પડદા, નવી ઢબનાં સોફા ખુરસીઓ અને નવી જાતનાં સોનાચાંદીનાં વાસણો, કબાટો વગેરે તેમને પારકાં જેવાં લાગતાં હતાં. અને આ નવા જમાનાના હુમલા સામે ટકી રહેવા માટે એક બીજાની ઓથ શોધતાં ત્રણે જણ અપૂર્વ રીતે આત્મીય બની ગયાં હતાં. જો કે બદલાયેલા દીવાવાળા ઝુમ્મરનો તેમને પૂરો ભરોસો પડતો ન હતો. એમના જમાનાનાં, દીવાલોને ભરીને બેસતાં ગાદી તકિયા તેમને ખૂબ યાદ આવતાં હતાં. એ ગાદી તકિયા વિનાના, આ ઊંચાંનીચાં સોફા ખુરશીઓવાળા દીવાનખાનામાં હવે નીચે ઉતરતાં તેઓ ડરતાં હતાં, અને તેમની મૂંગી ગુફ્તેગો અંતરિક્ષમાં જ ચાલુ રહેતી.

ત્રણેમાં સૌથી વધારે વૃદ્ધ ઝુમ્મર પોતાની નવી આંખોને ચમકાવતું બોલ્યું.

'અને આ પેલી નવાઈની ચીજ જોઈ ?'

'કઈ ?' જરા ય આશ્ચર્ય દેખાડી ન દેવાય તેવા ભાવે સ્વસ્થ રહીને ઘડિયાળ બોલ્યું.

'આ તારી નીચે છે તે. તને બરાબર નહિ દેખાતું હોય ! રઘુભાઈ, તમે તો દીઠું ને ?'

ઘરડું ઝુમ્મર તેમને પણ શિશુ તરીકે જ લેખતું હતું. પણ છતાં ઘરના વડીલ તરીકેનો તેમનો મોભ્ભો જાળવતું હતું. રઘુરાયે આંખો ઢાળેલી રાખીને જ હકારસૂચક જવાબ આપ્યો. વારેઘડીએ બબડવાની ટેવવાળું ઝુમ્મર કાંઈ

પ્રોત્સાહક જવાબ ન મળતાં સ્વગત જ બબડ્યું :

'જમાનો બહુ નફ્ફટ થઈ ગયો છે. મુનશી નહિ સંભાળે તો છોકરાં વંઠી જશે !'

અને અણગમો ધરાવતું હતું છતાં તે પોતાની બધી આંખોને ખેંચી, ધરડાને ન છાજતા કુતૂહલથી પેલી 'નવાઈની ચીજ'ને જોઈ રહ્યું.

ઘડિયાળવાળી દીવાલની નીચે બે અદ્ભુત કૌશલથી ભરેલી પ્રતિમાઓ એક બીજા તરફ સહેજ ફરીને ઊભી હતી. સ્ત્રીની પ્રતિમાનો જમણો હાથ કમ્મરની રેખાથી સહેજ ઊંચો થઈ નિતંબ ઉપર ટેકેલો હતો અને જમણો હાથ નૃત્યના ભંગમાં, એક ઊંચી જતી નાજુક ડાળી પેઠે ઊંચો થયો હતો. તેની સુલલિત ડોક તે ઊંચા થતા હાથ તરફ આંખોને તીરછી કરી જોઈ રહી હતી.

પુરુષની પ્રતિમા, પગના અને કમ્મરના અપ્રતિમ સામર્થ્યનું ભાન કરાવતી નટરાજની પ્રતિમા પેઠે જમણા પગ પર આખું અંગ ટેકવી, ડાબો પગ ત્રાંસો રાખી, કમ્મરને સહેજ વાંક આપી, પેલી સ્ત્રીપ્રતિમાના લંબાવેલા ડાબા હાથને પકડવા ઉત્સુક હોય તેમ બંને હાથને તે દિશામાં બળ અને લાલિત્યથી ભરેલી છટા સાથે લંબાવી રહી હતી.

કોકે એ બંને પ્રતિમાના ગળામાં એક પવિત્રું પણ પહેરાવ્યું હતું.

ઘડિયાળ કે રઘુરાય તરફથી જરા યે પ્રોત્સાહન ન પામેલું ઝુમ્મર ફરીથી બબડ્યું, 'આજનાં છોકરાંને સીધું ઊભા રહેતાં પણ નથી આવડતું !'

પણ તે વધુ બબડવા જાય તે પહેલાં જ તેને ચૂપ થઈ જવું પડ્યું. નવા જમાનાના લોકોથી તે ખૂબ બીતુ હતું. તેની જૂની આંખો એ જ લોકોએ કાઢી લીધી હતી ને! અને હજી આ લોકો એને બીજું શું યે ન કરે?

'આ તો અમારાં નવાં શેઠાણી!'

નદીના વેગે દીવાનખાનામાં આવતી એક સ્ત્રી તરફ જોઈ તે બોલ્યું. રેશમી વસ્ત્રોનો મંજુલ મર્મર ધ્વનિ તેને ખૂબ બેચેન કરી રહ્યો. તેણે પોતાની બધી આંખો તેજ કરીને એ આવનારી તરફ દોરી. જાણે આવનારના તેજથી ઝંખાતું હોય તેમ તે છોભીલું પડી ગયું. તે પોતાના મૂંગા દોસ્તો તરફ ફર્યું.

'રઘુભાઈ, તમારી કુળલક્ષ્મી. જોઈ?'

શ્વસુરને છાજતી લજ્જાથી રઘુરાય ઘેરાઈ ગયા. 'ચૂપ!' તેમણે પોતાની આંખોને છત પર સ્થિર કરી કહ્યું. છતાં તે પણ પોતાની કુળવધૂને જોવાનું મન રોકી શક્યા નહિ. સામી દીવાલ પરના વિશાળ અરીસામાં પ્રતિબિંબિત થતી લલનાને તેમણે આનંદ અને સંતોષપૂર્વક નિહાળી.

વેગથી આવતી રમણી આરસામાં પોતાની પ્રતિમૂર્તિ સામે જોઈને મલકી, અને આરસાથી હાથેક છેટે ઊભી રહી ગઈ. લગનકંકણોના મધુર રણકાર સાથે હાથને ઊંચો કરી તેણે માથા પરનો છેડો ઠીક કર્યો.

'હજી ય ન આવ્યા!' તે બબડી. અને કોક નક્ષત્રમંડળ જેવા ઝગી રહેલા ઝુમ્મર તરફ તેણે આંખ ઉઠાવી. ઝુમ્મર વધુ મૂંઝાયું. તેને પોતાની આંખો મીંચી દેવાનું મન થયું.

ત્યાં તો દૂરથી કોલાહલ સંભળાયો. ઝુમ્મરે નિરાંતનો નિસાસો મૂક્યો. 'સારું થયું કે બધા આવી ગયા!'

એકબીજાના હાથમાં હાથ ભેરવીને અર્જુન અને પ્રહ્લાદ બારણા પરનો કિરમજી મખમલનો પડદો ઉપાડીને દાખલ થયા. પાછળ ઝગઝગતાં કપડામાં સજ્જ બે ત્રણ લલનાઓ આવી. બીજા બેએક જુવાનો આવ્યા. અને છેવટે સરસ્વતી જેવાં અમલધવલ અનુબેન સફેદ સાડીમાં પ્રફુલ્લ ગંભીર વેગે આવ્યાં.

'એ'હો, તમે તો અહીં જ છો ને? અમે તો તમને ખોળીને થાકી ગયા!' પ્રહ્લાદે મોટેથી કહ્યું.

'હવે ખોળવાની શી જરૂર રહી છે?' એક લલના બોલી.

'ચાલો હવે!' કોક બોલ્યું. ઝુમ્મરની બરાબર નીચે એક સીસમના હાથીઓ ઉપર ગોઠવાયેલા મેજની ફરતે મોકળાશથી ગોઠવાયેલાં સોફા અને ખુરસીઓ ઉપર બધાં બેસી ગયાં.

આખો ઓરડો પ્રસન્નતાથી ભરાઈ ગયો. આનંદ અને લહેરથી ભરેલો વાર્તાલાપ ફૂલોની પેઠે ઊછળવા લાગ્યો. હળવી રીતે લહેરથી ચાલી રહેલા આજના કાર્યક્રમમાં એક ગંભીર વાત પણ નક્કી કરી લેવાની હતી. અને તે કામ અનુબેને પ્રહ્લાદને સોંપ્યું હતું. પ્રહ્લાદે વાતાવરણને પારખી વાત ઉપાડી.

'આપણે એક મહત્ત્વની વાત જરા નક્કી કરવાની છે!'

'શું છે વળી?' આ ગંભીરાઈ સામે વિરોધ કરતું

કોઈ અમળાઈને બોલ્યું.

'ઘરના રિવાજ મુજબ વહુનું નવું નામ પાડવાનું છે।'

પ્રહ્લાદે હસતાંહસતાં કહ્યું.

'ઓ...હો ! ઓ...હો !'

અને એ કામ કરવા દરેક જણ હોંશથી તૂટી પડ્યું.

'અજયા', 'ચન્દ્રકાન્તા', 'કામિની', 'પ્રતિભા', 'લલિતા', 'પલ્લવી', 'મોહિની', 'તરુલતા', 'કાલિન્દી' એવાં એવાં અનેક નામો સૂચવાયાં, હોંશથી અને કલ્લોલથી ચર્ચાયાં. પણ એકે પસાર થયું નહિ. અર્જુન જોતો હતો કે આ નામોમાં પોતાને માટે રજૂ કરાયેલી ઘણી કન્યાઓનાં નામ પણ આવી જતાં હતાં. તે આ ચર્ચાને અર્ધા અણગમા-થી ધીરજપૂર્વક ઘણો વખત સાંભળી રહ્યો. છેવટે ધીરજ ખૂટતાં તેણે પોતાની ખુરસી કનેના ટેબલ પર ઊભેલા એક હાથીદાંતના હાથીને ઉપાડી ટેબલ પર પછાડ્યો અને કહ્યુંઃ

'ચાલો હું એક નામ આપું છું. બહુ નકામી ચર્ચા કરી. હવે એમાં કોઈનો વાંધો નહિ ચાલે.'

'કેમ ભાભીજી, તમારે ય કબૂલ છે ને?' એક નમણા કોમળ અવાજે પૂછ્યું. પણ ભાભીને બદલે અનુબેનનો મીઠો જવાબ આવ્યોઃ

'હા, ભાઈ, તું જ તોડ કાઢ હવે.'

'જુઓ ત્યારે, સાંભળો.' અર્જુન બધાના તરફ નજર ફેરવી બોલ્યો. અને પોતાની નવોઢા તરફ નજર માંડીને કહ્યું, 'તમારે વાંધો હોય તો હમણાં જ પહેલેથી રજૂ કરી દો.'

'હા વળી !' કોક બોલ્યું.

બધાંની નજર તે ચમકદાર આંખોવાળી નવવધૂ તરફ વળી. આટલી બધી આંખોના સામટા હુમલાએ અને પ્રથમ વાર પ્રગટેલી લજ્જાએ તેની આંખોને ઢળાવી દીધી.

'હું માત્ર નામમાં જરાક જ ફેરફાર સૂચવું છું.'

'શું શું?' ઘણા કંઠ બોલી ઊઠ્યા.

'હી રા ક ણી!'

અને આખા દીવાનખાનામાં આનંદના ધ્વનિઓ કલ્લોલતાં પક્ષીઓની માફક ઊડી રહ્યા.

અંતરિક્ષની વસ્તી એ પક્ષીઓને પોતાના નિવાસોમાં આવકારી રહી.

દસના ટકોરા વગાડતું ઘડિયાળ બોલ્યું:

'રઘુભાઈ, સૂવાનો વખત થયો!'

ઝુમ્મર વચ્ચેથી બોલ્યું, 'મને તો આજે ઊંઘ નહિ આવે!'

'મને પણ કદાચ નહિ આવે!' નિયમિત રીતે જેમણે બધી નિદ્રાઓ દસને ટકોરે લીધી હતી એ રઘુરાય બોલ્યા.

એ રાત્રે એ મકાનમાં કોઈ જ ઊંઘ્યું નહિ.

એક સુંદર વાર્તાસંગ્રહ

# શ્રાવણી મેળો

લેખક: ઉમાશંકર જોષી

પાકું પૂઠું: ત્રિરંગી જેકેટ, અઢીસો પાનાં, કિંમત દોઢ રૂપિયો

## કેટલાક અભિપ્રાયો

'. . . કેટલોક ભાગ તો કાવ્યમય છે.'

('શ્રાવણી મેળો' નામની વાર્તાને ઉદ્દેશીને) પ્રો. રામનારાયણ વિ. પાઠક

"શ્રાવણી મેળો વાંચીને મેં ઘણો શુદ્ધ આનંદ પ્રાપ્ત કર્યો છે. એ પુસ્તક મને ખાસ એટલા માટે રુચ્યું કે તેમાં મેં સર્વત્ર નિર્દોષતાનું વાતાવરણ જોયું." પ્રો. અતિસુખશંકર ત્રિવેદી.

"શ્રાવણી મેળો, (નામની વાર્તા) તો એક સળંગ આખું પ્રેમકાવ્ય છે જાણે . . . . . . વાર્તાઓનું મોટામાં મોટું લક્ષણ એનું કટુતારહિત અને વ્યથાજનક વાસ્તવદર્શન છે. તળપદા લોકજીવનના મર્મો પકડીને તળપદી માર્મિક શૈલીએ મૂકવાની ચીવટ આ વાર્તાઓ પાસેથી આપણને શીખવા મળે છે." જન્મભૂમિ

પ્રકાશક

વોરા ઍન્ડ કું. પબ્લિશર્સ લિમિટેડ
૮ રાઉંડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ
મુંબઈ ૨

# 'જાગતા રહેજો'

લેખક: સોપાન

પાકું પૂઠું. દ્વિરંગી જૅકેટ ત્રણુસો ઉપર પાનાં

શા માટે 'સોપાન'ની નવલકથાઓ અત્યારે ગુજરાતમાં સૌથી વધારે વંચાય છે? સરળ શૈલી અને સામાન્ય માણુસના કોયડા ઉકેલતું કથાવસ્તુ, એ જ એનું રહસ્ય છે. 'જાગતા રહેજો' એ એક રાષ્ટ્રીય નવલકથા છે. એમાં મનોમંથનો અને મનોવેદનાઓ છે, સક્રિય અને નિષ્ક્રિય આદર્શવાદની અથડામણુનાં મૂલ્યાંકન છે. જરૂર વાંચશો.

કિંમત રૂા. બે

પ્રકાશક

વોરા ઍન્ડ કું. પબ્લિશર્સ લિમિટેડ.
૮ રાઉંડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ
મુંબઇ ૨

# ત્રણ અર્ધું બે

## અને બીજી વાતો

લેખકઃ ઉમાશંકર જોષી

પાકું પૂઠું     દ્વિરંગી જકેટ     અઢી સો પાનાં

'શ્રાવણી મેળા'ને જે સુંદર આવકાર મળ્યો તેથી પ્રેરાઇને ટૂંક વખતમાં જ બીજો વાર્તાસંગ્રહ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. ગુજરાતના ગણ્યા ગાંઠ્યા વાર્તાકારોમાં શ્રી. ઉમાશંકરે અગત્યનું સ્થાન લીધું છે એને વિષે બે મત છે જ નહિ. આ વાર્તાસંગ્રહ વાંચવા ચૂકશો નહિ.

કિંમત રૂા. દોઢ

પ્રકાશક

વોરા એન્ડ કું. પબ્લિશર્સ લિમિટેડ

૮, રાઉંડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ

મુંબઇ ૨

અમારાં શાળોપયોગી પુસ્તકો

# પગલાં

( બાળગીતોનો સંગ્રહ )

ભાગ ૧, ૨, ૩, ૪,

**લે. રમણલાલ સોની**

કાકાસાહેબ કાલેલકરની પ્રસ્તાવના સાથે.

ગુજરાતના 'બાલકવિ'નું બિરૂદ મેળવનાર રમણલાલ સોનીનાં રમૂજી ગીતોના આ સંગ્રહ છે.

ડેમી આઠ પેજી, અનેક ચિત્રો સાથે દ્વિરંગી જેકેટ

ભાગ ૧ લાના પાંચ આના

# દેશ દેશના લોક

**લેખક: વિ. દ. ઘાટે. એમ. એ. બી. ટી. ટી. ડી. (લંડન)**

( એજ્યુકેશન ઈન્સપેક્ટર, મુંબઈ વિભાગ )

ભૂગોળનાં આપણાં ગણ્યાંગાંઠ્યાં પુસ્તકોમાં આ પુસ્તક અનેક રીતે અપૂર્વ છે. મનરંજન શૈલીમાં લખાયેલું, અભ્યાસપૂર્ણ સ્વાધ્યાયોથી સંપૂર્ણ એવું આ પુસ્તક વિદ્યાર્થીઓને તેમજ શિક્ષકોને બહુ ઉપયોગી નીવડશે. અનેક સ્કૂલોમાં ભૂગોળના ઇતરવાંચન તરીકે મંજૂર થયું છે.

અનેક ચિત્રો સાથે, સુંદર છપાઇ કિંમત રૂા. ૧ા

સોલ એજંટસ

વોરા એન્ડ કું, પબ્લિશર્સ લિમિટેડ

૮, રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ

મુંબઈ ૨